| ૨૯ | શ્રીમતી કંચનબેન વિનુભાઇ રાદડિયા | ગુજરાતી શપથ |
| ૩૦ | શ્રીમતી દર્શનાબેન એમ.વાઘેલા | ગુજરાતી શપથ |
| ૩૧ | શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા | ગુજરાતી શપથ |
| ૩૨ | ડો. દર્શિતા શાહ | સંસ્કૃત શપથ |
| ૩૩ | શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા | ગુજરાતી શપથ |
| ૩૪ | શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા | ગુજરાતી શપથ |
| ૩૫ | શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ સુથાર | ગુજરાતી શપથ |
| ૩૬ | શ્રીમતી મનિષાબેન રાજીવભાઇ વકીલ | ગુજરાતી શપથ |
| ૩૭ | ડો. દર્શના ચંદુભાઇ દેશમુખ વસાવા | સંસ્કૃત શપથ |
| ૩૮ | શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઇ પાટીલ | ગુજરાતી શપથ |
| ૩૯ | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા | ગુજરાતી શપથ |
| ૪૦ | શ્રી અનિરૂદ્ધ ભાઇલાલ દવે | સંસ્કૃત શપથ |
| ૪૧ | શ્રી કેશુભાઇ શિવદાસભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૪૨ | શ્રી ત્રિકમ છાંગા | ગુજરાતી શપથ |
| ૪૩ | શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા | ગુજરાતી શપથ |
| ૪૪ | શ્રી શંકરભાઇ લગધીરભાઇ ચૌધરી | ગુજરાતી શપથ |
| ૪૫ | શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ | ગુજરાતી શપથ |
| ૪૬ | શ્રી કાન્તિભાઇ કાળાભાઇ ખરાડી | ગુજરાતી શપથ |
| ૪૭ | શ્રી જિજ્ઞેશ મેવાણી | ગુજરાતી શપથ |
| ૪૮ | શ્રી અનિકેત ગીરીષભાઇ ઠાકર | સંસ્કૃત શપથ |
| ૪૯ | શ્રી પ્રવિણ ગોરધનજી માળી | ગુજરાતી શપથ |
| ૫૦ | શ્રી કેશાજી શિવાજી ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૫૧ | શ્રી અમૃત મોતીજી ઠાકોર | ગુજરાતી શપથ |
| ૫૨ | શ્રી લવિંગજી મુળજીજી સોલંકી | ગુજરાતી શપથ |
| ૫૩ | શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર | ગુજરાતી શપથ |
| ૫૪ | ડો. કિરીટકુમાર ચીમનલાલ પટેલ | ગુજરાતી શપથ |
| ૫૫ | શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી | ગુજરાતી શપથ |
| ૫૬ | શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ | સંસ્કૃત શપથ |
| ૫૭ | શ્રી સુખાજી સોમાજી ઠાકોર | ગુજરાતી શપથ |
| ૫૮ | શ્રી કરશનભાઇ પુંજાભાઇ સોલંકી | ગુજરાતી શપથ |
| ૫૯ | શ્રી મુકેશકુમાર ડી. પટેલ | ગુજરાતી શપથ |

| | | |
|---|---|---|
| ૬૦ | ડો. સી.જે. ચાવડા | ગુજરાતી શપથ |
| ૬૧ | શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા | ગુજરાતી શપથ |
| ૬૨ | ડો. તુષાર અમરસિંહ ચૌધરી | ગુજરાતી શપથ |
| ૬૩ | શ્રી પી.સી. બરંડા | ગુજરાતી શપથ |
| ૬૪ | શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા | ગુજરાતી શપથ |
| ૬૫ | શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર | ગુજરાતી શપથ |
| ૬૬ | શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૬૭ | શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર | ગુજરાતી શપથ |
| ૬૮ | શ્રી જયંતિ સોમાભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૬૯ | શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર | ગુજરાતી શપથ |
| ૭૦ | શ્રી હાર્દિકકુમાર ભરતભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૭૧ | શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૭૨ | શ્રી અમિત ઠાકર | સંસ્કૃત શપથ |
| ૭૩ | શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ | ગુજરાતી શપથ |
| ૭૪ | શ્રી અમિત પોપટલાલ શાહ | ગુજરાતી શપથ |
| ૭૫ | શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ | ગુજરાતી શપથ |
| ૭૬ | શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ | હિન્દી શપથ |
| ૭૭ | ડો. હસમુખ પ્રહલાદભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૭૮ | શ્રી કૌશિકકુમાર સુખલાલ જૈન | ગુજરાતી શપથ |
| ૭૯ | શ્રી ઇમરાન ખેડાવાલા | ગુજરાતી પ્રતિજ્ઞા |
| ૮૦ | શ્રી અમુલ ભટ્ટ | ગુજરાતી શપથ |
| ૮૧ | શ્રી શૈલેષ મનુભાઇ પરમાર | ગુજરાતી શપથ |
| ૮૨ | ડો. હર્ષદ રણછોડભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૮૩ | શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ | ગુજરાતી શપથ |
| ૮૪ | શ્રી કિરીટીસિંહ સરદારસંગ ડાભી | ગુજરાતી શપથ |
| ૮૫ | શ્રી કાળુભાઇ રૂપાભાઇ ડાભી | ગુજરાતી શપથ |
| ૮૬ | શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર | ગુજરાતી શપથ |
| ૮૭ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | ગુજરાતી શપથ |
| ૮૮ | શ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૮૯ | શ્રી પ્રકાશભાઇ પરસોત્તમભાઇ વરમોરા | ગુજરાતી શપથ |
| ૯૦ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ગુજરાતી શપથ |
| ૯૧ | શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરિયા | ગુજરાતી શપથ |
| ૯૨ | શ્રી જીતેન્દ્ર કાંતિલાલ સોમાણી | ગુજરાતી શપથ |
| ૯૩ | શ્રી ઉદય કાનગડ | ગુજરાતી શપથ |
| ૯૪ | શ્રી રમેશભાઇ વિરજીભાઇ ટીલાળા | ગુજરાતી શપથ |
| ૯૫ | ડો. મહેન્દ્રભાઇ કરશનભાઇ પાડલિયા | ગુજરાતી શપથ |
| ૯૬ | શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા | ગુજરાતી શપથ |
| ૯૭ | શ્રી દિવ્યેશ રણછોડભાઇ અકબરી | ગુજરાતી શપથ |
| ૯૮ | શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહીર | ગુજરાતી શપથ |
| ૯૯ | શ્રી પબુભા વિરમભા માણેક | ગુજરાતી શપથ |
| ૧૦૦ | શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડિયા | સંસ્કૃત શપથ |
| ૧૦૧ | શ્રી કાંધલભાઇ સરમણભાઇ જાડેજા | ગુજરાતી શપથ |
| ૧૦૨ | શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી | ગુજરાતી શપથ |
| ૧૦૩ | શ્રી સંજયભાઇ સુખાભાઇ કોરડિયા | ગુજરાતી શપથ |
| ૧૦૪ | શ્રી ભૂપેન્દ્રભાઇ ગાંડુભાઇ ભાયાણી | ગુજરાતી શપથ |
| ૧૦૫ | શ્રી દેવાભાઇ પુંજાભાઇ માલમ | ગુજરાતી શપથ |

તા. ૧૯મી ડિસેમ્બર ૨૦૨૨

શપથ અથવા પ્રતિજ્ઞા વિધિ

| | | |
|---|---|---|
| ૧૦૬ | શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટિયા | ગુજરાતી શપથ |
| ૧૦૭ | શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા | ગુજરાતી શપથ |
| ૧૦૮ | શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ | ગુજરાતી શપથ |
| ૧૦૯ | શ્રી પ્રદ્યુમન ગનુભાઇ વાજા | સંસ્કૃત શપથ |
| ૧૧૦ | શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠોડ | ગુજરાતી શપથ |
| ૧૧૧ | શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા | ગુજરાતી શપથ |
| ૧૧૨ | શ્રી જનકભાઇ તળાવિયા | ગુજરાતી શપથ |
| ૧૧૩ | શ્રી મહેશ કસવાલા | ગુજરાતી શપથ |
| ૧૧૪ | શ્રી હીરાભાઇ ઓધવજીભાઇ સોલંકી | ગુજરાતી શપથ |
| ૧૧૫ | શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ | ગુજરાતી શપથ |
| ૧૧૬ | શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૧૧૭ | શ્રી સુધીરભાઇ વાઘાણી | ગુજરાતી શપથ |
| ૧૧૮ | શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા | ગુજરાતી શપથ |
| ૧૧૯ | શ્રી જીતેન્દ્રભાઇ સવજીભાઇ વાઘાણી | ગુજરાતી શપથ |
| ૧૨૦ | શ્રી શંભુનાથ ટુંડિયા | સંસ્કૃત શપથ |
| ૧૨૧ | શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા | ગુજરાતી શપથ |
| ૧૨૨ | શ્રી ચિરાગભાઇ અરવિંદભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૨૩ | શ્રી અમિત ચાવડા | ગુજરાતી શપથ |
| ૧૨૪ | શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ પરમાર | ગુજરાતી શપથ |
| ૧૨૫ | શ્રી યોગેશ આર. પટેલ | ગુજરાતી શપથ |
| ૧૨૬ | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૨૭ | શ્રી વિપુલકુમાર વિનુભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૨૮ | શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર | ગુજરાતી શપથ |
| ૧૨૯ | શ્રી પંકજભાઇ વિનુભાઇ દેસાઇ | ગુજરાતી શપથ |
| ૧૩૦ | શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૧૩૧ | શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા | ગુજરાતી શપથ |
| ૧૩૨ | શ્રી યોગેન્દ્રસિંહ રામસિંહ પરમાર | ગુજરાતી શપથ |
| ૧૩૩ | શ્રી રાજેશકુમાર મગનભાઇ ઝાલા | ગુજરાતી શપથ |
| ૧૩૪ | શ્રી માનસિંહ કોહ્યાભાઇ ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૧૩૫ | શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૧૩૬ | શ્રી સી.કે. રાઉલજી | ગુજરાતી શપથ |
| ૧૩૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ગુજરાતી શપથ |
| ૧૩૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર | ગુજરાતી શપથ |
| ૧૩૯ | શ્રી રમેશભાઇ કટારા | ગુજરાતી શપથ |
| ૧૪૦ | શ્રી મહેશભાઇ સોમજીભાઇ ભુરિયા | ગુજરાતી શપથ |
| ૧૪૧ | શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર | ગુજરાતી શપથ |
| ૧૪૨ | શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી | સંસ્કૃત શપથ |
| ૧૪૩ | શ્રી જેઠાભાઇ આહીર | ગુજરાતી શપથ |
| ૧૪૪ | શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર | ગુજરાતી શપથ |
| ૧૪૫ | શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ ઇનામદાર | ગુજરાતી શપથ |
| ૧૪૬ | શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા | ગુજરાતી શપથ |
| ૧૪૭ | શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા | ગુજરાતી શપથ |
| ૧૪૮ | શ્રી જયંતિભાઇ સવજીભાઇ રાઠવા | ગુજરાતી શપથ |
| ૧૪૯ | શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી | ગુજરાતી શપથ |
| ૧૫૦ | શ્રી શૈલેષ કનૈયાલાલ મહેતા | ગુજરાતી શપથ |
| ૧૫૧ | શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા | ગુજરાતી શપથ |

માર્ગશીર્ષ ૧૧, ૧૯૪૪ શાકે

શપથ અથવા પ્રતિજ્ઞા વિધિ

| | | |
|---|---|---|
| ૧૫૨ | શ્રી ચૈતન્ય મકરંદભાઇ દેસાઇ | ગુજરાતી શપથ |
| ૧૫૩ | શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા | ગુજરાતી શપથ |
| ૧૫૪ | શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૫૫ | શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા | ગુજરાતી શપથ |
| ૧૫૬ | શ્રી ડી.કે. સ્વામી | ગુજરાતી શપથ |
| ૧૫૭ | શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા | ગુજરાતી શપથ |
| ૧૫૮ | શ્રી રીતેષકુમાર રમણભાઇ વસાવા | ગુજરાતી શપથ |
| ૧૫૯ | શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી | ગુજરાતી શપથ |
| ૧૬૦ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૬૧ | શ્રી અરવિંદ શાંતિલાલ રાણા | ગુજરાતી શપથ |
| ૧૬૨ | શ્રી કાંતિ હિંમતભાઇ બલર | ગુજરાતી શપથ |
| ૧૬૩ | શ્રી કિશોર શિવાભાઇ કાનાણી | ગુજરાતી શપથ |
| ૧૬૪ | શ્રી પ્રવિણ મનજીભાઇ ઘોઘારી | ગુજરાતી શપથ |
| ૧૬૫ | શ્રી મનુભાઇ એમ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૬૬ | શ્રી વિનોદ અમરશીભાઇ મોરડિયા | ગુજરાતી શપથ |
| ૧૬૭ | શ્રી પૂર્ણેશ મોદી | હિન્દી શપથ |
| ૧૬૮ | શ્રી સંદીપ દેસાઇ | ગુજરાતી શપથ |
| ૧૬૯ | શ્રી ઈશ્વરભાઇ રમણભાઇ પરમાર | ગુજરાતી શપથ |
| ૧૭૦ | શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા | ગુજરાતી શપથ |
| ૧૭૧ | શ્રી મોહનભાઇ ઢેડાભાઇ કોંકણી | ગુજરાતી શપથ |
| ૧૭૨ | ડો. જયરામભાઇ ચેમાભાઇ ગામીત | ગુજરાતી શપથ |
| ૧૭૩ | શ્રી આર.સી. પટેલ | ગુજરાતી શપથ |
| ૧૭૪ | શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ | ગુજરાતી શપથ |
| ૧૭૫ | શ્રી નરેશભાઇ મગનભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૭૬ | શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૭૭ | શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૭૮ | શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ | ગુજરાતી શપથ |
| ૧૭૯ | શ્રી જીતુભાઇ હરજીભાઇ ચૌધરી | ગુજરાતી શપથ |
| ૧૮૦ | શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર | ગુજરાતી શપથ |
| *૧૮૧ | શ્રી જયેશભાઇ વિઠ્ઠલભાઇ રાદડિયા | ગુજરાતી શપથ |

શપધવિધિનું કામકાજ બપોરના ૨.૨૭ વાગ્યે પૂરું થયું.

સભાગૃહનું કામકાજ બપોરના ૨-૨૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ કાર્યકારી અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૨૦ મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

* આ સભ્યશ્રીએ તા. ૨૮મી ડિસેમ્બર,૨૦૨૨ ના રોજ માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં શપથ લીધા.

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

અધ્યક્ષશ્રીને અભિનંદન

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨**

**માર્ગશીર્ષ ૧૨, શાકે ૧૯૪૪**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૧૦-૦૦ કલાકે મળ્યું**

**કાર્યકારી અધ્યક્ષશ્રી યોગેશ પટેલ અધ્યક્ષસ્થાને**

સભાગૃહની બેઠકની શરૂઆત ''વંદેમાતરમ્'' સંગીતની ધૂન વગાડીને કરવામાં આવી.

**અધ્યક્ષશ્રીની ચૂંટણી**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૧૦(૧) અન્વયે પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહના માનનીય સભ્યશ્રી શંકરભાઇ લ. ચૌધરીને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું ટેકો આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કાર્યકારી અધ્યક્ષશ્રી** : હું આ સભાગૃહના સભ્યશ્રી શંકરભાઇ લ. ચૌધરીને સર્વાનુમતે સભાગૃહના અધ્યક્ષશ્રી તરીકે જાહેર કરું છું અને તેમને અધ્યક્ષસ્થાન લેવા માટે વિનંતી કરું છું.

(ત્યારબાદ સભાગૃહના નેતાશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, વિરોધપક્ષના સભ્યશ્રી શૈલેશભાઇ પરમાર તથા મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લ નવા વરાયેલા અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી શંકરભાઇ ચૌધરીએ અધ્યક્ષસ્થાન સંભાળ્યું.)

**શ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રીને અભિનંદન

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી ગુજરાત વિધાનસભાની રચના પછીના પ્રથમ સત્રમાં આપ સૌ માનનીય ધારાસભ્યોને અંતઃકરણપૂર્વક આવકારી અને શુભેચ્છા પાઠવું છું. આપની અધ્યક્ષ તરીકેની સર્વાનુમતે થયેલી વરણી બદલ હું આપશ્રીને મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. લોકશાહીના મંદિરમાં ઉજ્વળ પરંપરાને જાળવી રાખવા તથા પૂર્વ અધ્યક્ષશ્રીઓએ કરેલા નિર્ણયોને જીવંત રાખી આ સભાગૃહના સૌ સભ્યોના સહિયારા પ્રયાસમાં અમોને સહુને આપનું સતત માર્ગદર્શન મળતું રહેશે એવો મને ચોક્કસ વિશ્વાસ છે. સામાજિક સેવાના ક્ષેત્રે આપના અમૂલ્ય પ્રદાનથી સમગ્ર ગુજરાતની પ્રજા સુવિદિત છે. આપના વતન વડનગરમાં દસ વીઘા જેટલી જમીન વાદી મદારી સમૂદાય માટે રહેણાંક બનાવવા માટે દાન આપી એ લોકોના પોતિકા મકાન, ઘર વસાવવાની આપની કામગીરી અત્યંત પ્રશંસનીય છે. બનાસ ડેરીના ચેરમેન તરીકે ગુજરાત પૂરતી જ નહીં, પરંતુ દેશના અન્ય સાત જેટલા રાજ્યો જેવા કે રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઝારખંડ, હરિયાણા, આંધ્રપ્રદેશ વગેરેમાં બનાસ ડેરી પહોંચાડવાનું આપે જે કામ કર્યું છે તે વિશ્વના ડેરી ઉદ્યોગ માટે પ્રેરણારૂપ છે. બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની દૂધની આવક સન ૨૦૧૪ પહેલા જે રૂ. ૨૫૦/- કરોડ હતી તે છેલ્લા સાત વર્ષમાં વધીને રૂપિયા એક હજાર કરોડ સુધી પહોંચાડી છે. દુનિયાના અર્થશાસ્ત્રીઓ માટે પણ આ રસપ્રદ સંશોધનનો વિષય છે. જન માનસમાં ડેરી એટલે દૂધ અને દૂધની બનાવટો. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ આપના બનાસ ડેરીના ચેરમેનશીપના કાર્યકાળ દરમિયાન દૂધ સાથે મધુક્રાંતિ કરી દેશને નવી દિશા ચીંધી છે. વડાપ્રધાનશ્રી મોદી સાહેબનું ગોબર ધનનું સ્વપ્ન સાકાર કરવા માટે ગોબર ધનમાંથી ગેસ ઉત્પન્ન કરી એને વાહનના ઇંધણ તરીકે ઉપયોગમાં લઇ ખેડૂતો માટે આવકનો નવો સ્ત્રોત ઊભો કરવાનું શ્રેય પણ આપને જાય છે. દેશના છેવાડાના માનવીને પણ ઘરઆંગણે તબીબી સેવાઓ પહોંચાડવાના વડાપ્રધાનશ્રીના પ્રયાસોમાં ગુજરાત સરકાર અને સહકારી ક્ષેત્રના સહયોગથી લોક ભાગીદારીના ધોરણે બનાસ મેડિકલ કોલેજની સ્થાપના કરી આપે સહકારી ક્ષેત્રને એક નવી દિશા આપી છે. બનાસકાંઠા જિલ્લામાં આવેલ અતિવૃષ્ટિના સમયે પ્રજાને સથવારો આપી ફરીથી પગભર કરવા ધારાસભ્ય અને મંત્રી તરીકેની આપની કામગીરીની નોંધ લેવી જ પડે. આપ માત્ર સંગઠન જ નહીં, પરંતુ સરકારમાં પણ અનેક મહત્ત્વના હોદ્દાઓ ઉપર રહી હકારાત્મક અભિગમ દાખવીને સૌના માટે પ્રેરણારૂપ રહ્યા છો. પ્રજાની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ પૂરી કરવામાં સાથી પક્ષો સહિતના સૌ ચૂંટાયેલા પ્રતિનિધિ તેવા આપણે સૌ ઉણા ના ઉતરીએ અને જનહિતનાં કામોને આ સભાગૃહમાં ચર્ચામાં યોગ્ય ન્યાય આપી ઉમદા કાર્યોની પરંપરાને જાળવી ગૃહનું ગૌરવ તેમજ ગરિમા વધારવાના પ્રયાસોમાં પણ અધ્યક્ષશ્રી આપ અમોને માર્ગદર્શન આપતા રહી અમારા પ્રયાસોને વધારે અર્થસભર બનાવશો.

માનનીય અધ્યક્ષશ્રી, આપને સુવિદિત છે તેમ ગુજરાત વિધાનસભાની આગવી પરંપરાઓ સમગ્ર દેશમાં પ્રશંસનીય રહી છે. સંસદીય પ્રણાલિકાઓના સંવર્ધન માટે આવનાર પાંચ વર્ષ સુવર્ણકાળ સમાન બની રહેશે તેવું મારું ચોક્કસપણે માનવું છે. હું આપને પુનઃ આ સભાગૃહ વતી અંતઃકરણપૂર્વકની શુભેચ્છાઓ પાઠવું છું. આપની અધ્યક્ષશ્રી તરીકેની વરણી બદલ

અભિનંદન આપું છું. આપની નવા પ્રકારની જવાબદારીઓ, કાર્યભાર લોકશાહીના ઇતિહાસ માટે એક સંભારણું બની રહેશે તેવી શ્રદ્ધા સાથે વિરમું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ઐતિહાસિક વિધાનસભામાં આપની અધ્યક્ષશ્રી તરીકે વરણી થવા બદલ હું આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૨ ધારાસભ્યોના આ વિધાનસભાગૃહમાં ગુજરાત રાજ્યના વહીવટ માટે અને શાસન માટે જે કામગીરી થતી હોય એમાં શાસક પક્ષ હોય કે વિરોધ પક્ષ હોય, આપ બધાને સાંભળી અને ન્યાયોચિત કામ કરો એવી શુભેચ્છાઓ આપું છું. આપની પાછળ મહાત્મા ગાંધીજી, સત્ય, અહિંસા અને નિષ્ઠા આ ત્રણેયના સુભગ સમન્વયથી આઝાદી અને આઝાદી પછીની લોકશાહી, જે કામ વખતો વખત આપણી મજબૂત થતી લોકશાહીએ કર્યું છે એને ન્યાયોચિત અને ઉચિત આપનું માર્ગદર્શન આ વિધાનસભા ગૃહને મળશે એવી મારી અપેક્ષા પણ છે અને સાથોસાથ અધ્યક્ષશ્રી તરીકેના પદ પર ૧૫મી ઐતિહાસિક વિધાનસભામાં આપ જ્યારે ફરજ બજાવવાના છો ત્યારે આપશ્રીએ કરેલા કાર્યોથી લગભગ આખું ગુજરાત પરિચિત છે. આપે ડેરીમાં કામ કર્યું હોય, આપે પાણી ક્ષેત્રે કામ કર્યું હોય, આપે જંગલ અને પર્યાવરણ ક્ષેત્રે કામ કર્યું હોય, સંગઠન અને રાજ્ય સરકાર બધાની અંદર આપે જે રીતે તમામ સમુદાયોને સાથે લઇને કામો કર્યાં છે એ ખરેખર આખું ગુજરાત એના માટે ખૂબ ખૂબ આભારી પણ છે. આપે દૂધની અંદર દૂધની સાથે પાણી, પાણીની સાથે પર્યાવરણ, વૃક્ષો વાવવા અને સાથોસાથ પહેલાં જેમ ખેતી સાથે દૂધ એક વધારાની આવક તરીકે ખેડૂતને આપવાનું કામ જે તે વખતે આપણા સહકારી આગેવાનોએ કર્યું છે, આપે એક નવી દિશા ચીંધી છે. નવી દિશાની અંદર સ્વીટ ક્રાંતિ, હની ક્રાંતિ દ્વારા આપનો અભિગમ રહ્યો છે. બાયોગેસ, ડીઝલ વગેરે વગેરે ખૂબ નવા ઇનિશિયેટીવ દ્વારા આપે ગુજરાત રાજ્યની સેવા કરી છે અને ડેરીના માધ્યમથી દેશ સુધી પહોંચી, ઉત્તર પ્રદેશ જેવા અનેક રાજ્યોની અંદર બનાસ ડેરીને ગૌરવવંતુ સ્થાન અપાવ્યું છે અને તાજેતરમાં આપે મેડિકલ કોલેજ બનાવી એની સાથે સાથે જ્યારે સૈનિક સ્કૂલની સ્થાપના આપના બનાસકાંઠામાં થઇ છે ત્યારે મને વિશ્વાસ છે કે આપનો બહોળો અનુભવ અને એ અનુભવને અંતે જ્યારે આપ આ સ્થાન ઉપર બિરાજમાન થયા છો, ત્યારે લોકશાહીની પરંપરાને ખૂબ ઉજ્જવળ રાખી આપ આગળ વધશો એવી આશા છે. આપને ફરી વખત ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કો.): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાની આ ૧૫મી વિધાનસભામાં પ્રથમ સત્રમાં આપ જ્યારે વિધાનસભાના અધ્યક્ષશ્રી તરીકે ચૂંટાયા છો ત્યારે હું મારા વતી અને મારી પાર્ટી વતી ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકો દ્વારા, લોકો માટે અને લોકોથી ચાલતું લોકશાહીનું આ મંદિર કે જે ઉચ્ચ સંસદીય પ્રણાલીઓ મુજબ આપણે સૌ આ સન્માનનીય ગૃહને સન્માન સાથે, પ્રણાલીઓ સાથે જે પરંપરાઓ રહેલી છે અને પરંપરા મુજબ આપશ્રીની નિમણૂક બિનહરીફ થઇ છે ત્યારે ફરી વખત હું આપને અભિનંદન આપું છું. વિધાનસભાનું આ સભાગૃહ કે જેના પ્રથમ અધ્યક્ષ તરીકે શ્રી કલ્યાણજીભાઇ મહેતા અને ત્યારબાદ શ્રી કુંદનલાલ ધોળકિયાજી હોય, શ્રી રાઘવજીભાઇ લેઉવા હોય, શ્રી નટવરલાલ શાહ હોય, શ્રી વજુભાઇ વાળા હોય, શ્રી અશોકભાઇ ભટ્ટ હોય અને પ્રથમ મહિલા અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્ય હોય, આપણા માટે સદભાગ્યની વાત છે કે વિધાનસભાના આ સત્રમાં જ્યારે નવા અધ્યક્ષની વરણી થતી હોય ત્યારે આજે વિધાનસભા ગૃહમાં જે પૂર્વ અધ્યક્ષ તરીકે કામગીરી કરેલ છે, એવા બે પૂર્વ અધ્યક્ષશ્રીઓ માનનીય રમણભાઇ વોરા અને માનનીય ગણપતભાઇ વસાવા પણ જયારે મોજુદ છે ત્યારે આપને ફરી વખત હું શુભેચ્છાઓ આપું છું. સંસદીય પ્રણાલી લોકશાહી અને વિધાનસભાના મૂલ્યોનું જતન કરવું એ આપણા સૌની ફરજનો પાર્ટ છે. લોક પ્રતિનિધિ તરીકે જયારે આપણને પ્રજાએ ચૂંટીને મોકલ્યા છે ત્યારે સંસદીય પ્રણાલીઓ એ વિધાનસભા ગૃહમાં જળવાઇ રહે એ આપણા માટે ખૂબ જ જરૂરી છે. કાયદા, કાનૂન, નીતિ નિયમો લોકશાહીની પદ્ધતિથી આ પ્રણાલીઓ હાઉસની અંદર જળવાયેલી છે અને હું એવી અપેક્ષા રાખું છું કે આ વખતે પણ જળવાઇ રહેશે. વિધાનસભા ગૃહની અંદર આપને જયારે વિધાનસભાના અધ્યક્ષ તરીકેનું પદ મળ્યું છે ત્યારે એવી ચોકકસ અપેક્ષાઓ અમે આપની પાસેથી રાખીશું, કારણ કે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની જે વેદના છે, પ્રજાના જે પ્રશ્નો હોય છે એ પ્રશ્નો મૂકવાનું આ પ્લેટફોર્મ પ્રજાને પડતી મુશ્કેલી કે તકલીફો એ રજૂ કરવાનું આ પ્લેટફોર્મ એ આપણને સૌને જયારે મળતું હોય છે ત્યારે સ્વાભાવિક છે કે પ્રજા ચૂંટીને પક્ષને મોકલે છે પણ જયારે વિધાનસભા ગૃહની અંદર જયારે ૧૮૨ ધારાસભ્યો બેસતા હોય છે ત્યારે એ પ્રજાના ટ્રસ્ટી તરીકે બેસતા હોય છે અને ટ્રસ્ટી તરીકે જયારે બેસતા હોય ત્યારે પ્રજા હિતની જયારે વાત હોય એ પ્રજા હિતની વાત સ્વાભાવિક છે કે દરેક સભ્ય પોતપોતાની રીતે કરતા હોય છે. આપ જયારે અધ્યક્ષ તરીકે બિરાજમાન થયા છો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રીતે વાત કરી કે આપના જ ગામમાં ૧૦-૧૨ વીઘાની જગ્યા મદારી કે ભટકતા લોકો હતા એ લોકોના રહેઠાણ માટે આપે જયારે વ્યવસ્થા કરી છે. ડેરી ઉદ્યોગ સાથે આપ સંકળાયેલા છો. એક ટાઇમ એવો હતો અમૂલનું નામ હતું આજે બનાસ ડેરીનું નામ પણ આપે આપના માધ્યમથી ગાજતું કર્યું છે. અપેક્ષા એવી રાખીએ છીએ કે વિધાનસભા ગૃહની અંદર પ્રજાએ આપેલા નિર્ણયને અમે આવકારીએ છીએ પણ અમારું મનોબળ તૂટયું નથી. અમે ૧૭ સભ્યો છીએ પણ પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની વાત આવશે, પ્રજાના પ્રશ્નો હશે તો ભૂતકાળમાં પણ જનપ્રતિનિધિ તરીકે અમારો અવાજ વિધાનસભા ગૃહમાં રજૂ કરતા આવ્યા છીએ અને આ વખતે પણ ચોક્કસ અમે રજૂ કરીશું. વિધાનસભા ગૃહ જયારે પ્રણાલીથી બંધાયેલું હોય ત્યારે દુઃખ સાથે મારે કહેવું પડે કે ભૂતકાળની અંદર અધ્યક્ષશ્રીની જયારે ચૂંટણી થાય છે ત્યારે વિપક્ષને અચૂક પૂછવામાં આવે છે અને વિપક્ષ અચૂક સત્તા પક્ષને સમર્થન કરતો આવ્યો છે. બહુમતિ આપશ્રીને એટલી બધી

આવી છે કે આ વખતે પરંપરા મુજબ એક કટ્સી ખાતર પણ વિપક્ષને તમારે પૂછવું જોઇએ એ પૂછયું નથી. હું માનું છું કે પ્રણાલી તોડી છે એનું મને દુઃખ છે. કારણ કે અમે પણ વિધાનસભાની પ્રણાલી સાથે બંધાયેલા છીએ. અધ્યક્ષની ગરિમા સાથે બંધાયેલા છીએ. આજે બિનહરીફ અમે આપને સંપૂર્ણ રીતે ટેકો આપીએ છીએ. આપ એવા સ્થાને બિરાજમાન થયા છો ત્યારે કોઇ રાજકીય પાર્ટી સાથે સંકળાયેલા હતા. આપે રાજીનામુ આપ્યું અને આપ બિન રાજકીય પાર્ટી તરીકે આજે મહાત્મા ગાંધીની છબીની નીચે જયારે બિરાજમાન થયા છો ત્યારે સામે મોટાભાઇ છે, આ બાજુ નાનાભાઇ છે. મોટાભાઇ તરીકે નાનાભાઇનું હંમેશા ધ્યાન રખાતું હોય છે. અમે એવી ચોકકસ અપેક્ષા રાખીશું કે અમારી વાત પ્રજાલક્ષી વાત હશે. અમારી વાત સરકારે કંઇક ખોટું કર્યું હશે એ વાત અમારી હશે અને આપ ચોક્કસ અમને ન્યાય આપશો એવી આપની પાસે અપેક્ષાઓ પણ રાખીએ છીએ. ગુજરાત વિધાનસભામાં અનેક અધ્યક્ષશ્રીઓ આવ્યા છે અને અનેક અધ્યક્ષશ્રીઓએ પોતપોતાની રીતે અલગ અલગ નિર્ણયો કરેલા છે. તેમના આદેશોનું પાલન કરવું તેના માટે આ સભાગૃહના દરેક ધારાસભ્યશ્રી બંધાયેલા હોય છે. ભૂતકાળના અધ્યક્ષશ્રીએ લીધેલા નિર્ણયો કે જે નિર્ણયોને નવા ચૂંટાયેલા પ્રતિનિધિ હોય કે જૂના ચૂંટાયેલા પ્રતિનિધિ હોય તે આ નિર્ણયોને ટાંકીને વિધાનસભાગૃહની અંદર તેમની વાત મૂકતા હોય છે. આ વાત રજૂ કરતાં અગાઉના પૂર્વ અધ્યક્ષશ્રીએ આ નિર્ણય લીધો હતો અને તે નિર્ણયને આધીન આ કાર્યવાહી થવી જોઇએ તેવી ચોક્કસ વાત સભાગૃહમાં થતી હોય છે અને સભાગૃહમાં થશે. આપની પાસે અપેક્ષાઓ છે કે, આપ પૂર્વ અધ્યક્ષશ્રીએ લીધેલા નિર્ણયોને અમે વિપક્ષ તરીકે ટાંકીએ ત્યારે પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયોને પૂરેપૂરા ધ્યાનમાં રાખીને આપ નિર્ણય લેશો તેવી અપેક્ષા અમે ચોક્કસ રાખીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આપ ખૂબ જ ગરીબ પરિવારમાંથી આવો છો. આપની સાથે એક ધારાસભ્ય તરીકે અને આપ મંત્રી હતા ત્યારે પણ આપની સાથે કામ કર્યું છે. ત્યારે આપ આ વિધાનસભાના અધ્યક્ષ તરીકેના સર્વોચ્ચ સ્થાન પર બિરાજમાન થયા છો ત્યારે આપની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે તે મારું સદ્ભાગ્ય છે. આપને વિધાનસભાના અધ્યક્ષશ્રીનું જયારે નવું પદ મળતું હોય છે ત્યારે અને તેમની કાર્યશૈલીમાં તેમને જયારે સમય મળતો હોય છે ત્યારે નવું કરવાની અપેક્ષા રાખતા હોય છે. વિધાનસભાગૃહની અંદર હું આપની પાસે અપેક્ષા એ રાખું છું. આ વિધાનસભા ગૃહને વર્ષોથી જોતો આવ્યો છું. મારા પિતાશ્રીએ પણ આ વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય તરીકે, મંત્રી તરીકે, ઉપાધ્યક્ષ તરીકે, કાર્યકારી અધ્યક્ષ તરીકે કામ કર્યું છે. પ્રેક્ષક દીર્ઘામાં બેસીને મેં આ વિધાનસભાને નિહાળી છે. જે પરંપરા આ વિધાનસભા ગૃહમાં પડી રહી છે તે પરંપરાને ભૂતકાળના અધ્યક્ષશ્રીઓએ ચાલુ રાખી હતી તે પરંપરાને આપ આગળ ધપાવશો એવી અમે અપેક્ષાઓ રાખીએ છીએ. પરંપરા એવી છે કે, ભૂતકાળની અંદર વિધાનસભા ગૃહની અંદર ધારાસભ્યશ્રી જયારે પ્રશ્ન પૂછતા હતા ત્યારે તેનો સમયગાળો હતો તે પાંચ વર્ષનો હતો. પાંચ વર્ષ સુધીના પ્રશ્નો પૂછીને ધારાસભ્યશ્રી તેનો જવાબ-રિપોર્ટ માગી શકતા હતા. તે પ્રણાલી ધીમે ધીમે બદલાતી ગઇ છે. તે ત્રણ વર્ષની થઇ અને હવે બે વર્ષની થવા જઇ રહી છે. અમારી આપની પાસે અપેક્ષા છે કે, પ્રશ્નોતરીકાળમાં અમે પાંચ વર્ષના સમયગાળાનો જે પ્રશ્ન પૂછીએ છીએ તેનો જવાબ એટલા માટે માગતા હોઇએ છીએ કે, પ્રજાના ટ્રસ્ટી તરીકે અમને પણ તેનો ખ્યાલ આવે અને પ્રજાને પણ તેનો ખ્યાલ આવે. તે પ્રણાલી ધીમે ધીમે તૂટતી ગઇ છે. બીજું કે વિધાનસભા ગૃહમાં સંખ્યા કેટલી છે, સ્વાભાવિક છે કે અત્યારે સત્તાપક્ષની સંખ્યાનું જોર વધારે છે. અમારી પાસે સંખ્યા ૧૭ ની છે. પાંચ ''આપ''ના મિત્રો છે અને બીજા અન્ય મિત્રો પણ ચૂંટાઇને આવ્યા છે. વિધાનસભા ગૃહની અંદર ભૂતકાળમાં મેં જોયું છે કે, સમય મર્યાદાની અંદર પછી તે સત્તા પક્ષના પ્રતિનિધિ હોય કે વિપક્ષના હોય તેની કોઇ સમય મર્યાદા નક્કી કરવામાં આવી ન હતી. મેં છેલ્લા ઘણા સમયથી જોયું છે. ગુજરાત વિધાનસભાના નિયમોની ચોપડી મેં વાંચેલી છે. તે નિયમોની અંદર કોઇ જગ્યાએ એવું ટાંકવામાં આવેલું નથી કે સંખ્યાબળના આધારે પ્રોરેટા નક્કી થાય છે અને પછી સમય ફાળવવામાં આવે છે. આ વખતની પરિસ્થિતિને આધીન હું આપને ચોક્કસ કહીશ કે આ વિધાનસભાગૃહની અંદર પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે ભારતીય જનતા પાર્ટીને ગુજરાતની પ્રજાએ બિરાજમાન કરી છે ત્યારે પ્રોરેટા મુજબ સમય મર્યાદા મુજબ કે સંખ્યા મુજબ સમય આપવામાં આવશે તો વિપક્ષ તરીકે અમારે અમારી જે વાત રજૂ કરવી છે તે આ વિધાનસભાગૃહમાં કોઇ સંજોગોમાં કરી શકીશું નહીં. માટે આપની પાસે અમે ચોક્કસ અપેક્ષા રાખીશું કે આ નિર્ણય એ માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય હોય છે. આપ જયારે અધ્યક્ષ તરીકે બિરાજમાન થયા છો ત્યારે અમારી પ્રજાલક્ષી, પ્રજા હિતની વિપક્ષની વાત છે તેને ધ્યાનમાં રાખીને પ્રોરેટા મુજબ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે તેને તોડીને અમને વધુ સમય ફાળવશો તેવી આપની પાસે અપેક્ષા પણ રાખીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાગૃહમાં ભૂતકાળમાં જોયું છે કે કેગનો રિપોર્ટ છે એ વિધાનસભા ગૃહમાં અઠવાડિયા દસ દિવસ પહેલા દરેક ધારાસભ્યશ્રીને મળી જતો હોય છે. પ્રણાલી બદલાઇ અને કેગનો રિપોર્ટ સભાગૃહમાં છેલ્લા દિવસે રજૂ કરવામાં આવે છે. વિધાનસભાના નિયમોના નિયમમાં લખેલું છે કે કેગનો રિપોર્ટ તમે રજૂ કરો ત્યારે એની ઉપર માનનીય ધારાસભ્યશ્રીઓ મંથન કરે અને એની ચર્ચા થાય.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપને પછી પણ સમય મળશે. હજુ એજન્ડા પરનાં ઘણાં બધાં કામ બાકી છે. માનનીય રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવની ચર્ચા પણ કરવાની છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે અપેક્ષાઓ જે છે એ અપેક્ષાઓ એક નાના ભાઇ તરીકે હું આપની સમક્ષ વિધાનસભા ગૃહમાં મૂકું છું.

અધ્યક્ષશ્રી : આપ મને વ્યક્તિગત આવીને મળી શકશો, મારી ચેમ્બરમાં રૂબરૂ મળી રજૂઆતો પણ કરી શકશો. (અંતરાય) વચ્ચે કોઇ નહીં બોલે, બેઠા બેઠા કોઇ વાત નહીં કરે. કોઇ સભ્યશ્રી બેઠા બેઠા વાત નહીં કરે.

## માર્ગશીર્ષ ૧૨, ૧૯૪૪ શાકે

## અધ્યક્ષશ્રીને અભિનંદન

શ્રી શૈલેષ મ. પરમાર :(અંતરાય) ઊભા થઇને બોલજો તમને પણ મોકો મળશે. તમને મોકો મળે ત્યારે તમે બોલજોને? મોરબીના પુલનું કાંઇક બોલજો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ મારી સમક્ષ ધ્યાન રાખીને આપની વાત રજૂ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી અપેક્ષાઓના ભાગ સ્વરૂપે આ વાતો અને આ રજૂઆત મૂકી છે એ અમારી લાગણી સમજી શકો છો, અપેક્ષાઓ સમજી શકો છો. વધુ વાત ન કરતા આપની જ્યારે અધ્યક્ષશ્રી તરીકે વરણી થઇ છે ત્યારે ફરી એક વખત આપને અભિનંદન સાથે મેં મૂકેલી વાતો અને આ મારી પાંચમી ટર્મ છે ત્યારે મેં વિધાનસભા ગૃહમાં મૂકેલી નજીકથી જોયેલી વાતો આપની સમક્ષ મૂકું છું ત્યારે આપ પણ એની ઉપર ધ્યાન આપીને અમને ન્યાય આપશો એવી અપેક્ષા સાથે ફરી એક વખત આપને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાજપ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા આ ગૌરવવંતા સભાગૃહમાં માનનીય ગૃહના નેતાશ્રી અને મુખ્યમંત્રીશ્રી જેમના નેતૃત્વમાં ઐતિહાસિક જીત થઇ છે એમણે પ્રસ્તાવ રાખ્યો છે અને સર્વાનુમતે આપની અધ્યક્ષશ્રી તરીકે વરણી થઇ છે ત્યારે સૌ પ્રથમ તો સભ્ય તરીકે આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તમામ સભ્યશ્રીઓ એ વિપક્ષના હોય કે શાસક પક્ષના હોય એમને પણ અભિનંદન આપું છું કે આપણી આ પરંપરા સન્માનનીય ગૃહના અધ્યક્ષની વરણી માટે એ સુંદર રીતે જાળવી રાખી છે. આ સન્માનનીય સભાગૃહ આ રાજયની અંદર વિકાસની નવી ઊંચાઇઓ ઉપર લઇ જવામાં મહત્ત્વનું બની રહ્યું છે. રાજયની જનતાની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ એ અહીંથી મૂર્તિમંત થાય છે. આ સન્માનનીય સભાગૃહના અહીંના સભ્ય એ દેશના વડાપ્રધાન બને અને વૈશ્વિક નેતા બને એવા આ સન્માનનીય સભાગૃહના આપ અધ્યક્ષ બન્યા છો ત્યારે વિશેષ આનંદ અને અભિનંદન. યોગાનુયોગ કહો કે આ સન્માનનીય સભાગૃહનું તપ કહો, તપશ્ચર્યા કહો તમામ સભ્યશ્રીઓ અત્યાર સુધીના જે કોઇ શાસક પક્ષમાં હશે અમે ક્યારેક વિપક્ષમાં હોઇશું, માનનીય તમામ અધ્યક્ષશ્રીઓ હશે, ઉપાધ્યક્ષશ્રીઓ હશે એ તમામ માટે ગૌરવની બાબત છે. આ સન્માનનીય સભાગૃહના સભ્ય હોય, મંત્રીશ્રી હોય એ દેશના ગૃહમંત્રીને સહકાર મંત્રી તરીકે કામ કરે એ પણ આપણા માટે ગૌરવની બાબત છે અને એવા સન્માનનીય સભાગૃહના અધ્યક્ષ તરીકે આપ બિરાજમાન થયા છો ત્યારે ઘણા બધાને આપના વિશે ઘણું બધું કહી શકાય એટલો ઘરોબો અને નાતો આપની સાથે રહ્યો છે. મારી વાત ઝડપથી પૂરી કરીશ કારણ કે ઘણા બધા સભ્યશ્રીઓ અને પૂર્વ અધ્યક્ષશ્રીઓ પણ હાજર છે માનનીય રમણભાઇ છે, માનનીય ગણપતભાઇ છે અને સિનિયર સાથીઓ પણ છે, જુનિયર સાથીઓ પણ છે જેને તમારી સાથે કામ કરવાનો અનુભવ અને નજીકથી જોવાનો અને સમજવાનો સૌને મોકો મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક તરીકે આપે વ્યક્તિ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ એ કાર્યમાં લાગેલી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક તરીકે સુપેરે ઘડતર પામીને મને યાદ છે કે, રાજપાનું શાસન હતું ત્યારે પાર્ટીના આદેશને માન આપીને મુખ્યમંત્રીશ્રીની સામે આપે જે લડાઇ લડી હતી હું પણ એક કાર્યકર્તા તરીકે ચૂંટણીમાં આવ્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, અંધાધૂંધી, અરાજકતા, તોફાનો એ સ્થિતિની અંદર આપનું નેતૃત્વ, આપની નીડરતા અને આપે જે પ્રતિનિધિ તરીકે, એક ભાજપના ઉમેદવાર તરીકે આજે પણ ના ભૂલાય ગામે ગામની અંદર કોઇ જઇ ના શકે એવી સ્થિતિમાં તમે હોંસલો પૂરો પાડયો હતો અને આવા અનેક ગામોમાં જવાનો મોકો મળ્યો હતો. સાથે સાથે મારા માટે આનંદની વાત છે કે, હું યુવા ભાજપનો અધ્યક્ષ બન્યો તે પહેલાં યુવા ભાજપના રાજયના યુવાનોને માર્ગદર્શન કરતા હતા અને આપે મને ચાર્જ આપ્યો હતો. વિરોધપક્ષે પણ આપે કામ કર્યું છે, સરકાર પક્ષે પણ કામ કર્યું છે, મંત્રી તરીકે પણ આપે કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે, બક્ષીપંચ સમાજના જરૂરિયાતમંદ લોકો માટે આપે જે પ્રકારે સેવાના ભાવથી કામગીરી કરી છે અને મને કહેતા આનંદ થાય છે કે, સમગ્ર રાજયમાં બક્ષીપંચ સમાજને મુખ્ય પ્રવાહમાં ભેળવવાનું કામ એ માનનીય મુખ્યમંત્રી જે તે વખતના માનનીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં આપે સુપેરે લઇ ગયા છો અને આજે બક્ષીપંચ સમાજ સમગ્ર સમાજને સાથે રાખીને આપની એક છબી તે સહકારી ક્ષેત્રમાં અહીંયાથી માનનીય શૈલેષભાઇએ વાત કરી તેમ ડેરી ઉદ્યોગ તરીકે નહીં પણ સહકારી ક્ષેત્રમાં ડેરીને સેવા તરીકે એક વધારાની પૂરક આવક તે સામાન્ય માણસ, પશુપાલક, ખેતીવાડી કરતો વ્યકિત, મહિલાને કેવી રીતે થાય એ આપે ખૂબ મોટા ઉદાહરણો પૂરા પાડયા છે, રાજય આજે પણ તેમનું ગૌરવ અનુભવે છે. અમે પણ સૌ સભ્યશ્રીઓ આજે ગૌરવ અનુભવીએ છીએ કે આપ એ પ્રકારના કામ કરીને આજે એક સન્માનનીય ગૃહના અધ્યક્ષ તરીકે બિરાજમાન છો.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રમાં પણ તે બનાસની સહકારી બેન્ક હોય, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કના વાઇસ ચેરમેન તરીકે હોય આપણા જેઠાભાઇ પણ ઉપાધ્યક્ષ તરીકે તેમની પણ વરણી થવા જઇ રહી છે ત્યારે ડિરેકટર તરીકે સહકારી ક્ષેત્રમાં પણ આ બેન્કનું પણ એક ઊંચું સ્થાન સહકારી ક્ષેત્ર થકી સામાન્ય જનતાને કેવી રીતે લાભ મળે તે આપે સુપેરે પાર પાડયું છે. મેં આપને પદ હોય, પદ ના હોય, પ્રતિનિધિ હો કે પ્રતિનિધિ ના હો ત્યારે મેં તમને કામ કરતા જોયા છે. હું પ્રમુખ રહ્યો છું ત્યારે પણ મેં તમને કામ કરતા જોયા છે રાજયની અંદર, રાજયની જનતાની સેવામાં પાર્ટીના શિસ્તબદ્ધ સૈનિક તરીકે જયારે જયાં પણ જે પણ જરૂર પડી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી આપે ભારતીય જનતા પાર્ટીને માર્ગદર્શન પણ કર્યું છે અને રાજયના મહામંત્રી તરીકે પણ આપ રહ્યા છો, સંગઠનનો પણ બહોળો અનુભવ, સરકારમાં પણ અનુભવ અને સરકારમાં ન હો તો કેવી રીતે રાજયની જનતાની સુખાકારી કરી શકાય તેનો ખૂબ અનુભવ આપની પાસે રહ્યો છે ત્યારે મને ગૌરવ છે કે આપની નીચે, આપની સાથે, આપના સાથી તરીકે તમામ પ્રકારે મેં કામ કરતા જોયા છે.

## તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

## અધ્યક્ષશ્રીને અભિનંદન

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇએ વાત કરી. માનનીય મુખ્યમંત્રીશ્રીને વિશેષ અભિનંદન આપીએ છીએ કે જે પ્રકારે મેન્ડેટ રાજયની જનતાએ આપ્યો છે, આ મેન્ડેટ શૈલેષભાઇ આપણે સૌએ સ્વીકારવો જોઇએ. આ વિધાનસભા એ નિયમોના નિયમથી ચાલે છે. આપ સુપેરે એ પ્રકારે સંસદીય બાબતોના પણ જાણકાર વ્યકિત છો તે પ્રમાણે ચલાવવાના છો પણ તેમણે જયારે ટકોર કરી છે ત્યારે શાસક પક્ષ તરીકે મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવુ જોઇએ કે, અમે પણ રાહ જોતા હતા કે વિપક્ષના નેતા તમે કયારે, કોને બનાવો છો. આજે પણ તમે નથી બનાવી શકયા નહીંતર ચોક્કસ મારે કોની સાથે સંવાદ કરવો, કોની સાથે વાત કરવી એ જો આપે સામેથી કહ્યું હોત તો થાત કારણ કે ત્રણ ચાર મુખ્ય નેતાઓમાં આપ ચૂંટાઇને આવ્યા છો ત્યારે કદાચ માનનીય મુખ્યમંત્રીશ્રીના મનમાં હોય કે હમણાં જાહેર થશે, હમણા જાહેર થશે પણ આજે જયારે વિધાનસભાનું સત્ર મળ્યું છે તો પણ આપના વિપક્ષના નેતા જાહેર થઇ શકયા નથી એટલે કદાચ વાત નહીં થઇ શકી હોય. બાકી મુખ્યમંત્રીશ્રી ખૂબ સાલસ, નિખાલસ આપણે જોયું છે છેલ્લાં સવા વર્ષમાં સૌને સાથે લઇને અને અનેક વિધાનસભાની અંદર જે પ્રસ્તાવો છે, બિલો છે, બજેટ છે તેમાં પણ સર્વાનુમત્તે આપ સૌએ સહકાર આપીને માનનીય મુખ્યમંત્રીશ્રીની કામગીરીને તેમના નેતૃત્વને બિરદાવી અને સહકાર પણ આપ્યો છે. સૌ સાથે મળીને માનનીય અધ્યક્ષશ્રીના માર્ગદર્શન અને નેતૃત્વમાં રાજયની જનતાની સુખાકારી માટે અનેકવિધ કામો સાથે મળીને આપણે કરવાના છીએ ત્યારે પક્ષ, વિપક્ષ જોયા વગર અગાઉ પણ આપણે કહ્યું હતું. આ વિધાનસભાનું છેલ્લું સત્ર હતું ત્યારે પણ કહ્યું હતું કે સૌ સાથે મળીને રાજ્યની જનતાની સુખાકારી, આકાંક્ષાઓ, અપેક્ષાઓ પૂરી કરીએ. માનનીય અધ્યક્ષશ્રી તરીકે આપ બિરાજમાન છો ત્યારે અમને સંપૂર્ણ શ્રદ્ધા છે કે અત્યાર સુધી જે વ્યવસ્થાઓ બની છે એને વધારે ઊંચાઇઓ પર લઇ જશો. ગરિમાપૂર્ણ પદ ઉપર આપ બિરાજમાન છો ત્યારે રાજયની જનતાની અપેક્ષા અને આકાંક્ષા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના વડપણ નીચે ચોક્કસ પૂરી થશે. પુન: એક વખત આપને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. આ વિધાનસભામાં સભ્ય તરીકે આપને સંપૂર્ણ સહકાર મળી રહેશે. એ પણ વિશ્વાસ અપાવું છું. ભારત માતા કી જય, વંદે માતરમ્. જય જય ગરવી ગુજરાત.

શ્રી રમણલાલ ઇ. વોરા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી,

''પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા,
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ''

માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૯૫માં પહેલી વખત આ સભાગૃહના સભ્ય અને મંત્રી બનવાનો મોકો મળ્યો. સન ૧૯૯૫માં પહેલી વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. ૨/૩ બહુમતી સાથે આવી અને એ સરકાર તૂટી. એ સરકાર તોડનાર અમારા એક વખતના સિનિયર આગેવાન એવા મુરબ્બીશ્રી શંકરસિંહજી વાઘેલા મુખ્યમંત્રી હતા. આપ ઉમેદવાર હતા. એ વખતનો તમારો ચહેરો અને આજે તમે બેઠા છો એમાં ખૂબ મોટો ફરક છે. આજે તમે આ સ્થાન ઉપર બેઠા છો એના માટે શુભકામનાઓ પણ પાઠવું છું. સાથે-સાથે મનમાં એક દુ:ખ પણ છે કે આજે અમે એક એવો સાથી ગુમાવ્યો છે કે જેણે અમને સંગઠનમાં માર્ગદર્શન આપ્યું છે. સરકારના વહીવટમાં માર્ગદર્શન આપ્યું છે અને અમારી વાત કરનાર એક પ્રખર વક્તા આજે અમે ખોયો છે અને અમને એનું દુ:ખ છે. આજે આપ જે સ્થાન ઉપર બિરાજમાન છો ત્યાં બેઠેલા આપ હવે કોઇ પક્ષના રહ્યા નથી. શ્રી શૈલેષભાઇએ પણ ઘણી બધી વાત કરી છે. હું એક વાક્યમાં કહું કે, અમારે રક્ષણની બહુ જરૂરિયાત નહિ રહે પણ એમને રક્ષણ જરૂર પૂરું પાડજો. કારણ કે, અમારા પ્રદેશ અધ્યક્ષે તો ૧૮૨નો સંકલ્પ કર્યો હતો. અમે ૧૫૬ ઉપર અટકી ગયા. ૪ અપક્ષ અમારી સાથે છે અને અમારા ૧૫ લોકો ૩,૦૦૦ અને ૪,૦૦૦ના મતથી હારી ગયા. એમાં તમારો પણ સૂર હતો કે વિરોધપક્ષ બિલકુલ નહિ હોય તો નહિ ચાલે. થોડા ઘણા તો જોઇશે અને ગુજરાતની પ્રજાએ પણ આ વાત સ્વીકારી. આજે તમે વિરોધપક્ષમાં બેઠા છો ત્યારે વિધાનસભા ગૃહમાં મંત્રીમંડળમાં બેસીને આ જ પાટલી ઉપરથી માઇક તોડવામાં આવેલા. અમને વાગ્યા હતા. એ વખતે સ્વ. દોલતભાઇ સ્પીકર તરીકે હતા અને સ્વ. દોલતભાઇને સાચવવા માટે સાર્જન્ટોએ ખુરશી મૂકીને એમને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ તો અનુભવી છો એટલે મારે આપને ન કહેવાય પણ આજના વિષય ઉપર જઇએ તો વધારે સારું.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય માટે શ્રી શૈલેષભાઇએ મને ઉશ્કેર્યો છે. આપે ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના વાઇસ ચેરમેન તરીકે કામ કર્યું છે. એશિયાની સૌથી મોટી ડેરી જેમાં ૨૫ વર્ષથી એકહથ્થું શાસન હતું એ વખતે મને બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી તરીકે કામ કરવાનો મોકો મળ્યો. એશિયાની મોટામાં મોટી ડેરીનો આપણે સંકલ્પ કર્યો અને એ પૂરો કર્યો. સાથે-સાથે મેડિકલ કૉલેજ, એ.પી.એમ.સી. અને અન્ય સંસ્થાઓમાં માત્ર સાબરકાંઠા નહિ સમગ્ર ગુજરાતમાં પશુપાલન અને ખેતી ઉદ્યોગનું કેવી રીતે મહત્ત્વ થાય એ છેલ્લા દિવસોમાં આપના વિદેશ પ્રવાસ દરમિયાન આપે એ સિદ્ધ કર્યું છે. લાંબુ ન કહેતા આપ અહીં બિરાજમાન છો એના માટે હું આપને શુભેચ્છા પાઠવું છું. આપ ખૂબ આગળ વધો, ઉત્તરોત્તર પ્રગતિ કરો. સિદ્ધિના સોપાન સર કરો, આપના જીવનમાં સદાય વસંતના વાયરા વાય, ફાગણના ફૂલો ખીલે, હસે, રમે અને આ જગતને કેસરી રંગથી ભરી દે. ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહે આપની સર્વાનુમતે વરણી કરી છે ત્યારે પ્રથમ તો આપને અભિનંદન આપું છું.

## માર્ગશીર્ષ ૧૨, ૧૯૪૪ શાકે

## અધ્યક્ષશ્રીને અભિનંદન

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય શૈલેષભાઈ અને બીજા મિત્રોએ જે ભાવના વ્યક્ત કરી છે તેમાં મારો સૂર પૂરાવું છું એટલે તેનું પુનરાવર્તન કરતો નથી. માનનીય રમણભાઈ આપની જગ્યાએ બિરાજતા હતા. એમણે થોડી વાત કરી તેમાં હું થોડો ઉમેરો કરી શકતો હોત પણ મારે તેમાં ઉમેરો કરવો નથી કે જ્યારે આ મિત્રો અહીંયા બેસતા હતા ત્યારે શું હતું, ૧૪ સભ્યો હતા અને છતાં બંને બાજુના સભ્યોને પૂરતો સમય મળતો હતો પણ એ વાતમાં મારે પડવું નથી. મારે તો જે અધ્યક્ષ પદની ગરિમા છે તેના વિશે વાત કરવી છે. જ્યારે આ પાર્લામેન્ટરી સિસ્ટમ ઓફ ડેમોક્રેસી શરૂ થઈ અને તે શરૂ કરનાર બ્રિટિશરો હતા પણ આજે આખી દુનિયામાં મોટા ભાગના દેશોમાં પાર્લામેન્ટરી સિસ્ટમ ઓફ ડેમોક્રેસીની વ્યવસ્થા ચાલે છે અને તેમાં સ્પીકર ઉપર ખૂબ મોટો ભરોસો મૂકેલો છે. આપણા દેશના બંધારણમાં પણ સ્પીકરનું પદ અનક્વેશ્ચેનેબલ છે અને કોઈ પણ તેના નિર્ણયને પડકારી ન શકે તેટલો વિશ્વાસ આ ખુરશી ઉપર બેઠેલા મહાનુભાવો ઉપર કર્યો છે. આપે પણ વાંચ્યુ છે અને મેં પણ વાંચેલું છે કે બ્રિટનના સાડા ચારસો વર્ષના ઈતિહાસમાં ત્યાં એક પણ વખત સ્પીકરની સામે અવિશ્વાસની દરખાસ્ત ઉપર ચર્ચા થઈ નથી. એક ઘટના બની હતી જેમાં એક સભ્યએ અવિશ્વાસની દરખાસ્ત મૂકીને પાછી ખેંચી લીધી તો માનનીય અધ્યક્ષશ્રીએ રાજીનામું આપી દીધું હતું. તેમને એમ થયું કે મારા એક સભ્યને પણ મારામાં અવિશ્વાસ આવ્યો એટલે હું આ પદ માટે અનુકૂળ નથી. જ્યારે સમગ્ર હાઉસે આપને પસંદ કર્યા છે ત્યારે આપ પણ પરંપરા ફોલો કરશો તેવી અમને શ્રદ્ધા છે એટલું જ નહિ નવી પરંપરા પણ આપ પ્રસ્થાપિત કરશો. પંચાયત હોય કે પછી સહકાર ક્ષેત્ર હોય કે રાજનીતિ ક્ષેત્ર આ તમામ ક્ષેત્રનો આપને અનુભવ છે. સહકારી ક્ષેત્રે તો પક્ષાપક્ષીથી પર રહીને જે સભાસદો એમને બેસાડતા હોય છે તેમના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ કરવાની હોય છે. આપ તો જાણો છો પણ ઘણી નવી પેઢીના અમારા જેવા લોકો કે બીજા કોઈ લોકો ભૂલી ગયા છે. હું પણ ભૂલી ગયો હતો. મને માનનીય શરદ પવારે માનનીય વૈકુંઠ મહેતાનો દાખલો આપ્યો. અલબત્ત, આપણે લોકો ભૂલી ગયા પણ મને કહ્યું કે અમારી એપેક્ષ બેંકનું જે વડુ મથક છે તેને અમે વૈકુંઠ મહેતા ભવન નામ આપ્યું છે. કોઈક દિવસ જોવા આવજો. અમે વૈકુંઠ મહેતાના નામે કેટલી ઈન્સ્ટિટ્યૂટ ઊભી કરી છે. આપણા ગુજરાતી હતા, દક્ષિણ ગુજરાતના હતા અને કૉંગ્રેસના બહુ મોટા આગેવાન હતા. એમણે કહ્યું કે હું રાજનીતિમાં રહીશ તો જે મારે સહકારી ભાવના કેળવવી છે તેમાં પક્ષાપક્ષીથી પર રહી કામ કરવું છે એટલે હું રાજનીતિ છોડી દઈશ. હાઉસમાં આવ્યા હોત તો કદાચ મુખ્યમંત્રી બન્યા હોત. એમણે એવી પરંપરા ઊભી કરી, આજે તેની અંદર પણ પરંપરા વિલુપ્ત થતી જાય છે પણ અપેક્ષા આપની પાસે ઘણી બધી છે. એટલે સહકારી ભાવનાની એ જે પરંપરા છે તેને આપણે સૌએ આગળ વધારવાની છે. અહીંયા પણ જે સહિયારી જવાબદારીઓ મળેલી છે તેમાં શાસક પક્ષને સરકાર ચલાવવાની જવાબદારી છે, અમારી બંધારણ મુજબની વિરોધ પક્ષની ભૂમિકા છે. સામે બેઠેલા અમારા કોઇ દુશ્મન નથી કે એમના અમે કોઇ દુશ્મનો નથી. પણ બંધારણે જવાબદારી આપી છે તો એ વહન કરવાની સૌની ફરજ છે. મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે જેને બંધારણની અને સરકાર ચલાવવાની જવાબદારી આપેલી છે એમણે સરકારની ખામીઓ શોધીને પ્રજાનો જે અવાજ છે એ આ ગૃહ મારફત રજૂ કરવાનો છે. તો એમાં નવી પરંપરાઓ પણ પાળશો. બહુ સારા અનુભવો છે. બે માનનીય પૂર્વ અધ્યક્ષશ્રીઓ તો અહીંયા બેઠેલા છે. બીજા બહાર છે. પણ એમની સાથેના સંબંધો સુમેળભર્યા રહ્યા છે. સ્વર્ગસ્થ શ્રી અશોકભાઇ ભટ્ટ આજે આપણી વચ્ચે નથી પણ મારે એમને યાદ એટલા માટે કરવા છે કે એમણે આવીને કેટલીક નવી પરંપરાઓ ઊભી કરવાની કોશિશ કરી હતી અને કેટલો વિશ્વાસ રખાતો હોય છે કે ગૃહની અંદર જે પક્ષ મેજોરિટીમાં હોય એના સભ્ય મોટાભાગે આ ખુરશી ઉપર બિરાજમાન થાય અને પછી તટસ્થતાથી વર્તે. આપણા બંધારણે આ ખુરશી ઉપર કેટલી મોટી અપેક્ષા અને વિશ્વાસ રાખ્યો હશે. મને યાદ છે શ્રી સોમનાથ ચેટરજી જ્યારે અધ્યક્ષ હતા ત્યારે એકવખત સુપ્રીમકોર્ટે કોઇ નોટિસ મોકલી અને એમણે કીધું કે ''આઇ એમ નોટ આન્સરેબલ ટુ ધી કોર્ટ, આઇ એમ આન્સરેબલ ટુ ધી હાઉસ, આઇ એમ આન્સરેબલ ટુ ધી કન્સ્ટિટ્યૂશન''. તો આ અપેક્ષા અને આ ગૌરવ આ ખુરશીને અપાયેલું છે ત્યારે અમારી અને સામેના પક્ષની અપેક્ષા છે કે જે જવાબદારી આપને આપેલી છે એ યોગ્ય રીતે વહન કરશો. એટલું જ નહીં, પણ અહીં એક પરંપરા રાખેલી છે કે આ બધા મોટા ભાઇઓ છે. એમની સોની સંખ્યા છે, અમારી પાંચની સંખ્યા છે તો આપ એને જે રીતે કૃષ્ણએ સારી નજર રાખી હતી એવી નજર રાખશો એવી પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે અને એનાથી આગળ જઇને હાઉસની અંદર અમે બધાએ આપની સાથે કામ કરેલું છે, હાઉસની બહાર પણ બધા લોકોના આપની સાથેના સંપર્કો રહ્યા છે. બધાની સાથે જેવો સુચારું વહેવાર રાખ્યો છે એવો જ વહેવાર આપ સૌની સાથે રાખશો એવી શ્રદ્ધા અને વિશ્વાસ છે. આપણે હાઉસની અંદર નવી પરંપરાઓ શરૂ કરવાની છે એમાં એક જ વાત કરવી છે કે બધા હાઉસનું લાઇવ પ્રસારણ થાય છે અને આપ પણ એવા ઇનિસીએટીવ લેશો એવી અપેક્ષા સાથે ફરીથી આપને દિલથી અભિનંદન આપું છું. કંઇક નવું કરવાવાળા, કંઇક ઇનોવેટિવ એક્સપરીમેન્ટ કરવાવાળા જ્યારે આપ એક મહાનુભાવ છો ત્યારે આ હાઉસની અંદર પણ ઇનોવેટિવ આઇડિયા લઇ આવી અને ભારતની અંદર ગુજરાતનું હાઉસ અનોખી પરંપરા પાળે એવી અપેક્ષા સાથે ફરીથી આપને અભિનંદન આપી મારી વાત પૂરી કરું છું. જય હિંદ, જય ભારત.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(અપક્ષ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સૌ પ્રથમ તો સમગ્ર બનાસકાંઠાવાસીઓ વતી આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું કે આજે આપ હાઉસની અંદર એક ગરિમાપૂર્ણ અધ્યક્ષશ્રી તરીકે બિરાજમાન થયા છો ત્યારે સમગ્ર બનાસકાંઠાવાસીઓ વતી આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા પંદર વર્ષથી આપના સહવાસમાં મેં અનેક પ્રકારનાં કામો કર્યાં છે અને આપને કામ કરતાં પણ મેં જોયા છે. સહકારી ક્ષેત્રે, માર્કેટયાર્ડથી માંડી બેંકની અંદર પણ આપની સાથે કામ કર્યું છે. એશિયાની સૌથી મોટી ડેરી કે

જેની એક કરોડ લિટર દૂધની ઉત્પાદન ક્ષમતા છે અને છેલ્લા સાત વર્ષની અંદર સમગ્ર વિશ્વની અંદર પશુપાલકોને ભાવ ન મળ્યા હોય એ પ્રકારના આખા એશિયાની અંદર સૌથી હાઇએસ્ટ ભાવો આપવાનું કામ આપે કર્યું છે. આપની સાથે અનેક વર્ષોથી કામ કરતાં કરતાં આપે વાદીઓ માટે વસાહતનું કામ કર્યું છે, ભૂકંપની અંદર પણ અનેક પ્રકારનાં કામો કર્યાં છે. વર્ષ ૨૦૧૭ની અંદર બનાસકાંઠામાં ભયંકર પૂર આવ્યું ત્યારે પૂરમાં પણ મેં આપની આંખોમાં આસું જોયા છે. કે પીડિતો માટે જે પ્રકારનું કામ આપે તથા આપની આખી ટીમે અને આપણે સૌએ ભેગા મળીને કર્યું છે. એવા અનેક પ્રકારના કામો આપે કર્યાં છે. આજે એટલા માટે યાદ કરાવું છું કે અધ્યક્ષશ્રી તરીકે આપ ગરિમાપૂર્ણ સ્થાન ઉપર આજે અહીં બિરાજમાન થયા છો ત્યારે આ હાઉસની અંદરથી આપે સર્વપક્ષીય સૌને સાથે રાખીને, જે રીતે હું અપક્ષ તરીકે હોવા છતાં પણ મને બોલવા માટેની તક આપી છે તેમજ સર્વ પાર્ટીના બધા જ ધારાસભ્યશ્રીઓને સાથે રાખીને આપનો જે ગરિમાપૂર્ણ અધ્યક્ષશ્રી તરીકેને હોદ્દો છે એની રૂએ આપે કામ કર્યાં છે. એ જ પ્રકારે આપને જૂની વાત યાદ કરાવું તો જયારે આપ હેલ્થ મિનિસ્ટર હતા ત્યારે પણ આપણે સૌથી પહેલા જેનરિક મેડિકલ સ્ટોરની ડીસા એ.પી.એમ.સી. ખાતે શરૂઆત કરી હતી. એના પછી સમગ્ર ગુજરાતની અંદર જેનરિક મેડિકલ સ્ટોરના કામની શરૂઆત થઇ. આવાં અનેક પ્રકારનાં કામો આપની સાથે રહી મેં પણ કર્યાં છે. સમગ્ર ગુજરાતની અંદર મારા જેવા અનેક યુવાનોને આપે રાહ ચીંધી, પ્રજાલક્ષી અને લોક કલ્યાણના અનેક કામોની અંદર કઇ રીતે ભાગીદારી થાય એ શિખવવાનું કામ પણ આપ સન્માનનીય અધ્યક્ષશ્રીએ કર્યું છે. આખા ગુજરાતમાં સૌથી વધારે પાણીની અછત હોય તો બનાસકાંઠાની અંદર છે ત્યારે બેંક અને ડેરીના માધ્યમથી વૃક્ષારોપણથી ચાલુ કરી અને તળાવો ઊંડા કરવાનાં કામો કરી, જળસંચયનાં કામો આપણે કર્યાં છે. આજ પ્રકારે આપ સમગ્ર ગુજરાતને સાથે રાખી આપને જયારે આ ગરિમાપૂર્ણ હોદ્દો મળ્યો છે ત્યારે મારી આજના તબક્કે આપને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી આશા રાખું છું.

અધ્યક્ષશ્રી: આ સભાગૃહના માનનીય સન્માનનીય નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલજી તેમજ સંસદીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમાર, માનનીય સિનિયર સભ્યશ્રી રમણભાઇ વોરાજી, શ્રી જીતુભાઇ વાઘાણીજી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાજી અને શ્રી માવજીભાઇ સહિત જે જે માનનીય સભ્યશ્રીઓએ મને શુભેચ્છાઓ પાઠવી છે તે તમામનો હું હ્રદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. બોલવા માટે સમય-મર્યાદા છે, છતાં સમગ્ર સભાગૃહના સભ્યશ્રીઓની શુભેચ્છાઓ મને તટસ્થતાપૂર્વક કામ કરવા માટે તથા લોકશાહીને બળવત્તર બનાવવાના કામમાં વધારે ઉપયોગી થશે તેવી મને શ્રધ્ધા છે. ૧૫મી ગુજરાત વિધાનસભાના ગૃહના અધ્યક્ષ તરીકે આપ સૌએ સર્વાનુમતે મારી વરણી કરી છે એ માટે હું આપ સૌનો હ્દયથી પૂનઃ આભાર માનું છું. આપ સૌએ ન્યાયપૂર્વક વર્તવા માટેની મારી પાસે જે અપેક્ષા રાખી તે માટે હંમેશા પ્રયત્નશીલ રહીશ. અહી ઘણા બધા સિનિયર સભ્યશ્રીઓ એવા છે કે જેમનું મને સતત માર્ગદર્શન મળતું રહેશે તેવી મને શ્રદ્ધા છે. મને પાંચ ટર્મનો અનુભવ છે એના કરતાં પણ વધારે અનુભવ ધરાવતા હોઇ તેવા ઘણા બધા મિત્રો ઉપસ્થિત છે, તેથી આપ સૌનું માર્ગદર્શન હું લેતો રહીશ અને આ સભાગૃહની કાર્યવાહી સુચારું રીતે ચાલે તે માટે વિધાનસભાના નિયમોના નિયમોનું અર્થઘટન યોગ્ય રીતે થાય તે માટે જયાં પણ ધ્યાન દોરવા જેવું જણાય તો અવશ્ય આપ મારું ધ્યાન દોરી શકો છો. અગાઉના આપણા અધ્યક્ષશ્રીઓએ સંસદીય બાબતોમાં જે ઉજ્જવળ પરંપરાઓ આપણને આપી છે એ પરંપરાઓને આપણે આગળ વધારીશું જ, ઉપરાંત હજુ પણ લોકશાહીની સંસદીય પ્રણાલી વધારે મજબૂત બને તે માટે પણ આપ સૌનું માર્ગદર્શન આપણા બધા માટે વધારે ઉપયોગી થશે. આજે આપણે પૂજ્ય મહાત્મા ગાંધીજી અને સરદાર સાહેબને યાદ કરીએ છીએ તથા ગુજરાત રાજ્યની અલગ સ્થાપના થઇ, ત્યારે જેમણે એની પાયાની ઇંટ મૂકી હતી એવા પરમ પૂજ્ય રવિશંકરજી મહારાજને યાદ કરી એમને હું શ્રદ્ધાંજલિ આપું છું ગુજરાત રાજ્ય માટે ઉજ્જવળ પરંપરાઓ એમણે આપી છે એ જ રાહ ઉપર આપણે બધા જ ભેગા મળી કામ કરી રહ્યાં છીએ. આઝાદી મળ્યા પછી આ દેશ માટે લોકશાહી પદ્ધતિની ટેવ પાડવાનો અને ભારતના બંધારણે આપેલ મૂળભૂત અધિકારો દેશના નાગરિકો સુધી પહોંચે તેની ચિંતા એ આપણા બધાની છે. લોકશાહી મળી ત્યારે સૌથી પહેલા જે બે ત્રણ પડકારો હતા તે આપણે બધા જાણીએ છીએ. સાતસો, આઠસો વર્ષની જે અલગ અલગ ગુલામીઓ હતી એ પછી દેશને આઝાદી મળી, લોકશાહી મળી તો લોકશાહી મળ્યા પછી પહેલું એ હતું કે લોકશાહીની સ્વીકૃતિ બનશે કે કેમ? અને એ આજે આટલાં વર્ષો પસાર થતાં આપણને એમ લાગે છે કે માત્ર સ્વીકૃત બન્યું એમ જ નહીં, પણ એ લોકશાહીને વધુ બળવત્તર બનાવવાનું કામ એ આપણી સમગ્ર દેશની બહુ મોટી સફળતા છે. હજુ આપણે એને વધારે આગળ પહોંચાડવું પડશે. હજુ એ કામને વધારે આગળ લઇ જવું પડશે. Have and have not ની વચ્ચેની જે ખાઇ છે તેને પૂરીને આર્થિક વ્યવસ્થાઓ પણ, જેની પાસે કંઇક વિશેષ છે અને જેની પાસે કંઇ ઓછું છે, તેનું પણ બેલેન્સ થાય તો દેશ વધારે પ્રગતિ કરી શકે.

જે પ્રમાણે આ સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી માયાળું અને પોઝિટિવ છે, એ જ પ્રમાણે આપણા પણ કોઇ પોઝિટિવ સૂચનો હશે તો એને રચનાત્મક રીતે લેવાનો જે એમનો સ્વભાવ છે. હું માનું છું કે આનાથી આપણા ગુજરાતને અગ્રેસર બનાવવા આપણને ખૂબ મોટી તાકાત મળશે.

આ સમય દેશની આઝાદીના અમૃત મહોત્સવને માટેનો સમય છે. ખાસ કરીને આવા તબક્કે જયારે આઝાદીના અમૃત મહોત્સવનો અમૃતકાળ ચાલતો હોય એ તબક્કે ઓરિસ્સા રાજયના આદિવાસી પરિવારમાં જન્મેલ એક આગેવાન એ દેશના રાષ્ટ્રપતિ તરીકે ત્યાં આગળ બિરાજમાન થાય, તેને હું માનું છું કે આ દેશની લોકશાહીની ખૂબ મોટી તાકાત છે. એક સામાન્ય પરિવારમાંથી આવીને પણ આ કામ કરી શકે. એક ગરીબ પરિવારમાંથી તૈયાર થયેલા માનનીય રામનાથજી કોવિંદ પણ દેશના

રાષ્ટ્રપતિ થઇ શકે. મને લાગે છે કે આ લોકશાહીએ આપણને આપેલી ખૂબ મોટી તાકાત છે, શક્તિ છે. આપણા વડવાઓએ લોકશાહી રાષ્ટ્ર માટે અપેક્ષાઓ રાખી હતી, એ અપેક્ષાઓ પૂરી થતી હોય એવું બિલકુલ આપણને દેખાઇ રહ્યું છે.

આપણા બધા માટે ગૌરવની એ બાબત પણ છે કે આ જ વિધાનસભા ગૃહમાં દેશના આજના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષો સુધી એમણે આ ગૃહને ગૌરવવંતુ કર્યું છે અને આજે સમગ્ર વિશ્વમાં લોકપ્રિય નેતા તરીકેની એમની ઇમેજ બની છે. આ જ વિધાનસભા ગૃહમાં એમણે વર્ષો સુધી એવી કેટલીયે ઉજળી પરંપરાઓ પણ બનાવી છે.

મારે શાસક પક્ષ અને વિપક્ષને કહેવું છે કે, હવે હું વિપક્ષને સાથી પક્ષ કહીશ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ એમના સંબોધનમાં જયારે સાથી પક્ષ કહ્યું ત્યારે મને ખૂબ સારું લાગ્યું કે લોકશાહીના મૂલ્યોને વધારે બળવત્તર બનાવવા માટે એમનો પોઝિટિવ અભિગમ છે. એ આવનારા સમયમાં ગુજરાતને વધુ આગળ લઇ જશે. હું શાસક પક્ષ અને સાથી પક્ષ બન્નેને સાથે લઇને ચાલીશ. કદાચ સાથી પક્ષની સંખ્યા ઓછી છે, પરંતુ આ સભાગૃહના તમામ સભ્યોને રક્ષણ આપવાની રિસ્પોન્સિબિલિટી સ્પીકર ચેરની છે. એટલે તમે અહીં પ્રજા કલ્યાણની કોઇ વાત હશે એ તમે જયારે રજૂ કરશો તો બંધારણે વિધાનસભા જે અધિકાર આપ્યો છે તે મુજબ સરકારનું કામ ખૂબ સારી રીતતે થાય અને એમાં કોઇ ત્રુટિ રહેતી હોય, કોઇ ખામી રહેતી હોય, તો એ વાતનું ધ્યાન દોરવા માટેનું આ પ્લેટફોર્મ છે માટે એ વાત રજૂ કરી શકાય છે. પરંતુ આ કામ સંવાદથી થઇ શકે, પરંતુ સંવાદ વિવાદમાં ન પહોંચે તેનું ધ્યાન આપણે બધાએ રાખવાનું છે. એકલા અધ્યક્ષની જવાબદારી નથી, આ જવાબદારી આપણી ૧૮૨ની સંયુકત રીતે છે અને જેટલા સંવાદથી આપણું કામ ચાલશે તો મને લાગે છે કે પ્રજા માટે એટલું વધારે કામ આપણે આગળ લઇ જઇ શકીશું. આજના તબક્કે મારા માટે જે આપ સૌએ શુભકામનાઓ પાઠવી એ માટે હું તમામે તમામ સભ્યશ્રીઓનો પણ હ્રદયથી આભાર માનું છું અને આજના તબક્કે આપણે આ ઉજ્જવળ પરંપરાઓને વધુ આગળ લઇ જઇએ. મને તમારા બધા ઉપર સંપૂર્ણ ભરોસો છે કે લોકશાહીની આ સંસદીય પ્રણાલીમાં આપણે સંયુકત રીતે ભેગા મળીને લોકશાહીના અલગ અલગ જે સ્તંભો છે તે બધાને મજબૂત કરવાનું કામ આપણે સૌ કરીએ. પુન: આપ સૌનો હ્રદયથી ખૂબ ખૂબ આભાર માનું છું. તમામ સભ્યશ્રીઓને પણ હ્રદયપૂર્વક ખૂબ ખૂબ ધન્યવાદ કરું છું.

## ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

શ્રી કનુભાઇ મો. દેસાઇ **(** નાણાં**,** ઉદ્યોગ અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહના સભ્યશ્રી જેઠાભાઇ આહિર (ભરવાડ) ને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(** સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવને ટેકો આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી જેઠાભાઇ આહિર (ભરવાડ)ને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે છે. હું માનનીય જેઠાભાઇ આહિર (ભરવાડ) ને ઉપાધ્યક્ષનું સ્થાન લેવા માટે વિનંતી કરું છું.

(આ તબક્કે માનનીય સભ્યશ્રી જેઠાભાઇ આહિર (ભરવાડ)એ ઉપાધ્યક્ષનું સ્થાન લીધું)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી જેઠાભાઇને ઉપાધ્યક્ષ તરીકે પસંદ થવા બદલ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. આજની પ્રથમ બેઠકનું કામકાજ પૂરું થાય છે. સભાગૃહની બીજી બેઠક બપોરના ૧૨.૦૦ વાગ્યે માનનીય રાજયપાલશ્રીના સંબોધન માટે મળશે.

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧૧.૦૩ કલાકે પૂરું થતા, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨
રાજ્યપાલશ્રીનું સંબોધન

**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે રાજ્યપાલશ્રીના સંબોધન માટે મળ્યું**

રાજ્યપાલશ્રીનું સંબોધન

**સભાગૃહ બપોરના ૧૨-૩૫ કલાકે રાજ્યપાલશ્રીના સંબોધન બાદ ફરી મળ્યું**
**અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોરના ૧૨-૦૦ વાગ્યે માનનીય રાજ્યપાલશ્રીએ બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યું હતું. માનનીય રાજ્યપાલશ્રીએ કરેલ સંબોધનની પ્રમાણિત નકલ મને મળી છે જે સભાગૃહના મેજ ઉપર મૂકવાની હું રજા લઉં છું.

**રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**
**રાજ્યપાલશ્રીનું સંબોધન**

**माननीय अध्यक्ष महोदय एवं विधानसभा के माननीय सदस्यों,**

पंद्रहवीं विधानसभा के प्रथम सत्र के शुभारंभ पर आप सभी का ऊष्मापूर्ण स्वागत करता हूँ। इस सम्माननीय विधानसभा सदन के सदस्य के रूप में चुनकर आने के उपलक्ष्य में आप सभी को अभिनंदन के साथ अनेकानेक शुभकामनाएं देता हूँ। इस सत्र के शुभारंभ के अवसर पर सर्वप्रथम अहिंसा के पुजारी और सत्य के साधक हमारे राष्ट्रपिता महात्मा गांधी जी, अखंड भारत के शिल्पकार सरदार वल्लभभाई पटेल, गुजरात के महान सपूत और मूकसेवक पूज्य श्री रविशंकर महाराज जी, राज्य के लाडले पुत्र श्री इन्दुलाल याग्निक और देश की स्वतंत्रता के लिए अपना अमूल्य योगदान देनेवाले सभी स्वतंत्रता सेनानियों का स्मरण करते हुए उन्हें श्रद्धापूर्वक वंदन करता हूँ।

लोकतंत्र के पर्व के समान विधानसभा के चुनाव संपूर्ण शांतिमय वातावरण में संपन्न हूए हैं। गुजरात की जनता ने अपने मताधिकार का उपयोग करते हूए लोकतंत्र के मूल्यों और सिद्धियों का जतन किया है। मुझे पूर्ण श्रद्धा है कि आप सब संसदीय लोकतंत्र के इस सर्वोच्च भवन में जनसेवा के कल्याणकारी कार्यों के लिए सदैव सक्रिय रहते हुए समूचे गुजरात के विकास हेतु प्रतिबद्ध रहेंगे।

लोकतंत्र के इस महापर्व में गुजरात की जनता ने ऐतिहासिक फैसला दिया है। **“सबका साथ, सबका विकास, सबका विश्वास, सबका प्रयास”**के मंत्र के साथ सर्वजनहिताय एवं सर्वजनसुखाय के सिद्धांत का अनुसरण करते हूए मेरी सरकार सन्निष्ठ लोकसेवा, पारदर्शी प्रशासन और परिणामदायी कार्यों के लिए कटिबद्ध है । प्रचंड जन समर्थन और जनसेवा की स्वीकृति पर मुहर लगाते हूए जनकल्याण के कार्यों हेतु और पांच वर्ष के लिए जिम्मेदारी सौंपते हूए गुजरात की जनता ने मेरी सरकार पर पुन: अपना विश्वास व्यक्त किया है। अपने नेतृत्व पर जनता की विश्वसनीयता और सरकार की जनसेवा एवं सिद्धि की सराहना करते हूए इतना प्रचंड जनादेश, लोक समर्थन व लोकचाहना का प्रत्यक्ष प्रमाण है। गुजरात को अधिक से अधिक विकास के उच्चतम शिखरों पर पहूँचाने के लिए मेरी सरकार के दृष्टिकोण और कार्यों को इस जनादेश द्वारा समर्थन प्राप्त हूआ है । इस अवसर पर मैं गुजरात की जनता, आप सभी सदस्यगणों और अपनी सरकार के कुशल नेतृत्व कर रहे मृदु एवं दृढ़ मुख्यमंत्री जी को हार्दिक अभिनंदन देता हूँ।

विश्वसनीय नेतृत्व, स्पष्ट नीति और साफ नियत हो तो जन समर्थन अवश्य प्राप्त होता है, इस चुनाव में जनता ने यह साबित कर दिया है । योजनाबद्ध और सर्वांगीण विकास, शांति एवं सुरक्षा एवं समृद्धि के लिए अविरत पुरुषार्थ करते हुए भारतके विकास में गुजरात का उल्लेखनीय योगदान रहा है। अनेकों अवरोधों के बावजूद गुजरात की जनता ने उन अवरोधों को बाहर का रास्ता दिखाते हुए लोकतांत्रिक रूप से मेरी सरकार में अडिग विश्वास व्यक्त किया है।

भारत का इतिहास इस बात का साक्षी रहा है कि गुजरात हमेशा से देश एवं दुनिया का पथप्रदर्शक रहा है। स्वराज की प्राप्ति के पश्चात उसके मीठे फल लोगों तक पहुंच पाएं, इसके लिए सुराज्य होना जरूरी है। गुजरात इस दिशा में दृढ़ता के साथ आगे बढ़ रहा है। जन कल्याण के कार्यों में नूतन अभिगम, दूरदर्शिता, सर्वजनहिताय की नीति, समस्याओं के समाधान हेतु प्रतिबद्धता और परिश्रम के लिए प्रबल इच्छाशक्ति का दर्शन गुजरात ने करवाया है। गुजरात ने आपदाओं का सामना करते हुए जन-जन की सुख-सुविधा के अवसर पैदा करने के मार्ग का निर्माण किया है। **"सबका साथ, सबका विकास, सबका विश्वास, सबका प्रयास"**के मंत्र को गुजरात ने सही मायनों में आत्मसात कर दिखाया है। सुशासन के द्वारा सुराज्य के दृष्टिकोण को चरितार्थ करते हुए गुजरात ने देश के राष्ट्र-निर्माण एवं प्रगति के कार्य को नई दिशा दिखाने का पथ प्रशस्त किया है।

यह वह गुजरात है, जिसकी ऐतिहासिक एवं सांस्कृतिक धरोहर मजबूत है। स्वतंत्र भारत के निर्माण में गुजरात ने ऐतिहासिक एवं महत्वपूर्ण भूमिका निभाई है। इक्कीसवीं सदी में विश्वभर के अर्थतंत्र के सभी क्षेत्रों में बहुत ही गतिशील विकास हो रहा है, ऐसे में विभिन्न सरकारों, उद्योग जगत, विकासशील और विकसित देशों ने भारत की आर्थिक शक्ति और उसमें भी विशेष रूप से गुजरात के निर्णायक योगदान की ओर ध्यान दिया है।

भारत के लोकप्रिय प्रधानमंत्रीश्री नरेन्द्रभाई मोदी जी के द्वारा प्रशस्त गुजरात के विकास पथ पर मुख्यमंत्री श्री भूपेन्द्रभाई पटेल के नेतृत्व में मेरी सरकार नए आत्मविश्वास के साथ राज्य को नई ऊंचाइयों पर ले जाने के लिए प्रतिबद्ध है। मेरी सरकार के मृदु एवं दृढ़ नेतृत्व के तहत पारदर्शी एवं प्रगतिशील निर्णयों से सामाजिक, आर्थिक, शैक्षणिक, स्वास्थ्य एवं आधारभूत संरचनाओं के महत्वपूर्ण क्षेत्रों में और तेज रफ्तार से विकास कार्य हो रहे हैं।

प्रधानमंत्री श्री नरेन्द्रभाई मोदी जी के नेतृत्व में केन्द्र सरकार के सहयोग से मेरी सरकार ने अंत्योदय से सर्वोदय की भावना के साथ प्रत्येक गुजराती को अग्रसर बनाने के लिए बिजली, पानी, आवास, राशन, शिक्षाएवं स्वास्थ्य जैसी सुविधाओं को और अधिक सुदृढ़ किया है। अब तकनीकी की मदद से सरकार की सारी सेवा और सहायता राज्य के सभी नागरिकों को सरलता से उपलब्ध करवायी जा रही हैं।

मेरी सरकार इस सत्र में अन्य वैधानिक कामकाज के अलावा गृह के विचाराधीन निम्नलिखित विधेयक लाने पर विचार कर रही हैः

1. गुजरात अनधिकृत विकास को अधिकृत करने हेतु विधेयक, 2022

पंद्रहवीं विधानसभा के इस सम्माननीय सदन को जब संबोधित करने का अवसर मुझे प्राप्त

हुआ है, तब मुझे यह कहते हुए आनंद की अनुभूति हो रही है कि गुजरात शक्तिशाली, समृद्ध एवं सुरक्षित राज्य के रूप में भारत का एक आदर्श राज्य है। साढ़े छः करोड़ से अधिक गुजरातियों की शक्ति और सामर्थ्य को विकास कार्य में जोड़ने एवं गुजरात की एक अलग वैश्विक पहचान खड़ी करने का मेरी सरकार का स्पष्ट संकल्प है।

प्रत्येक गुजराती विश्व में गुजराती होने के लिए गर्व कर सके और गुजरात के लिए स्वाभिमान ले सके, उस प्रकार का गुजरात का जतन करने की ज़िम्मेदारी जनता ने आप सबको सौंपी है। आप सब अपने सार्वजनिक जीवन के अनुभवों और जनता के अपेक्षाओं को सम्मुख रखकर इस सदन में जनता के प्रतिनिधि के रूप में अपना श्रेष्ठतम योगदान प्रदान करेंगे, यह अभिलाषा करता हूँ। मुझे यह आशा और विश्वास है कि जनता के आशीर्वाद जनसेवा हेतु आप सभी को अप्रतिम बल प्रदान करेंगे।

**भारत माता की जय**

**जय जय गरवी गुजरात**

**માનનીય અધ્યક્ષ મહોદય તથા વિધાનસભાના માનનીય સદસ્યશ્રીઓ,**

પંદરમી વિધાનસભાના પ્રથમ સત્રના પ્રારંભે આપ સૌનું ઉષ્માસભર સ્વાગત કરું છું. આ સન્માનનીય વિધાનસભા ગૃહના સદસ્ય તરીકે ચૂંટાઈ આવવા બદલ આપ સૌને અભિનંદન સાથે અનેક અનેક શુભકામનાઓ પાઠવું છું.આ સત્રના શુભારંભે સૌ પ્રથમ અહિંસાના પૂજારી અને સત્યના સાધક આપણા રાષ્ટ્રપિતાશ્રી મહાત્મા ગાંધીજી, અખંડ ભારતના શિલ્પીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, ગુજરાતના મહાન સપૂત એવા મૂક સેવક પૂજ્યશ્રી રવિશંકર મહારાજ, રાજ્યના પનોતા પુત્ર શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક તથા દેશની આઝાદીમાં અમૂલ્ય ફાળો આપનાર તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓનું સ્મરણ કરીને તેઓને શ્રદ્ધાપૂર્વક વંદન કરું છું.

લોકશાહીના પર્વ સમાન વિધાનસભાની ચૂંટણી સંપૂર્ણ શાંતિમય વાતાવરણમાં સંપન્ન થઈ છે. ગુજરાતની ખમીરવંતી પ્રજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના મૂલ્યો અને સિદ્ધિઓનું જતન કર્યું છે. આપ સૌ પણ સંસદીય લોકશાહીના આ સર્વોચ્ચ ભવનમાં જનસેવાના કલ્યાણકારી કાર્યો માટે આપ સૌ સદાય સક્રિય રહીને ગુજરાતના ખૂણે ખૂણાના વિકાસ માટે પ્રતિબદ્ધ રહેશો એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

લોકશાહીના આ મહાપર્વમાં ગુજરાતની જનતાએ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. **'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ'**ના મંત્ર સાથે સર્વ જનહિતાય અને સર્વ જનસુખાયના સિદ્ધાંતને વરેલી મારી સરકાર સંનિષ્ઠ લોકસેવા, પારદર્શક વહીવટ અને પરિણામલક્ષી કામગીરીને વરેલી છે. પ્રચંડ જન સમર્થન અને જનસેવાની સ્વીકૃતિ ઉપર મહોર મારી અને જનકલ્યાણના કાર્યો માટે વધુ પાંચ વર્ષ માટે ગુજરાતની જનતાએ જવાબદારી સોંપીને મારી સરકારમાં પોતાનો વિશ્વાસ પુનઃ વ્યક્ત કર્યો છે. આવો પ્રચંડ જનાદેશ, એ નેતૃત્વ ઉપર જનતાની વિશ્વસનીયતા અને સરકારની જનસેવા તેમજ સિદ્ધિને બિરદાવતા લોક સમર્થનનું પ્રગટ પ્રમાણ છે. ગુજરાત વધુને વધુ વિકાસના ઉચ્ચતમ શિખરો સર કરે તે માટેના મારી સરકારના અભિગમ અને કાર્યોને આ જનાદેશ દ્વારા સમર્થન પ્રાપ્ત થયું છે. હું આ અવસરે ગુજરાતની જનતા, આપ સૌ સદસ્યશ્રીઓ અને મારી સરકારનું કુશળ નેતૃત્વ કરી રહેલા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીને હાર્દિક અભિનંદન પાઠવું છું.

વિશ્વસનીય નેતૃત્વ, સ્પષ્ટ નીતિ અને સાફ નિયત હોય તો લોક સમર્થન મળે જ છે તે આ ચૂંટણીમાં પ્રજાએ સાબિત કર્યું છે. સુઆયોજિત અને સર્વાંગી વિકાસ, શાંતિ અને સલામતી તથા સમૃદ્ધિ માટેનો અવિરત પુરૂષાર્થ કરીને ભારતના વિકાસમાં ગુજરાતનું યોગદાન ઉલ્લેખનીય રહ્યું છે.અનેક વિરોધો હોવા છતાં પણ ગુજરાતની પ્રજાએ તે વિરોધોને જાકારો આપીને લોકતાંત્રિક માર્ગે મારી સરકારમાં અડગ વિશ્વાસ અભિવ્યક્ત કર્યો છે.

ભારતનો ઈતિહાસ સાક્ષી છે કે ગુજરાત હંમેશા દેશ અને દુનિયાનું પથદર્શક રહ્યું છે. સ્વરાજ પ્રાપ્તિ પછી તેના મીઠા ફળો લોકો સુધી પહોંચે તે માટે સુરાજ્ય જરૂરી છે. ગુજરાત હવે તે દિશામાં મક્કમતાથી આગળ વધી રહ્યું છે. જનકલ્યાણના કાર્યોમાં નૂતન અભિગમ, દૂરંદેશી, સર્વ જનહિતાયની નીતિ, સમસ્યાઓના હલ માટેની કટિબદ્ધતા અને પરિશ્રમ માટે પ્રબળ ઈચ્છા શક્તિનું દર્શન ગુજરાતે કરાવ્યું છે. ગુજરાતે આપત્તિઓને અતિક્રમીને જન-જનની સુખાકારીના અવસરો પેદા કરવાનો પથ કંડાર્યો છે. **'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌના વિશ્વાસ, સૌનો પ્રયાસ'**ના મંત્રને ગુજરાતે સાચા અર્થમાં આત્મસાત કરી બતાવ્યો છે. સુશાસન થકી સુરાજ્યના અભિગમને ચરિતાર્થ કરી ગુજરાતે દેશને રાષ્ટ્ર નિર્માણ અને પ્રગતિમાં નવી દિશા દેખાડવાનો પથ પ્રશસ્ત કર્યો છે.

આ એ ગુજરાત છે જેની મજબૂત ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર છે. સ્વતંત્ર ભારતના નિર્માણમાં ગુજરાતે ઐતિહાસિક ભૂમિકા ભજવી છે. એકવીસમી સદીમાં વિશ્વભરમાં અર્થતંત્રના તમામ ક્ષેત્રેમાં ખૂબ જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે ત્યારે વિવિધ સરકારો અને ઉદ્યોગ જગત, વિકસી રહેલા અને વિકસીત દેશોએ ભારતની આર્થિક શક્તિ અને તેમાંય ગુજરાતના નિર્ણાયક યોગદાનની નોંધ લીધી છે.

ભારતના લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા ગુજરાતના વિકાસપથ પર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં મારી સરકાર નવા આત્મવિશ્વાસ સાથે ગુજરાતને નવી ઉંચાઈ પર લઈ જવા પ્રતિબદ્ધ છે. મારી સરકારના મૃદુ અને મક્કમ નેતૃત્વ હેઠળ પારદર્શક અને પ્રગતિશીલ નિર્ણયોથી સામાજિક, આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય અને માળખાગત સુવિધાઓના મહત્વના ક્ષેત્રે વધુ તેજ રફતારથી વિકાસ થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના સહયોગથી મારી સરકારે અંત્યોદય થી સર્વોદયની ભાવના સાથે દરેક ગુજરાતીને અગ્રેસર બનાવવા વીજળી, પાણી, આવાસ, રાશન, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સુવિધાઓને વધુ સુદ્રઢ કરી છે. હવે ટેક્નોલોજીની મદદથી સરકારની દરેક સેવા અને સહાય રાજ્યના તમામ નાગરિકોને સરળતાથી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

મારી સરકાર આ સત્રમાં ગૃહની વિચારણા અર્થે વૈધાનિક પગલાં ઉપરાંત નીચેનું વૈધાનિક કામકાજ લાવવા ધારે છે.

૧. ગુજરાત અનિધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક,૨૦૨૨

પંદરમી વિધાનસભાના આ સન્માનીય ગૃહને સંબોધવાનો મને અવસર મળ્યો છે ત્યારે મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત શક્તિશાળી, સમૃદ્ધ અને સુરક્ષિત એવું ભારતનું આદર્શ રાજ્ય છે. સાડા છ કરોડ ઉપરાંત ગુજરાતીઓની શક્તિ અને સામર્થ્યને વિકાસમાં જોડવાનો તથા ગુજરાતની વૈશ્વિક ઓળખ ઊભી કરવાનો મારી સરકારનો નિર્ધાર છે.

પ્રત્યેક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગર્વ લઈ શકે અને ગુજરાત વિશે સ્વભિમાન ધરાવી શકે તેવા ગુજરાતનું જતન કરવાની જવાબદારી જનતાએ આપ સૌને સોંપી છે. આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજાની અપેક્ષાઓ નજર સમક્ષ રાખીને આ સભાગૃહમાં જનતાના પ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠત્તમ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું. જનતાના આ આશીર્વાદને જનસેવા માટે આપ સૌને અપ્રતિમ બળ આપશે એવી મને શ્રદ્ધા છે.

**ભારત માતા કી જય**

**જય જય ગરવી ગુજરાત**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે મહામહિમ્ રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના સંબોધન અંગે ગૃહના સિનિયર સભ્યશ્રી આદરણીય પૂર્ણેશભાઇ મોદીએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શોકદર્શક ઉલ્લેખ**

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી મઘુભાઇ હરજીભાઇ ભુવાના અવસાન અંગે**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ (સભાગૃહના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી મઘુભાઇ હરજીભાઇ ભુવાનું તારીખ ૨જી નવેમ્બર, ૨૦૨૨ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વ.શ્રી ભુવાનો જન્મ તા. ૨૮મી જૂન, ૧૯૪૭ના રોજ તત્કાલીન ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જેસર મુકામે થયો હતો.

સ્વ.શ્રી ભુવાએ બી.એસ.સી., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો તથા ખેતી, વેપાર અને સમાજસેવાની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા.

સ્વ.શ્રી ભુવાએ આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં રાજુલા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી તેમના વિસ્તારના પ્રશ્નોના ઉકેલની કામગીરીને અગ્રીમતા આપેલ હતી.

સ્વ.શ્રી ભુવાએ તા. ૧૨-૧૧-૧૯૯૦થી તા. ૧૨-૦૬-૧૯૯૨ સુધીના સમયગાળા માટે ઉર્જા, કૃષિ, પશુપાલન અને ગ્રામવિકાસ વિભાગ તથા તા. ૧૩-૦૬-૧૯૯૨થી તા. ૨૧-૦૪-૧૯૯૪ સુધી કૃષિ, પશુપાલન અને ગ્રામવિકાસ, શ્રમ અને રોજગાર વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તરીકેની સેવાઓ આપેલ હતી.

સ્વ.શ્રી ભુવાએ તા. ૨૨-૦૪-૧૯૯૪થી તા. ૧૩-૦૩-૧૯૯૫ સુધી ગુજરાત સરકારના ખાણ, ખનિજ, નશાબંધી અને આબકારી વિભાગના મંત્રીશ્રી તરીકે કાર્યભાર સંભાળેલ હતો.

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

શોકદર્શક ઉલ્લેખ

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ પ્રજાકલ્યાણ સાથે સંકળાયેલ એવા એક લોકસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

સ્વ. મધુભાઇ ભુવા એક ગરીબ ખેડૂત પરિવારમાં વિશિષ્ટ શક્તિ સાથેના બાળક તરીકે જન્મ્યા હતા. શારીરિક અપંગતા છે તેને પડકાર સમજીને તેમણે ઉચ્ચ શિક્ષણ પણ મેળવ્યું. બી.એસ.સી., એલ.એલ. બી. સુધીનો અભ્યાસ કર્યો. પરમાત્મા જ્યારે શારીરિક અપંગતા આપે છે ત્યારે સામાન્ય માણસ કરતા એક વિશિષ્ટ શક્તિ પણ આપતા હોય છે. આ શક્તિ સાથે આગળ વધ્યા અને બે વખત વિધાનસભામાં ચૂંટાયા. આ જ હાઉસમાં પડકારરૂપ ભૂમિકા ભજવી. સરકારમાં મંત્રી પણ રહ્યા અને મંત્રીપદ છોડ્યા પછી રાજનીતિમાં સક્રિયતા ઓછી કર્યા પછી પણ પગની આંટી વાળીને બેસી રહ્યા નહીં, પરંતુ સમાજ સેવામાં સહકારી પ્રવૃત્તિ હોય, પંચાયત હોય, ગ્રામ વિકાસ હોય કે શૈક્ષણિક પ્રવૃત્તિ હોય તેમાં આગળ વધ્યા. એની અંદર આગળ વધ્યા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હું જયારે સિન્ડિકેટ મેમ્બર હતો એ વખતે એમના પોતાના રાજુલા ગામની અંદર શૈક્ષણિક વ્યવસ્થાઓ નહોતી ત્યાં શૈક્ષણિક સંસ્થાઓ, કોલેજ શરૂ કરી, વિકાસ કર્યો અને રાજુલા જેવા પછાત વિસ્તારની અંદર શૈક્ષણિક સુવિધાઓ પણ એમણે ઊભી કરી અને એક અનોખું ઉદાહરણ પૂરું પાડયું કે શારીરિક અપંગતાઓ છે એ માણસના જીવનની અંદર સેવાકીય પ્રવૃત્તિઓ કરવી હોય, શિક્ષણ મેળવવું હોય તો કયારેય એ બેરિયર બની શકતું નથી. પરમાત્મા એ જે વિશિષ્ટ શકિતઓ આપી હોય છે એનાથી એ આગળ વધી શકે છે એનો ઉત્તમ દાખલો જો કોઇ હોય તો એ સ્વ. મધુભાઇ ભુવા હતા. એમના પરિવારજનોએ તો એક છત્ર ગુમાવ્યું છે પણ રાજુલા અને અમરેલી જિલ્લાએ નમૂનેદાર કામ કરનાર એક સમાજ સેવક ગુમાવ્યો છે. આપણે સૌએ એક વડીલ મિત્ર પણ ગુમાવ્યા છે ત્યારે પરમાત્મા એમના પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શકિત આપે અને એમને પરમાત્મા પરમ શાંતિ આપે એવી પ્રાર્થના સાથે હું ગૃહ સમક્ષ શોક વ્યકત કરી અને એ શોક એમના પરિવાર સુધી પહોંચે એવી હું આપશ્રીને વિનંતી કરું છું. થેંક્યુ.

શ્રી રાઘવજીભાઇ પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય અર્જુનભાઇએ જેને ટેકો આપ્યો છે એ શોકપ્રસ્તાવમાં હું મારો સુર પુરાવવા માટે ઊભો થયો છું. સ્વ.શ્રી મધુભાઇ હરજીભાઇ ભુવા આઠમી અને નવમી વિધાનસભાના સભ્ય હતા અને બેય વખતે હું પણ હતો એટલે મેં એમની કામગીરી નજરે નિહાળી છે. રાજયના મંત્રી તરીકે સન ૧૯૯૦થી ૧૯૯૫ સુધી એમણે ખૂબ જ લોકસેવાને લગતા અગત્યનાં કામો કર્યાં છે. શ્રીમદ ભગવત ગીતાના અધ્યાય-૨ ના શ્લોક નંબર ૫૭માં કહ્યું છે

''ॐ जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च। तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि।''

એટલે કે જેણે જન્મ લીધો છે એનું મૃત્યુ નિશ્ચિત છે, એજ રીતે જે મૃત્યુ પામે છે, એમનો જન્મ પણ નિશ્ચિત છે એટલે જન્મ મરણના સ્વરૂપભાવ ટાળી ન શકાય તેવો છે અને તેનો પ્રતિકાર પણ થઇ શકે એમ નથી પણ જન્મ લીધા પછી વ્યકિતએ જે જે કાર્યો કર્યા છે એ કાર્યોની અમીટ છાપ આપણા હૃદયમાં કાયમ જીવંત રહે છે અને આદરણીય મધુભાઇ ભુવા આવા જ એક વિરલ વ્યકિત હતા કે જેમણે પોતાના કર્મોની સુવાસથી આપણા સૌના હૃદયમાં સન્માનનીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્વ. મધુભાઇ ભુવા એટલા લોકપ્રિય હતા, સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીઓમાં કોમવાદ ચાલતો હોય છે. એમનો જે મતવિસ્તાર છે એમાં પાટીદારોની સંખ્યા તો નગણ્ય છે છતાં બે વખત સારી બહુમતિથી એ વિસ્તારમાં ધારાસભ્ય થયા. ખૂબ લોકોનાં કામો કર્યાં, મંત્રી પણ બન્યા અને મંત્રી તરીકે પણ એમણે ખૂબ કામો કર્યાં. એમના વિસ્તારમાં પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટ્રેક સિમેન્ટ જેવા પ્લાન્ટોનો પાયો નખાવવામાં પણ એમને ખૂબ મોટો ફાળો હતો અને એના પરિણામે પાછળથી વિસ્તારનો ઘણો બધો વિકાસ પણ થયો છે. સૌરાષ્ટ્રના એ વખતે અસામાજિક પરિબળોનો બહુ ઉપદ્રવ હતો. સામાન્ય માણસોની સલામતીના પણ સવાલો હતા ત્યારે એક સૌરાષ્ટ્ર અન્યાય નિવારણ સમિતિ બની હતી. અને તેઓ એના ઉપપ્રમુખ હતા અને આ સમિતિના માધ્યમથી તેઓએ આવા અસામાજીક પરિબળોનો ખૂબ હિંમતભેર સામનો કર્યો અને એ વિસ્તારને અને સમગ્ર સૌરાષ્ટ્રમાં ચોરી, લૂંટફાટ, ગુંડાગીરી જેવી અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ લઇ આવવાનું ખૂબ મોટું કામ કર્યું છે. સ્વ. મધુભાઇ પોતે બી.એસ.સી., એલ.એલ.બી હતા અને વાંચન, સમાજ સેવા અને રમતગમત ક્ષેત્રમાં એમને ખૂબ શોખ હતો અને એમાં એમણે ખૂબ કામ પણ કર્યું હતું. જિલ્લા પંચાયત અમરેલીમાં સભ્ય હતા. રાજુલા તાલુકા ખરીદ વેચાણ સંઘ, બજાર સમિતિ રાજુલા, નાગરિક બેંક રાજુલા, નગરપંચાયત રાજુલાના ઉપ સભાપતિ પણ બન્યા હતા એવી જ રીતે સમાજની અનેકવિધ સંસ્થાઓ છે એમાં પણ એમણે ખૂબ સારું કામ કર્યું હતું. એમાં ખાસ કરીને શિક્ષણનું અને દીકરીઓના શિક્ષણ માટે ખૂબ ઉમદા પ્રવૃત્તિ કરી હતી. દીકરીઓને શિક્ષણની સાથે સલામતિ મળે, એમનામાં સુરક્ષાની ભાવના આવે એના માટે ગ્રામ્ય વિસ્તારમાં એમણે ખૂબ કામ કર્યું. એમણે બે કોલેજો સ્થાપી હતી. હરજી રૂડાભાઇ ભુવા કોમર્સ કોલેજ અને અંબાબેન હરજીભાઇ રૂડાભાઇ આર્ટસ કોલેજ, આ બન્ને સંસ્થાઓ આજે એ વિસ્તારમાં ખૂબ ઉત્તમ શિક્ષણ કાર્ય કરી રહી છે. અમારા સૌરાષ્ટ્રમાં એ વખતે વીજળીની મોટી સમસ્યા હતી. એ ઉર્જા મંત્રી બન્યા હતા ત્યારે એમણે ૪૦૦ કે.વી.નાં સબ સ્ટેશનો અને નાનાં મોટાં અનેકવિધ કામો

કરીને ખેડૂતોને અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારને વીજળી મળે એના માટે ખૂબ સારું કામ કર્યું હતું. આવા અમારા માધુભાઇ ભુવા સૌરાષ્ટ્રના એક સાચા અર્થમાં જેને લોક સેવક કહી શકાય અને લોકનેતા કહી શકાય એવા ઉમદા આગેવાન હતા. આવા આગેવાન અમારી સૌરાષ્ટ્રની ધરાએ ગુમાવ્યા છે. અમારા સૌરાષ્ટ્રનું એક મોંઘુ રતન હતા. સૌરાષ્ટ્રની ધીંગી ધરાએ આવા અનેક સપૂતો મા ગુર્જરીના ચરણે ધર્યા છે. જેમના પાવન અને લોકહિતકારી કર્મોથી મા ગુર્જરી પણ પલ્લવિત બની છે. આવા સ્વ. મધુભાઇ ભુવાના જવાથી અમારું સૌરાષ્ટ્રનું જનજીવન રાંક બન્યું છે. પ્રભુ એના આત્માને ચીર શાંતિ આપે અને એમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આપત્તિને સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના સાથે આપના મારફત તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી હીરાભાઇ ઓ.સોલંકી**(**ભા.જ.પ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે એમાં મારા વિચારો પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ.શ્રી મધુભાઇ હરજીભાઇ ભુવા એ રાજુલા મત વિસ્તારમાં ૮મી અને ૯મી વિધાનસભાના સભ્ય બન્યા ત્યારે મને ખ્યાલ છે કે હું પ્રથમવાર ધારાસભ્ય તરીકે એમના પરિચયમાં આવ્યો. પૂર્વ મંત્રી તરીકે એમની કામ કરવાની પદ્ધતિથી હું ખૂબ ઇમ્પ્રેસ થયો હતો. આદરણીય શ્રી મધુભાઇ સ્વર્ગસ્થ થયા ત્યારે રાજુલાને ખૂબ મોટી ખોટ કહી શકાય એવી ખોટ અમારા વિસ્તારમાં પડી છે. જશ-અપજશ, લાભ-હાની, જન્મ-મરણ એ તો ઇશ્વરના હાથમાં હોય છે. પણ જ્યારે મધુભાઇ સ્વર્ગસ્થ થયા ત્યારે આખા વિસ્તારમાં શોકનું મોજું જોવા મળેલું અને ખાસ કરીને પાટીદાર સમાજમાં ખૂબ મોટી ખોટ પડી. વ્યવસાય તરીકે ઉનામાં શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી એ પછી રાજુલા નગર પંચાયતમાં ચૂંટણી લડ્યા અને જિલ્લા પંચાયતની વર્ષ ૧૯૮૦માં ચૂંટણી લડ્યા અને એની કારકિર્દીમાં એ સતત આગળ વધતા ગયા. ઉર્જા મંત્રી તથા ખાણ ખનિજ મંત્રી તરીકે કારભાર સંભાળ્યો ત્યારે અમારા વિસ્તારમાં જાફરાબાદ તાલુકો બ્લેક ઝોન તરીકે ઓળખાતો હતો. એ વિસ્તારમાં ઉદ્યોગોની સ્થાપના કરાવી અને એલ.એન્ડ ટી. ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. પીપવાવ પોર્ટ લાવ્યા અને એ વિસ્તારના બેરોજગારોને રોજીરોટી મળી શકે એના માટેના કાર્યો સ્વ.શ્રી મધુભાઇ ભુવાએ કર્યા અને એ ક્યારેય ભૂલી શકાય નહીં. આપના મારફત એમના કુટુંબીજનોને શોકસંદેશો પાઠવીએ એવી વિનંતી સાથે ઓમ શાંતિ.

અધ્યક્ષશ્રી : સભાગૃહના નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આજે પૂર્વ મંત્રીશ્રી મધુભાઇ ભુવાનો શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ તેમજ માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ અને માનનીય સભ્યશ્રી હીરાભાઇ સોલંકીએ એને સમર્થન આપ્યું. માનનીય મધુભાઇ આ વિધાનસભા ગૃહના એક સંનિષ્ઠ સભ્ય હતા. સભ્યશ્રીઓએ તેમના માટે જે ઉલ્લેખ કર્યા એના ઉપરથી આપણને ખ્યાલ આવે કે પ્રજાહિત માટે હંમેશા કાર્યરત રહેતા માણસ માટે દરેકને સહાનુભૂતિ હોય છે. સ્વર્ગસ્થ માધુભાઇ માનવ સેવા માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યા. તેઓનું મૂળ વતન લીલીયા તાલુકાનું ગોઘાવદર ગામ હતું. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ઉના ગામે સ્કૂલમાં શિક્ષક તરીકે કરી હતી. ત્યારબાદ નોકરીમાંથી રાજીનામુ આપી અને રાજુલા ગામને પોતાની કર્મભૂમિ બનાવી. સન ૧૯૮૦માં રાજુલા નગરપંચાયતની ચૂંટણી જીતી અને રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. સન ૧૯૯૦માં રાજુલા- જાફરાબાદ વિધાનસભાની બેઠક ઉપર ચૂંટણી જીતી અને સૌ પ્રથમ વખત તેઓશ્રી ધારાસભ્ય તરીકે અહીંયા ચૂંટાઇને આવ્યા હતા. ગુજરાત સરકારમાં ઉર્જા, કૃષિ, ખાણ અને ખનીજ વિભાગના મંત્રી તરીકેની કામગીરી એમણે કરેલી. તેઓના અવસાનથી ગુજરાત રાજયએ એક લોકસેવક અને પ્રજા કલ્યાણ સાથે સંકળાયેલા સાચા જનસેવક ગુમાવ્યા છે. સ્વર્ગસ્થ શ્રી મધુભાઇ ભુવાને હું આ વિધાનસભા ગૃહ વતી શોકાંજલિ અર્પણ કરું છું. સ્વર્ગસ્થના અવસાનથી તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું અને આપણે સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તે માટે પોતાની જગ્યા ઉપર બે મિનિટ ઊભા થઇને મૌન પાળીશું.

( બે મિનિટ મૌન)

આ સભાગૃહની લાગણી સદ્ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનો વટહુકમ ક્રમાંક-૩

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(**શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક-૩-સન ૨૦૨૨નો ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

અનુમતિ મળેલા વિધેયકો

સચિવશ્રી: માનનીય અધ્યક્ષશ્રી, હું ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા અને નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૧ના વિધેયક ક્રમાંક-૧૮ અને ૨૩ તથા અગિયારમા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૦, ૧૧, ૧૩, ૧૪ અને ૧૫ વિધાનસભાના મેજ ઉપર મૂકું છું.

અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા

## તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨
## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા

અધ્યક્ષશ્રી : રાજયપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને માનનીય સભ્યશ્રી અભેસિંહભાઇ તડવીએ જેને અનુમોદન આપ્યું છે એ નીચે મુજબ છે.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

" અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

શ્રી પૂર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ ગુજરાતના પંદરમી વિધાનસભાના પ્રથમ સત્રમાં નવા ચૂંટાયેલા સભ્યોના સભાગૃહ સમક્ષ રજૂ કરેલ અમૂલ્ય સંબોધન બદલ તેમનો આભાર પ્રસ્તાવ રજૂ કરવાની મને જે તક મળી છે એ ગૌરવવંતા પ્રસંગ બદલ ગૃહના નેતા, આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું. આજે આઝાદીનો અમૃતકાળ ચાલી રહ્યો છે. આજે મહાન કવિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે રચેલ ગીત " વંદે માતરમ્" ની રચનાનો દિવસ છે. આ " વંદે માતરમ્" મહામંત્રને લઇને અનેક વિરલાઓએ પોતાની આહુતિ આ રાષ્ટ્ર માટે આપી છે એ તમામ આઝાદીના...

પોઇન્ટ ઓફ ઓર્ડર

રાજયપાલશ્રીના સંબોધનની ચર્ચા આજે ન કરવા અંગે

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અમને રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની જે કોપી છે એ પણ મળી નથી. પ્રવચનની જે કોપી છે એ પણ અમારી પાસે હજી આવી નથી અને એના ઉપર આજે બોલવાનું છે એવું પણ અગાઉ ઇન્ટીમેટ કરેલું નથી એટલે હું માનું છું કે એ પ્રસ્તાવ ઉપરની ચર્ચા છે એ ચાર દિવસની હોય છે. એટલે આપણે અત્યારે કરવાને બદલે પછી કરીએ અને બિલની પ્રાયોરિટી રાખવી જોઇએ તેવું હું માનું છું. કારણ કે તેના માટે પહેલા તો માનનીય રાજયપાલશ્રી જે બોલ્યા છે તે કોપી પણ મળવી જોઇએ. તે મળી નથી. અમારી પાસે કોપી આવી જ નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કોપી બધાના ખાનામાં આપી દીધી છે. આપણી પરંપરા અને પ્રણાલિકા છે તે મુજબ માનનીય રાજયપાલશ્રી દ્વારા સંબોધન કર્યા પછી તરત જ તેની ચર્ચાની શરૂઆત થતી હોય છે. આપણા ત્યાં આ એક દિવસીય સત્ર છે. જયારે માનનીય રાજયપાલશ્રીએ સમગ્ર ગૃહને સંબોધન કર્યું હોય અને આ વિષયવસ્તુથી આપણને વાકેફ કર્યા હોય તેવા સંજોગોમાં આપણી પાસે પણ અગાઉ શ્રી રાઘવજીભાઇ લેઉઆએ પણ નિર્ણય આપ્યો છે. તેમાં રાજયપાલશ્રીના પ્રવચન બદલ તેમનો આભાર હોય તો આભાર માનવાનું જેટલું મોડું થાય તે અયોગ્ય છે તેવું પણ ઠરાવેલ છે. એમણે એવું પણ કહ્યું છે કે, આ આભાર પ્રસ્તાવ જેટલો વહેલો રજૂ કરવામાં આવે એટલું જ વાસ્તવિક છે. આભાર પ્રસ્તાવ સમયસર કરવામાં આવે તો તે ગૌરવભર્યું છે. હું માનું છું કે, એટલે જ આજના એજન્ડામાં આ બાબત બતાવવામાં આવી છે. આ ભૂતકાળનો કિસ્સો છે અને તેનાથી આ સભાગૃહને કોઇપણ જાતની મુશ્કેલી નડતી હોય તેમ મને લાગતું નથી. વળી કેટલા અને કયા દિવસો આની ચર્ચા માટે રાખવા તે અધ્યક્ષશ્રીએ સભાગૃહના નેતા સાથે મળીને બેસીને નક્કી કરવાનું હોય છે. પરંતુ અહીં કમનસીબી છે કે, હજુ પણ તેમના તરફથી આપની સાથે કોણ વાતચીત કરે તે પણ નક્કી થયું નથી. એટલે આ બાબત આપના ક્ષેત્રાધિકારમાં છે. એટલે આપ આ અંગે નિર્ણય લઇ શકો છો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂતકાળના અધ્યક્ષશ્રીના નિર્ણયોને ટાંકીને કહી રહ્યા હતા. પ્રણાલી એ રહેલી છે કે, રાજ્યપાલશ્રીનું પ્રવચન થયા પછી ગુજરાત વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની મિટિંગ મળતી હોય છે અને તે મિટિંગમાં એજન્ડા નક્કી થતો હોય છે. તે એજન્ડાના આધારે તેના દિવસો અને કલાકો પણ નક્કી થતા હોય છે. અમારી ચિંતા માનનીય સંસદીય બાબતોના મંત્રી કરે છે તેમાં હું આપનું પણ ધ્યાન દોરું છું કે, કામકાજ સલાહકાર સમિતિની નિમણૂક થવી જોઇએ પણ આપ આજે જ અધ્યક્ષ તરીકે બિરાજમાન થયા છો ત્યારે તેની નિમણૂક પણ થઇ નથી. મારી આપને વિનંતી છે કે, ભૂતકાળમાં માનનીય રાજયપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ ઉપર તેના એકાદ-બે દિવસ પછી આભાર પ્રસ્તાવ આવતો હોય છે અને તેમાં ત્રણ-ચાર દિવસની ચર્ચા હોય છે. તેમાં અમે પણ ભાગ લેતા હોઇએ છીએ. અમે આપને વિનંતી કરીએ છીએ કે, માનનીય પૂર્ણેશભાઇ આજે તૈયાર કરીને લાવ્યા છે તો વાંધો નથી તે પ્રવચન કરે તો, પણ અમારા તરફથી જે પ્રણાલી રહેલી છે તેના ભાગરૂપે આજે કોઇ ચર્ચા શાસકપક્ષ તરફથી, દંડક તરફથી કે સંસદીય બાબતોના મંત્રી તરફથી કોઇપણ સિનિયર સભ્ય સાથે કરવામાં આવી નથી અને આપની સાથે પણ થઇ નથી. તેથી મારી આપને વિનંતી છે કે, રાજયપાલશ્રીના સંબોધન પર જે આભાર પ્રસ્તાવની ચર્ચા છે તે પછીના સત્રમાં રાખવામાં આવે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા: માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમની અંદર સ્પષ્ટ જોગવાઇ છે કે, રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની ચર્ચા માટેનો સમય અને દિવસો કેટલા હોય છે. તેના માટે ચાર દિવસો આપવાના હોય છે. વિધાનસભાનું સત્ર એક દિવસ માટે મળ્યું છે. એક કે બે દિવસનું સત્ર મળ્યું હોય અને તેમાં તે વખતે એવું બન્યું છે કે, તે વખતે રાજયપાલશ્રીએ પોતાનું પ્રવચન જરૂર કર્યું હોય પણ આભાર પ્રસ્તાવ તો પૂર્ણ સમયનું સત્ર મળે ત્યારે જ કરવાની પરંપરા છે. અમને જે એજન્ડા આજે આપવામાં આવેલ છે તેમાં છઠ્ઠા નંબર પર રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા અને સાતમા ક્રમે સરકારી વિધેયક છે. તેનો મતલબ એવો થયો કે, અહીં રાજ્યપાલશ્રીના પ્રવચન માટે એક દિવસ મળે છે

અને મેં અનૌપચારિક ચર્ચા આ બિલના પ્રભારી મંત્રીશ્રી સાથે કરતો હતો અને મેં કહ્યું કે આજે આ બિલ ન લાવ્યા હોત તો સારું. મેં કહ્યું કે આજે આ બિલ ન લાવ્યા હોત તો સારું હતું તો મને કહે ૩ મહિના પૂરા થાય છે એટલે અમારે આ બિલ લઇ આવવું પડે છે કેમ કે વટહુકમની સમય મર્યાદા પૂરી થાય છે એટલા માટે લાવ્યા છીએ. જો એની ચર્ચા કરવાની હોય અને રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવની પણ ચર્ચા કરવાની હોય અને આજે જ પૂરી કરવાની હોય તો આપણા નિયમોના નિયમોની જે જોગવાઇ છે એનું સંપૂર્ણપણે વાયોલેશન થાય છે. બીજું બિઝનેસ એડવાઇઝરી કમિટીની રચના છે એ આપશ્રીએ કરવાની હોય છે અને આપશ્રીએ અત્યારે જ હમણા આ સ્થાન સંભાળ્યું છે એટલે એમાં માત્ર વિપક્ષના નેતા સાથે જ ચર્ચા કરવાની છે એવું નથી આપે ગૃહના નેતાની સાથે પણ વાત કરવાની હોય છે એની પાસેથી પણ નામ મંગાવવાના છે, અમારી પાસેથી નામ મંગાવવાના છે અને એની અંદર બિઝનેસ એડવાઇઝરી કમિટીમાં દિવસો ક્યારે ફાળવવા એ નક્કી થયા પછી અહીંયા આવે છે અને એના પછી એ બિઝનેસ એડવાઇઝરી કમિટીનો અહેવાલ ગૃહમાં મૂકાય, ગૃહ સંમતિ આપે એના પછી જ ડીટેલમાં જે ચર્ચા કરવાની છે એ રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવની ચર્ચા ક્યારે કરવી કે બીજા બિલોની ચર્ચા ક્યારે કરવી એ નક્કી થતું હોય છે એટલે આ સંપૂર્ણપણે વાયોલેશન છે. આપે આજે જ કાર્યભાર સંભાળ્યો છે અને હું માનું છું કે આ રીતે નિયમોના નિયમનો સોએ સો ટકા ભંગ થતો હોય એવી પ્રણાલિકા આજથી શરૂ ન કરવી જોઇએ. આપણે અને એવી ઉતાવળ પણ નથી માટે આભાર પ્રસ્તાવ પર ચર્ચા ગમે ત્યારે કરી શકાય પણ એ કરતા પહેલા નિયમમાં જોગવાઇ એ છે કે, આપણે બિઝનેસ એડવાઇઝરી કમિટીની મિટિંગ બોલાવી લેવી પડે અને એમાં અમે નામ ન આપ્યા હોય માની લઇએ કે માનનીય મંત્રીશ્રી કહે છે કે અમારી પાસે નામ નથી આવ્યા તો માગ્યા પણ નથી અને આપ એમ કહો છો કે વિપક્ષના નેતા નથી પણ ગૃહના નેતા તો છે જ તો ગૃહના નેતા પાસે આપ નામ માગી શક્યા હોત. અમારામાંથી પણ ઔપચારીક રીતે કોઇને પૂછીને આજે જે રીતે અમારા પૂર્વ ડેપ્યુટી લિડર છે એ જ્યારે આપને પ્રણાલિકા મુજબ બેઠક પર દોરી જવાના હતા તો કાંઇ એમાં વિપક્ષની ગેરહાજરી હતી એવું હતું નહીં. એટલે સંપૂર્ણપણે પ્રણાલિકા અને નિયમનો સોએ સો ટકા ભંગ થાય છે અને પહેલા જ દિવસે થાય છે માટે આ પ્રણાલિકા સંપૂર્ણપણે નિયમ ભંગ કરવાની જે પ્રણાલિકા છે એ આપણે ન કરીએ એ સારું છે અને વહેલામાં વહેલી આભાર પ્રસ્તાવ પર ચર્ચા કરવી જોઇએ એ વાત સાચી છે પણ એ પૂર્ણ બેઠક હોય, બજેટ સત્ર ચાલતું હોય, આ તો આપણે ખાસ સત્ર એક ફોર્માલિટીઝ પૂરી કરવા માટે બોલાવ્યું છે અને એમાં કદાચ આ અર્જન્ટ એજન્ડા હું સમજુ છું કે સરકારી વિધેયકની જરૂર હતી અને માનનીય મંત્રીશ્રીએ મને અનઔપચારીક ચર્ચામાં એમ કહ્યું કે અમારે ૯૦ દિવસ પૂરા થતા હતા એટલે નવો વટહુકમ લઇ આવવો પડે એટલે એની પહેલા વિધાનસભા આવે છે એટલે આ કરીએ તો બિલની ઉપર ચર્ચા થાય એમાં વાંધો નહીં પણ આ આભાર પ્રસ્તાવ પરની ચર્ચા છે એ સંપૂર્ણપણે વાયોલેશન આપણા નિયમોમાં થાય છે. બિઝનેસ એડવાઇઝરી કમિટીની રચનાની જે નિયમોમાં જોગવાઇ છે એ જોગવાઇ આપ રીફર કરી જવા વિનંતી છે, એના કાર્યક્ષેત્રમાં શું શું આવે છે એ જોઇ જવા વિનંતી છે. એના પછી એ અહેવાલ આ હાઉસમાં મૂકાય અને હાઉસ યશ કહે એ પછી એ પ્રમાણે આગળ વધવાનું હોય છે. એનાથી સંપૂર્ણ વિરુદ્ધમાં છે એટલે હું માનુ છું કે આ ચર્ચા આજે નહીં થવી જોઇએ. થશે તો એવું થશે કે જે હાઉસને ચાર દિવસનો સમય આપણા નિયમોમાં જોગવાઇ છે કે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર કેટલા દિવસ ચર્ચા થવી જોઇએ, બજેટ ઉપરની સામાન્ય ચર્ચા કેટલા દિવસ કરવી જોઇએ અને ડિપાર્ટમેન્ટની માગણીઓ ઉપર કેટલા દિવસ ચર્ચા કરવી જોઇએ? એની બહુ જ સ્પષ્ટ અને સુરેખ જોગવાઇઓ છે એ જોગવાઇઓ પ્રમાણે જ થવું જોઇએ. જો આજે જ આ પૂરું કરવાનું હોય અને આપ કહો છો કે આ આભાર પ્રસ્તાવ પરની ચર્ચા માટેનો ઠરાવ માનનીય રાજયપાલશ્રીને વહેલો પહોંચી જવો જોઇએ. વહેલો પહોંચાડવો હોય તો ચાર દિવસનું સત્ર બોલાવવું જોઇએ, ત્રણ દિવસનું સત્ર બોલાવવું જોઇએ અને જેટલા દિવસો રાજયપાલના પ્રવચન પરના આભાર પ્રસ્તાવની ચર્ચામાં મળવાપાત્ર હોય એ મળવા જોઇએ એ મળતા નથી અહીંયા તો એ વાયોલેશન નહીં થવું જોઇએ.

અધ્યક્ષશ્રી : હું તમારો એ વિષય સમજી ગયો છું.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયાઃ માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે મેં હસતા હસતા માનનીય પ્રભારી મંત્રીશ્રીને હમણા વાત કરી હતી કે પહેલો દિવસ છે. *(xxx) તમે બિલ શા માટે લાવ્યા? તો કહે અરજન્ટ હતું એટલે લાવ્યા. સમજી શકાય છે. આજે તમારા માટે ખુશીનો માહોલ છે અને આ ખુશીની અંદર ભંગ પડે એવુ અમારે બોલવુ નહોતું એટલા માટે કે પછી સમય ઘણો મળવાનો છે. પહેલા દિવસે તો એકબીજાની શુભકામનાઓ એથી વિશેષ કંઇ કરવાનુ ના હોય પણ છતાં બિલ લઇ આવ્યા હતા તો બિલ ઉપરની ચર્ચા જરૂર કરી શકાય, પણ આ જે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા છે તેની બિઝનેશ એડવાઇઝરી કમિટીમાં ચર્ચા થાય, એ કમિટી ચર્ચા કરે અને કમિટીનો નિર્ણય અહીંયા મૂકાય અને તેમાં જે દિવસે તેમાં માનનીય મંત્રીશ્રીની લાગણી એવી છે કે વહેલામાં વહેલું કરી લેવુ તો તેમાં અમારો કોઇ વાંધો નથી. બાકી એક દિવસમાં સમાપન કરશો તો આ નિયમોના નિયમોની બુક છે, જે બનેલી છે તેનું સંપૂર્ણપણે વાયોલેશન થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નરશ્રીએ વિધાનસભા ગૃહમાં પ્રવચન કર્યા પછી..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, વચ્ચે માનનીય અર્જુનભાઇએ જે (xxx) મને લાગે છે કે રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. (અંતરાય) કોઇના પણ માટે વાપર્યો હોય તો એ શબ્દ આપણે અત્યારે રેકોર્ડ ઉપર ના રાખીએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહની અંદર જ્યારે માનનીય ગવર્નરશ્રીનું પ્રવચન થયા પછી નિયમ એવું કહે છે કે વિધાનસભા ગૃહના દરેક ધારાસભ્યશ્રીને તેની બુકલેટ એ તેની બેઠક ઉપર મળવી જોઇએ, જે મળી નથી. આમાં લખેલું છે એ હું વાંચીને જ કહું છું.

અધ્યક્ષશ્રી : નહીં, નહીં તમારી પાસે નિયમો પણ છે અને નિયમો તમને યાદ પણ છે હું બિલકુલ જાણું છું એટલે આપ કહેશો તે વાતનો મને ભરોસો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે એક નાની વાત કરવી હતી કે માનનીય ગવર્નરશ્રીનું પ્રવચન થયા પછી બુકલેટ મળ્યા પછી સુધારા રજૂ કરવાના હોય છે અને સુધારા વિપક્ષ તરફથી અમે એ સુધારા રજૂ કરતા હોઇએ છીએ અને જ્યારે બુકલેટ જ મળી નથી તો સુધારા રજૂ થઇ શક્યા નથી માટે નિયમ અનુસાર તો આજના દિવસે ગવર્નરશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવ પર ચર્ચા કરવી બિલકુલ અયોગ્ય છે કારણ કે નિયમોનુસાર અમારા સુધારા પણ રજૂ ના થયા હોય અને સુધારા મેજ ઉપર પણ ના મૂકાયા હોય અને આપના સુધી પણ ના પહોંચ્યા હોય ત્યારે આજે આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા કરવી નિયમોનુસાર યોગ્ય નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા હાથમાં કામકાજનો ટૂંકો અહેવાલ અગિયારમી ગુજરાત વિધાનસભા, ૨૭ ડિસેમ્બર, ૨૦૦૨ તે દિવસે અધ્યક્ષશ્રીની ચૂંટણી થઇ અને તે ચૂંટણી પછી પ્રો.મંગળદાસ પટેલે અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો અને બીજી બેઠકમાં તરતજ રાજ્યપાલ માનનીય સુંદરસિંહ ભંડારીએ ગૃહને હિંદીમાં સંબોધન કર્યું. ૧૫ મિનિટના વિરામ બાદ ગૃહની બેઠક ફરીથી મળી અને રાજયપાલશ્રીની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર પણ મૂકી હતી અને એ વખતે શ્રી ભરતભાઇ બારોટ અને સભ્યશ્રી શંકરભાઇ આપ પણ નીચેનો પ્રસ્તાવ કર્યો એમણે રાજયપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો અને તે વખતે શ્રી ભરતભાઇ બારોટે પ્રસ્તાવના સમર્થનમાં પોતાનું વકતવ્ય રજૂ કર્યું. બે સભ્યશ્રીઓએ આમાં ભાગ પણ લીધો, શ્રી ભરતભાઇ બારોટે આનો જવાબ પણ આપ્યો અને ત્યાર બાદ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો. એટલે આ કંઇ એવુ નથી કે આજે અને આજે ચર્ચા ના થાય એ ડિસ્ક્રિમિનેશન પાવર આપના પણ છે અને ભૂતકાળની અંદર સન ૨૦૦૨માં જયારે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર એના એ દિવસે ચર્ચા નથી થઇ એવુ નહીં, થયેલી છે અને આ એક પ્રણાલિકાનો ભાગ છે. આ આજે પણ આપણે આની ચર્ચા કરી અને સંબોધન જે કર્યું છે તો તેનો આભાર પ્રસ્તાવ આપણે કરી શકીએ છીએ.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિઆ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમોમાં જોગવાઇ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની અંદર અમે અસંમત છીએ એવું કહેવાનો અમને પણ અધિકાર છે અને એ અધિકાર માટે અમને પ્રસ્તાવ મૂકવાનો અધિકાર પણ છે. એના માટેનો સમય પણ હોય છે. આભાર પ્રસ્તાવ રજૂ પણ કરી શકે. એની સામે અમે દિલગીરી પણ વ્યક્ત કરી શકીએ કે અમે દિલગીરી સાથે આભાર પ્રસ્તાવ સાથે સંમત થતા નથી. એના માટે સમય પણ છે. એના માટે અમારી પાસે રાજ્યપાલના પ્રવચનની નકલ પણ આવવી જોઇએ. એના માટે દિવસો નક્કી કરેલ છે. માની લઇએ કે આજે જ ચર્ચા કરવાની છે તો મને કોઇ વાંધો નથી. આપણે આભાર પ્રસ્તાવ મોકલવાનો છે એની ઉતાવળ છે તો મને વાંધો નથી પણ એના દિવસોની ચર્ચા કરવાની છે. એ ચર્ચામાં આપે સમય ફાળવવાનો છે. આપે દિવસો નક્કી કરવાના છે. આપે કામકાજ સલાહકાર સમિતિમાં સરકાર જે દરખાસ્ત લઇને આવે એમાં ચર્ચા કર્યા પછી ક્રમ ગોઠવાય.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઇ એકની એક વાત પુન: દોહરાવી રહ્યા છે. બંને બાજુની વાત આપે સાંભળી છે. આપે નિર્ણય કરવાનો છે. મને એવું લાગે છે કે આ ચૅરનું આપમાન છે.

અધ્યક્ષશ્રી : માનનીય જીતુભાઇ, આપની વાત સાચી છે પણ હું એ દિશા પકડું છું કે બોલવાનો અધિકાર દરેક સભ્યશ્રીને છે. એના માટે હું એમને વધારાનો સમય પણ આપું છું. આપની વાત સાચી છે કે એકની એક વાત દોહરાવવી ન જોઇએ. એવું હશે ત્યાં હું રોકવાનો પણ પ્રયત્ન કરીશ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : મારી વાત એટલી જ છે કે માનનીય મંત્રીશ્રી કહે છે કે ઉતાવળ છે તો કોઇ વાંધો નથી. કામકાજ સલાહકાર સમિતિમાં જવું જોઇતું હતું. એના પછી અહીં મૂકવું જોઇતું હતું. એના માટેના નિયમ મુજબના ત્રણ દિવસ તો કોઇ રોકી ન શકે.

અધ્યક્ષશ્રી : એ બધી વાત આપે કરી લીધી છે. શ્રી અમિતભાઇ, તમારે કાંઇ કહેવું છે? હું આપનું ધ્યાન દોરું છું કે આજે પહેલો દિવસ છે. પહેલા દિવસે કામકાજ સલાહકાર સમિતિની રચના થઇ નથી. એના બે કારણ હતા. મને વહેલી સવારે એવી ઇચ્છા થઇ હતી કે અધ્યક્ષના શપથ લીધા પછી તાત્કાલિક તમારો સંપર્ક કરું પરંતુ સંપર્ક કોનો કરવો એ મારા માટે પ્રશ્ન હતો. હવે આજે શ્રી અર્જુનભાઇએ કહ્યું છે કે આપ શ્રી શૈલેષભાઇનો સંપર્ક કરી શકો છો. તો હું આજે જ પત્ર લખીને કામકાજ સલાહકાર સમિતિ માટેના નામ આપની પાસેથી અને માનનીય ગૃહના નેતાશ્રી પાસેથી આજે જ મંગાવું છું. કામકાજ સલાહકાર સમિતિની રચના થઇ નથી તો પછી કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી નથી. વિધાનસભાના નિયમોના નિયમમાં કેટલીક જોગવાઇ એવી પણ છે કે એક વખત આજના દિવસનો ઓર્ડર ઓફ ધ ડે આવી ગયો છે તો એને અનુસરવાનું કામ કરીએ. તમે જે ચર્ચા કરી એમાં એવું કહ્યું છે કે એના માટે પૂરતો સમય મળવો જોઇએ. બીજું કે નિયમોના નિયમમાં એવી પણ જોગવાઇ છે કે જ્યારે રાજ્યપાલશ્રી સંબોધન કરે છે એની સામે જેમ બને તેમ જલદી એની ઉપર ચર્ચા થાય. જો જેમ બને તેમ જલદી ચર્ચા કરીએ છીએ તો આજે એક દિવસનું જ કામ છે. એક દિવસના કામ માટે આપણે રાહ જોવી પડે. એ સમયે પાછું નવું

સંબોધન આવશે. આજના દિવસમાં હું માનું છું ત્યાં સુધી અડચણ એટલી જ છે કે તમારા પક્ષ તરફથી જેને ચર્ચામાં ભાગ લેવો છે એ લઇ શકે. હું મને મળેલ અધિકાર પ્રમાણે કહું છું કે તમે નામ નક્કી કરીને મને આપો? જે નામ આપશો એમને બોલવા માટે હું એપ્રુવ કરું છું. બીજી બાબત મને લાગે છે કે તમે બધા પણ સંવાદિતાપૂર્વક તમારી વાત મૂકો. તમને સરકારની ટીકા કરવાનો અધિકાર છે. મર્યાદામાં રહીને તમે એની વાત પણ કરી શકો છો. રાજ્યપાલશ્રીના પ્રવચન સાથે તમારે સંમત જ થવું એવી જોગવાઇ નથી. તમને વિષય મૂકવા માટે હું મોકળાશ આપું છું. તમે વાતને સ્વીકારો અને આજના કામને આગળ ચાલવા દઇએ. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હવે રહેતો નથી. આ વિષયને આપણે પૂરો કરીએ છીએ અને આગળની કાર્યવાહી ચાલુ કરીએ છીએ.

હું તમને વધારે બોલવા માટેનું રક્ષણ આપીશ. એક વખત અધ્યક્ષશ્રીના જજમેન્ટ પછી તેના ઉપર ચર્ચા રહેતી નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે તેના ઉપર આપને માત્ર એટલું જ કહેવાનું છે કે ત્રણ દિવસ રાજ્યપાલશ્રીના પ્રવચનના છે (વચ્ચેથી અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : તે વિષયનું જજમેન્ટ મેં આપી દીધું છે. હવે તે વિષયની ચર્ચા રહેતી નથી. હું તેના ઉપર લાંબુ બોલી શકતો હતો. હું તેના ઉપર એમ પણ કહી શકતો હતો તમને (અંતરાય) હું જ્યારે બોલું છું ત્યારે તમારે બેસવાનું હશે. આપ સિનિયર છો. હું લાંબી વાત કરી શકતો હતો કે રાજ્યપાલશ્રીનું પ્રવચન બહુ ટૂંકું હતું, બે કે ત્રણ પાનાનું જ હતું એટલા માટે બહુ લાંબો વિષય નથી પણ તે ચર્ચામાં હું પડ્યો નથી. મેં માત્ર એટલી જ વાત કરી છે કે તમે આના ઉપર ચર્ચા કરો. આ ચર્ચા માટે તમને પૂરી સ્વતંત્રતા આપું છું. તમને બે બાબત કહું છું. ભલે એડવાઇઝરી કમિટી ન બની હોય તો પણ આજની તારીખે શ્રી શૈલેષભાઈ તમે નામ નક્કી કરીને આપો. અત્યારે પણ હું સ્વીકારવા તૈયાર છું. એડવાઈઝરી કમિટી સિવાય પણ તમારી વાતને સ્વીકારવા તૈયાર છું. તમે ચર્ચા કરો અને (અંતરાય) એડવાઈઝરી કમિટી માટે નામ તમે નથી આપી શક્યા. તમારા નેતા હોત તો હું જ તાત્કાલિક કહી શકત. હવે તમે વાત કરો છો. તમારા નેતા તમે પસંદ કરી શક્યા નથી. (અંતરાય) મેં કહ્યું છે. શાસક પક્ષના દંડક બની ગયા છે. મેં દંડક પાસેથી નામો મેળવ્યાં છે. મને મળી ગયા છે. તમે તમારા નામો મને આપી શકો છો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : અમારા નામો ન આવ્યા હોય તો પણ મિટિંગ બોલાવી શકાય.

અધ્યક્ષશ્રી : તમે પાંચ મિનિટ માટે બહાર જઈને ચર્ચા કરીને નામ આપો. તમે નામ નક્કી કરી શકશો. તમને અધિકાર છે. હું તેના માટે મોકળાશ આપું છું. પોઈન્ટ ઓફ ઓર્ડરવાળો વિષય પૂરો થયો છે. તેના સિવાયની વાત હોય તો તમે ચર્ચા કરી શકશો.

શ્રી શૈલેષ મ. પરમાર : અમને સુધારા રજૂ કરવાનો અધિકાર પણ ન મળે?

અધ્યક્ષશ્રી : તમને બોલવા માટેની મોકળાશ આપું છું તેનાથી વધારે બીજું શું હોય?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમને બુકલેટ પણ મળી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય રાજ્યપાલશ્રીએ સંબોધન કર્યું ત્યારે તમે બધા હાજર હતા. આપની હાજરીમાં સંબોધન થયું છે. મને લાગે છે કે બિલકુલ યાદ રહે એટલું ટૂંકું સંબોધન છે. આપની સ્મરણ શક્તિ ઉપર મને જરા પણ શંકા નથી. આપની યાદશક્તિના આધાર ઉપર આપ આપની વાત મૂકી શકશો. (અંતરાય)

(આ તબક્કે કૉંગ્રેસ પક્ષના હાજર બધા સભ્યો પોતાની જગ્યા ઉપરથી ઊભા થઈ ગયા)

અધ્યક્ષશ્રી : આપ સૌએ પહેલા જ દિવસે વૉક આઉટ કરવાનું પ્લાનિંગ કર્યું છે? (અંતરાય) હું આપને બધા અધિકારો આપવા તૈયાર છું પણ તમારે અધિકાર લેવો નથી અને તમારે વૉક આઉટ કરવું છે. જયારે એડવાઈઝરી કમિટીની મિટિંગ મળે ત્યારે તમે ચર્ચા કરી શકશો. એડવાઈઝરી કમિટી માટે નામ તમે આપ્યું નથી. તમારા પક્ષના નેતા નક્કી થયા નથી તેના કારણે તમે કદાચ નહિ આપી શક્યા હોય. મારી તમને બધાને પ્રાર્થના હતી કે તમે ફરી બેસીને કામને પહેલા દિવસે ચલાવો તો સારી પ્રણાલી ચાલુ થશે. તમે રાતના ૧૨.૦૦ વાગ્યા સુધી કહેશો તો સમય આપવાની મારી તૈયારી છે. તમે બેસો. તમે બેસીને સમય લ્યો. મારે તમને વધારે સમય આપવો જ છે. તમે બેસીને કામ કરશો તો તમને મોકળાશ આપવાની મારી તૈયારી જ છે છતાં તમારે પહેલા દિવસે નીકળવું હોય તો હું શું કરી શકું? આપનો અધિકાર છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી આપ અમને ત્રણ દિવસ આપવા માટે તૈયાર છો?

અધ્યક્ષશ્રી : કામકાજ સલાહકાર સમિતિનું કામ આજના દિવસ માટે છે. આજનો દિવસ જ્યાં સુધી પૂરો થશે ત્યાં સુધી પૂરતો સમય કામ કરવાની મારી તૈયારી છે.

શ્રી અમિત ચાવડા : આ એજન્ડા જ્યારે નીકળ્યો ત્યારે આપ આ સ્થાન ઉપર ન હતા.

અધ્યક્ષશ્રી : હું ભલે ન હતો પણ પૂર્વ અધ્યક્ષે કરેલા નિર્ણયને વળગીને કામને આગળ ચલાવવું તે મારી જવાબદારી થાય છે. (અંતરાય) મને લાગે છે કે સંવાદ ચાલુ રાખશો તો (અંતરાય) ગૃહ ચલાવવામાં મને સરળતા રહેશે. મને પણ તટસ્થતાપૂર્વક જે કામ કરવું છે તેમાં મદદ થશે. આ ગૃહ ચલાવવાની જવાબદારી માત્ર અધ્યક્ષની નથી તમારા બધાની છે. સાથી પક્ષ અને શાસક પક્ષ બંનેની છે અને એમાં પહેલા જ દિવસે સહયોગ આપશો તો એક સારી પરંપરા થશે. મારી તમને વિનંતી છે કે તમારાથી આવી શરૂઆત ન કરો તો વધારે સારું. હું ફરી એની એ વાત દોહરાવું છું કે તમને મોકળાશપૂર્વક બોલવા માટેનો સમય આપવાની મારી તૈયારી છે ત્યારે તમે એની અંદર સહયોગ કરશો એ વધારે સારું રહેશે. જો માનનીય સભ્યશ્રી ભલે

તમને આ બાબતે અન્યાય લાગતો હોય પણ મારું મન પોઝિટિવ છે અને મારે પોઝિટિવ મનથી વાત કરવી છે. હવે આપ નક્કી કરી શકો.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા)

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા** (ક્રમશઃ)

શ્રી પૂર્ણેશ મોદી **(**ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, આ વંદેમાતરમનો મહામંત્ર લઇને દેશના આઝાદીના વિરલાઓએ પોતાના પ્રાણ ન્યોચ્છાવર કર્યા છે. વંદેમાતરમની રચનાનો આજનો તા. ૨૦-૧૨-૧૮૭૬નો દિવસ. આજે આઝાદીના અમૃતકાળમાં આઝાદીના ઘડવૈયાઓ અને લડવૈયાઓને યાદ કરું છું. અત્યારે જે પ્રકારે માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આપે જે ચુકાદો આપ્યો છે એને હું આવકારું છું અને આપને અભિનંદન પાઠવું છું. આજે અધ્યક્ષ તરીકે આપ સાહેબને અને ઉપાધ્યક્ષ તરીકે આદરણીય શ્રી જેઠાભાઇ ભરવાડની સર્વાનુમતે નિમણૂક થઇ છે તે બદલ પણ લાખ લાખ અભિનંદન પાઠવું છું. તમામ નવનિયુક્ત આપણા સન્માનનીય મંત્રીશ્રીઓ અને તમામ ધારાસભ્યશ્રીઓને પંદરમી વિધાનસભાના પહેલા સત્રમાં હ્દયપૂર્વક અભિનંદન આપું છું. આવનારા પાંચ વર્ષમાં આપણે સૌ સાથે મળીને ગુજરાતના સર્વાંગી વિકાસની નવી ઊંચાઇઓ સર કરીએ એના માટે સૌનો સાથ અને સહકાર મળી રહે તેવી આપ પાસે અપેક્ષા છે. કમનસીબે આજે વિપક્ષના લોકો પોતાનો નેતા નક્કી કરી શકતા નથી. ખોટી રીતે વાત કરી ગૃહને ગેરમાર્ગે દોરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વના આપણા નેતા વિકાસપુરુષ હિંદુસ્તાનના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન ગુજરાતના પનોતાપુત્ર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા હિંદુસ્તાનના ગૃહમંત્રી અને ગુજરાતના પનોતાપુત્ર આદરણીય શ્રી અમિતભાઇ શાહ સાહેબ એમના મજબૂત નેતૃત્વના સમર્થનમાં ગુજરાતની જનતાએ પ્રબળ વિશ્વાસ સાથે ''ભરોસાની સરકાર એ ભાજપ સરકાર''ના સૂત્રને ચરિતાર્થ કરતાં તેમજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા ભાજપના પ્રદેશ અધ્યક્ષ શ્રી માનનીય સી.આર.પાટીલજીના સમગ્ર ચૂંટણીલક્ષી ભવ્ય આયોજનના કારણે આજે ગુજરાતને ન ભૂતો, ન ભવિષ્યતિ પરિણામ મળ્યું છે. ૧ કરોડ ૬૭ લાખ ૭ હજાર ૯૫૭ મત ભાજપને મળ્યા છે. પ્રતિ પક્ષે ૮૬ લાખ ૮૩ હજાર ૯૬૬, ૮૦ લાખ ૨૩ હજાર મતનો તફાવત એ ગઇ ચૂંટણીમાં ૨૨ લાખ મતના તફાવત કરતા ચાર ગણો વધારે છે ત્યારે વોટ ઓફ પર્સન્ટેજ ગુજરાતમાં ભાજપે વિક્રમ સર્જીને ૫૨.૫૦ ટકાનો શેર વધાર્યો છે. ૧૧થી વધુ ધારાસભ્યો ૧ લાખથી વધુ મતથી જીત્યા છે. ૭૫ હજાર મત અને ૧ લાખ સુધીના મતની લીડવાળા ૧૪ ધારાસભ્યો, ૫૦ હજાર મતથી ૭૫ હજાર સુધીના મતની લીડ પ્રાપ્ત કરનાર ૨૬ ધારાસભ્યો, ૪૦ હજારથી ૫૦ હજાર સુધીના મતની લીડ પ્રાપ્ત કરનાર ૨૦ ધારાસભ્યો, ૧૦ હજારથી ૨૫ હજારની લીડ પ્રાપ્ત કરનાર ૩૦ ધારાસભ્યો. વર્ષ ૧૯૪૭ આઝાદી પછી ૯ સીટ ઉપર ભાજપ ક્યારેય જીતી નથી. ૧૨૬ જેટલી સીટ પર આજે ડિપોઝિટ જપ્ત થઇ છે.

અધ્યક્ષશ્રી : મને લાગે છે કે પોલિટિકલી ઉલ્લેખ બહુ ઓછામાં ઓછો કરીને તમે તમારી વાતોને મૂકશો તો વધારે સારું રહેશે.

શ્રી પૂર્ણેશ મોદી**:** માનનીય અધ્યક્ષશ્રી, આજે ભાજપે ૧૫૬ બેઠકો મેળવી અતિભવ્યમાં ભવ્ય વિક્રમસર્જક અભૂતપૂર્વ વિજય, ઐતિહાસિક જીત, પ્રચંડ જનાદેશ બદલ ગુજરાતના નાગરિકોને હ્દયના ભાવ સાથે નતમસ્તક વંદન અને અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની છેલ્લા ૨૭ વર્ષની ભાજપની અડીખમ સરકાર, નિર્ણાયક સરકાર, સંવેદનશીલ સરકાર, વિકાસશીલ સરકાર, પારદર્શક સરકાર, પ્રજાભિમુખ સરકાર, જનતાની સરકાર, આપણી સરકાર, ભરોસાની સરકાર, કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સંપૂર્ણ સફળ સરકાર, જનસેવાને પ્રભુસેવાના કર્તવ્ય સાથે કામ કરતી સરકાર, જન કલ્યાણની અનેક યોજનાઓનો સફળતાપૂર્વક અમલવારી સાથેની આપણી સરકાર, બહુ જન હિતાય બહુ જન સુખાયથી ઉપર ઉઠીને સર્વ જન હિતાય, સર્વ જન સુખાય માટેની આ ભારતીય જનતા પાર્ટીની ભરોસાની સરકાર, પારદર્શકતાવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર, સંવેદનશીલ નિર્ણયની ભારતીય જનતા પાર્ટીની સરકાર, સમાજના તમામ વર્ગોના સર્વાંગી વિકાસવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારની પરિણામલક્ષી કામગીરીના કારણે દલિત, શોષિત, પીડિત, વંચિત, કિસાન, મજદૂર, આદિવાસી સમાજ, ઓ.બી.સી. સમાજ, ગરીબ વ્યકિતઓના છેવાડાના માનવીના ઉત્કર્ષ માટેની, નવા શિક્ષણની વર્ષ ૨૦૨૦થી નવી નીતિના અમલ માટે, યુવાનોના વિકાસ માટે, મહિલા સશક્તિકરણ માટે, વૃદ્ધો અને બાળકોના કલ્યાણ માટે, અસંગઠિત ક્ષેત્રના કામદારની રોજી રોટી માટે, જીવ દયા માટે, પશુપંખીના જતન માટે, પર્યાવરણ બચાવવા માટે, આત્મનિર્ભર ભારત અને ગુજરાત બનાવવા માટે, રોજગારી આપવા ગુજરાતમાં વધુમાં વધુ રોકાણકારો ઉદ્યોગ સ્થાપે તે માટેની આ કામગીરીઓ કરીને ભાજપની સરકારે સૌથી વધુ લોક જન સમર્થન પ્રાપ્ત કર્યું છે ત્યારે પ્રજાલક્ષી કાર્યો આજે સમગ્ર ગુજરાતની અંદર (વચ્ચે અટકાવતા )...

અધ્યક્ષશ્રી : શ્રી પૂર્ણેશભાઇ, એક સેકન્ડ ઊભા રહો.

શ્રી હેમંત આહીર: આપના દ્વારા માનનીય સભ્યશ્રીને વારંવાર કહેવા છતાં પણ (વચ્ચે અટકાવતા)

અધ્યક્ષશ્રી : શ્રી પૂર્ણેશ ભાઇ, એક મિનિટ, તેઓ એમ.એલ.એ. છે, એમનો વાત કરવાનો અધિકાર છે. આપ શું કહેવા માગો છો? આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી હેમંત આહીર: જી. માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે? જરા મને સમજાવો?

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા

શ્રી હેમંત આહીર: માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા વારંવાર કહેવા છતાં પણ ભારતીય જનતા પાર્ટીનું જાણે ગુણગાન ગાવા માટે જ આ સત્ર બોલાવ્યું હોય એ રીતની વાત થઈ રહી છે. (સતત ઘોંઘાટ) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો શું છે? તે મને સમજાવો?

શ્રી હેમંત આહીર: આજે રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આપણી આભાર દર્શન પ્રસ્તાવ કરવાની વાત હતી ત્યારે ( સતત ઘોંઘાટ) (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ, જરા શાંતિ રાખો. તેઓશ્રી વાત કરે છે એમને વાત કરવા દો. તેઓ ધારાસભ્યશ્રી છે, નવા છે, પહેલી વખત આવ્યા છે એમને વાત કરવાનો અધિકાર છે, એ વાત કરી શકે છે.

શ્રી હેમંત આહીર: વારંવાર રેવડી શબ્દપ્રયોગ થાય છે, કેટલા મતોથી ધારાસભ્યશ્રીઓ ચૂંટાયા (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : નહીં, રેવડીવાળા શબ્દ અંગે મેં કહ્યું છે કે આવો ઉલ્લેખ કરવો નહીં. પછી બીજી વખત રેવડી શબ્દ બોલ્યા નથી. સભ્યશ્રી, અત્યારે રેવડી શબ્દનો તમારે ઉલ્લેખ કરવો નહીં અને બીજી વાત જયાં સુધી છે ત્યાં સુધી જો તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર ટેકનિકલ હોય તો મને કહો? રાજયપાલશ્રી જે બોલ્યા છે તે અંગે એમણે એવું કહ્યું છે કે મારી સરકારે આટલાં આટલાં કામ કર્યાં છે. એક મિનિટ, તમે જરા મારી વાત સાંભળશો? હું બોલું છું ત્યાં સુધી તમે વચ્ચે નહીં બોલી શકો. પછી હું તમને પૂરતું રક્ષણ આપીશ. ગર્વનરશ્રીએ જયારે એમ વાત કરી છે કે મારી સરકારે આટલું આટલું કામ કર્યું છે એમનો આભાર માનવાનું સભ્યશ્રી કામ કરે છે, ત્યારે એ સરકારના ગુણગાન કરી શકે છે. એમાં આપણે આ કામ કરતા રોકી નહીં શકીએ. હા, બાકી બધાનું ટીકા કરવાનું કામ કે બિનસંસદીય શબ્દો ન બોલાય તેનું હું બિલકુલ ધ્યાન રાખીશ અને એવું હશે તો હું રોકવાનું કામ કરીશ. જયારે આ બાબતે રાજ્યપાલશ્રીએ વાત કરી છે એના પરિપેક્ષ્યમાં તમને લાગતું હોય કે આની મારે આટલી ટીકા કરવી છે તો એ જે પ્રવચન કર્યું છે એના આનુષંગિક આપ પણ વાત કરી શકશો એનો પણ આપને અધિકાર છે. તમારે બોલવું હોય તો નામ મને આપો હું બોલવા માટેની મોકળાશ પણ તમને આપીશ. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. પ્લીઝ. આગળ ચાલુ કરો.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આજે મહામહીમ રાજ્યપાલશ્રીએ પહેલા જ પાના ઉપરની ગુજરાતની જનતાના ઐતિહાસિક ચુકાદાની જ હું વાત કરતો હતો. આજે સમગ્ર ગુજરાતમાં ૩ કરોડ ૪૭ લાખ લોકોને કોરોનાના કારણે છેલ્લા ત્રણ વર્ષમાં રૂપિયા ૧ હજાર ૪૧ કરોડના ખર્ચે મફત અનાજ આપણી સરકારે પૂરું પાડયું છે. સમગ્ર ગુજરાતમાં ૧૨ કરોડ ૭૭ લાખ ૨૫ હજાર ૭૫૭ વ્યકિતઓને આપણે બે ટાઇમ રસી અને બુસ્ટર ડોઝ મફતમાં આપીને આરોગ્ય ક્ષેત્રે ઉત્તમ સેવા કરી છે. સમગ્ર ગુજરાતમાં ૬૩ લાખ ૪૩ હજાર ખેડૂતોને કિસાન સન્માન નિધિમાં ૧૨ હપ્તામાં રૂપિયા ૧૨ હજાર ૫૩૪ કરોડ સીધે સીધા ખાતામાં આપ્યા છે. આપણે સમગ્ર ગુજરાતમાં ૩ લાખ ૯૮ હજાર ૮૬૬ ગરીબ વ્યકિતઓને રૂપિયા ૪ હજાર ૭૮૬ કરોડના ખર્ચે આવાસ પૂરા પાડ્યા છે. આજે આપણે સમગ્ર ગુજરાતમાં ૧,૬૦૪ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરીને ૧,૬૬,૬૧,૧૩૮ લાભાર્થીને રૂપિયા ૩૬,૮૦૦ કરોડની સીધેસીધી સહાય કોઈપણ વચેટિયા વગર ગરીબ કલ્યાણ મેળા મારફતે આપણે ગરીબોના ઉત્કર્ષ માટે આપ્યા છે. સાહેબ, સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સેવા સેતુના માધ્યમથી ૨,૪૩,૫૫,૪૩૪ લાભાર્થીઓને ૮ તબકકામાં અનેક પ્રમાણપત્ર એક દિવસમાં સીધેસીધા હાથમાં આપ્યા છે. આજે આખા ગુજરાતમાં ૩૮ લાખ જેટલી બહેનોને આપણે મફતમાં ગેસ સિલિન્ડર આપીને માતા બહેનોને રસોઇમાં પોતાની આંખ અને ફેફસાના સ્વાસ્થ્ય સુધારવા માટે સીધેસીધા આપણે આપી રહ્યા છીએ. આજે સમગ્ર ગુજરાતમાં લાખો યુવાનોને આત્મ નિર્ભર યોજના હેઠળ લાખો રૂપિયાની લોન આપવામાં આવી છે. આજે સમગ્ર ગુજરાતમાં પી.એમ.જે.વાય. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ૫ લાખ રૂપિયા સુધીનું રક્ષા કવચ ૧ કરોડ અને ૬૫ લાખ જેટલા આયુષ્યમાન ભારત કાર્ડ આપણે લોકોના હાથમાં સીધેસીધા આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ૯૧,૭૩,૩૭૮ કુટુંબોને શુદ્ધ પીવાનું પાણી આપણે નલસે જલ યોજના હેઠળ આપ્યું છે. સાહેબ,આપણે કોમી તોફાનો કાબુમાં લાવ્યા છીએ. ઘેરઘેર નર્મદાના નીર પહોંચાડ્યા છે. ગુજરાતને દેશનું મેડિકલ હબ બનાવ્યું છે. ગુજરાતને દેશનું ડિફેન્સ હબ બનાવ્યું છે. ગુજરાતને આકર્ષક ટુરિઝમ ડેસ્ટીનેશન બનાવ્યું છે. ભૂકંપ બાદ કચ્છનું પુનઃવસન કર્યુ છે. સરદાર સરોવર ડેમ પૂર્ણ સ્વરૂપે સાકાર બન્યો છે. અમદાવાદમાં વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું ભારતીય જનતા પાર્ટીના શાસનમાં નિર્માણ થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ભારતમાં રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. રશિયા અને યુક્રેન યુદ્ધ વખતે ભારતના તિરંગાનું સન્માન અને મોદી સરકારનું સન્માન કે આપણે ૨,૫૦૦ વિદ્યાર્થીઓને માદરે વતન પરત લાવ્યા છીએ. ગુજરાતનાં શહેરોમાં આજે મેટ્રો રેલ કાર્યરત છે. સમગ્ર હિન્દુસ્તાનમાં બુલેટ ટ્રેનનો પ્રથમ લાભ આપણા ગુજરાતથી શરુ થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં આસ્થાનું પ્રતિક અંબાજી ગબ્બર, સોમનાથ, બેટ દ્વારકા, માધવપુર, કૃષ્ણ રુકમણી મંદિર, પાવાગઢ આ મંદિરોનો જીર્ણોદ્ધાર અને પુનઃસ્થાપનનું કામ કરીને ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. સાહેબ, સમગ્ર દેશની બોર્ડરમાં સાહેબ આપના વિસ્તારમાં...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થાય છે. એક મિનિટમાં તમે પૂરું કરી દો.

## તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા

શ્રી પૂર્ણેશ મોદીઃ જી સાહેબ. એક મિનિટ. સાહેબ, સમગ્ર ગુજરાતમાં આપણે અમૃતસર, પંજાબના વાઘા બોર્ડરની જેમ સીમાદર્શનના માધ્યમથી યુવાનોમાં દેશભક્તિના સંસ્કારોનું સિંચન થાય. સાહેબ, તોફાનો અને કોમી હુલ્લડોથી કર્ફ્યુ મૂક્ત કરીને ભાજપના શાસનમાં શાંતિ, સલામતી અને સમૃદ્ધિ એ ભાજપની સરકારની પહેચાન બની છે. ટ્રાફિક સમસ્યા ઘટાડવા રેલવે ફાટક મૂક્ત ગુજરાત અભિયાન ચલાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુંડા રાજ, ભૂ-માફિયા રાજ, દાઉદ ગેંગના માફિયાનો સફાયો કરીને આ ભારતીય જનતા પાર્ટી જનતાનું શાસન લાવવામાં સફળ રહી છે ત્યારે માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવને સાહેબે જે પ્રમાણે મહામહીમ રાજયપાલે અમૂલ્ય પ્રવચનમાં ગુજરાતે જે ઊંચાઇઓ સર કરી છે તેની પ્રશંસા કરી છે. હું મહામહીમ રાજયપાલનો હૃદયપૂર્વક આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી અભેસિંહભાઇ તડવી. (અંતરાય) એક મિનિટ. માનનીય અભેસિંહભાઇ, આપ બેસો. માનનીય રમણભાઇ

શ્રી રમણલાલ વોરાઃ પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે સાહેબ. સત્રની શરૂઆતમાં જ શ્રી અર્જુનભાઇએ છેલ્લે એવું કહ્યું હતું કે અમે પાંચ લોકો છીએ. એટલે સત્તરે પત્તર તો ફાડી, પણ ૧૨ લોકો એમના જવાના છે. એટલે કાલે અમારી પાર્ટી કે અમારા નેતાઓની સામે કોઇ આરોપનામું ન મૂકે. અમે કોઇને લેવા માગતા નથી. અને સત્તર એમના, કારણ કે હજુ સુધી એમના નેતા નક્કી નથી. એટલે સાચવી રાખે એવી સાહેબ, મારી એમને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એટલે માનનીય રમણભાઇ, મારે એવું સમજવું કે એમણે માહિતી આપી એ ખોટી આપી છે કે પછી એમને ત્યાંથી એટલા સભ્યો નથી એવું નકકી કર્યું એ માટેનું તમે ક્લેરિફિકેશન કર્યું છે. એટલે માત્ર પાંચ છે. એટલે એમણે માહિતી ખોટી આપી છે, એવું હું ન સમજું. એમણે માહિતી સાચી આપી છે એવું સમજું. ચાલો આગળ. માનનીય અભેસિંહભાઇ.

શ્રી અભેસિંહ તડવી (સંખેડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પર આ ગૃહના માનનીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી સાહેબે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત આ ગુજરાતમાં સન ૧૯૮૫ પછી ભારતીય જનતા પાર્ટીના અમારા નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ, અમારા શ્રી અમિતભાઇ શાહ સાહેબ, અમારા શ્રી જે. પી. નડ્ડા સાહેબ અને અમારા પેજ કમિટીના પ્રણેતા આદરણીય સી. આર. પાટીલ સાહેબ અને અમારા આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની વ્યુહ રચનાથી આ કોંગ્રેસનો સફાયો થયો છે. તે બદલ હું આ ગૃહના તમામ સભ્યોને અભિનંદન આપું છું. આપની અધ્યક્ષ તરીકે વરણી થઇ છે તે બદલ આપને વંદન કરું છું. ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઇ સાહેબને પણ હું અભિનંદન આપું છું અને અમારા નવા ચૂંટાયેલા ધારાસભ્યો છે તે આ લોકશાહીના મંદિરમાં સાચી અને લોકોની વાત મૂકે એમને પણ હું અભિનંદન આપું છું. પહેલી વખત શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર એક વર્ષ પહેલા આવી અને નવું મંત્રી મંડળ બન્યું ત્યાર પછી કેટલાક લોકોને સળવળાટ ઊભો થયો હતો. ગમતું નહોતું, અને ગામે ગામ અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારું મંત્રી મંડળ, હું વિધાનસભાના ફ્લોર પર બોલ્યો હતો કે આવનારા વખતમાં તમારી સંખ્યા કેટલી ઘટશે એ મને સમજાતું નથી. એવું હું બોલેલો, અને આ હકીકત આજે પુરવાર થઇ છે. જે લોકોના દિલમાં જેણે જગ્યા લીધી છે એવા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇને હું અભિનંદન આપું છું. હું અભિનંદન એટલા માટે આપું છું કે વિધાનસભાની અંદર અમારા આદિવાસી સમાજનાં ૫,૮૭૨ ગામડાં આવે, આબુ થી ઉંમરગામ સુધીની વસતિ આવે, ૧૫ જિલ્લા આવે, ૯૦ લાખની વસતિ આવે, ત્યારે કોંગ્રેસે ૫૦ વર્ષ રાજય કર્યું હતું અને એમણે પીવાનું પાણી અને રસ્તો પણ નહોતો આપ્યો. જયારે અમારી સરકાર બની ત્યારે, વર્ષ ૧૯૯૫માં કેશુભાઇની સરકાર બની, એક દાખલો આપું છું. અમને તો ખબર છે, પણ જેમને ખબર નથી, ગામડાંમાં વરસાદ પડે અને કોઇના ઘેર બેસવા જવું હોય તો પહેલા ડોલનું પાણી લેવું પડતું હતું. આ બધાને ખબર હશે કારણ કે કીચડ હોય, લોકોને મળવા કે બેસવા જવાનું હોય ત્યારે આ સ્થિતિ હતી. શ્રી કેશુભાઇની સરકાર બની અને પછીથી ગામડામાં રસ્તા, વીજળી, પાણી આ બધું ત્યારથી શરૂ થયું છે. આ કોઇને ખબર ન હોય તો એમને ખબર પડવી જોઇએ. અત્યારે સાફ સફાયો કરી દીધો છે. આખા દેશમાં મોદી સાહેબને આદિવાસી સમાજના મસીહા તરીકે અમારે કહેવું છે, સન ૨૦૦૬માં હું જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિનો ચેરમેન હતો અને તે વખતે આદરણીય મોદી સાહેબ જયારે વનબંધુ કલ્યાણ યોજના માટે કલમ ૪૪ હેઠળ અહીં નિવેદન લઇને આવ્યા હતા ત્યારે એમણે કહ્યું હતું કે મારા આદિવાસી સમાજને રસ્તો નથી, છેવાડાના માનવીને પાણી નથી મળતું, એને રસ્તો મળતો નથી, એને સ્કૂલ મળતી નથી, આ બધું જયારે એમણે નક્કી કર્યું અને કહ્યું કે મારે આ માટે પેકેજ જાહેર કરવું છે. અને ત્યારથી ૧ લાખ કરોડ રૂપિયા વપરાઇ રહ્યા છે અનેશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને હું અભિનંદન આપું છું કે આદિવાસી સમાજની જો કોઇએ ચિંતા કરી હોય તો એમણે કરી છે અને ૧ લાખ કરોડ રૂપિયા રસ્તા પાણી અને વીજળી માટે આપ્યા છે. મારે એમને અભિનંદન આપવા છે. અમારો આદિવાસી સમાજ શિક્ષણમાં પણ પાછળ હતો. એમાં પણ અત્યારે અમારો સમાજ આગળ આવ્યો છે. અમારી જંગલની જે જમીનો હતી તે વખતે અમારા શ્રી ગણપતભાઇ મંત્રી હતા ત્યારે એમણે ૯૫,૫૭૭ દાવા મંજૂર કર્યા અને આદિવાસી સમાજને જંગલોની જમીન આપી અને મારો આદિવાસી ખેડૂત ખેતી કરતો થયો છે. આ પુરાવો છે. આ લોકોને દેખાતું ન હોય એટલે કંઇ ખબર પડતી નથી. ગુજરાતમાં બિરસા મૂંડા ટ્રાયબલ યુનિવર્સિટી, ટ્રાયબલ મ્યુઝિયમ, શિક્ષણમાં એકલવ્ય મૉડેલ સ્કૂલ, અને ધોરણ ૬ થી ૧૨ સુધીની વિદ્યાર્થીઓને

મફત શિક્ષણ. આ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી આખી સરકારને અભિનંદન આપવા પડે કારણ કે એમણે આદિવાસીભાઇઓની ચિંતા કરી છે. અભિનંદન એટલા માટે આપવા છે કે ૨૭ માંથી ૨૩ સીટો અમારી આવી છે. આશ્રમશાળા હોય કે બિરસામુંડા આદર્શશાળા હોય આ બધી સેવાઓ અમારા આદિવાસી સમાજ માટે થઇ છે. સમરસ છાત્રાલયની વાતો હોય , ભોજન સહાયની વાત હોય, અમારાં બાળકોના વિદેશમાં અભ્યાસ માટે ૧૫ લાખની મર્યાદામાં લોન આપવામાં આવે છે. અમારામાં ડોકટરો પહેલા થતા નહોતા, પરંતુ મોદી સાહેબને અભિનંદન આપવા પડે કારણ કે એમણે નવી નવી સાયન્સ કોલેજો ખોલી એને લીધે અમારી ૩જ્પ આદિવાસીની જગ્યાઓ મેડિકલની સંપૂર્ણ ભરાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાની વાત કરું તો મારા વિસ્તારની અંદર હિમાચલ પ્રદેશ જેવો વિસ્તાર છે પરંતુ અમારા શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, અમારા આદરણીય મોદી સાહેબ અને અમારા પંચાલ સાહેબને અભિનંદન આપવા પડે કે આદિવાસી વિસ્તારની અંદર નર્મદાને કાંઠે ચાર થી પાંચ કિલોમીટર પાર કરીને જવું પડતું હતું. ધનીચાબારી સાંકડી બારી ૧૪ કરોડ રૂપિયા સાકર રમતા માટે ૧૪ કરોડ રૂપિયા આપ્યા છે. બીજા હરકોર કુંડા આજે પણ અમને તકલીફ પડે છે, પરંતુ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન આપવા પડે. આ રસ્તાઓ મંજૂર થયા છે આદિવાસી પ્રજા ખોબલેને ખોબલે આજે સરકારને અભિનંદન આપે છે. આ વિષય ઉપર એટલા માટે ધ્યાન દોરું છું અમારે ૧૦૮ની સેવા જોઇતી નથી. ૧૦૮ની સેવા નરેન્દ્રભાઇ મોદીને કારણે આખા ગુજરાતમાં ફરતી થઇ છે. આ એક વિષય બન્યો છે લોકોને સમજાતું નથી પણ અમારા ગામડાંની અંદર અમે જઇએ ત્યારે અમારી વિધવા માતાઓ કહે કે અમારો દીકરો દિલ્હીમાં બેઠો છે આટલું બધું અનાજ આપ્યું છે. અમારો દીકરો તો કાઠીયાવાડમાં મજૂરી કરવા ગયો છે, પરંતુ અમારો દિલ્હીમાં બેઠેલો દીકરો અનાજ આપે છે. અમને સાથે સાથે ૧,૨૫૦ રૂપિયા આપે છે. આવું સાહેબ ૨૦૦ ગામડામાં પ્રવાસમાં ગયા ત્યારે લોકો આવું બોલે છે. વિકાસની વાતો જબરજસ્ત થઇ ગઇ છે. મોદી સાહેબે વાત કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે વિકાસની ઘણી બધી વાતો કરી છે. આપનો સમય પૂરો થાય છે.

શ્રી શંભુપ્રસાદજી ટુંડિયા(ગઢડા)) : માનનીય અધ્યક્ષશ્રી,૧૫મી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રના પ્રારંભમાં મહામહીમ આદરણીય રાજયપાલશ્રીએ ગૃહને સંબોધન કરવા બદલ આભાર પ્રસ્તાવ આ ગૃહના આદરણીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીએ રજૂ કર્યો છે અને સન્માનનીય સભ્યશ્રી અભેસિંહભાઇ તડવીએ જેને ટેકો આપ્યો છે તે પ્રસ્તાવના સમર્થન માટે સદનની અંદર હું ઊભો થયો છું.

મારે શરૂઆત કરતા પહેલા એક શ્લોક કહેવો પડે તેવી ઇચ્છા થાય છે.

સંપૂર્ણ કુંભો ન કરોતી શબ્દમ,
અર્ધો ઘટોઘોસપુતીનમ.

અર્થાત્ ઘડો પૂરો ભરેલો છે તે કયારેય છલકાતો નથી જયારે અડધો ઘડો હોય છે એ છલકાય છે.

વિદ્વાન કુલીનો ન કરોતી ગર્વમ
ગુર્ણેય વિહના બહું જલ્પયન્તી.

અર્થાત જે વૃક્ષ છે એને ફળ લાગે તો એ વૃક્ષ નમે છે અને ફળ પ્રજાને મળે છે અને ઘણા ફળ એવા હોય છે ઘણા વૃક્ષ એવા હોય છે કે તાડની જેમ વધે છે. કબીરજીએ એક સાખી કહી છે કે-

"પંછી કો છાયા નહિ ફળ લાગે અતિ દૂર,
બડો ભયો તો કયા ભયો તો જેસે પેડ ખજૂર"

અને એટલે ગુજરાતની જનતાએ જયારે વિકાસની રાજનીતિને નાગરિકોએ સ્વીકારી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારનાં કામોમાં પ્રજાએ ભરોસો પ્રસ્થાપિત કરેલો છે. આદરણીય માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકારની જનલક્ષી નીતિ ઉપર વિશ્વાસ મૂકી અને જનતાએ ભાજપની તરફદારીની અંદર મતદાન કર્યું છે અને એ મતદાનમાં આ સદનની ભારતીય જનતા પાર્ટીના ૧૫૬ જેટલા સદસ્યો બેઠકો સાથે ભાજપને ભવ્ય વિજય મળ્યો છે ત્યારે સાતમી વખત સાતત્યપૂર્ણ રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વની અંદર અમલમાં આવી છે, ત્યારે આદરણીય અભેસિંહભાઇએ પોતાની વાત કરી એમ મારે પણ મારા સંદર્ભના વિષયની વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૧૪માં સત્તાના સૂત્રો સંભાળ્યા અને દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીની સ્પષ્ટ બહુમતીવાળી સરકાર બની ત્યારે ગૌરવ સાથે કહેવું પડે છે કે દલિતોના, પીડિતોના, શોષિતોના મસીહા, મુક્તિદાતા એવા પરમપૂજ્ય ડો. બાબાસાહેબ આંબેડકર કે જેમણે આ દેશનું સર્વોચ્ચ બંધારણ બનાવ્યું છે એવા આદરણીય પૂ. ડો. બાબાસાહેબ આંબેડકર સાથે જે તે સમયે કોંગ્રેસ દ્વારા અનેક વખત અપમાનોની હારમાળા સર્જવામાં આવી હતી. સન ૨૦૧૪ની સરકાર બન્યા પછી પ્રથમ વખત જ્યાં ડો. બાબાસાહેબ આંબેડકરનો જન્મ થયો એ જન્મભૂમિ હોય, જે જગ્યાએ ડો. બાબાસાહેબ આંબેડકરે શિક્ષા લીધી એ શિક્ષાભૂમિ લંડન હોય, જે જગ્યાએ ડો.બાબાસાહેબ આંબેડકરે નાગપુરની ધરતીમાં દીક્ષા લીધી એ દીક્ષાભૂમિ હોય, જે જગ્યાએ ડો. બાબાસાહેબ આંબેડકરનું દિલ્હીના ૨૬ અલીપુર રોડ ખાતે મહાપરિનિર્વાણ થયું એ મહાપરિનિર્વાણ ભૂમિ હોય, જે જગ્યાએ ડો. બાબાસાહેબ

આંબેડકરને *(xxx) કારણે દિલ્હીની રાજધાનીની અંદર જગ્યા ન મળે અને મુંબઇમાં લઇ જવા પડે અને મુંબઇના દરિયાકિનારે એમની અંત્યેષ્ટિ કરવી પડે તે માટેની જે ભૂમિ હતી એ, આ પાંચે જગ્યા ઉપર શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણવાળી સરકાર બન્યા પછી આ દેશના દલિતોની નવી આશા અને ઉમંગની કિરણો એટલા માટે જાગૃત થઇ કે આ દલિતોના દેવ કે ભારતીય સંવિધાનના રચયિતા હતા પૂ. ડો. બાબાસાહેબ આંબેડકર તેમના પાંચે સ્થાનોએ નવીન નિર્માણ સાથે ભવ્ય અને દિવ્ય સ્મારકો બનાવવામાં આવ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે બાબાસાહેબ માટે સ્મારકો બનાવવામાં આવ્યા છે અને એટલે આજે જે પરિણામ દેખાઇ રહ્યું છે, સમાજની અંતિમ પંક્તિમાં બેઠેલો માનવી છે એ ચાહે દલિત, પીડિત, શોષિત હોય એ પરિવારોએ હૂંફ અને પ્રેમ સાથે ભારતીય જનતા પાર્ટીને સમર્થન કર્યું છે એટલે જે સરકાર બની છે તેમાં આપણાં દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે પ્રકારે બાબાસાહેબને..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કહેવાની વાતો તો ઘણી છે.

અધ્યક્ષશ્રી : હવે આપને ફરી મોકો મળશે.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : સભ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેનું સમર્થન કરું છું અને આપનો આભાર માની પ્રથમ વખત પહેલાં જ દિવસે આપે મને આ સદનમાં બોલવાનો અવસર આપ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી, સૌ મંત્રીશ્રીઓ અને સૌ સભ્યશ્રીઓને અભિનંદન સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ઉપરથી (xxx) આ શબ્દ રદ કરવામાં આવે.

શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા(દેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભાના આજે પ્રથમ દિવસના સત્રમાં જ્યારે મારી વાત મૂકવાનો સમય મળ્યો છે ત્યારે હું જે વિસ્તારમાંથી આવું છું અને જે સમાજમાંથી આવું છું ત્યાં સૌનો સાથ અને સૌનો વિકાસની વાતો અમને ગળે ઉતરતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા આઝાદીના ૭૫ વર્ષે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઇ રહ્યો છે ત્યારે આદિવાસી વિસ્તારોમાં ઘણાં મોટા પાયે ગૌરવયાત્રાઓ પણ કાઢવામાં આવી હતી. અમારા વિસ્તારમાં હું જે વિધાનસભામાંથી આવું છું એ દેડિયાપાડા વિધાનસભામાં ૩૦૫ ગામડાં આવે છે. સાડાત્રણ લાખની વસતિ છે પછી પણ ૧૯૮૬ના એક એક્સરે મશીન સિવાય આજ દિન સુધી એક પણ આધુનિક મશીન સરકારશ્રી દ્વારા અમને આપવામાં આવ્યું નથી. અમારે નાની મોટી બીમારી થાય છે, ડિલિવરીના પ્રશ્નો ઉપસ્થિત થાય છે, ત્યારે અમારે અંકલેશ્વર, ઝઘડિયા, ભરૂચ અને વડોદરા તરફ જવું પડે છે અને અનેક હાલાકીનો સામનો કરવો પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીએ છીએ ત્યારે આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી મોદી સાહેબે અમારા વિસ્તારમાં 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનની શરૂઆત કરી હતી. આજે એ ગામોની પરિસ્થિતિ એવી છે, આજે અમારા વિસ્તારમાં ૨૯ પ્રાથમિક શાળાઓ એવી છે કે ત્યાં એક જ શિક્ષક આખી શાળાનું સંચાલન કરે છે. ઘણી શાળાઓ એવી છે જ્યાં ઓરડાઓ જર્જરિત હાલતમાં છે. આગળ મિત્રોએ જે નલ સે જલની વાત કરી હતી તેમાં અમારા વિસ્તારમાં ૪૦૦ કરોડ રૂપિયાનાં કામો થયેલાં છે. તેમાં ૩૬૦ કરોડ રૂપિયાની બોરદા યોજના-પાણી પુરવઠા યોજના બનેલી છે. તેમાં ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે દરેક ગામોમાં નળનું ફિટિંગ તો થઇ ગયું છે પણ આજ દિન સુધી નળમાંથી પાણી નીકળ્યું નથી. અમારા વિસ્તારની સિંચાઇની વાત કરીએ તો એક બાજુ નર્મદા ડેમમાં અમારા ૧૫૬ ગામો વિસ્થાપિત થયેલા છે એક બાજુ કડાણા ડેમ આદિવાસી વિસ્તારમાં બનેલો છે, ઉકાઇ ડેમમાં અમારા ગામડાં વિસ્થાપિત થયેલા છે. આજે અમારા વિસ્તારમાં જો સૌથી વધારે ઝઘડા બહેનોના થતા હોય તો એ સવારે પીવાના પાણીના ઝઘડા થાય છે. નર્મદા ડેમના નામે સરકારશ્રી જયારે યશ લેતી હોય અને અમે કચ્છ અને સૌરાષ્ટ્રમાં ૪૦૦ થી ૫૦૦ કિલોમીટરે પાણી પહોંચાડવાની વાત કરતી હોય તો અમે સરકારશ્રીને કહેવા માગીએ છીએ કે નર્મદા ડેમની બાજુમાં એક-બે કિલોમિટર દૂર માથાસર ગામ છે, એની બાજુમાં કણજી ગામ છે ત્યાં પણ લોકોને પીવાના પાણીના ફાંફાં પડે છે. બેરોજગારીની વાત કરીએ, અમારા વિસ્તાર અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત છે, ભરૂચ ઔદ્યોગિક વસાહત છે, દહેજ ઔદ્યોગિક વસાહત છે, ત્યાં સવારે રોજગારી માટે અસંગઠિત શ્રમિકોનો મેળો ભરાય છે. રોજના છ થી સાત હજાર લોકો ભરૂચની ચોકડી ઉપર રોજગારી માટે સવારે ઉપસ્થિત થાય છે.

અધ્યક્ષશ્રી:માનનીય ચૈતરભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી ધવલસિંહ ઝાલા (બાયડ): માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૫૬ સીટો પ્રાપ્ત કરી છે તે બદલ હું તેમને ખુબ ખુબ અભિનંદન પાઠવું છું. ''ન ભૂતો ન ભવિષ્યતિ'' હું માનું છું ત્યાં સુધી આવું પરિણામ માનનીય સી.એમ. સાહેબ, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને માનનીય અમિતભાઇ શાહ સાહેબ છે ત્યારે જ આ શક્ય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું આપને કે જે પ્રકારે અરવલ્લી જિલ્લાની અંદર ખૂબ સારા પ્રમાણમાં રસ્તાઓનું જે નિર્માણ થવું જોઇએ તો મારા મતવિસ્તારમાં ખૂબ સારા પ્રમાણમાં રસ્તાનું નિર્માણ પણ થયું છે. કેટલાય વર્ષોથી શિક્ષણથી વંચિત મારો તાલુકો બાયડ અને માલપુર છે એ તાલુકાની અંદર પણ આજે શિક્ષણ માટે આર્ટસ કોલેજની રચના જો કોઇએ કરી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને હું એવું સ્પષ્ટપણે માનુ છું કે આ સરકારે શિક્ષણની નીવ રોપવાનું કામ કર્યું છે. સાથે એ મારી દિલથી માગણી પણ છે અને રજૂઆત પણ છે કે બાયડ તાલુકાની અંદર કોમર્સ કોલેજ હોય, એક સાયન્સ કોલેજ હોય અને માલપુર તાલુકામાં પણ એક આર્ટસ અને કોમર્સ કોલેજનું નિર્માણ થતું હોય તો હું માનું છું કે ગામડાના છેવાડાના વ્યકિતને કયાંય દૂર સુધી ભણવા જવું ન પડે. ગરીબ સમાજ છે ત્યાં એ ગરીબ સમાજના વર્ગને ભણવા માટે જે મુશ્કેલી પડે છે અને ખાનગી કોલેજોમાં ભણવા જવું પડે છે તે ના જવું પડે. બીજી વાત કરું તો હું આભાર માનુ છું ભારતીય જનતા પાર્ટીની સરકારનો કે સન ૨૦૨૦ની અંદર મને યાદ છે કે એક રજૂઆત હતી કે માલપુર તાલુકાના, મેઘરજ તાલુકાના પાણીથી વંચિત જે તળાવો છે એ તળાવોની અંદર ૧૭૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવાની હતી ત્યારે એક રજૂઆત કરી અને રજૂઆત કર્યા બાદ મને યાદ છે ત્યાં સુધી એ ૧૭૦ કરોડથી પણ વધુ રકમના તળાવોની મંજૂરી આપી અને આજે માલપુર તાલુકામાં એ કામની શરૂઆત થવા જઇ રહી છે એટલે હું માનનીય ઋષિકેશભાઇનો પણ આભાર માનું છું કે એમણે એ વખતે પણ બહુ પોઝિટિવ વાત કરી હતી અને એના કારણે આજે માલપુર તાલુકાની જે સમસ્યા છે એ સમસ્યામાં ૮૦ ટકા રાહત થવાની તૈયારીમાં છે. બીજી અમારી એક રજૂઆત એવી છે કે આબોદરા, ઈન્દ્રાણ તાલુકાનો જે પટ્ટો છે એ પટ્ટાની અંદર પાણી ખૂબ નીચું છે. એમાં જલ સે નલ યોજના તો આવી ગઇ છે પરંતુ ત્યાં તળાવ અને ખેતીના કારણે જો બોર કરવો હોય તો ૩૦૦ ફૂટથી પણ નીચે જવું પડતું હોય છે એટલે મારી રજૂઆત છે કે એ કામ થાય. હું આપનો આભાર માનુ છું કે આપે મને બોલવાની તક આપી, આપનો ખૂબ ખૂબ આભાર. આપ અધ્યક્ષ તરીકે નિયુકત થયા છો એટલે આપનો પણ આભાર માનુ છું. ભારત માતા કી જય.

શ્રી મહેશભાઇ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં સત્રના પ્રારંભમાં મહામહીમ રાજ્યપાલશ્રીએ ગૃહને સંબોધન કરવા બદલ આભાર પ્રસ્તાવ આ સદનના આદરણીય સભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદીએ રજૂ કર્યો છે અને સન્માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીએ તેને ટેકો આપ્યો છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપ અધ્યક્ષ બન્યા છો એટલે અધ્યક્ષ તરીકે ચૂંટાવા બદલ આપને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આપે જે પ્રકારની વાત હમણા કરી, જે પ્રકારની તટસ્થતા દાખવી વિપક્ષના સભ્યોને સમજાવ્યા, હું માનું છું કે આપની દીર્ઘદષ્ટિ અને આપના વિચારોને વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચારો રજૂ કરતાં પહેલાં મારે એક વાત આપ સમક્ષ કરવી છે કે જે પ્રકારે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટી તાજેતરની ચૂંટણીમાં ૧૫૬ સીટો, ન ભૂતો ન ભવિષ્યતિ, ભાઇ ધવલભાઇએ કહ્યું એ પ્રમાણે ગુજરાતની જનતાએ પ્રેમ વરસાવ્યો છે. હું ગુજરાતની જનતાનો પણ આભાર માનું છું. ભારતીય જનતા પાર્ટીએ કોઇને હરાવ્યા નથી. પરંતુ ભારતીય જનતા પાર્ટીએ ગુજરાતની સાડા છ કરોડની જનતાનો વિશ્વાસ જીત્યો છે. એટલા માટે હું ફરી ફરી નતમસ્તક ગુજરાતની જનતાનો આભાર માનું છું. સ્વર્ગસ્થ મધુભાઇ ભુવા આ ગૃહના એક સભ્ય તરીકે હમણાં આપે જેનો ઉલ્લેખ કર્યો, મારા એ સ્વજન છે. સન ૧૯૯૦માં ચૂંટણી લડ્યા હતા અને ત્યારે સમાચારો એ આવતા હતા કે અમારા રાજુલામાં અને સાવરકુંડલાના વિસ્તારમાં આટલા બૂથ કેપ્ચર થયા, આટલી જગ્યાએ મારામારી થઇ. સન ૧૯૯૦ પછી અત્યાર સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારને, માનનીય મુખ્યમંત્રીશ્રીને, કાયદો અને વ્યવસ્થા સંભાળી રહેલા માનનીય ગૃહ મંત્રીશ્રીને ધન્યવાદ આપવા પડે કે સન ૨૦૨૨ની ચૂંટણીમાં એક પણ ઘટના ઘટી નથી. એક પણ બૂથ કેપ્ચર થવાના સમાચાર મળ્યા નથી. મારે ગૌરવ સાથે કહેવું પડે કે આપણું આ લોકશાહીનું પર્વ છે એમાં એક પણ બૂથ ઉપર ફરીથી મતદાન કરાવવાનો અવકાશ રચાયો નથી. હું ગુજરાતની જનતાને અભિનંદન આપું છું. શાંતિપ્રિય ગુજરાતની જનતાએ જે પ્રકારે આ લોકશાહીના પર્વની ઉજવણી કરી છે ફરીવાર એને ધન્યવાદ આપું છું. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલ વિકાસની રાજનીતિનો રાજ્યના નાગરિકોએ સ્વીકાર કરેલો છે. ભારતીય જનતા પાર્ટીની સરકારનાં કામોમાં પ્રજાએ ભરોસો પ્રસ્થાપિત કર્યો છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, દેશના ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારની જનલક્ષી નીતિ ઉપર વિશ્વાસ મૂકી જનતાએ ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મતદાન કરીને ૧૫૬ બેઠકો સાથે ભારતીય જનતા પાર્ટીને અભૂતપૂર્વ વિજયી બનાવી ૭મી વખત ૧૯૯૦થી કહું તો ૮મી વખત ભારતીય જનતા પાર્ટીમાં ભરોસો મૂકી અને ગુજરાતની જનતાની સેવા કરવા માટેનો અવસર આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ અંત્યોદયનો ઉલ્લેખ થતો હતો. મને યાદ છે કે જે પ્રકારે પંડિત દીનદયાલ ઉપાધ્યાયે જે નીતિ માટે જે પાર્ટીની સ્થાપના કરી. એમના શબ્દો મને યાદ આવે છે કે, કીસી મજબૂર કી મજબૂરીઓ કો સોચ કર દેખો, પ્રેમ કો ઝોંપડીઓ મેં પા કર દેખો. અગર ઈન્સાનિયત કો ધરતી પર લાના હૈ તો કીસી ગરીબ કે આંસુઓ કો પોંછ કર દેખો. ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ૨૭ વર્ષથી ગરીબોના આંસુ લૂછ્યા છે એટલા માટે જનતાએ આશીર્વાદ આપ્યા છે. ઉપર આકાશ નીચે ધરતી આશ્રય વિહોણા રહેતા ગુજરાતના લોકોને માનનીય પૂર્ણેશભાઇએ ઉલ્લેખ કર્યો એના આંકડામાં હું નથી પડવા માગતો પણ એને ઘર આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. સંવેદનાની રાજનીતિથી ભરપૂર એવી ભારતીય જનતા પાર્ટીએ જનપ્રજાલક્ષી નીતિના કારણે અનેક લોકોને પોતાના ઘર આપ્યા છે. એના સ્વપ્નોને સાકાર કર્યા છે. રાજ્ય સરકારે રાજ્યનો અવિરત વિકાસ, રાજ્યના છેવાડાના ગરીબ, આદિવાસી, દલિત, શોષિત સૌ કોઇના કલ્યાણ માટેની યોજનાઓનો અસરકારક અમલ કર્યો છે. હું મહામહીમ રાજ્યપાલશ્રીનો આભાર માનું છું કે, દરેક યોજનાઓનો ઉલ્લેખ એમણે એમના

પ્રવચનમાં કર્યો છે. મારે વાત કરવી છે કે આ તમામ યોજનાઓના લાભ રાજ્યના દરેક નાગરિકને મળે છે. ચાહે ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં હોય, ભારતીય જનતા પાર્ટીના લોકો હોય, પ્રતિપક્ષના લોકો હોય, હમણાં અભેસિંહભાઇએ ૧૦૮ની વાત કરી, કોંગ્રેસ પક્ષના લોકો પણ ઉપયોગ કરે છે. માનનીય રાજ્યપાલે એક બંધારણીય હોદ્દો ધરાવતી વ્યક્તિ આજે ગૃહની અંદર આવીને જે પ્રકારનું પ્રવચન કર્યું છે, હું એમ માનું છું કે આજે એનો વિરોધ શા માટે? પત્રકાર દીર્ઘામાં બેઠેલા લોકો ચિંતા કરતા હોય કે પ્રતિપક્ષ ન હોય તો શું થાય? પણ આજે જે પ્રકારનું ઉદઘાટન પ્રતિપક્ષે કર્યું છે ત્યારે હું એમ માનું છું કે ૭૩ માંથી ૧૭ બચ્યા છે, જે ઉદ્‌ઘાટન કર્યું છે એ જોતાં સન ૨૦૨૭માં કદાચ ૧૭ પણ નહીં હોય.

અધ્યક્ષશ્રી : માનનીય મહેશભાઇ, આપની વાત પૂરી થાય છે. આપે સારી વાત કરી. ખૂબ સરસ વિષય મૂક્યો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મહામહીમ રાજયપાલશ્રીએ જે સંબોધન કર્યું એના આભાર પ્રસ્તાવ ઉપર પૂર્ણેશભાઇએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો અને અભેસિંહભાઇએ એને ટેકો આપ્યો અને બાકી ધારાસભ્ય મિત્રોએ એને અનુમોદન પણ આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રી,આ વખતની વિધાનસભા એવી ઐતિહાસિક વિધાનસભા રહી કે પ્રજાએ તો આપણને જીતાડયા, પ્રજાએ ખૂબ મતો દ્બારા દરેક જગ્યાએ ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને અનુમોદન તો આપ્યું, પરંતુ જો મહત્ત્વનો કોઇ વિષય હોય તો સતત ૨૭ વર્ષથી ચાલતી આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫ થી ૨૦૨૨ સુધી એટલે ૨૭ વર્ષ સુધી સતત ચાલતી આ ભા.જ.પા. સરકાર ઉપર વારંવાર એના ઉપર વિશ્વાસ મૂકતી રહી છે. એના ઉપર વિશ્વાસ મૂકવાનું કારણ શું? પાંચ વર્ષ હોય સરકારો બદલાતી આપણે દેશભરમાં જોઇ છે. એક સરકાર હોય બીજી આવે, બીજી જાય ફરીથી પાછી એ આવે ક્રમશઃ એક પછી એક પક્ષોની સરકાર બદલાતી રહી છે. પરંતુ અહીંયા ગુજરાતની અંદર ૨૦૦૧ની અંદર અને ૨૧મી સદીની શરૂઆતમાં જ આદરણીય પ્રધાનમંત્રી મોદીસાહેબે જયારથી ગુજરાતનો પ્રભાર સંભાળ્યો, એના નેતા બન્યા, મુખ્યમંત્રી બન્યા અને પ્રજાને જે વિકાસના અંતિમ છોર ઉપર લઇ જવાની વાત છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવો, ઘરઘર સુધી વિકાસ પહોંચાડવો, નાનામાં નાની કોઇ મુશ્કેલીઓ હોય તો એ મુશ્કેલીઓ સમજી અને એ મુશ્કેલીઓનો હલ કરવો આ બધાના કારણે એક એવા પ્રકારનું એટમોસ્ફિયર ગુજરાતમાં આજે ઊભું થયું છે કે જેના કારણે ૧૫૬ સીટો આવી. આ વખતે કયાંય આપણને એવું લાગ્યું નથી કે કોઇ ઉન્માદ હોય, કોઇ પાર્ટીને જીતાડવા માટેનો ઉન્માદ જાગી ગયો હોય, પરંતુ જે સાઇલન્ટ વોટર છે, જેને લાભ મળ્યો છે, શાંતિ અને સલામતીના કારણે એ સારી રીતે પોતાનો ધંધો, વેપાર, ઉદ્યોગ કરી શકયો છે, જે સુખેથી ચેનથી પોતાની નીંદર, પોતાની ઉંઘ લઇ રહ્યો છે એવા તમામ મતદારો જયારે મત પેટી પાસે ગયા એટલે એમને કમળ સિવાય કંઇ જ દેખાયું નથી અને સીધી જ કમળ ઉપર આંગળી દબાવી. કોઇને પણ કલ્પના નહોતી. રાજકીય પંડિતો પણ, રાજકીય વિશ્લેષકો પણ કહેતા કે કોઇ ઉન્માદ નથી. કયાં થશે, શું થશે, એક્ઝિટ પોલ પણ આવતા હતા પરંતુ આટલી બધી સીટો ૧૮૨ સીટોની તો સી.આર. પાટીલસાહેબે વાત કરી હતી, પરંતુ કોઇને વિશ્વાસ નહોતો કે ૧૮૨ આવી શકે, પરંતુ ૧૫૬ એ સિદ્ધ કર્યું છે કે ૧૮૨ સુધી આ ભારતીય જનતા પાર્ટીની વિકાસની નીતિ, શાંતિ, સલામતીની નીતિ એ છેક સુધી પહોંચી શકે એ પ્રકારની સંભાવનાઓ ગુજરાતમાં ઊભી થઇ છે. આદિવાસી વિસ્તાર હોય, શહેરી વિસ્તાર હોય, ગ્રામીણ ખેતી જીવનને લગતા ખેડૂતોનો વિસ્તાર હોય દરેક જગ્યાએ લારી ગલ્લાવાળો, રેંકડીવાળો, ખેતમજૂર, ખેડૂત, નાનો વેપારી, ઉદ્યોગપતિ આ બધાની એક ચેઇન બનાવી અને દરેક જગ્યાએ પોતાની જગ્યાએ વ્યક્તિ અથવા તો જે સમૂહ સુધી પ્રત્યેક ઘર સુધી જન્મથી મરણની યોજનાઓ જો પહોંચાડવામાં સફળ રહ્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટી અને એના કારણે આજે ૧૫૬ જેવી સીટોથી આપણે અહીંયા બેઠા છીએ. ૧૭ જેટલા ભલે બચ્યા હોય પરંતુ એમને પણ હું અભિનંદન આપું છું કે એમનું કયાંક ને કયાંક સારું કામ પડયું હશે, લોકોએ જીતાડયા છે, પરંતુ લોકોએ જીતાડયા હોય ત્યારે મારી એમને પણ વિનંતી છે, ભલે અહીંયા ન હોય, એમને મારી શુભકામનાઓ છે કે આવતા સમયની અંદર લોકોના પ્રશ્નો ચોકકસ રજૂ કરે કેવળને કેવળ તર્કના આધારે અને ખોટી વાતોથી લોકોને ભ્રમિત કરવાનું કામ જે વર્ષો સુધી ચાલુ રહ્યું એમ વર્ષોવર્ષ સીટો ઘટતી રહી. મારે આવતા સમયની અંદર ભારતીય જનતા પાર્ટીની નીતિરીતિ અને જે પ્રકારની યોજનાઓ મુકાતી રહી છે. જળસંચયનો વિષય હોય, આરોગ્યનો વિષય હોય, શિક્ષણનો વિષય હોય, યુવાઓને સ્વાવલંબી રોજગારી આપવાનો વિષય હોય, કૌશલ્ય તાલીમ આપવાનો વિષય હોય, મહિલાઓ, યુવાનો આ તમામે તમામ વિષયમાં સરકાર કયાંય એક પણ ચૂક કર્યા સિવાય સારી રીતે લોકો સુધી પહોંચી શકી છે અને પ્રત્યેક ઘર સુધી પહોંચી શકી છે એ એસ્ટાબ્લીશ પણ થયું છે. માનું વાત્સલ્ય, માનું વાત્સલ્ય આપવાનું કામ પ્રધાનમંત્રી મોદી સાહેબે કર્યું છે. મા-કાર્ડ આપ્યું, લોકોની માગણી આવી અને કહ્યું અમે પણ ઓછી આવકવાળા છીએ. તેમને મા-વાત્સલ્ય કાર્ડ આપ્યું. અનેક લોકો બીમારી સમયે માંદગીમાં દેવાદાર થતા હતા. તેવા લોકોને બચાવવાનું કામ ગુજરાતથી ચાલું થયું. તેનો લાભ આજે આખો દેશ લઇ રહ્યો છે. પ્રત્યેક ઘર સુધી આરોગ્યની બાબતમાં પહોંચવાનું કોઇએ કામ કર્યું હોય તો પ્રધાનમંત્રી મોદી સાહેબે અહીંથી કર્યું અને જયારે પ્રધાનમંત્રી બન્યા ત્યારે તે વખતે આજે આખા દેશને પી.એમ.જે.વાય. એટલે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ આખા દેશને મળતો થયો. એટલે પી.એમ.જે.વાય.ની સાથે મા શબ્દ જોડી આપણે લાભ આપવાનું ચાલુ કર્યું. આજે પી.એમ.જે.વાય. કાર્ડનો લાભ આપણે ૧ કરોડ ૬૮ લાખ લોકોને આપી ચૂક્યા છીએ. જે લોકો પાસે મા-કાર્ડ અને મા-વાત્સલ્ય કાર્ડ છે તેની સારવાર અટકાવી નથી. તેને પણ લાભ આપવાનું કામ ચાલુ રાખ્યું છે. તેને પી.એમ.જે.વાય. કાર્ડની અંદર કન્વર્ટ કરવાનું કામ ખૂબ ઝડપથી ચાલુ કરી રહ્યા છીએ. એન.એફ.એસ.એસ. વાળા કાર્ડ જેમની પાસે છે તેમને પણ સીધેસીધું આ કાર્ડ મળે તે પ્રકારની વ્યવસ્થાઓ પણ

આપણે પૂરી કરી છે. કિડની ડાયાલીસીસ સેન્ટર માટે શહેરોમાં દૂર દૂર જવું પડતું હતું. અત્યારે પ્રત્યેક તાલુકાએ કિડનીની તકલીફ ધરાવતો માણસ સીધો જ પોતાના તાલુકામાં ૨૫ થી ૩૦ કિલોમિટરના અંતરે જઇ ડાયાલીસીસ કરાવી શકે તે પ્રકારે આખા રાજ્યમાં રાજ્યવ્યાપી સુવિધા કરી છે. એટલું જ નહીં પરંતુ કોઇ એક જગ્યાનો માણસ પ્રવાસ દરમ્યાન બીજી જગ્યાએ હોય તો ત્યાં વન રેશન વન કાર્ડવાળી જે યોજના છે તેવી જ આ યોજના આપણા રાજ્યમાં લાગુ કરી છે. માનો કે કોઇ વિસનગરનો દર્દી હોય અને તે જામનગર ગયો છે અને જામનગરમાં ડાયાલીસીસ કરાવવાની જરૂર પડે તો ત્યાં જ કરાવી શકે તે પ્રકારની ડાયાલીસીસ કરવાની સિસ્ટમ આપણા ત્યાં ઊભી થઇ છે. કેન્સરના દર્દીઓ માટે જે કિમોથેરાપીની સારવાર આપવાની હોય છે તે પણ પ્રત્યેક જિલ્લા સુધી આપણે પહોંચાડી શક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જયારે મિશન ઇન્દ્રધનુષની અંદર પણ સગર્ભા બહેનો અને બાળકોને ધનુર, ઝેરી કમળો, પોલિયો, ક્ષય, ડિપ્થેરિયા, ઉટાંટિયો, રીપ બેક્ટેરીયાથી થતો ન્યુમોનિયા તેમજ મગજના તાવ જેવા રોગો, ઓરી, રૂબેલા જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક રસી આપવામાં આવી રહી છે. જેના પરિણામે આજે બાળ મૃત્યુદરનું પ્રમાણ વર્ષ ૨૦૦૧ માં ૬૦ હતું તે આજે ૨૫ પર પહોંચ્યું છે. માતા મૃત્યુદર વર્ષ ૨૦૦૧ માં ૧૭૨ હતો તે ઘટીને આજે ૭૫ નો થયો છે. એટલું જ નહીં પણ આદરણીય મોદી સાહેબે આપણને જે વેક્સિન આપી છે તે વર્લ્ડ બેસ્ટ વેક્સિન છે. સ્વદેશી વેક્સિન છે. પહેલાં તો વર્ષો પછી દુનિયામાં શોધાયેલી વેક્સિન લાવતા હતા અને તે આવતાં આવતાં ૨૫ થી ૩૦ વર્ષ થતાં હતાં. આજે કેવળ છ મહિનાની અંદર ગુણવત્તાયુકત વેક્સિન આપી દેશને બચાવવાનું કામ આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબે કર્યુ છે. તબક્કાવાર અને બિલકુલ કાર્યક્રમ મુજબ અને મને તો ઘણી વખતે વિચાર આવે છે કે, આવી ઘાતક પરિસ્થિતિની અંદર આદરણીય મોદી સાહેબ ન હોત તો આપણા દેશની હાલત શું થઇ હોત? રોટી રમખાણો થયા હોત સાહેબ, રોટી રમખાણો થયા હોત. ફ્રી રાશન આપ્યું તેના કારણે ભલે તે સમયે તેના હાથમાં ધંધો ન હોય પરંતુ તે સમયે પોતાનાં બાળકો, મા-બાપને ચૂલો સળગાવીને રોટલો આપવાનું અને તેને બચાવવાનું કામ કરી શક્યા છીએ. તેના માટે પ્રધાનમંત્રી મોદી સાહેબનું નામ આવતા સો વર્ષ સુધી ૨૧ મી સદીમાં સુવર્ણ અક્ષરે લખાશે. અત્યારે આપ ચાઇનાની અંદર જુઓ. આજે અમેરિકાની અંદર કોવિડના ગંભીર પ્રકારના કેસીસ છે. બ્રિટનનની અંદર પણ છે. ચાઇનામાં તો હમણા આઇએચએમઇ દ્વારા એક સર્વેક્ષણ આવ્યું છે કે, આવતા સમયની અંદર ચાઇનાના ૯૦ ટકા લોકો આ કોવિડના ભરડામાં આવી શકે તેમ છે અને તેવી સંભાવનાઓ વ્યક્ત થઇ છે. આજે ભારતની અંદર બધા જ ખુલ્લા મોંઢે ફરી શકીએ તેવી વેક્સિન આપણને મળી છે. હજું પણ આપણે સાવધાની રાખવાની જરૂર છે. કારણ કે ચાઇના એ આપણા માટે એક ભયસ્થાન છે. રાજ્યપાલશ્રીએ જયારે આ સભાગૃહને સંબોધન કર્યું છે ત્યારે તેના આભાર પ્રસ્તાવ ઉપર મારે એક વિષય ખાસ ધ્યાન ઉપર મૂકવો છે. ગુજરાત વિદ્યાપીઠમાં આદરણીય રાજ્યાપાલશ્રીએ જે એક અભિયાન સફાઇનું ઉપાડ્યું. ગાંધીવાદી સંસ્થામાં ત્યાં જઇને ૪૦ ટ્રક જેટલો ટનબંધ કચરો નીકળે અને જાતે સફાઇ કરીને એક સંદેશો ગુજરાતને આપ્યો છે, ત્યારે મેં આજે જ મારા વિભાગમાં કહ્યું છે કે આપણી જેટલી રાજયની યુનિવર્સિટીઓ છે અને કોલેજો છે એમાં જવાબદારી નક્કી કરો અને દર પંદર દિવસે એક દિવસ એવો રાખો કે સફાઇ અભિયાન થાય અને સફાઇ અભિયાન જો ન થાય અને ત્યાં કોઇ વ્યક્તિ જાય અને જુએ કે ક્યાંય ગંદકી દેખાય તો જવાબદારી પણ નક્કી થાય, પાણી બચાવવાનું, વીજળી બચાવવાનું અને સફાઇ અભિયાન માટે આપણે સૌએ જાગૃત થવું પડશે. મહામહીમ રાજયપાલશ્રી જ્યારે વિદ્યાપીઠમાં જઇ અને જો આ કામ કરી શકતા હોઇ તો આપણે પણ ક્યાંકને ક્યાંક કોઇને કોઇ સંસ્થા સાથે જોડાયેલા હોઇએ ત્યાં આપણે પણ આ કામ કરી શકીએ. આપણે સૌ જોડાઇએ..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપનો સમય પૂરો થાય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આપ સૌ જોડાઇને લાભ લો એવી મારી વિનંતી છે. માનનીય રાજ્યાપાલશ્રીને આપના મારફત આ આભાર પ્રસ્તાવ પહોંચાડવામાં આવે એવી મારી આપને વિનંતી છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, સન ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર, સન ૧૯૯૮માં ભારતીય જનતા પાર્ટીની સરકાર, સન ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૭ અને આજે ૨૦૨૨માં સાતમી વખત ભારતીય જનતા પાર્ટની સરકાર છેલ્લાં ૨૫ વર્ષથી સતત મેન્ડેડ આપતી ગુજરાતની જનતાના આશીર્વાદ ભાજપે મેળવ્યા છે એ સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત રાજય પ્રથમ રાજય છે. સમગ્ર દેશમાં ઇતિહાસ સાક્ષી છે કે ગુજરાતે દેશ અને દુનિયાનું પથદર્શન કર્યું છે.

અધ્યક્ષશ્રી : આપે હવે ભાષણ નથી કરવાનું આપે બે મિનિટમાં પૂરું કરવાનું છે.

શ્રી પૂર્ણેશ મોદી : માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટમાં પૂરું કરું છું. આઝાદી પહેલા પૂજ્ય મહાત્મા ગાંધીજીએ અને પૂજ્ય સરદાર સાહેબશ્રીએ સ્વરાજ માટે અને આઝાદી પછી આદરણીય મોદી સાહેબ અને આદરણીય અમિતભાઇ સાહેબ સુશાસન માટે પ્રબળ ઇચ્છાશક્તિથી કાર્ય કરી રહ્યા છે ત્યારે આપણા ગુજરાતના સાડા છ કરોડ ગુજરાતીઓના સર્વાંગી વિકાસ માટે સરકારની કામગીરીને બિરદાવવા બદલ શુભેચ્છા આપવા બદલ મહામહીમ રાજયપાલશ્રીએ અમૂલ્ય સંબોધન કર્યુ તેના માટેનો આ આભાર પ્રસ્તાવ હું લઇને આવ્યો છે, જેમાં માનનીય સભ્યશ્રી અભેસિંહભાઇ તડવી, માનનીય શંભુપ્રસાદ ટૂંડિયાજી, માનનીય ચૈતર વસાવા, માનનીય ધવલસિંહ ઝાલા, માનનીય મહેશભાઇ કસવાલા અને આદરણીય મંત્રીશ્રી ઋષિકેશભાઇએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે આમ સૌએ સહકાર આપીને આ પ્રસ્તાવને સર્વાનુમતે પસાર કરીને મહામહીમ રાજયપાલશ્રીને મોકલવા માટે વિનંતી કરી છે ત્યારે આ ગૃહવતી આપશ્રીને હું વિનંતી કરું છું કે આપના દ્વારા આ આભાર પ્રસ્તાવ મહામહીમ રાજયપાલશ્રીને મોકલવામાં આવે. વંદે માતરમ્-ભારત માતા કી જય.

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૨૨

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૬.**

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક**, ૨૦૨૨**

**રાજયમાં મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નગરપાલિકા વિસ્તારો અને વિકાસ વિસ્તારોમાં અનધિકૃત વિકાસને નિયમિત કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક**

શ્રી ઋષિકેશ પટેલ(શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૨નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૨ના વિધેયક ક્રમાંક- ૧૬- સન ૨૦૨૨નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શહેરીકરણ દેશ અને રાજયની વિકાસની પ્રક્રિયાનો ભાગ છે. વિકાસના ભાગરૂપે શહેરોની આર્થિક સદ્ધરતા મોટી સંખ્યામાં લોકોને રોજગારી માટે શહેરો તરફ આકર્ષિત કરતી હોય છે. શહેરી વિસ્તારોમાં લોકોના સ્થળાંતરથી રહેણાંક, વાણિજ્ય અને અન્ય હેતુની મિલકતની માગમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં વધારો થતો હોય છે. વેગવંતા શહેરીકરણને કારણે શહેરો અને નગરોની હદ પણ ખૂબ ઝડપથી વિસ્તરતી જાય છે. શહેરોમાં ઘણા પ્રકારના મકાનો પરવાનગી વગર બનતા જાય છે અથવા તો પરવાનગીથી ફેરફારવાળા અને વિકાસ નિયંત્રણ નિયમોની વિરુદ્ધ બને છે, આના કારણે આવા મકાનોને બી.યુ.આપી શકાતું નથી. ગુજરાત રાજયમાં ખાસ કરીને શહેરી વિસ્તારોમાં બાંધકામ પરવાનગી સિવાયના બાંધકામોના પ્રકાર અને વ્યાપ જાણવા માટે જે હમણા હાલમાં એક સેમ્પલ સરવે હાથ ધરવામાં આવ્યો હતો. આ સરવેમાં ૮ મહાનગરપાલિકાની ૫૬૦૦ જેટલી બિલ્ડિંગ,૮ શહેરી વિકાસ વિસ્તાર સત્તા મંડળની ૫૯૬ બિલ્ડિંગ, ૨૪ નગરપાલિકાઓની ૨૧૬૦ બિલ્ડિંગ તેમ કુલ ૮૩૫૬ તેમ અલગ અલગ આઠ શ્રેણીની બિલ્ડિંગનો સેમ્પલ સરવે કરવામાં આવેલ હતો. સરવે મુજબ સમગ્ર રાજયમાં ૪૨ ટકા બિલ્ડિંગ બી.યુ.પરમિશન વગરના જણાયા અને નગરપાલિકા વિસ્તારમાં ૮૭ ટકા તથા સત્તા મંડળના વિસ્તારોમાં ૫૬ ટકા બિલ્ડિંગ બી.યુ. પરમિશન વગરના જણાયા આમ, રાજયમાં મ્યુનિસિપલ કોર્પોરેશનો, સત્તા મંડળો, નગરપાલિકા વિસ્તારોમાં વિપુલ પ્રમાણમાં મકાનો, બાંધકામો બી.યુ. પરવાનગી વગરના આપણને જણાય છે. બાંધકામોની સંખ્યાનો વ્યાપ તથા સેમ્પલ સરવેની વિગતો ધ્યાને લેતાં બી.યુ.પરવાનગી ન મળેલ હોય તો એ તમામ બાંધકામોને બી.યુ.પરવાનગી સમકક્ષ માન્યતા મળી રહે તેવી કોઇ વ્યવસ્થા ઊભી કરવી અને એવી કોઇ નીતિ ઘડવી આવશ્યક હતી. સંબંધિત સત્તા મંડળ દ્વારા અનધિકૃત બાંધકામોને દૂર કરવા, ઉતારી પાડવા અથવા તો અન્ય ફેરફાર કરવા ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ એક્ટ-૧૯૪૯ અથવા તો ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ મુજબ નોટિસો આપવામાં આવેલી. પરંતુ એ નોટિસોના અનુસંધાને સંબંધિતો દ્વારા જરૂરી પગલાં લેવાનું કે પૂર્તતા કરવાનુ સંપૂર્ણતઃ શકય બન્યું નહોતું. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજય સરકાર દ્વારા આપણે સન ૨૦૦૧માં અને ૨૦૧૧માં પણ અનધિકૃત બાંધકામોને નિયમિત કરવા માટેના કાયદા અમલમાં લાવવામાં આવેલ જેના આધારે કેટલાંક બાંધકામો નિયમિત થયેલ છે, તેમ છતાં ઘણાં અનધિકૃત બાંધકામો નિયમિત થઇ શકેલ નથી તેમજ વપરાશની પરવાનગી મેળવી શકેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૨ના પ્રથમ અંતિમ દાયકાના અંતિમ વર્ષોની વૈશ્વિક આર્થિક મંદીની અસરોના કારણે ભારતની અર્થવ્યવસ્થામાં પણ મહદ્અંશે શિથિલતા અને વર્ષ ૨૦૧૨ બાદ પણ રીયલ એસ્ટેટમાં પ્રત્યેક વિદેશી રોકાણમાં મોટો ઘટાડો જોવા મળેલ અને તેના લીધે રીયલ એસ્ટેટ માર્કેટમાં પણ થોડો નકારાત્મક ફેરફાર આપણે અનુભવ્યો હતો. રાજય સરકાર જાહેર જનતાના હિતાર્થે તથા આંતર માળખાકીય સવલતોને સુધારી લોકોને પડતી હાલાકી દૂર કરવા તેમજ અનધિકૃત બાંધકામોમાં રહેતા લોકોની સલામતી યોગ્ય જળવાય રહે તે માટે કટિબદ્ધ છે. અનધિકૃત બાંધકામોને નિયમિત કરવા માટે નિયત કરાયેલ ફી મુજબ એકત્ર થયેલ રકમ આંતર માળખાકીય સવલતોનો વિકાસ અને સુધારા માટે વાપરવામાં આવશે. જે સામાન્ય જનતા અને સમગ્ર સમાજને મદદરૂપ થશે જે જાહેર હિતમાં હશે. ઉકત તમામ પરિસ્થિતિને ધ્યાને લઇ જૂના કાયદાની જોગવાઇઓ નામદાર સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના નિર્દેશો તથા સ્થાનિક જરૂરિયાતને ધ્યાને લઇ ગુજરાત રેગ્યુલાઇઝેશન ઓફ અનઓથોરાઇઝ ડેવલપમેન્ટ ઓર્ડિનન્સ-૨૦૨૨ લાવવાની આવશ્યકતા ઊભી થયેલ. તત્કાલીન સમયે વિધાનસભાનું સત્ર કાર્યરત ન હોય તારીખ ૧૬-૧૦-૨૦૨૨ના રોજ માનનીય રાજયપાલશ્રીની મંજૂરી મેળવી ૧૭-૧૦-૨૦૨૨ના રોજ વટહુકમ સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ. સદર વટહુકમ બહાર પાડવામાં આવેલ. તેને કાયદાનું સ્વરૂપ આપવું ખૂબ જરૂરી હોઇ

* વિધેયક તા.૧૪મી ડિસેમ્બર, ૨૦૨૨ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તે માટે સૂચિત વિધેયક તૈયાર કરેલ છે. જેને સરકારશ્રી અને રાજ્યપાલશ્રીની મંજૂરી મળ્યેથી અધિનિયમ તરીકે પ્રસ્થાપિત કરી શકાય છે. જેથી સદરહુ વિધેયક આજ રોજ વિધાનસભાગૃહ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવે છે. તત્કાલીન સમયે વટહુકમ લાવવા માટે કારણ અને ઉદ્દેશ મહદ્અંશે ઊભું થયું હતું તે ગુજરાત રાજ્યમાં તા.૬/૮/૨૦૨૦ અને તા.૨૭/૧૧/૨૦૨૦ અનુક્રમે અમદાવાદ અને રાજકોટ ખાતેની ખાનગી હૉસ્પિટલોમાં થયેલ અગ્નિ હોનારત સંદર્ભે નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરેલી પી.આઇ.એલ. નં.-૧૧૮/૨૦૨૦માં તા.૧૫/૧૨/૨૦૨૦ના ઓર્ડરથી સી.જી.ડી.સી.આર. મુજબ અગ્નિ સલામતી માટે પગલાં લેવાં, બી.યુ. સિવાયના બિલ્ડિંગનો વપરાશ ન થાય તેની તકેદારી રાખવા, ફાયર એન.ઓ.સી. સિવાયના મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા વિસ્તારોની બિલ્ડિંગની માહિતી રજૂ કરવી, બી.યુ. સિવાયના બાંધકામ માટે લીધેલ પગલાંઓ તેમજ હૉસ્પિટલના આઇ.સી.યુ.ને લગતી બાબતો માટે દિશા -નિર્દેશ આપવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવા નામ.કોર્ટ દ્વારા સંબંધિતોને સૂચના આપવામાં આવેલ. ત્યારબાદ નામ.હાઇકોર્ટ દ્વારા તા.૧૧/૬/૨૦૨૧ના ઓર્ડરથી ફાયર એન.ઓ.સી. અને બી.યુ. પરમિશન બાબતે એક્શન ટેકન રિપોર્ટ રજૂ કરવા અને બિલ્ડિંગ યુઝ પરમિશન ન હોય તેવા કિસ્સામાં સમય-બદ્ધ રીતે શું પગલાં લેવામાં આવશે તે બાબતે રાજ્ય સરકારની નીતિ સ્પષ્ટ કરવા નામ.હાઇકોર્ટ દ્વારા નિર્દેશ કરાયેલ મોટા પાયા પર અનધિકૃત બાંધકામો, બી.યુ. પરવાનગી વગરના બાંધકામોને દૂર કરવા તોડી પાડવા કે ફેરફાર કરવાથી અસંખ્ય માણસો ઘર વિનાના અથવા તો ધંધા-રોજગાર વિનાના થઇ જાય તેવી સંભાવના હોવાથી અને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ પણ બગડી શકે અને સાથે-સાથે સામાન્ય માણસને મુશ્કેલી પણ પડી શકે તેમ હોઇ સમાજની આર્થિક અને સામાજિક વ્યવસ્થા પર પણ વિપરીત સ્થિતિ ઉત્પન્ન થવાની સંભાવના થયેલ જે ઇચ્છનીય નથી. આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થતું અટકાવવા રાજ્ય સરકાર માટે સમગ્ર રાજ્યના શહેરોમાં આવા અનધિકૃત મકાનો અને બાંધકામોને નિયમિત કરવા માટે યોગ્ય કાયદો ઘડી કમ્પાઉન્ડ ફી વસૂલ કરી આવા બાંધકામોને નિયમિત કરવા અનિવાર્ય બનેલ. બી.યુ. પરવાનગી ન મળેલ હોય તે તમામ બાંધકામોને બી.યુ. પરવાનગી સમકક્ષ માન્યતા મળી રહે તે માટે કોઇ ચોક્કસ પગલાં લેવાં કે નીતિ ઘડવી ખૂબ આવશ્યક જણાયેલ. આ વિધેયકને આધીન એવા જ અનધિકૃત બાંધકામોને નિયમિત કરી શકાશે જે અગ્નિ નિવારણ પગલાંઓ, સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી તથા કબજેદારની સલામતીને સુસંગત હશે. આ અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાથી એકત્ર થયેલ રકમ આંતરમાળખાકીય સવલતોના વિકાસ અને સુધારા કરવા માટે વાપરવામાં આવશે. જે બધાના હિતમાં પણ છે. ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ, શહેરી વિકાસ સત્તામંડળો, નગરપાલિકાઓ આ વિસ્તારોમાં આ અનધિકૃત વિકાસને આપણે નિયમિત કરી શકીશું. તા.૧/૧૦/૨૦૨૨ પહેલાં થયેલ અનધિકૃત બાંધકામો નિયમિત કરી શકાશે. માર્જિન બિલ્ટઅપ, મકાનની ઉંચાઇ, ઉપયોગમાં ફેરફાર, કવર્ડ પ્રોજેક્શન, પાર્કિંગ ફક્ત ૫૦ ટકા માટે ફી લઇ કૉમન પ્લૉટ, ૫૦ ટકા કવરેજની મર્યાદાને આધીન અને માત્ર મળવાપાત્ર ઉપયોગ, સેનેટરી સુવિધાથી પણ આપણે નિયમબદ્ધ કરી શકાશે. જે કિસ્સામાં મળવાપાત્ર એફ.એસ.આઇ. એક થી ઓછી હોય તેમાં રહેણાંક ઉપયોગ સિવાયના એટલે કે વાણિજ્ય, શૈક્ષણિક, આરોગ્ય, ઔદ્યોગિક વગેરે બાંધકામમાં સી.જી.ડી.સી.આર. મુજબ મહત્તમ મળવાપાત્ર એફ.એસ.આઇ. કરતાં ૫૦ ટકા કરતાં વધારે એફ.એસ.આઇ. થતી હોય તેવા બાંધકામો નિયમબદ્ધ થઇ શકશે નહિ. વધુમાં પ્લૉટની હદથી બહાર નીકળતા પ્રોજેક્શનવાળા એટલે કે પોતાની માલિકી સિવાય કોઇ રોડ બાજુ જતું હોય અથવા બીજા કોઇની બિલ્ડિંગ કે બીજાની જમીનમાં જતું હોય એવા કવર્ડ પ્રોજેક્શન, ગટર વ્યવસ્થા, પાણીનો નિકાલ, ઇલેક્ટ્રિક લાઇન, ગૅસ લાઇન, જાહેર ઉપયોગી સેવાઓ ઉપર કરેલા બાંધકામો આ અધિનિયમ હેઠળ નિયમબદ્ધ થઇ શકશે નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી સ્થાનિક સત્તા મંડળોની જમીન પરના બાંધકામ, ચોક્કસ હેતુ માટે સંપાદન/ફાળવણી કરાયેલ જમીનો, જાહેર રસ્તામાં આવતી જમીનો, જળ પ્રવાહ, જળ સ્ત્રોત જેવા કે, તળાવ, નદી, કુદરતી જળ પ્રવાહ, ઓબ્નોક્ષિયસ અને હેઝાર્ડસ, ઔદ્યોગિક વિકાસના હેતુ માટે નિયત કરાયેલ વિસ્તારવાળા બાંધકામો આમાં નિયમબદ્ધ થઈ શકતા નથી. શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ રમત-ગમતના મેદાનનું થયેલ અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરી શકતા નથી. ફાયર સેફ્ટીના કાયદા મુજબ સુસંગત ન હોય, સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટીની જરૂરિયાત જળવાતી ન હોય, રેરા કાયદા હેઠળ ઠરાવેલ અનઅધિકૃત બાંધકામ, ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશ એક્ટ, ૨૦૨૧ સાથે સુસંગત ન હોય તેવા બાંધકામો નિયમબદ્ધ થઇ શકશે નહિ. નિયત પાર્કિંગની જોગવાઈ પૈકી ૫૦ ટકા પાર્કિંગ માલિક/કબજેદારે જે તે સ્થળે પૂરી પાડવાની રહેશે. જે કિસ્સામાં ૫૦ ટકા પાર્કિંગની જરૂરિયાત જે તે સ્થળે પૂરી પાડી શકાય તેમ ન હોય તો ૫૦૦ મીટરની મર્યાદામાં ત્રણ માસમાં બાકીની ૫૦ ટકા પાર્કિંગ ફી લેવાની રહેશે અને તેની ફી સરકાર લેશે. આ અધિનિયમની જોગવાઈથી અનઅધિકૃત વિકાસ અથવા તેના ભાગના નિયમિતકરણ તે મકાન/બિલ્ડિંગ માટે સી.જી.ડી.સી.આર. કે અન્ય સંબંધિત કાયદા હેઠળ આપવામાં આવતી વપરાશની પરવાનગી માનવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવાની કાર્યવાહી આ પ્રમાણે છે. વટહુકમ અમલ આવ્યાની તારીખથી ચાર માસમાં અનઅધિકૃત બાંધકામ નિયમિત કરાવવા મકાનોના માલિક અથવા તો કબજેદારો ઈ-નગર પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરી શકે છે. અરજીની તારીખથી છ માસમાં અનઅધિકૃત બાંધકામ કોઈ પણ શરત સાથે કે તે સિવાય નિયમબદ્ધ કરવા અંગે હુકમ અથવા તો નિયમબદ્ધ કરવા માટે હુકમ કરવાનો રહેશે. ફી ભરવા માટે બે માસની સમયમર્યાદા રહેશે. સત્તામંડળના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ સદર નિર્ણય મળ્યાના ૬૦ દિવસમાં એપેલેટ ઓફિસરશ્રી સમક્ષ અપીલ કરી શકશે. અપીલ અધિકારીશ્રીને જરૂર લાગે તો બીજા ૬૦ દિવસ એક્સટેન્ડ કરી શકશે. તા.૦૧/૧૦/૨૦૨૨

પહેલાના બાંધકામ માટે આધાર તરીકે નિયત તારીખ પહેલાનો મિલકત ભોગવટા અંગે મકાન વેરાની આકારણી, ઈલેક્ટ્રિસિટી બિલ આ પ્રકારના ડોક્યુમેન્ટ્સ દ્વારા પોતાના વપરાશનો પુરાવો આપી શકશે. ખોટી માહિતી રજૂ કરનારને ફોજદારી કાયદા મુજબ કાયદેસરની કાર્યવાહી થઈ શકે. નવી શરતની જમીનમાં થયેલ બાંધકામો નિયમિત કરી શકાશે નહિ. અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરવા માટે દસ્તાવેજી પુરાવાથી સંબંધિત માલિક કે કબજેદાર, એન્જિનિયર કે આર્કિટેક્ટ તેમની કોઈ પણ જવાબદારીમાંથી છટકી શકશે નહિ. અનઅધિકૃત બાંધકામ નિયમબદ્ધ કરતા એકત્રિત થતી વસૂલાત ફીની રકમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ તરીકે ઉપયોગ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, નિયત નમૂનાના ફીના દર રહેણાંક વિસ્તારો માટે ૫૦ ચો.મી. સુધી રૂ.૩,૦૦૦, ૫૦ ચો.મી. થી ૧૦૦ ચો.મી. સુધી રૂ.૬,૦૦૦, ૧૦૦ ચો.મી. થી ૨૦૦ ચો.મી. સુધી રૂ.૧૨,૦૦૦, ૨૦૦ ચો.મી. થી ૩૦૦ ચો.મી. સુધી રૂ.૧૮,૦૦૦ અને ૩૦૦ ચો.મી. થી વધુ માટે રૂ.૧૮,૦૦૦ + વધારાના રૂ.૧૫૦ પ્રતિ ચો.મી.ના ક્ષેત્રફળ માટે ફી વસૂલવાની રહેશે. રહેણાંક વિસ્તારો સિવાયના હેતુ જેવાં કે, મોલ્સ, દુકાનો, વાણિજ્યક હેતુ કે બીજા કોઈ ઉપયોગ માટે રહેણાંક વિસ્તારના દર કરતા બમણા દર ભરવાના રહેશે. આ સિવાય અપૂરતું સેનેટરી સુવિધાઓના કિસ્સામાં ફી ઉપરાંત રૂ.૭,૫૦૦ ની રકમ ભરવાની રહે છે. આમ, રાજ્ય સરકાર દ્વારા ફીના ધોરણને ખૂબ જ વ્યાજબી રાખી વિપુલ પ્રમાણમાં લોકો આ અધિનિયમની જોગવાઈઓનો લાભ લઈ શકે અને પોતાના મકાનો કે વ્યવસાયના એકમોને નિયમબદ્ધ કરી શકે. ઘણી વખત મોટાં શહેરો કે નગરપાલિકાઓમાં ઘણા બધા લોકો અરજીઓ કરતા હોય છે. લોકોને ખૂબ મોટા પ્રમાણમાં હેરાનગતિ થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગૃહના માધ્યમથી ગુજરાતની તમામ નગરપાલિકાઓ, મેટ્રોપોલિટન અને સત્તામંડળોમાં જે લોકો વસવાટ કરતા હોય તેઓ પોતાના બી.યુ.ની ખરાઈ કરે અને ન હોય તો આ કાયદા હેઠળ પોતાના બાંધકામોને એ નિયમિત કરાવી લે એ ખૂબ જરૂરી છે. કારણ કે, આની જે લિમિટ છે એ ચાર મહિનાની છે, બે મહિના ગયા અને બે મહિના બાકી છે અને બાકીના છ મહિનાની અંદર એની રેગ્યુલાઈઝેશનની પ્રોસેસ ચાલુ થશે અને મોટી વાત એ છે કે આ બધી પ્રક્રિયા ઓનલાઇન કરવાની છે. ક્યાંય પાર્કિંગ માટે પણ કોઇ સત્તામંડળ પાસે જવાનું નથી, કોઇ કમિટી નથી. ખાલી ખરાઇ કરવા માટે અધિકારીઓ જશે. પરંતુ, બધી જ પ્રક્રિયા આપણે ઓનલાઇન કરવાની રહેશે. સામાન્ય રીતે એકથી વધુ મકાનો કે દુકાનોના કિસ્સામાં કબ્જેદાર માલિકની સંખ્યા એકથી વધુ હોય છે. અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે અરજી બાબતે એકસૂત્રતા થઇ શકતી નથી. માનો કે, ૨૫ ફ્લેટ છે. એમાંથી ૫ જ જણ બી.યુ. માટે તૈયાર થાય અને બાકીના ૨૦ બી.યુ. લેવા માટે તૈયાર ન થાય તો એવા કિસ્સામાં પણ આ ૫ જણને બી.યુ. આપી શકાય અને એની કાયદેસરતા થાય અને બાકીના જે ૨૦ મકાનો રહેતા હોય એને બી.યુ. ન મળવાથી એની કાયદેસરતા રહેતી નથી. એને કદાચ ક્યાંય ટાઇટલ ક્લિયરન્સ લેવું હોય, કોઇને વેચાણ કરવું હોય તો એ વખતે મુશ્કેલી પડી શકે. એટલે મારી બધા આવા ફ્લેટધારકોને વિનંતી છે કે બધા સાથે મળી જો આવી અરજી કરશો તો તમારું આખું બિલ્ડિંગ, દુકાન કે યુનિટને કાયદેસરતા બક્ષવા માટે ભવિષ્યમાં એ પ્રોપર્ટીનું હસ્તાંતરણ કરવા માટે, એના ટાઇટલ ક્લિયરન્સ માટે, બેંકમાં મોર્ગેજ કરવા માટે જે મુશ્કેલીઓ પડતી હોય છે એ ન પડે એના માટે આ કાયદાનો લાભ લઇ વહેલી તકે આવા મિલકતધારકો પોતાના બાંધકામો નિયમિત કરાવી લે એ ખૂબ જ જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૧ અને ૨૦૧૧માં અનધિકૃત વિકાસને નિયમિત કરવા માટે કાયદો ઘડવામાં આવેલ. સદર કાયદાના લાભોથી વંચિત રહેલ અનધિકૃત વિકાસ કે જે તા. ૦૧-૧૦-૨૦૨૨ પહેલાં કરાવેલ છે તેને નિયમિત કરાવવા ઇચ્છુક નાગરિકો લાભ લઇ શકે એવા મૂળ હાર્દ સાથે જનહિતાર્થે આ કાયદો ફરીથી રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવેલ છે. આ કાયદો લોકોની સુખાકારી માટે છે અને કોઇ મકાનમાલિક, દુકાનધારક કે કોઇ અન્ય હેતુ માટે ઉપયોગ કરતો હોય તો એવા હેતુમાં કોઇ એને નડે નહીં, કોઇ હેરાન ન કરે, કોઇ અરજીઓ ન કરે, કોઇ બ્લેકમેઇલ ન કરે એના માટે ભવિષ્યમાં પોતાના મકાનને કાયદેસરતા બક્ષવા માટે. કારણ કે, મેં પહેલાં કહ્યું એમ બી.યુ. ન હોય તો એને ટાઇટલ ક્લિયરન્સ નહીં મળે, બી.યુ. હોય તો વેચાણ માટે મુશ્કેલી પડી શકે, બેંકમાં લોન લેવી હોય તો મુશ્કેલી પડી શકે. આ ગૃહના માધ્યમથી હું તમામ શહેરીજનો નગરપાલિકા વિસ્તાર સત્તામંડળ અને કોર્પોરેશન વિસ્તારમાં આવેલ તમામ લોકો આ કાયદાનો વધુમાં વધુ લાભ લઇ પોતાની મિલકતોને રેગ્યુલરાઇઝ કરાવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : બિલનું કામ આગળ ચલાવીએ એ પહેલાં સચિવાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ વિવિધ સંસદીય પ્રકાશનોનું વિતરણ વિધાનસભા સચિવાલયના બીજા માળે આવેલ ટેબલ શાખા રૂમ નં. ૨૧૦માં થાય છે. જેથી તમામ ધારાસભ્યશ્રીઓ જેમણે ન મેળવ્યા હોય એમણે મેળવી લેવા. ટેબલ શાખામાં એની માહિતી પણ મળશે અને એના પ્રકાશનો પણ ત્યાંથી મેળવી લેવા. વિરામનો સમય થયો છે. ગૃહ ફરીથી ૩.૦૫ કલાકે મળશે.

(વિરામ બપોરના ૨.૩૭થી ૩.૦૫ કલાક)

(માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતનું જે બિલ લઇને આવ્યા છે એ બાબતે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલના જે ઉદ્દેશો અને કારણો છે એ હું બહુ ઝીણવટપૂર્વક વાંચી ગયો છું. મને આ બિલમાં એટલા માટે રસ છે કે હું બી કેટેગરીના શહેરમાં રહું છું. ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ કે જ્યાં દેશ-

વિદેશમાંથી લોકો આવે છે એવા શહેરમાં રહું છું અને દુનિયાના અનેક દેશોમાં હું ફરેલો પણ છું. એટલે હું એવું ઇચ્છું કે બહારના લોકો મારા દેશ, રાજ્ય અને શહેરમાં આવે તો એક આગવી પ્રતિભા લઇને જાય, જે પહેલા લઇને જતા હતા. પરંતુ જ્યારે એનાથી વિપરીત દશા થતી હોય ત્યારે દુઃખ થાય છે. આ બિલના ઉદ્દેશોમાં લખ્યું છે હું તે પૅરેગ્રાફ હું વાંચી જાઉ છું. ''સન ૨૦૧૨થી ભારતના આર્થિક વિકાસમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સ્થાવર મિલકતમાં સીધા વિદેશી રોકાણ (FDI) ના પ્રમાણમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે અને વિદેશી રોકાણો માટેના એક સૌથી વધારે આશાસ્પદ ગણાતા બજાર તરીકે ઉભરી આવેલા બજારમાં મંદી આવી છે.'' સરકારે બિલના ઉદ્દેશોમાં આ બાબત લખી છે. વર્ષ ૨૦૧૨ પછીનો સમય લખ્યો છે. વર્ષ ૨૦૧૨ પછીનો જે ગાળો છે તેમાં તો હમણાં જે ભાષણો થયા અને અહીંયા પણ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં જે ચર્ચાઓ થઇ એ ચર્ચાઓ તો એવી થઇ કે આપણે બધાએ વિકાસમાં ખૂબ હરણફાળ ભરી છે, એટલું જ નહીં, એવા ભાષણો થયા કે, **પેડ કે પત્તે સબ રોટી બન ગયે હે, તાલાબ કા પાની ઘી બન ગયા હે ઔર ગુજરાત કે બંદે ઘી મેં રોટી જબોલ જબોલ કે ખાતે હે.** હવે અહીંયા તો એનાથી ઉલટું લખ્યું છે. એમણે કહ્યું કે વર્ષ ૨૦૧૨ પછી સંપૂર્ણપણે વિકાસ અટકી ગયો છે. ગૃહમાં રજૂ થયું છે તે અમે સાચુ માનીએ છીએ કે આપે જે અહેવાલ મૂક્યો છે તે સાચો જ હશે. બીજું એમ લખ્યું છે કે મોટી સંખ્યાની અંદર અનઅધિકૃત બાંધકામો થયા છે એને નિયમિત કરવા જોઇએ. માનનીય પ્રભારી મંત્રીશ્રી પોતે જયારે બોલવા માટે ઊભા થયા ત્યારે એમણે એમ કહ્યું કે મહાનગરપાલિકા વિસ્તારોમાં ૪૨ ટકા જેટલા બિલ્ડિંગો બી.યુ. પરમિશન વગરના છે અને નગરપાલિકા વિસ્તારમાં ૮૭ ટકા જેટલા બિલ્ડિંગો બી.યુ. પરમિશન વગરના છે. જો આટલા બિલ્ડિંગો બી.યુ. પરમિશન વગરના છે અથવા તો એ બાંધકામની મંજૂરીઓની અંદર ખામી છે, બાંધકામમાં ખામી છે તો આ બધા વિકાસો તો ૨૭ વર્ષમાં થયા છે અને એમાં તો ડબલ એન્જિન, ત્રિપલ એન્જિનની સરકારો છે. આ ગેરકાનૂની પ્રવૃતિને ડબલ એન્જિન, ત્રિપલ એન્જિનની સરકારોનો એટલો બધો વેગ મળ્યો કે આ હદ સુધી આપણે જવું પડયું. આ બિલ પહેલી વખત લઇને આવ્યા નથી. વર્ષ ૨૦૦૧માં પણ આવું જ બિલ આવ્યું હતું ત્યારે એમ કહેવામાં આવ્યું હતું કે હવે પછી ફરી પાછું કયારેય બિલ નહીં લાવવું પડે. હવે બધા જ બાંધકામો કાનૂન મુજબ થવાના છે. ત્યારે પણ આ જ સરકાર હતી. સન ૨૦૧૧માં ફરી પાછું આ બિલ લઇને આવ્યા. ત્યારે પણ માનનીય મંત્રીશ્રી જે હતા એમણે કહ્યું હતું કે ફરી પાછું કયારેય નહીં લાવવું પડે અને ૨૦૨૨માં જે મહામહીમ રાજયપાલનો જે વટહુકમ આવ્યો ત્યારે તો ડબલ એન્જીન સરકાર, ત્રિપલ એન્જીન સરકાર હતી અને ફરી પાછું ચોથી વખત આજે આ બિલ આવ્યું છે. આ બિલ જયારે આવ્યું છે ત્યારે જે સ્થિતિ છે એની વાત હું કરવા જઇ રહ્યો છું કે આ જયારે વટહુકમ આવ્યા પછી ખાલી અમદાવાદમાં પૂર્વ ઝોનની અંદર ૨ લાખ જેટલા બાંધકામો ગેરકાયદેસર છે. ૨ લાખ. એક જ પૂર્વ ઝોનની વાત કરું છું. અને સમયગાળા દરમ્યાન અરજીઓ કેટલી આવી છે? ૧૨૮૮ અરજીઓ આવી છે. આ તો બીજું બિલ આવ્યું એટલે ફરી બે પાંચ હજાર આવશે. અને આ તો મહાનગરની વાત છે. વાત એટલી છે કે આ બિલ લઇ આવ્યા. એક વખત કાળાં નાણામાંથી ધોળાં નાણાં કરવા હોય તો એકાદ વખત મોકો જરુર આપવો જોઇએ અને ફરી પાછું ન થાય એટલા માટે બોધપાઠ મળે એવો સખત કાનુન લાવવો જોઇએ. આ બિલ લાવ્યા. ભલે એક વખત રેગ્યુલરાઇઝ થઇ જાય. ભલે એક વખત બિલ્ડરોને લાભ મળી જાય, પણ ભવિષ્યમાં ન થાય એના માટે આ બિલની અંદર જો કોઇ જોગવાઇ કરી હોત તો આપણને સૌને આનંદ થાત કે હવે જે નવા બાંધકામો થવાના એ નિયમિત થવાના અને બરાબર થવાના.

**(ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ આહિર અધ્યક્ષ સ્થાને)**

હું એક વાતની અહીંયા નોંધ લઉં છું કે આ સરકારે નહીં તો આગલી સરકારે, ભાજપની સરકારે બાંધકામની પરવાનગી છે એને ઓનલાઇન કરી. હેસલ ફ્રી કર્યું. થોડા ટેકનોલોજીકલ પ્રોબ્લેમ એમાં શરુઆતમાં થયા હશે. આજેય કદાચ હશે, અત્યારે પણ થાય છે. તો એમાં તો ટેકનોલોજીમાં જરૂરથી થાય. પણ એક વ્યવસ્થા એમાં એવી રાખી કે ૧૫ મીટરથી ઉપરનું બાંધકામ કોઇએ કરવું હોય તો તમે ઓફ લાઇન મંજૂરી આપી શકો. મહાનગરોમાં તો માનનીય અધ્યક્ષશ્રી, જે બાંધકામો થાય છે. એની પરવાનગી આપનાર અધિકારીઓની કક્ષા થોડીક અપ હોય છે. અને એના ઉપર બધાની નજરો પણ હોય છે. એટલે ત્યાં કદાચ ઓછું થતું હશે. પણ, ત્યાં પણ થાય છે હું એટલા માટે દાખલો આપું છું. *(xxx)

શ્રી જીતુભાઇ વાઘાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. કે કોઇ સભ્યશ્રી ચૂંટાયેલા હોય અને આ પ્રકારની જયારે વાત કરે છે તો આધાર પુરાવા રજૂ કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રીઃ આધાર પુરાવા હોય તો રજૂ કરવા. નહીં તો રેકર્ડ પરથી દૂર કરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિઆઃ માનનીય અધ્યક્ષશ્રી, એટલો ખ્યાલ રાખવો જોઇએ. તેઓ માનનીય મંત્રીશ્રી રહી ચૂકયા છે. મારું ધ્યાન દોરે તો મારે કયાં જાવું? મારા પડોશી છે, આપે મારુ રક્ષણ કરવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : રક્ષણ કરું જ છું.

શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા : એટલે હું વાત એ કરતો હતો કે આને રોકવા માટેની વ્યવસ્થા શું કરી તમે? ભલે અત્યાર સુધી તમે ન કરી, પણ ભવિષ્યમાં શહેર ગંદુ-ગોબરું ન થાય એના માટે તમે શું વ્યવસ્થા કરી? તો કહે કે કોઇ વ્યવસ્થા નથી, તમે કોઇ પણ પ્રકારનું બાંધકામ કરો, ગમે એટલું ગેર કાયદેસર હોય, પડી જતું હોય, તક્ષશીલા જેવું બિલ્ડિંગ હોય, બાળકો મરી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જતા હોય, કોઇ ફાયર સેફ્ટીની જોગવાઇ ન હોય, અને છતાં આ કામ કરવાવાળાને કોઇ સજા નથી, અહીંયા આપણે ત્યાં હું એવા શહેરમાંથી આવું છું કે જે શહેરનું ટાઉન પ્લાનિંગ આખા રાજયની અંદર નમુનેદાર હતું. અમારા મહારાણા, અને ગોંડલ અમારું જે સ્ટેટ છે એ ગોંડલ શહેરનું જે ટાઉન પ્લાનિંગ છે એ તો આખા દેશની અંદર નમુનેદાર બાંધકામ થતું હતું. એ જમાનાની અંદર એના રસ્તાઓ, એની ભૂગર્ભ ગટર, એનું અન્ડર ગ્રાઉન્ડ વાયરીંગ, એની સ્ટ્રીટ લાઇટ, એના એ વખતના, જે દિવસે એક વાહન નહોતું તે દિવસે આટલા પહોળા રસ્તાઓ, આજે ગોંડલની હાલત કેવી કરી નાખી? પોરબંદરની હાલત કેવી કરી નાખી? મોરબી કે જે શહેરમાં હું ભણ્યો છું તે શહેરની હાલત કેવી કરી નાખી? જે બ્રિજને ૧૪૨ વર્ષ સુધી કંઇ ન થયું એ નગર પાલીકામાં માત્ર એક કોન્ટ્રાકટરને આપ્યું અને ૧૪૨ ની જિંદગી એની અંદર હોમાઇ ગઇ. શું બોધપાઠ લીધો? એના માટેનો કાયદો કેમ ન લાવ્યા કે તક્ષશીલા પાછું નહીં બને? માનનીય મંત્રીશ્રી કહેતા હતો કે હોસ્પિટલોમાં આગ લાગી, તો એ ફરી પાછી નહીં લાગે તેના માટે શું કાયદા લાવ્યા? એ બનાવનાર અને ચલાવનારને શું શિક્ષા કરી? તો કોઇ નહીં. આ આખું બિલ વાંચી ગયો એમાં કોઇ શિક્ષા કરવાની જોગવાઇ નથી. એટલું જ નહીં એના પછી રોકવા માટેની કોઇ પણ વ્યવસ્થા નથી. આ બિલ પહેલી વખત આવે છે એવું નથી. મેં કહ્યું એમ ૨૦૦૧, ૨૦૧૧, ૨૦૨૨નો વટહુકમ અને આ ચોથુ બિલ આવે છે. અને એના પછી પાછું પણ બિલ આવવાનું છે. એના ઉપરથી ખાતરી મળે છે કે ગમે ત્યારે રેગ્યુલરાઇઝ થઇ જશે. પણ તમે ગેરકાયદેસર બાંધકામ કરી દો. સરકાર તો આ જ આવવાની છે. ફરી પાછા આવું બિલ લઇ આવી અને રેગ્યુલરાઇઝ, કાયદેસર કરી દેશું. અને કોઇ એવા હશે કે જે પ્રમાણિકતાથી કરે છે એ પ્રમાણિકતાથી કરતા રહે. અને અપ્રમાણિક હોય તેને ફાયદો કરાવતા રહીએ. હું દાખલા આપવા માગું છું કે અહીંયા એક ગુજરાતની અંદર અને બીજી બધી જગ્યાએ આપણા હેરીટેઝ બિલ્ડિંગો છે, જે આ રાજયની ધરોહર છે.એ બિલ્ડિંગો આર્કિયોલોજીકલ સરવે ઓફ ઇન્ડિયાના લિસ્ટમાં પણ હશે. ગુજરાતના આર્કિયોલોજીકલ ડિપાર્ટમેન્ટના લિસ્ટમાં પણ હશે. અને અમદાવાદ જેવું કોર્પોરેશન એના માટેના જે નિયમો બનાવ્યા છે એના પણ લિસ્ટમાં આ પ્રોપર્ટી હશે. ખાડિયાની અંદર આવી અનેક પ્રોપર્ટીઓ છે. એ બધી જ પ્રોપર્ટીઓ તૂટી રહી છે. ગોડાઉનો બને છે. એ એરિયા એમ ને એમ રાખ્યો હોત તો આજે ટુરીસ્ટો ત્યાં રાત રોકાવા આવતા હોત. હું સન ૨૦૧૫ની અંદર ઇંગ્લેન્ડ ગયો હતો. ત્યાં મારા એક મિત્રએ એક હવેલી ખરીદેલી. એ હવેલી જૂની હતી, મેં પૂછયું કે કેટલા વર્ષ થયા? તો કહે અઢીસો વર્ષ જૂની પ્રોપર્ટી છે. પણ એના શબ્દોમાં કહીએ તો એ લિસ્ટેડ પ્રોપર્ટી છે. આ પ્રોપર્ટીની અંદર અમે એક પૈસાભાર ફેરફાર કરી શકીએ નહીં. જે છે એમ જ. એ પ્રોપર્ટી હતી. લેસ્ટરના જે સુબા હતા એની પ્રોપર્ટી હતી. અઢીસો વર્ષમાં કંઇ ન થયું અને એમને એમ રહી. અને એના એટલા માલિકો બદલી ગયા કોઇ ફેરફાર ન કર્યો, અને આજે જોવા માટે કેટલાય લોકો આવે છે. આવી પ્રોપર્ટીની હારમાળા અમદાવાદમાં છે. અને તૂટી રહી છે. તેની આજુબાજુ ગંદકી ફેલાઇ રહી છે. એટલું બધું આજુબાજુ અન ઓથોરાઇઝ કન્સ્ટ્રકશન થઇ રહ્યું છે. તેને રોકવા માટે સરકારે શું પગલાં લીધાં? તે કહે કંઇ નહીં. આજે પણ ચાલે છે. એવું દરેક શહેરમાં છે. પણ કોઇ પગલાં લેવાતાં નથી. બે દિવસ પહેલાં મારા ઉપર પોરબંદરથી ફોન આવ્યો એને એમ કે હું નવો નવો ધારાસભ્ય ચૂંટાયો છું તો એ મને મદદ કરશે. એણે કહ્યું કે મારી પાસે એક દુકાન છે એ દુકાનના પીઢીયા ખરાબ થઇ ગયા એટલે ઉપર સ્લેબ ભરેલ છે એના ઉપર એક ફ્લોર કરવાનો છું. મને આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાના લોકો આવીને અટકાવી ગયા છે. કારણ એ છે કે મહાત્મા ગાંધીની જન્મભૂમિથી ૧૯૦ મીટર દૂર છે. ૧૦૦ મીટરથી ૩૦૦ મીટરની અંદર રીસ્ટેકટેડ કન્સ્ટ્રકશન થઇ શકે એટલે મંજૂરી લઇને કરી શકાય. હવે અટકાવવા માટે આવ્યા છે. મેં કહ્યું કે તમારા એન્જિનિયરે શું કહ્યું? તો કહે કે મારા એન્જિનિયરે એમ કહ્યું કે નગરપાલિકાવાળાએ મંજૂરી આપી છે એટલે તમારે ચાલુ કરી દેવાનું. મેં કહ્યું કે તમારે પરવાનગી લેવી હોય તો કહે કે ઓન લાઇન કરવું પડે અને ત્રણ ચાર મહિને આવે. તો મને કહો આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાવાળાને કહો તો રોકાય. પાછો બીજે દિવસે ફોન આવ્યો કે હું નગરપાલિકામાં ગયો તો એણે કહ્યું કે બાંધી નાંખો કોઇ તમારું નામ લેવાના નથી. મેં કહ્યું કે કેટલા પૈસા આપ્યા હતા મને એમાઉન્ટ આપી જે રકમ કહી એ આંખ ખૂલી જાય તેવી હતી. ચાર માળનું મકાન બનાવી દીધું. જયાં પરમિશન માત્ર રીસ્ટોર કરવાની મળે ત્યાં બનાવી છે. ૧૫૯ નગરપાલિકાઓ છે. કોર્પોરેશનોનો વહીવટ પ્રમાણમાં સારો છે પણ નગરપાલિકાની સ્થિતિ તો એવી છે કે નગરપાલિકાની અંદર આ પક્ષની કે તે પક્ષની વાત નથી થતી પણ જે ત્યાં આવે તે વાત એક જ છે કે ત્યાં કોઇને નગરપાલિકાના પ્રમુખ નથી થવું એને તો ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન થવું છે. જેટલા બિલ્ડર કમાય એટલા ટીપીના ચેરમેન કમાય. હું દાખલો આપું. માનનીય મંત્રીશ્રી જરાક ધ્યાનની સાંભળે તો મને આનંદ થશે. એક નોટિસ ૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ મ્યુનિસિપલ વહીવટી કચેરી ગાંધીનગરને લખાય છે. પ્રાદેશિક કમિશનર નગરપાલિકા રાજકોટ ઝોનમાં છે એણે લખી છે. અમારા પોરબંદરની અંદર એક વર્ષની અંદર જે ટીપીની અંદર ટેકનિકલ કમિટી હોય છે એમાં ૪ મેમ્બર હોય એમાંથી એકની સહમતિ ન હોય તો એ બાંધકામ પરવાનગી પાત્ર નિયમ પ્રમાણે ગણાતું નથી. એમાં ડેપ્યુટી કલેકટર હોય છે, ચીફ ઓફિસર હોય, જિલ્લા ટાઉન પ્લાનર હોય અને એક મ્યુનિસિપલ એન્જિનિયર હોય છે. એમાં ગેરહાજરી હોય તો એ કમિટી છે એ વ્યર્થ ગણાય છે. આ ચારે ચારના અભિપ્રાય વિરુદ્ધમાં છતાં એક વર્ષની અંદર ૫૧૮ બિલ્ડિંગોને ઓફ લાઇન મંજૂરી આપી દેવામાં આવી. સંપૂર્ણપણે ગેરકાયદેસર હતા. કલેકટરે દસ પંદર દિવસ પછી સ્ટે કર્યો. ચીફ ઓફિસરની હાજરી હતી, એણે આ પ્રકરણ સીધું કલેકટર પાસે સ્ટેમાં મૂકવાની જરૂર હતી, એની જગ્યાએ પોતાના વિભાગમાં મોકલી દીધું અને એને સૂચના આપી કે તમે એને વીજળીનું કનેકશન માટેનું એન.ઓ.સી. આપી દો. એ જે બિલ્ડિંગ બન્યું હોય એમાં ૨૦ ફલેટ હોય તો એના દસ્તાવેજ કરવાની મંજૂરી આપી દો, પાણીના કનેકશનની મંજૂરી આપી દો. કોમર્શિયલ હોય તો એને આપણે બધા પ્રકારની મંજૂરી મળી જાય. કલેકટરે સ્ટે આપી દીધો. આખું શહેર આટલા વરસથી આ

રીતે ચાલે છે. જેટલું બિલ્ડર કમાય છે એટલું ટીપી કમિટીના મેમ્બર કમાય છે. અને આની ફરિયાદ બીજા કોઇને નહિ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષને કરી. મારી પાસે એનો વિડિયો છે અને એ પણ ભાજપના કાર્યકરે કર્યો કે ભાઇ આને ડિસકવોલિફાઇ કરવાની દરખાસ્ત સરકારમાં પડી છે તો પગલાં કેમ નથી લેવાતાં? તો કહેવામાં આવ્યું કે લેવાશે. પછી એવું થયું કોઇને સામે પગલાં ન લેવાયા નોટિસ આપી દીધી, પરંતુ અરજી કરનાર માણસ હતો એને પાસામાં પૂરી દીધો. ભાજપનો જ કાર્યકર હતો. મારે કશી લેવા દેવા તેની સાથે નહોતી. આ સ્થિતિ નિવારવા માટે શું કરવું છે? ચીફ ઓફિસરની જવાબદારી નથી? મંત્રીશ્રીની સહી કર્યા વગર કોઇ બીજો માણસ ફાઇલમાં સહી કરીને એપ્રુવલ આપી દે તો જેણે ઓર્ડરનું ઇમ્પ્લીમેન્ટેશન કર્યું છે એની જવાબદારી ખરી કે નહીં? તો કહે કે કોઇની જવાબદારી નહીં. બધાને ખબર છે. ૧૫૯ નગરપાલિકાઓમાંથી મોટા ભાગની નગરપાલિકાઓ આ રીતે ચાલે છે. આખા શહેરોના નવા નવા વિસ્તારો, કોઇ માર્જિન નહીં. હું આખું વાંચીશ તો તમને આશ્ચર્ય થશે. મારે તેમાં સમય બગાડવો નથી. કોઇ માર્જિન નહીં, કોઇ પાર્કિંગ નહીં.

ઉપાધ્યક્ષશ્રી : સમય પૂરો થશે.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા : આમાં સમય પૂરો થવાનો ન હોય.

ઉપાધ્યક્ષશ્રી : બીજા તમારા જ સભ્યો બોલવાના બાકી છે.

શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા : બધા બોલશે. બિલની મર્યાદામાં જ બોલું છું. માનનીય મંત્રીશ્રીનું આપના મારફત ધ્યાન દોરું છું. પોરબંદરની અંદર દરિયાકાંઠાનો અમારો વિસ્તાર છે. તેમાં ૧૦ ફૂટ નીચે બોર કરો કે કૂવો ખોદો એટલે પાણી આવી જાય અને પાણી મીઠું હોય. લગભગ બધા વાપરતા હોય. મારા ઘરમાં પણ કૂવો છે. પોરબંદરમાં મનાઇ છે કે તમે અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ ન કરી શકો. સેલર ન રાખી શકો છતાં ગેરકાયદેસર સેલરની અંદર પાર્કિંગ બતાવી દે. ૧૦૦ મીટરના પ્લોટની અંદર અન્ડરગ્રાઉન્ડ પાર્કિંગ કેવી રીતે આવી શકે? તો પાર્કિંગ કરે અને ૮-૧૦ માળ ખડકી દીધા હોય. ઉપરના માળની ડેવલપમેન્ટ ફી જમા કરાવવાની હોય એ ન કરાવે. જે એફ.એસ.આઇ. પર્ચેઝ કરી શકાતી હોય એ પર્ચેઝના પૈસા નહીં આપવાના. ૫૦થી ૬૦ કરોડ રૂપિયા દર વર્ષે ડેવલપમેન્ટ ચાર્જના મળવા પાત્ર હોય એ બધા અંદર અંદર વહેંચી લે છે. મારી માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી છે, હું આ બન્ને કાગળો મંત્રીશ્રીને પછી આપીશ. જે સરકારી અધિકારી, પ્રદેશિક કચેરીએ રિપોર્ટ કરેલો છે અથવા તો અહીંના જે કમિશનર છે, મ્યુનિસિપાલિટીના કમિશનરે જે રિપોર્ટ કરેલા છે અને જે નોટિસ આપેલી છે આના ઉપર કોઇ પગલાં નહીં. પૈસા ક્યાં જાય છે? સવાલ એટલો આવે છે કે તેના કારણે જે ખરીદનાર માણસ છે તેને કાયમ ગેરકાયદેસર બિલ્ડિંગમાં રહેવાનો વારો આવે છે અને એવા લોકોને ડર બતાવે કે તમારું મકાન તોડી નાખીશું. આ ફરિયાદ મેં કરી છે એવું નહીં, ભારતીય જનતા પાર્ટીના ટોચના આગેવાનોએ આ ભ્રષ્ટાચાર બંધ કરાવવા માટેની રજૂઆતો કરી છે. કોઇ સાંભળતું નથી. કારણ શું છે એ હાઉસ જાણવા માગે છે? અનેક જગ્યાએ આવી વાત છે. કલોલમાં ગેસની પાઇપલાઇન જતી હતી. તેના ઉપર બિલ્ડિંગો બની ગયા અને બિલ્ડર ઉપર કોઇ પગલાં નહીં? સરકારના ધ્યાને મૂકાયું. કોઇ પગલાં નહીં. ગેસની પાઇપલાઇન ઉપર બાંધકામ હોય એટલે શું થાય? એ બોમ્બ ઉપર માણસો રહેતા હોય. તેમાં અકસ્માત થાય તો શું હાલત થઇ હોય? આખરે એ બિલ્ડર ઉપર કોઇ પગલાં ન લેવાયાં પણ એમ કહ્યું કે હવે ગેસની પાઇપલાઇન ફેરવી લઇએ. બિલ્ડર ઉપર કોઇ પગલાં ન લેવાયાં. આ મોડસઓપરેન્ડી દરેક શહેરોમાં ૧૫૯ નગરપાલિકાઓમાં ચાલે છે. મારી આપશ્રીને વિનંતી છે. આપે ઓનલાઇન કરેલું છે. આના માટે પણ ઓનલાઇન અરજી કરવાની વાત કરી છે. બહુ સારી વાત છે. તમારે ૨૫ માળનું બિલ્ડિંગ બનાવવું હોય, ૫૦ માળનું બિલ્ડિંગ બનાવવું હોય કે ૧૦ માળનું બનાવવાનું હોય, ઓનલાઇન સિવાય પરવાનગી આપવાની પ્રથાનો દરવાજો જો આપણે ચાલુ રાખીશું તો બધા એ દરવાજામાં જવાના એટલા માટે. પોસીબલ નથી કે અહીં ત્રણ માળ કરતા વધારે માળ આપી શકાય. તો ત્યાં ૧૦ માળનું બિલ્ડિંગ થઇ જાય અને ૧૦ માળમાં ૭ માળની અંદર નગરપાલિકાને કોઇ આવક ન થાય, કારણ કે તેના પૈસા લઇ શકાતા નથી. ત્રણ માળના જ પૈસા લે છે. બાકીનું એમનેમ થઇ જાય છે અને એ પૈસાનો વહીવટ કેવી રીતે થાય છે એ બધા જાણીએ છીએ અને શહેરી વિકાસ ખાતું તો માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે છે ત્યારે એમની પાસે ખૂબ અપેક્ષા છે. ગુજરાતના ૧૫૯ શહેરો જે રહેવા જેવા નથી રહેવા દીધા એની અંદરના વહીવટની અંદર થોડું ક ધ્યાન અપાય. રેલવે માટેની રિઝર્વ જમીનો હોય એમાં બાંધકામ આપી દે, બગીચા માટેની અનામત જમીનો હોય એની અંદર બાંધકામની મંજૂરીઓ અપાઇ જાય. આ નગરપાલિકાના વહીવટની વાત આવશે ત્યારે હું બીજી વાત કરીશ પણ આ તો ટી.પી.ને લગતી વાત છે એને રીલેવન્ટ છે એટલી વાત કરી છે. મારી ફરીથી વિનંતી છે કે નગરપાલિકાની તમામ ટી.પી.કમિટીને વિખેરી નાખવી જોઇએ અને સક્ષમ અધિકારીની નિમણૂક કરી અને જે માત્ર અને માત્ર ઓનલાઇન જ મંજૂરીઓ આપે એ પ્રકારે વહીવટ કરવો જોઇએ અને એમાં જે કોઇપણ ગેરકાનૂની રીતે મંજૂરી આપવાના અને ગેરકાયદેસર રીતે બાંધકામ કરવાના હોય એની સામે ક્રિમિનલ ઓફેન્સ રજિસ્ટર કરવો જોઇએ તો આ જે આખું નેક્સસ છે એ અટકશે એટલે મારી આપના મારફત સરકારશ્રીને વિનંતી છે કે હું માનનીય મંત્રીશ્રીને બે કાગળો જરૂરથી આપીશ એનો અભ્યાસ કરાવે. આમાં તો થોડાક જ ખાલી છે. એક વર્ષની અંદર ૫૧૮ આવા મોટા બિલ્ડિંગોને ઓફલાઇન મંજૂરી આપી છે અને એની અંદર લગભગ એક વર્ષની અંદર બે હજાર જેટલા યુનિટો બન્યા છે એટલે બે હજાર પરિવારો તો બિચારા કાયમ ગેરકાયદેસર મકાનોમાં રહેશે. છેલ્લાં દસ વર્ષથી આ નેકસસ ચાલે છે એ અટકાવે અને પ્રજાના પ્રતિનિધિઓની સામે તો વધારેમાં વધારે ડિસ્કવોલિફિકેશન થશે પણ જે ચીફ ઓફિસરો જે આવ્યા છે અને જેમણે આ વહીવટ કલેકટરના સ્ટે પછી ચલાવ્યો છે, ડોમોલીશન ના કાર્યું હોય તો વાંધો નહીં

પણ એના પછી આ બધી જ વીધીઓ કરવા દીધી છે એની સામે, જી.ઇ.બી.ના અધિકારીઓની સામે અને બીજા બધાની સામે પણ એકશન લેવાય એટલી મારી માગણી છે અને આજે બિલ લઇ આવ્યા છે એ આ છેલ્લું બિલ હોય એવી આપ ખાતરી આપજો એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

ડો. તુષારભાઇ ચૌધરી(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ મંત્રીએ જે બિન અધિકૃત બાંધકામોને કાયદેસર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જે ગુડા ૨૦૨૨ અંતર્ગત જરૂરી ડોકયુમેંટના આધારે ઇમ્પેકટ ફી લઇને ગેરકાયદેસર કરવામાં આવેલ બાંધકામોને કાયદેસર કરવા માટેનું જે વિધેયક રજૂ કર્યું છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં ફકત કબજા રસીદ હોય એવી વર્ષો જૂની હજારો સોસાયટીઓ, ગાળા ટાઇપ મકાનો અને એપાર્ટમેન્ટો લગભગ લાખોની સંખ્યામાં ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે. એ લોકો પાસે કોઇ દસ્તાવેજ નથી. કોઇ સનદ નથી. કોઇ પ્રોપર્ટી કાર્ડ નથી કે કોઇ સરકારી રજિસ્ટ્રેશન પણ નથી તેમ છતાં આ તમામ મકાનોને સરકારી સુવિધાઓ તમામ પ્રકારની મળે છે. એમને ગેસ, પાણી, વીજળીની સુવિધા હોય, રોડ રસ્તા એ પણ મળે છે. સાથેસાથે સરકારી સંપૂર્ણ પ્રકારનો ટેકસ એની પાસેથી વસૂલ કરવામાં આવે છે પણ આ કબજા રસીદવાળી મિલકતોને જો એને પણ ઇમ્પેકટ ફી લઇને જો કાયદેસર કરવામાં આવે તો સરકારની ખૂબ મોટી રેવન્યુ આવક પણ વધી શકશે અને જે આ કબજા રસીદવાળા માલિકો છે કે જે મકાનો ધરાવે છે એમને પણ માલિકીનો અધિકાર મળશે તો ભવિષ્યમાં એમને કોઇ લોન લેવી હોય કે એમને કોઇ પોતાની મિલકતનું વેચાણ કરવું હોય તો એને સારી કિંમત પણ મળી શકે તો આ વિધેયકમાં સંશોધન કરીને આ લોકોને પણ માલિકીનો હક્ક મળે એવી મારી વિનંતી છે. આ વાત હું એટલા માટે કરું છું કે ખાસ કરીને નગરપાલિકાઓ હોય કે મહાનગરપાલિકાઓ હોય, જયારે જયારે એનું હદ વિસ્તરણ કરવામાં આવતું હોય અને આજુબાજુનાં ગામડાનો મહાનગરપાલિકાઓમાં સમાવેશ કરવામાં આવતો હોય કે નગરપાલિકાઓમાં સમાવેશ કરવામાં આવતો હોય એ પહેલાં એ લોકોએ જયારે મકાન બનતું હોય ત્યારે એ લોકો ગ્રામ પંચાયતમાં વસવાટ કરતા હોય છે. ત્યાં એટલા નિયમો કડક હોતા નથી. આજે હું એક મારા લોકસભા વિસ્તારમાં અને કામરેજ વિધાનસભામાં પુના ગામનોજ દાખલો આપું. પુના ગામ એક ગામડું હતું. ગ્રામ પંચાયત હતી આજે પુના ગામમાં ૧૦૪ બૂથ છે અને લગભગ એક લાખ જેટલા વોટરો છે. એનો મતલબ કે ત્યાં લગભગ દોઢ લાખ લોકો એ પુના ગામમાં વસવાટ કરે છે અને મોટા ભાગના લોકો મધ્યમવર્ગીય પરિવાર અને ગરીબ પરિવારમાંથી આવે છે. એ લોકોની રોજીરોટી શહેરમાં છે પણ શહેરમાં એ લોકો મકાન ખરીદી શકે એવી સ્થિતિ ન હતી એટલે બાજુના ગામડામાં રહેવાનું પસંદ કર્યું. એવું જ સુરત શહેરની આજુબાજુમાં લાખો ઘરો છે એમની પાસે કબજા રસીદ છે પણ પુરાવા નથી. એને પણ આ વિધેયક દ્વારા ન્યાય આપવામાં આવે એવી વિનંતી કરં છું. માનનીય મંત્રીશ્રીએ ઓન લાઇનની વાત કરી છે. હું ઓન લાઇન પ્રક્રિયાનો વિરોધી નથી પણ આમાં નાના માણસો લૂંટાઇ રહ્યા છે. એ રીતે લૂંટાય છે કે એનું ૫૦ ચોરસમિટર ગેરકાયદેસર બાંધકામ છે એની સામે એને ઇમ્પેક્ટ ફી ૩ હજાર ભરવાની છે પણ ઓનલાઇન પ્રક્રિયામાં અરજી કરવા માટે આર્કિટેક્ટ પાસે અરજી કરાવવી પડે અને એની ફી રૂપિયા ૧૦ થી ૧૫ હજાર છે. અરજી કરવાના કારણે ખર્ચ કરવો પડે છે. એના માટે પણ સન ૨૦૧૧ મુજબ જોગવાઇ હતી, કારણ કે મોટા માણસો હોય એ તો મોટા ગેરકાયદેસર બાંધકામો હોય અને એ એમાંથી કમાઇ લેવાનો છે એટલે એ આર્કિટેક્ટની ફી ભરી દેશે. ૫૦ ચોરસમિટર હોય, ૪૦ કે ૬૦ ચોરસમિટર હોય એને ૧૦ થી ૧૫ હજાર ભરીને અરજી કરવા માટે આર્કિટેક્ટની પાસે જવું પડે. આ બાબતે સન ૨૦૧૧ની જોગવાઇ મુજબ કાર્યવાહી થાય એવી વિનંતી છે. બિન અધિકૃત બાંધકામને નિયમિત કરવા માટે પાર્કિંગ, એફ.એસ.આઇ., મિલકતની ઉંચાઇ, બિલ્ડપ એરિયા બાબતે આજના બિલમાં જે જોગવાઇ કરવામાં આવી છે એના નિયમો અને શરતોના કારણે એનો લાભ ૨૦ ટકાથી વધારે લોકો લઇ શકે નહીં એવું લાગે છે. કારણ કે લોકો ડરી રહ્યા છે. પણ લોકોના હિતમાં આ બિલ લાવવામાં આવેલ હોય તો પાર્કિંગ, એફ.એસ.આઇ., મિલકતની ઉંચાઇ, બિલ્ડપ એરિયા બાબતે ગુડા એક્ટ-૨૦૨૨માં જે જોગવાઇ કરવામાં આવેલી છે, એમાં ફેરફાર કરીને ૨૦૧૧ મુજબની જો જોગવાઇ કરવામાં આવે તો ૨૦ ટકા કરતા વધારે અરજીઓ આવશે. એનો સરકારને પણ ફાયદો થશે અને વધારેમાં વધારે મિલકત આપણે કાયદેસર કરી શકીશું. આપના માધ્યમથી મેં માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીને મારા વિચારો રજૂ કર્યા છે. હું આશા રાખું છું કે એમાં સંશોધન કરીને નાના માણસોને ન્યાય આપવાનો પ્રયત્ન કરે. આપશ્રીએ મને મહત્ત્વના વિષય પર મારા વિચારો વ્યક્ત કરવાની તક આપી એ બદલ આપનો આભાર માનું છું. ધન્યવાદ.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ):માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભાના સર્વે ચૂંટાયેલા ધારાસભ્યોને આજના પ્રથમ સત્રમાં હું ખૂબ ખૂબ અભિનંદન સહ સ્વાગત કરું છું. પ્રથમવાર ચૂંટાયા પછી આજે પ્રથમ સત્રની અંદર જ પ્રથમવાર મને ગુજરાત અનધિકૃત બાંધકામ બિલ વિશે મને બોલવાની તક આપી છે તે માટે આપશ્રીનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આજના દિવસે વિશેષ આભાર વ્યક્ત કરીને મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે અનેક કારણોસર નાગરિકો અનધિકૃત બાંધકામ કરી રહ્યા છે. મારા સાથી પક્ષના સભ્યશ્રીએ કેટલાક આક્ષેપો કરવાનો પણ પ્રયત્ન કર્યો, પણ કેટલાંક કારણો હું જણાવવા માગું છું કે જેના કારણે કદાચ કોઇ નાગરિકે આ અનધિકૃત બાંધકામ કર્યું હોય છે. શહેર વિસ્તરી રહ્યું છે. માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇએ કહ્યું કે લોકોની જરૂરિયાત એમને શહેરીકરણ તરફ લઇ જાય છે. શહેર તરફ દોટ મૂકે છે. કેટલાંક ગામડામાંથી સ્થળાંરિત થઇને લોકો શહેર તરફ આવતા હોય છે ત્યારે નવીન રહેણાંક, નવીન રોજગારીની તક એ ઘણીવાર હયાત મકાનો અને મંજૂરીવાળા મકાનોમાં પણ થોડા ઘણા ફેરફાર કરીને એમની જરૂરિયાતો સંતોષવાનો નાગરિકો પ્રયત્ન કરતાં હોય છે. બીજા કારણમાં જે

શહેરી વિસ્તાર છે એમાં જૂના અને જર્જરિત મકાનો છે એ જર્જરિત મકાનને ઉતારીને જ્યારે એને નવા બાંધવામાં આવે છે ત્યારે પણ જી.ડી.સી.આર.ના નિયમોનું અક્ષરશઃ પાલન કરવું ઘણીવાર શક્ય હોતું નથી. હમણાં એમણે ફ્લેટની વાત કરી. એ વિશે કહું તો કદાચ કોઇ બિલ્ડરે જે પ્લાન પાસ કરાવ્યો હશે અથવા પ્લિન્થ ચેક કર્યુ હશે એના પછી પણ કેટલાક ફેરફારો બિલ્ડરો દ્વારા જાણી જોઇને કરતા હોય છે. અથવા કઇ રીતે કરતો હશે પરંતુ બાલ્કની, પ્રોજેકશન, પ્લિન્થમાં નાનો મોટો ફેરફાર કરવાનો પ્રયત્ન થાય છે. પણ ફ્લેટ ખરીદનારને આની જાણ હોતી નથી. આવા ફ્લેટ ધારકોને બચાવવા માટે આ નિયમનની જરૂર હોય છે. કોવિડ દરમિયાન પણ આપણે સૌએ જોયું છે કે દરેકે પોતાના ઘરમાં કોરોનાનો અનુભવ કર્યો હશે. ત્યારે ઘણા એવા લોકો છે કે, જે ભવિષ્યમાં એક સંયુકત પરિવારમાં રહેતા હોય અને એમના આઇસોલેશનની ભવિષ્યની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કદાચ એમને જે માર્જિનની જગ્યા મળતી હોય એ જગ્યાની અંદર પણ નાની ઓરડી બાંધીને અથવા તો ટોઇલેટ બાથરૂમ ઘરની બહાર લાવવાનો પણ પ્રયત્ન કર્યો હશે. કોવિડ દરમિયાન આર્થિક પરિસ્થિતિની અંદર આપણે સૌ જાણીએ છીએ કે નોકરી ધંધા હોય, આવકનાં સાધનો ઉપર ગંભીર અસરો પહોંચી છે. ત્યારે ઘર ચલાવવા માટે અને કુટુંબના સભ્યોનું પાલન પોષણ કરવા માટે નાગરિકોએ સ્વરોજગારી ઊભી કરવા માટે પણ પોતાના ઘરની અંદર નાનામોટા ફેરફારો કરીને સ્વરોજગારી ઊભી કરી છે. આના સિવાય પણ કારણોમાં શહેરીકરણ થઇ રહ્યું છે. સરકાર નવા નવા સત્તામંડળો સ્થાપવા જઇ રહી છે. ગુડા હોય, ઔડા હોય, સુડા હોય અને અનેકની અંદર જે પ્રમાણે માનનીય સભ્યશ્રી તુષારભાઇએ કહ્યું કે નવાં ગામડાંઓ પણ એમા સમાવિષ્ટ થતાં હોય છે. ગામડાંઓની અંદર જાગૃતતા નથી હોતી, નિયમોનું અક્ષરશઃ પાલન થયું હોતું નથી. જયારે એમને આવા વિસ્તારોમાં સમાવવામાં આવે છે ત્યારે એમને બી.યુ. પરમિશન એ વિસ્તારની મળતી નથી. આવાં અનેક કારણોથી ઘણા નાગરિકો મુશ્કેલીમાં મુકાતા હોય છે અને આનું નિવારણ સરકાર દ્વારા જયાં વિશેષ વિધેયક લાવવાનું આ સરાહનીય કાર્ય કર્યું છે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું. હું મેયર તરીકેની પણ જવાબદારી સંભાળું છું. કોર્પોરેશનમાં પણ જે પ્રમાણે કહેવામાં આવ્યું છે. અનઅધિકૃત બાંધકામની રોજ અરજીઓ આવતી હોય છે અને એમાં તંત્ર દ્વારા, કોર્પોરેશન દ્વારા પણ એકશન લેવાય છે, પોલીસ તંત્રને સાથે રાખીને એકશન લેવાય છે અને હું તો ઘણી જગ્યાએ દબાણ દૂર કરવા માટે પોતે જઉં છું અને જો આ બાંધકામ કે દબાણો જો દૂર કરી દઇએ, જો તોડી પાડવામાં આવે તો નાગરિકોને ખરાબ પરિસ્થિતિમાંથી, એક હાલાકીની પરિસ્થિતિમાંથી પસાર થવું પડે એવું મારું પોતાનું ઓબ્ઝર્વેશન રહ્યું છે. આ બાંધકામોને સૌથી પહેલા તો જી.પી.એમ.સી. એકટની ૧૯૪૯ની કલમ-૨૬૦, ૨૬૧ મુજબ કાર્યવાહી કરવાની નોટિસ પણ આપવામાં આવે છે પણ ઘણી જગ્યા ઉપર એવું બને છે કે આ નોટિસ આપ્યા પછી કાર્યવાહી માનવતાની દૃષ્ટિએ થઇ શકતી નથી. એક નાનું ઉદાહરણ આપવા માંગીશ કે દબાણો દૂર કરવા માટે હું મારી ટીમ સાથે પહોંચ્યો હતો. જયાં દબાણો દૂર થતા હતા ત્યાં એક ઓરડી ઘરની બહાર બની હતી અને એ નાની ઓરડી એના ઘરની અંદર ૮ બાય ૮ ની કદાચ હશે. એ જગ્યા ઉપર હું પહોંચ્યો ત્યારે ખબર પડી કે એક બા ખાલી શાકભાજી વેચતા હતા અને એ ઘરમાં પૂછવામાં આવતા કોઇ પુરુષ પણ નહોતું. એકલા ૬૦ વર્ષની ઉંમરના બા શાકભાજી વેચતા હતા. એ ઓરડી અનઅધિકૃત હતી. માર્જિનની અંદર બાંધેલી હતી ત્યારે મારા માટે પણ અસમંજસની સ્થિતિ ઊભી થઇ હતી કે કડક કાયદાનું પાલન કરાવું કે એમની રોજગારી છીનવી લઉં? એ હું નકકી ન કરી શકયો. તો આ માનવતાની દૃષ્ટિએ કેટલાક લોકોને જીવન ચલાવવા માટે મદદરૂપ થઇ શકે એના માટે આ સરકાર વિધેયક લાવી છે એના માટે અભિનંદન આપું છું. સરકાર દ્વારા વર્ષ ૨૦૦૧-૨૦૧૧-૨૦૧૨ એક દાયકા દ્વારા આ વિધેયક લાવવામાં આવ્યું છે. એમાં કેટલીક જોગવાઇઓનો પણ ઉલ્લેખ આ વિધેયકમાં કરવામાં આવ્યો છે. સભ્યશ્રીએ જે તક્ષશીલા જેવી ઘટનાની ચિંતા કરી તો આ વિધેયકની અંદર જીડીસીઆર-૨૦૧૭ને ધ્યાનમાં રાખીને ગુજરાત અગ્નિ નિવારણ જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમન-૨૦૧૩ની જોગવાઇઓનો આમાં અમલ કરવામાં આવ્યો છે. એની સાથે સ્થાવર મિલકત અધિનિયમ ૨૦૧૬ની જોગવાઇઓ, ગુજરાત ચિકિત્સક સંસ્થાઓ અધિનિયમ ૨૦૨૧ ની જોગવાઇઓને આવરી લઇને લોકોની સલામતી, ફાયર સેફ્ટી અને આરોગ્યની ચિંતા પણ સરકારે આ વિધેયકમાં કરી છે અને આનો ઉલ્લેખ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇએ પણ પોતાના વકતવ્યમાં કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક એમણે બહુ સરસ સ્પષ્ટતા કરી છે કે આંતર માળખાકીય વિકાસ ફંડની પણ જોગવાઇ આમાં કરવામાં આવશે. જેમાં અગ્નિ સલામતી, પાર્કિંગની જોગવાઇ, પર્યાવરણ સુધારા સહિતના પગલાં સહિત આટલા જ નહીં પણ આના સિવાયની પણ આંતરમાળખાકીય સુવિધા માટે આ ફંડનો ઉપયોગ કરી શકાય આ માટે પણ સરકારે ખુલ્લુ દિલ મૂકયું છે માટે સરકારને અભિનંદન આપવા પડે. ઇમ્પેકટનો અમલ તા. ૧૭-૧૦-૨૦૨૨ થી ચાર મહિના સુધીની સમયમર્યાદામાં અરજી કરવાની જોગવાઇ કરેલ છે. હાલમાં ૬૦ દિવસ જેટલા દિવસો વીતી ગયા છે. બાકીના સમયની અંદર પણ આપણે જો સાથે મળીને નાગરિકને જાગૃત કરીને અને જરૂર પડે તો પ્રિન્ટ ઇલેકટ્રોનિક મીડિયા, સોશિયલ મીડિયા, સેમિનાર, સ્થાનિક પ્રતિનિધિત્વનું ઇન્વોલમેન્ટ કરીને, બેનર્સ, હોર્ડિંગ પ્રદર્શિત કરીને વધુમાં વધુ નાગરિકો ઇમ્પેકટ કાયદાનો લાભ મેળવે એ આયોજન સાથે જો આ વિધેયકને આપણે ઘરઘર સુધી લઇ જઇશું તો હજારો પરિવારોને આમાં રાહત મળશે એવો મને વિશ્વાસ છે. ગુજરાત અનધિકૃત બાંધકામ નિયમિત કરવા બાબતનું વિધેયક-૨૦૨૨ સંવેદનશીલ અને ઉદાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વિચારથી શહેરીજનોનો સુગ્રથિત અને સુઆયોજિત વિકાસ થાય તેવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા આ વિધેયક લાવવામાં આવ્યું છે તેને હું સમર્થન કરું છું અને સન્માનનીય સભાગૃહ દ્વારા પણ સર્વસંમતિથી આ વિધેયક પસાર થાય તેના માટે હું આગ્રહ કરું છું. વંદે ભારત માતરમ્.

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૨૨

ડો. સી. જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો ચૂંટાઇને આવેલા તમામ ધારાસભ્યોને આપના માધ્યમ દ્વારા અભિનંદન પાઠવું છું અને નવી રચાયેલી સરકારને અને મંત્રીઓને પણ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કાયદો ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક-૨૦૨૨ નો લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું. એક તો આ જ બાબતનો કાયદો સન ૨૦૦૧માં અને આ જ બાબતનો કાયદો સન ૨૦૧૧માં પણ લાવવામાં આવ્યો હતો. જયારે જયારે કાયદો લાવવામાં આવ્યો છે ત્યારે તે કાયદામાં ઉદ્દેશો અને કારણો જણાવવામાં આવતાં હોય છે. આમાં ઉદ્દેશો અને કારણો જણાવ્યા છે તેમાં હું મારી વાત મૂકું છું. મોટી સંખ્યામાં પરવાનગી સિવાયના મકાનો બાંધવામાં આવ્યા છે. શહેરીકરણ થઇ રહ્યું છે એટલે મોટી સંખ્યામાં આવતા લોકોએ પરવાનગી સિવાય મકાનો બાંધ્યા છે તે સરકારે સ્વીકાર્યું છે અથવા પરવાનગી આપવામાં આવી હોય તો તે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે તે પણ સરકારે સ્વીકાર્યુ છે એટલે અભિનંદન આપું છું. આવા મકાનના માલિકો અને કબજેદારોને ગુજરાત મ્યુનિસિપાલિટીને લગતા અલગ અલગ કાયદાઓ, વખતોવખત ઘડાયેલા કાયદાઓ છે. તેમાં ગુજરાત પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ અધિનિયમ-૧૯૪૯ આઝાદી પછી તરત જ અમલમાં મૂકાયેલો કાયદો છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ આ ત્રણેય કાયદાઓમાં ગેરકાયદેસર મકાનો થતા હોય અથવા બી.યુ. પરમિશન આપ્યા વગરના હોય અથવા સુસંગત ન હોય તેવા તમામ મકાનોને તોડી પાડવાના નિયમો છે અને કાયદામાં જોગવાઇઓ છે. તેના માટે કોર્પોરેશનમાં કમિશનરો અને નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોને મૂકવામાં આવતા હોય છે. પરંતુ સન ૨૦૦૧ અને ૨૦૧૧માં આ કાયદો ઘડવામાં આવ્યો તે પછી પણ કેટલાક અનધિકૃત મકાનો નિયમિત કર્યા છે. બાકી અનધિકૃત વિકાસ નિયમિત કરવા માટે તેના ધાર્યા મુજબના પરિણામો સન ૨૦૦૧ અને સન ૨૦૧૧માં સરકારને મળ્યા નથી. નિયમિત કરી શક્યા નથી. બી.યુ. સિવાયના મકાનો અત્યારે ઉપલબ્ધ છે. આ બધાનું સંકલન કરીને કઇ રીતે કરવું તેના માટે બહુ મોટી પ્રક્રિયા સન ૨૦૦૧થી ૨૦૨૨ સુધીની છે. અત્યારે આ કાયદો લાવ્યા તેનો વાંધો નથી પણ ઇલેકશન પહેલાં વટહુકમ બહાર પાડવાનો કોઇ મતલબ ન હતો. આજે વટહુકમને બે મહિના થયા પણ એકપણ અરજી નહીં આવી હોય. ફકત એક મેસેજ આપવો હતો કે અમે તમારી સાથે છીએ તમે અમારી સાથે રહો. બસ આટલો મેસેજ તેમણે આપ્યો. અમને તેનો વાંધો નથી. પરંતુ સરકાર મોટાભાગના મકાનો દૂર કરવા જાય, તોડી પાડવા જઇએ અથવા મોટો ફેરફાર કરવા જઇએ તો કાયદો અને વ્યવસ્થા બગડે. પોલીસતંત્ર પણ નિષ્ફળ છે. તેનો બીજે ઉપયોગ કરવાનો હોય છે એટલે અહીં ઉપયોગ કરવો બહુ મુશ્કેલ પડે. એટલા માટે હાડમારી થવાનો ભય વ્યક્ત કર્યો છે. પ્રજા તમને આટલા મત આપે છે, પ્રજા તમારા ઉપર વિશ્વાસ મૂકીને ચાલે છે તો પણ આટલા બધા કાયદાઓનો અમલ કરી શકતા નથી. તો એના માટે એક કરવું જોઇએ કે આ ઉપરના તમામ કાયદાઓ છે તે રદ કરી નાખવા જોઇએ. ઉપરના તમામ કાયદાઓનો અમલ થતો જ નથી તો તે રદ કરવા જોઇએ. ફકત આવા જ કાયદા લઇને સરકારે આવવું જોઇએ તેવું સ્પષ્ટપણે મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત આ કાયદો લઇને આવ્યા છે તેમાં જે કલમો છે તેમાં કલમ-૧૨ માં જે અપીલ અધિકારી મૂક્યા છે તે અપીલ અધિકારીને ૬૦ દિવસની અંદર અરજી કરવાની હોય છે. તેમાં અરજીમાં જે ફી નિયત કરી છે તે ભરવાની હોય છે. દંડની જે રકમ નક્કી કરી હોય તેની ૫૦ ટકા રકમ પણ જમા કરાવવી પડે તો જ તે અપીલ સાંભળે. એ વાંધો નથી અને બિલ્ડર પાસે પૈસા ભરાવવામાં કોઇ વાંધો નથી. બીજું સત્તાધિકારીને યોગ્ય લાગે તો આ ફી માફી આપી શકે, શા માટે? અનધિકૃત બાંધકામમાં જે ફી કે જે દંડ નક્કી કર્યો છે એના પર અપીલ થઇ રહી છે તો એના પર ૫૦ ટકા રકમ જમા ન કરાવી શકે, શા માટે ન કરાવી શકે? તો અપિલ અધિકારીને એવી શા માટે સત્તા આપવી જોઇએ કે ૫૦ ટકા રકમ જમા ન કરે તો પણ વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને સાંભળી શકશે. એ શુદ્ધબુદ્ધિનો ઉપયોગ થતો નથી હોતો અને એમાં પછી જે પોલિટીકલ પ્રેસર હોય આ પાર્ટી કે પેલી પાર્ટી નથી કહેતો, પણ પોલિટીકલ પ્રેસર ધરાવતા કે વગ ધરાવતા લોકો એમાં પણ માફી લઇ જતા હોય છે અને જે ખરેખર ગરીબ માણસ છે અને ગામડામાંથી શહેરમાં આવ્યો હોય એને ચોક્કસ તમે ફી ભરાવતા હોય છે. એટલે આમાં એક ભ્રષ્ટાચારનો મુદો ખુલ્લો રાખ્યો છે એ માનનીય મંત્રીશ્રીનું આપના માધ્યમ દ્વારા ધ્યાન દોરું છું કે અપીલ અધિકારીને આવી સત્તા નહીં હોવી જોઇએ. જી.ઇ.બી. બોર્ડમાં ૫૦ ટકા ફી ભરે પછી જ અપીલ ચાલે છે તો આમાં પણ એવું હોવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૮માં બહુ સારી જોગવાઇઓ કરી છે કે, અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરી શકાય પણ બધા જ અનઅધિકૃત બાંધકામો નહીં પોતાની માલિકીની જગ્યા હોય, પોતાનું મકાન હોય, પોતાના ઉપયોગ માટે પોતાની જગ્યામાં મકાન બનાવ્યું હોય, પોતાની જમીનમાં બનાવ્યું હોય તો એને અનઅધિકૃત હોય તો અધિકૃત કરવાની જોગવાઇઓ કરી છે. કઇ કઇ જોગવાઇઓ છે કલમ ૮માં કે જ્યાં ન કરી શકે ત્યાં એમણે જોગવાઇઓ કરી છે પરંતુ વર્ષ ૨૦૦૧ અને ૨૦૧૧માં આ કાયદો આવ્યા છતાં આપણે આ નિયમિત કરવાની પ્રોસિજર શરુ થઇ હોય એ પછી અને એ પહેલા તમારે કોઇ પણ જગ્યાએ જે એક્સિડંટ થયા એ બનવા જ ન જોઇએ. આપણે તક્ષશિલા સુરતમાં જોયું, બહુ દુઃખદ ઘટના બની. તક્ષશિલા સુરતમાં આપણી નવયુવાન દીકરીઓ ટ્યૂશન ક્લાસીસમાં જતી હતી ત્યાં ફાયર સેફ્ટીની સગવડ ન હોય, જ્યાં સીડી ઉતરવા ચડવાની એક જ હોય, લિફ્ટની સગવડ ન હોય અને આપણી દીકરીઓને સાતમાં માળ કે પાંચમાં માળેથી કુદીને પડતા અને મોતના મુખમાં ધકેલાતી આપણે જોઇ છે અને આપણે એને બચાવી શક્યા નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી એ સબજ્યુડીસ મેટર હોય માટે અત્યારે એની ચર્ચા આપણે ન કરીએ તો વધુ સારું.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કશો વાંધો નહીં, ચર્ચા નહીં કરીએ. કહેવાનો મતલબ એ છે કે આવી દુઃખદ ઘટનાઓ જ્યારે બની હોય ત્યારે આપણે આ કાયદો અમલમાં લાવ્યા ત્યારે એ જોવું પડે કે એની ફાયર સેફ્ટીની સગવડ છે કે નહીં? આપણે એ પણ જોયું છે કે કોરોના કાળમાં લાખોની સંખ્યામાં લોકો મોતના મુખમાં ધકેલાઇ ગયા હતા અને જે લોકો હોસ્પિટલોમાં રહ્યા સહ્યા બચ્યા હતા, એ હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની પૂરતી સગવડ ન હોવાના કારણે આગ લાગી અને એ જે કોરોનામાંથી બચ્યા હતા એ આગના મુખમાં ધકેલાયા. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો જ્યારે લાવ્યા છીએ ત્યારે એ કાયદાનો અમલ કરતા પહેલા અને અરજીઓ આવતા પહેલા આવી શૈક્ષણિક સંસ્થાઓ છે, હોસ્પિટલો છે, બહુમાળી મકાનો છે ત્યાં ફાયર સેફ્ટીની સગવડ છે કે કેમ? ત્યાં લિફ્ટની સગવડ છે કે કેમ? ત્યાં પાર્કીંગની સગવડ છે કે કેમ? આ જોઇને જ અરજીઓ સ્વીકારવી જોઇએ, કારણ કે અત્યાર સુધી ફાયર સેફ્ટી સિવાય અને બીજી સગવડતા સિવાય એનો ઉપયોગ કરી લીધો. તમારે ખાલી માર્જિનમાં બાંધકામ વધારાનું કરી દીધું છે કે વધારાનો શેડ કાઢ્યો છે એને નિયમિત કરવાની વાત છે. એટલે બાકીના જે કાયદાઓ છે અને શહેરીકરણને લગતા કાયદાઓ છે એનો અમલ થતો નથી અને નથી થતો એનું કારણ આવા કાયદાઓ વારંવાર આપણે આપીએ છીએ એટલે એ લોકો રાહ જોઇને બેઠા હોય છે. પરંતુ આવી સંસ્થાઓમાં કડકપણે હજુ પણ જ્યા ફાયર સેફ્ટી ન હોય, બીજી સગવડ ન હોય, સ્કૂલ હોય અને પૂરતું રમત-ગમતનું મેદાન ન હોય આવી સંસ્થાઓની નિયમિત કરવાની અરજી આવે તો પણ ફગાવી દેવી જોઇએ એવું ચોક્કસપણે હું માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૧૦માં છેલ્લા પેરામાં બતાવ્યું છે કે એક કરતા વધુ અરજદારના કિસ્સામાં માલિકીના અને કબજાના સ્થળમાં મુકરર સત્તાધિકારીએ આદેશ કર્યા પ્રમાણે અનધિકૃત વિકાસથી પાંચસો મીટરથી વધુ નહીં તેટલા અંતરે પાર્કીંગ પૂરું પાડવું જોઇશે. એમાં જે બાંધકામ થતું હોય ત્યાં પૂરતું બાંધકામ આપવાની જોગવાઇ હોવી જોઇએ, પરંતુ કોઇ સંજોગોમાં પૂરતું પાર્કીંગ નથી આપી શક્યા અને બિલ્ડિંગ બની ગયું અને પાર્કીંગની સગવડ ન થઇ તો એણે ૫૦ ટકાથી વધારે પાર્કીંગની વ્યવસ્થા કરવી જ જોઇએ પણ ૫૦ ટકા કરતા ઓછી જગ્યાનું પાર્કીંગ થયું હોય તો ૫૦૦ મીટરથી દૂર પાર્કીંગની વ્યવસ્થા કરવી જોઇએ. હવે શહેરમાં ક્યાંથી કરવાનો છે? હવે જ્યાં જ્યાં આવી પાર્કીંગની વ્યવસ્થા નથી હોતી, ત્યાં જ ટ્રાફિક પોલીસ ઊભી હોય છે. આ પણ આપ જોજો. આપના દ્વારા આ બાબત પરત્વે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું. એને ખબર છે કે આ બિલ્ડિંગમાં પાર્કીંગની વ્યવસ્થા નથી. ત્યાં ટ્રાફિક પોલીસ પોઇન્ટ ઉપર સીટી લઇને ઊભો હોય છે અને તરત સીટી મારી અને પકડે અને દંડ વસૂલ કરે. એક તો તમે પાર્કીંગની વ્યવસ્થા આપી નથી, બીજી બાજુ પોલીસ તંત્ર તેને હેરાન કરે છે, તો એટલા વિસ્તારમાં આવા જેટલા ટ્રાફિકને લગતા કેસ બને તે તમામ દંડ તે બાંધકામનો માલિક હોય તેને ભોગવવાનો અને રાહદારીને ભોગવવો ન જોઇએ એવી જોગવાઇ કરો. એટલા માટે કે રાહદારીની સુખાકારીનો તમે ભોગ લીધો છે, જાહેર જનતાને તમે પાર્કીંગ ઓછું આપીને ભોગ લીધો છે અને શરતચૂકથી ત્યાં સ્કૂટર મૂકી દીધુ તો ટોઇંગવાળા ઉપાડીને લઇ જાય. ત્યાં જ પોલીસ ઊભી હોય, ત્યાં જ ટોઇંગવાળા ઉભાં હોય કારણ કે તેમને ખબર છે કે અહીંયા પાર્કીંગ નથી એટલે અહીંયા લોકો ભૂલ કરશે એટલે આ બાબતે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે, જેમ આપણે કાયદાઓ ઘડીએ છીએ, જેમ આપણે શુદ્ધ બુદ્ધિથી કાયદાઓ ઘડીએ છીએ પણ કાયદાને તોડનારા લોકો પણ ખૂબ વિવેક બુદ્ધિથી આપણા કરતા પણ આગળ હોય છે એટલે જરા અમલમાં લાવતા પહેલાં ધ્યાન રાખો એવી મારી ખાસ વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જોગવાઇ કરી છે કે અનધિકૃત બાંધકામો કયા કયા ગણવા તેમાં સરકારને યોગ્ય લાગે એવી એક જોગવાઇ કરી છે એટલે તેમાં વિશેષ કહેતો નથી પરંતુ કાયદો જે પ્રમાણે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે અને એ જ રીતે શુદ્ધ બુદ્ધિથી અમલ થાય એ માટે આપ કડકમાં કડક નિયમો બનાવો અને તેનો અમલ થાય એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું. જય ભારત.

શ્રી અમિતભાઇ શાહ (એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવા બાબતનો જે ખરડો ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન કરવા ઊભો થયો છું, મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો અને મુખ્યમંત્રીશ્રીનો પણ આભાર માનુ છું કે, આજે ગૃહનો પહેલો દિવસ છે અને આટલા ગંભીર વિધેયક પર મને ચર્ચામાં ભાગ લેવા માટે મારું નામ નક્કી કર્યું. આ વિધેયક માનનીય મંત્રીશ્રી જાહેર હિતાર્થે લઇને આવેલા છે. તેની જોગવાઇઓ આમ જનતા માટે લાભકારક છે. જે લોકોએ પોતાની જગ્યામાં જરૂરિયાત મુજબનું બાંધકામ કર્યુ છે અને તેમને આ નોમીનલ ફી ભરવાની તેમની જરૂરિયાતો સંતોષાશે. મને બરાબર ખબર છે હું ૨૫ વર્ષ કોર્પોરેટર રહ્યો છું, મેયર રહ્યો છું, વિરોધપક્ષનો નેતા રહ્યો છું એટલે આ સૌથી વધારે ખબર પડતી હોય તો કદાચ અમને લોકોને પડે છે. માણસે દુકાન લીધી હોય, પોતાનું મેટરનિટી હોમ લીધું હોય, દવાખાનું લીધુ હોય પણ તેને ખબર ના હોય કે કાયદેસર છે કે ગેરકાયદેસર છે અને જ્યારે નોટિસ આવે કે ફાયર સેફ્ટીની બબાલ આવે, સીલ થઇ જાય ત્યારે દોડતા આવતા હોય છે. મને લાગે છે આ બાબતમાં આપણા આ વિધેયકથી આ લોકોને રાહત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા અનધિકૃત વિકાસને કારણે અનેકગણી સમસ્યાઓનો આપણે સામનો કરવો પડયો છે. અનેક વખત ન્યાયતંત્રએ પણ આપણને સજેશનો કરેલા છે. અનધિકૃત વિકાસને કારણે નિયમિત કરવા માટેની જે જોગવાઇઓ

કરે છે તે આજના સમયની મને લાગે છે માગ છે, જરૂરિયાત છે. માનનીય ભૂપેન્દ્રભાઈ જે આપણા મુખ્યમંત્રી છે તેમણે જે તત્પરતા સાથે અગ્રતા આપીને આ વિધેયક લાવ્યા છે તેમને હું અભિનંદન આપુ છું અને ગુજરાતની પ્રજાના ઘણા બધા આશીર્વાદ તેમને મળી રહેશે તેની મને બરાબર ખાતરી છે. ભૂતકાળમાં આપણે સન ૨૦૦૧ અને સન ૨૦૧૧માં પણ આપણે આવો કાયદો લાવ્યા છીએ અને આવો કાયદો બનાવ્યો છે. મને તો એક વાતનો આનંદ છે કે, અનધિકૃત બાંધકામો નિયમિત થાય અને લોકોની સલામતી જોખમાય નહીં તેની પૂરતી તકેદારી તંત્રએ રાખી છે. ખાસ હેતુ માટે કોઈ પ્લોટ ફાળવાયેલો હોય જેમ કે જમીન હોય, રોડ હોય, વોટર બોડી હોય તો તેની ઉપર કોઈપણ જાતનું બાંધકામ કાયદેસરનું કરવાનુ નથી થતું. મને એ પણ ખબર છે કે મકાનોની અગ્નિશામક વ્યવસ્થા અને સ્ટ્રકચરલમાં પણ કોઈ ભૂલ હોય તો પણ આ અનધિકૃત બાંધકામ કાયદેસર નહીં થાય. કેન્દ્ર સરકાર રેરાનો કાયદો લાવી છે અને રેરાના કાયદામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. આ રેરાના કાયદામાં કોઈ પણ સ્કીમને નોટિસ આપી હશે તો પણ આ બાંધકામ કાયદેસર નહીં થાય તેનું પણ મંત્રીશ્રીએ ધ્યાન રાખ્યું છે. જો આમ આ સરકાર દ્વારા અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાની સાથે એવા બાંધકામો છે કે જેની સમાજ ઉપર અસર ન થાય એનું સરકારે પૂરેપૂરું ધ્યાન રાખ્યું છે. સરકારે ખૂબ ગહન ચિંતા અને ચિંતન સાથે વિધેયક રજૂ કર્યું છે. હું ગૃહના દરેક સભ્યને વિનંતી કરું છું કે સર્વાનુમતે વિધેયક મંજૂર કરે અને એક વાત ઉપર સરકારનું ધ્યાન દોરું છું. હું અમદાવાદનો મેયર રહ્યો છું. અમદાવાદમાં જુમ્મા મસ્જિદ છે. એની સામે ૪૦ મીટર સામેની બાજુએ ૨૬૮ દુકાનો બની હતી. હું મેયર થયો. મેં પૂછ્યું કે ટાસ્ક કોરિડોરના કેસમાં તો એવું છે કે ૧૦૦ મીટરની રેન્જમાં કાંઈ બનવું ના જોઈએ. જે તે વકીલે મને કહ્યું કે, ''સાહેબ, તમારી આગળના મેયર સાહેબ કહીને ગયા હતા કે રહેવા દેવાનું છે.''૧૦૦ મીટરની અંદર આ ૨૬૮ દુકાનોનું બાંધકામ થઈ ગયું છે. અમે પાછળથી બધી જ ૨૬૮ દુકાનો તોડાવી નાંખી. જે વ્યક્તિ હાજર નથી એટલે વકીલ કે મેયરનું નામ આપવાનો અર્થ નથી પણ હું આદરણીય સભ્યશ્રીને યાદ અપાવું છું કે શાસન આપનું હતું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કરવા બાબતનું વિધેયક, ૨૦૨૨ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ લાવવાની જરૂર કેમ પડી? તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ સરકાર દ્વારા વટહુકમ બહાર પાડ્યો અને એ વટહુકમ બહાર પાડ્યા પછી લગભગ ૧૦-૧૨ દિવસ પછી ચૂંટણી જાહેર થઈ અને પહેલાં સત્રમાં આ વટહુકમને બિલના સ્વરૂપમાં સરકાર લઈને આવી છે. સરકારે ઉદ્દેશોમાં ખૂબ સરસ સરળ વાત કરી છે કે મોટા પ્રમાણમાં મકાનો દૂર કરવા, તોડી પાડવા, ફેરફાર કરવાથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઊભી થાય. જનતાને હાડમારી ના પડે, આર્થિક માળખાઓમાં ખલેલ પહોંચે, સામાજિક અવ્યવસ્થા ઊભી થાય, લોકો બેઘર ના બને આ બધી પરિસ્થિતિઓના કારણે અમારે તાત્કાલિક વટહુકમ લાવવો પડ્યો. જેને બિલના સ્વરૂપમાં વિધાનસભામાં ચર્ચા માટે લાવ્યા છે. પહેલું બિલ ૨૦૦૧માં આવ્યું. ત્યારપછી આ જ બિલ સુધારા સાથે ૨૦૧૧માં આવ્યું. ૨૦૧૧માં બિલ આવ્યા પછી એમાં કાંઈ ત્રુટિ લાગી અને ૨૦૧૩માં આ બિલને સુધારા બિલ તરીકે આ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું. એ વખતે હાલના ઉત્તર પ્રદેશના ગવર્નર અને તત્કાલીન મંત્રીશ્રી આનંદીબેન પટેલ બિલ લઈને આવ્યા હતા. એ વખતે કહેવાયું કે અમે ૩ નાના સુધારા સાથે આ બિલ લઈને આવ્યા છીએ. તે વખતે પણ જે વાત માનનીય મંત્રીશ્રીઓ આ સભાગૃહ સમક્ષ મૂકી હતી એ પણ આ જ રીતની વાત હતી. આજે માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ વિભાગનું બિલ લઈને આવ્યા છે ત્યારે ફીના ધોરણની વાત કરી. કલમ-૮ અને કલમ-૬નો ઉલ્લેખ તમે ખૂબ સારી રીતે કર્યો છે. એ વખતે માનનીય મંત્રીશ્રીએ પણ એમની વાત તે બિલમાં વિધાનસભા ગૃહમાં મૂકી હતી. આપે કહ્યું હતું કે વિસ્તારપૂર્વક ચર્ચાઓમાં ગરીબ અને મધ્યમ વર્ગના ફાયદાઓ કરી ચૂક્યા છીએ, પરંતુ સમય જતા વખતોવખત લોકોની માંગણીઓ, જરૂરિયાતો, વધારે પડતા દરોનો અવાજ ઉઠ્યો અને લોકોને ફેરફાર કરવાનો પોસાય તેવો પ્રતિસાદ મળવો જોઈએ તે ન મળ્યો અને પરિણામે બિલમાં સુધારા રજૂ કરવા પડ્યા. તે વખતે માનનીય ઋષિકેષભાઈ આ વિધાનસભા ગૃહમાં એવું પણ બોલ્યા હતા કે વર્ષ ૧૯૬૦ની વસતિ પછી વર્ષ ૧૯૮૧માં વસતિ ડબલ થઈ ગઈ. વર્ષ ૨૦૧૨ની સ્થિતિએ લગભગ ત્રણ ગણી થઈ ગઈ. જમીનોના ભાવો વધ્યા, લોકોનું માઈગ્રેશન થયું, શિક્ષણ હેતુ, આરોગ્ય હેતુ, ધંધાકીય હેતુ માટે લોકો બાંધકામ કરવા મંડ્યા, ક્યાંય પ્લોટો ન હતા, માર્જિનની જગ્યા ઓછી હતી, ૫૦ મીટરનું માર્જિન હતું ત્યાં ૬૦ મીટરનું માર્જિન કર્યું. આ તમામ પરિસ્થિતિને આધીન સરકારશ્રી તે વખતે વર્ષ ૨૦૧૩માં સુધારો લઈને આવ્યા હતા. વર્ષ ૨૦૧૩માં સરકારે કરેલી ચિંતા તે વર્ષ ૨૦૨૨ના દ્વારે આજે પણ ઊભી છે. ગેરકાયદેસર બાંધકામમાં ઈમ્પેક્ટ ફી લઈને લોકોને ફાયદો કરાવવો જોઈએ તે સારી વાત છે. વર્ષ ૨૦૧૩ થી વર્ષ ૨૦૨૨ના નવ વર્ષના ગાળામાં આપની જ ભારતીય જનતા પાર્ટીની ગુજરાતમાં સરકાર હતી. મોટા ભાગની તમામ કોર્પોરેશન આપની છે. આ વખતે મોટાભાગની નગરપાલિકાઓ પણ આપની આવી છે. ૭-૮ વર્ષના ગાળા દરમિયાન શહેરોમાં, નગરપાલિકાઓમાં જે ગેરકાયદેસર બાંધકામો બંધાઈ ગયા તે સરકાર, મહાનગરપાલિકા, નગરપાલિકા કે ચૂંટાયેલા સભ્યોની નજરમાં ન આવ્યા? અમારા માનનીય ધારાસભ્યશ્રી બરોડાના મેયર પણ છે. તેમણે તેમની વ્યથા કહી કે ૮ બાય ૮ માં રહેતી ધંધો કરતી એક વિધવા બહેનનું મકાન કેવી રીતે તોડવું? હું તેમની વ્યથા સાથે સંમત છું. આવી તો અનેક જગ્યાએ કોઈ બાંધકામ કરતું હોય તો પાયો ખોદે, પ્લિન્થ સુધી લાવે, ધાબું કરે અને પછી એક પછી એક માળ કરતાં જાય ત્યાં સુધી ખબર જ પડતી નથી કે સત્તા પર બેઠેલા લોકોને શું તે બિલ્ડિંગ બનતું દેખાતું નહિ હોય? આપણે ૫૦ વારના પ્લોટની વાત કરીએ છીએ કે ૫૦ વારના પ્લોટમાં રહેતા એક ગરીબે તેનો પરિવાર મોટો થતાં તેણે કદાચ એક મકાન બાજુમાં બાંધી દીધું માટે આ બિલ લઈને આવ્યા છે. વાત ૫૦ વારની થાય છે પણ તમે જોશો તો ૨૦૦-૩૦૦ વાર પછીનો જે રેશિયો છે તેને ફીમાં

કન્વર્ટ કરીને માનનીય મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં કહ્યું. વાત ગરીબની લાવીને બિલને રજૂ કરવામાં આવે છે. સો ટકા ગરીબનું મકાન તૂટવું ન જોઈએ પણ કોઈ ગરીબની વાત કરીને બીજા મોટા લોકોને જે ફાયદો થવાનો છે સરકારે તેની પણ ખુલ્લા મને વાત કરવી જોઈએ. આપણે છાપા અને ટી.વી.માં જોઈએ છીએ કે ત્રણ-ત્રણ માળ બની ગયા પછી મકાન કે બિલ્ડિંગ તોડવા માટે ગયા અને એ તે ફ્લેટ તૂટે છે. એ મકાન બનતા એક-દોઢ વર્ષ થયું હશે. શું એ સત્તાધીશને મકાનની નજર નહીં પડી હોય? શ્રી ઋષિકેશભાઇ આ હિસ્ટ્રી સાંભળવા જેવી છે. અમદાવાદ શહેરમાં તો શ્રી અમિતભાઇ સિસ્ટમ ચાલે છે કે પોળોમાં કોઇ બિલ્ડિંગ બનતા હોય તો ત્યાં ટ્રક કે ટ્રેક્ટર ન જાય. એટલે પોળના નાકે સામાન ઉતારી દેવામાં આવે. પછી ત્યાંથી એ સામાનને અંદર તો લઇ જવો પડે. અમદાવાદમાં વણઝારા કોમ્યુનિટીવાળા લોકો રોજીરોટી માટે રહે છે. એમની પાસે પોતાના ગધેડા હોય છે. એમના દ્વારા સામાન પોળમાં મોકલતા હોય છે અને બિલ્ડિંગ બને. જે લોકોની નજર નથી પડતી સાહેબ. આર.ટી.આઇ. કરનારા, એ અધિકારીઓ સાથે સંકળાયેલા એવા જે વહીવટકર્તાઓ છે. સિસ્ટમ જે ચાલે છે, સરકારે સ્વીકારવું પડશે, ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પણ સ્વીકારવું પડશે. હા, જો હાથ અંદર નાંખેલો હશે તો નહીં સ્વીકારે. આર.ટી.આઇ. કરે, અધિકારી પાસે જાય. અધિકારી એમ કહે કે મારે કોઇ લેવા-દેવા નથી. જેણે આર.ટી.આઇ. કરી છે એને તું સમજી લે. એટલે પેલો એને સમજાવવા જાય. હું મારું સમજી લઇશ. તું એનું સમજી લે. સાહેબ, આ ગધેડું રેતી જ્યાં જ્યાં ગઇ હોય ત્યાં આર.ટી.આઇ. વાળો અધિકારી જાય. આ સાચી હકીકત હાઉસમાં મૂકું છું. માનનીય મંત્રીશ્રીએ ચિંતા કરી કે ગેરકાયદેસર બાંધકામો માટે સરકારે સુધારો કરીને ફીનું ધોરણ નક્કી કર્યું. હું આપનું ધ્યાન દોરું છું કે વર્ષ ૨૦૧૩ની અંદર જે સુધારા બિલ લઇને સરકાર આવી હતી. તમે કંઇ નવું નથી કરતા. તમે જે ફાયર સેફ્ટીની વાત કરી, પર્યાવરણની વાત કરી, અનેક મુદ્દાઓની આ બિલની અંદર વાત કરી છે. ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા અધિનિયમ-૨૦૧૩, ગુજરાત સ્થાવર મિલકત અધિનિયમ-૨૦૧૬, ચિકિત્સા સંસ્થાઓ આપે બધા જ ઉલ્લેખ કર્યા છે. આના બધાના બિલ પણ આ વિધાનસભા ગૃહની અંદર પાસ થયેલા છે. કોઇપણ નવી બિલ્ડિંગ બનતી હોય તો નિયમોનું પાલન કરવાનું હોય છે. આપણા બિલમાં પણ એ જ છે. બિલ ઓલરેડી વિધાનસભા ગૃહમાં પાસ થયેલા છે. માનનીય મંત્રીશ્રી આપ એમ કહો છો કે અમે ફીનું ધોરણ નક્કી કર્યું છે, ઇમ્પેક્ટ ફી નક્કી કરેલી છે. વર્ષ ૨૦૧૩ની અંદર પણ આ જ વિધાનસભા ગૃહની અંદર આ જ બિલમાં ફીનું ધોરણ નક્કી કરેલું છે. તમે કંઇ નવું લઇને આવ્યા છો, નવી વાત લઇને આવ્યા છો એ વાત આ બિલમાં દેખાતી નથી. હા, એ જરૂર કે ચૂંટણીના ૧૫ દિવસ પહેલાં તમને એની ગંભીરતા સમજાઇ કે ગુજરાતની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓની અંદર જે ગેરકાયદેસર બાંધકામો થયા છે એને આપણે કાયદેસર કરવા જોઇએ. એનો જે તમને ચમકારો થયો આંખ તમારી ખુલી. કેમ ખુલી? ગરીબ માટે ખુલી? મધ્યમવર્ગ માટે ખુલી?વેપારી માટે ખુલી? પણ કંઇક ખુલી અને તાત્કાલિક વટહુકમ લાવવો પડ્યો અને વટહુકમને આધિન આજે માનનીય મંત્રીશ્રી આપ બિલ લઇને આવ્યા છો. આપે કીધું કે ૫૦ ચોરસવારમાં ૩૦૦૦ રૂપિયા ફી લેવાશે. એ વખતે ૨૦૦૦ નક્કી કર્યુ હતું. ૫૦ ચોરસ મીટરથી ૧૦૦ ચોરસમીટરમાં ૬૦૦૦ લેવાશે. એ વખતે રૂપિયા ૪ હજાર નક્કી કર્યા હતા. ૧૦૦ ચોરસ મીટરમાંથી ૨૦૦ ચોરસ મીટરમાં રૂપિયા ૧૨ હજાર લેવાશે, એ વખતે રૂપિયા ૮ હજાર નકકી કર્યું હતું. ૨૦૦ ચોરસ મીટરથી ૩૦૦ ચોરસ મીટરમાં આપે રૂપિયા ૧૬ હજાર નક્કી કર્યું એ વખતે કદાચ રૂપિયા ૧૨ હજાર હતા અને ૩૦૦ ચોરસ મીટરમાં રૂપિયા ૧૮ હજાર નકકી કરેલા હતા. એ વખતે નકકી કર્યું હતું કે ૧ ચોરસ મીટરે રૂપિયા સો લેવામાં આવશે. આમ, વર્ષ ૨૦૧૩ના બિલના સુધારાની અંદર જે બે કલમો સુધારવામાં આવી હતી એ સ્પષ્ટપણે ફી નું ધોરણ નક્કી કરવું, ફી ભરવી અને ખોટી રીતનું બાંધકામ છે તે કાયદેસર કરવાનું છે. માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઇને આવ્યા છે તે બિલને આધિન હું આપને ચોકકસ કહેવા માગીશ કે આજે પણ અમદાવાદ નહીં, આખા ગુજરાતની વાત કરીએ. આખા રાજ્યવ્યાપી આ બિલમાં ઉલ્લેખ કરેલો છે કે આ બિલ રાજયને લાગુ પડશે. આપણે ફેમિલી સાથે શોપિંગ કરવા જઇએ છીએ. આપણો પરિવાર પણ જાય છે. આપણને ભોંયરાઓમાં દુકાનો જોવા મળે છે. આ વાત બિલકુલ સમજવા જેવી છે. આપણને શોપિંગ સેન્ટરોમાં ભોંયરાઓમાં મોટી મોટી દુકાનો જોવા મળે છે. આપણે બધા જ એમાં આવી ગયા. આપણે બધા જ એમાં શોપિંગ કરીએ છીએ. આપણને બધાને ખ્યાલ હોય છે કે ભોંયરામાં રહેલી આ દુકાન એ પાર્કિંગની છે. અધિકારીઓ પણ એમના ફેમિલી સાથે શોપિંગ કરવા જતા હોય છે. તેમ છતાં પણ એ વખતે પ્રશ્ન ના ઉપડે. કોઇક અરજી કરે, કોઇ તોડવાની વાત આવે અને જે સેટલમેન્ટ થાય અને એ દુકાનો ટકી રહે. સૌથી વિચિત્ર પરિસ્થિતિ ત્યારે ઊભી થાય કે પુષ્કળ વરસાદ પડ્યો હોય અને પુષ્કળ વરસાદ પડ્યા પછી જયારે ભોંયરામાં રહેલી દુકાનોમાં પાણી ભરાઇ જાય અને પેલો વેપારી રજૂઆત કરવા જાય કે સરકાર અમને કંઇક મદદ કરે, અધિકારી અમને કંઇક મદદ કરે ત્યારે એને એમ કહેવામાં આવે કે ભાઇ, તારી દુકાન છે તારું શોપિંગ સેન્ટર છે, જે ભોંયરામાં બનેલી દુકાન છે એ ઇન લીગલી દુકાન છે માટે તને આમાં કોઇ રાહત મળે નહીં ત્યારે સરકારના ધ્યાનમાં આવી જાય છે કે આ ઇલીગલી દુકાન છે. કારણ કે, સરકારને રાહત આપવાની વાત આવે છે, પૈસા આપવાની વાત આવે છે પણ આ નજરે જોયું હોય, તે ઇલીગલી છે ત્યારે સરકાર કે અધિકારીને આ વાત દેખાતી નથી. આ સત્ય હકીકત આપની સમક્ષ મૂકું છું. પાર્કિંગ હોવું જોઇએ. આપ કહો છો કે બિલ્ડિંગ બન્યું, આપે જ આપના બિલમાં કહ્યું છે કે જગ્યા ઓછી હોય છે, ગામડામાંથી લોકો શહેરમાં વસવા માંડ્યા છે. જગ્યા રહી નથી. જમીનો રહી નથી. માટે આ રીતે અનઅધિકૃત બાંધકામ કરી દેવામાં આવે છે. જયારે જગ્યાઓ રહી જ નથી અને ત્રણ માળની જગ્યાએ પાંચ માળના બિલ્ડિંગો બની જાય છે, ૫૦ વારની જગ્યાએ ૬૦ વારનું મકાન બની જાય છે તો પાર્કિંગની વાત આવે છે. પાર્કિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તો ૫૦૦ મીટરના એરિયામાં તમારે પાર્કિંગ લેવું પડે. કયાંથી લેશે? પહેલા બિલ્ડિંગ જ બાંધી દીધું છે અને જગ્યા જ નથી. આ કલોઝ કેમ

રાખવામાં આવ્યો છે? વર્ષ ૨૦૨૨માં આ બિલ લઇને આવ્યા છો, વર્ષ ૨૦૨૩ કે ૨૦૨૪માં પાછા સુધારા સાથે આવશો. ફરી પાછા સુધારા ન લાવવા પડે તે માટે જયારે જગ્યા જ નથી તો પાર્કીંગ માટેનો તમે કેમ એને ઓપ્શન આપો છો? એનો મતલબ એ થયો કે ઇલીગલી એ બાંધકામ કરશે એને આપણે બિલ લાવવાથી છૂટ આપીએ જ છીએ. કાયદો લાવવાથી લોકો એનો અમલ કરશે એ માનવાનું કારણ નથી. કારણ કે, ભૂતકાળના આપણા તમામ કાયદાઓ ફેઇલ ગયેલા છે. આપણો ફાયર સેફ્ટીનો કાયદો ટોટલી ફેઇલ ગયેલો કાયદો છે. આપણો લેન્ડ સેવિંગ એક્ટનો કાયદો ફેઇલ ગયેલો છે. આપણા અનઅધિકૃત બાંધકામના કાયદા ફેઇલ ગયેલા છે અને સરકારે સ્વીકારવું પડશે કે લાવેલા કાયદાનો કડક રીતે અમલ થતો ન હોવાના કારણે ફરી ફરી પાછા આપણે બિલો લઇને આવવું પડે છે ત્યારે તમે જે ક્લોઝ મૂકેલો છે કે ૫૦૦ મીટરના એરિયાની અંદર એને પાર્કીંગની વ્યવસ્થા કરવી પડશે, એને બતાવવી પડશે તો હું માનું છું કે હજી પણ સરકાર આ રીતે જે ઇલીગલી બાંધકામો કરે છે, ઇલીગલી બાંધકામને પ્રોત્સાહન આપવાની વાત કરે છે એ મારી દષ્ટિએ યોગ્ય નથી. ખાસ એટલી જરૂર વાત કરીશ કે ફીના ધોરણોના અનુસંધાનમાં અપીલની જે વાત કરી છે. અપીલના ધોરણોમાં ૫૦ ટકા ફીની વાત સી.જે. જીએ કરી છે, એ બહુ સાચી વાત કરી છે. ૫૦ ટકા ફી ભરે પછી જ એને, ના ભરે તો પણ અપીલમાં એ કરી શકે છે. તો મારી એવી વિનંતી છે કે આ ક્લોઝ બંધ કરવો જોઇએ. કારણ કે બિલ લાવવાથી, કાયદો ઘડવાથી આપણે એવું માની લઇએ કે હવે અનધિકૃત બાંધકામો થવાના નથી. તમે આજે બિલ લાવશો અને કાલથી અમલ થશે. ભૂતકાળમાં પણ આ બિલ લાવ્યા છીએ. અમલ થયો છે. પણ અમલ થયા પછી જે રિયલ ફેકટ છે, એ જમીન પર હોવું જોઇએ. એ જમીન પર હકીકત સાર્થક થઇ નથી. ફરી પાછું તમારે ૫૦ મીટરની વાત કરવી પડશે. ગરીબો બેઘર ન થાય, મધ્યમ વર્ગનું નુકસાન ન થાય. એવા જ વાકયો સાથે ફરી પાછું તમારે સુધારો લઇને ન આવવું પડે એ માટે મારી બે ત્રણ વાત છે. બે ત્રણ હકીકત આપની સમક્ષ મેં મૂકી છે અને જો એમાં આપ સુધારો કરશો અને વાસ્તવિકતા હાઉસ સમક્ષ મૂકશો તો ચોકકસ આ બિલમાં અમારે સમર્થન આપવું કે વિરોધ કરવો એ ત્યારબાદ અમે આપના જવાબ પછી આપને કહીશું. આભાર.

શ્રી પ્રવિણકુમાર માળી(ડીસા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ સાહેબ ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતે વિધેયક ગૃહ સમક્ષ લઇને આવ્યા છે, એમાં હું મારું સમર્થન કરું છું અને આ વિધેયક ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં હું પ્રથમવાર ચૂંટાઇને પ્રથમવાર આ ચર્ચામાં ભાગ લેવાની મને તક મળી છે. હું ખેડૂત પુત્ર છું અને બનાસકાંઠાના છેવાડાના ગામમાંથી આવું છું. આ મને તક મળી એ બદલ હું આપશ્રીનો અને સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક માનનીય મંત્રીશ્રી જાહેર હિતમાં લઇને આવ્યા છે. તેની જોગવાઇઓ આમજનતા માટે લાભકારક બની રહેવાની છે. જે લોકોએ પોતાની જગ્યામાં જરૂરિયાત મુજબ વધારાનું બાંધકામ કર્યું છે. સાથી પક્ષે જે વાત કરી છે કે અનધિકૃત, ગેરકાયદેસરનું. પોતાના જ પ્લોટની અંદર માર્જિનવાળી જગ્યાની અંદર વધારે બાંધકામ કર્યું છે, એવા લોકો માટેનું આ વિધેયક છે. અન્ય જગ્યાએ કે રસ્તા પૈકી કે પોત ખરાબા કે ગૌચર જગ્યાઓ માટેની આ વાત નથી. એટલે આ બાંધકામને નિયમિત કરવા માટેની જે આ વિધેયક દ્વારા જે તક મળશે. હું રાજય સરકારને આ વિધેયક માટે સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને સૌને ખબર છે કે ગુજરાત ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની અંદર અગ્રેસર રહ્યું છે. હમણા થોડા મહિના પહેલા જયારે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની અંદર ગુજરાત જયારે ત્રીજા નંબરે આવ્યું ત્યારે આપણા સૌની છાતી ગજ ગજ ફૂલી હતી કે આપણે ત્યાં બિઝનેસ કરવા માટે, વેપાર ધંધા કરવા માટે લોકો આવી રહ્યાં છે. અને ત્યારે કુદકે ને ભૂસકે શહેરીકરણ થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ પોરબંદરની મહાત્મા ગાંધીની વાત કરી. એમને પણ મારે કહેવું છે કે સન ૨૦૧૧ની અંદર એનું પોપ્યુલેશન ૧ લાખ ૪૭ હજાર હતું. એ ૧૦ ટકા પ્રમાણે વધી અને આજે ૧૦ વર્ષની અંદર ૩ લાખથી વધારે પોપ્યુલેશન જયારે આવ્યું હોય ત્યારે કૂદકે ને ભૂસકે એ વિકાસ વધ્યો હોય. માનનીય શૈલેષભાઇએ જયારે વાત કરી કે ૧૦ વર્ષમાં કોઇ ફેરફારો નહીં થયા. ત્યારે પણ મારે કહેવું છે કે શહેરી વિકાસ વિભાગે આમાં આમૂલ પરિવર્તનો કર્યા છે. હમણાં ૨-૪ વર્ષની અંદર જયારે જી.ડી.સી.આર. નવું આવ્યું છે ત્યારે વધુ બાંધકામ માટે એફ.એસ.આઇ. ને પણ પેઇડ એફ.એસ.આઇ. કરી શકે છે. એવી પણ જોગવાઇઓ અંદર કરેલી હોય ત્યારે જે ૧૦ વર્ષની અંદર આવા કોઇ બાંધકામો થયા હોય એ વિધેયક લાવીને આપણે એને સ્ટ્રીમલાઇન કરવાની અંદર આ મોકો મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, યુનાઇટેડ નેશને ગોલ નકકી કર્યા. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ સન ૨૦૩૦. ત્યારે એના ૧૭ ગોલની અંદર ઝીરો પોવર્ટી હોય. નો હંગરની વાત હોય. વેલ બીઇંગ હેલ્થની વાત હોય. એમ ૧૧માં નંબરનો ગોલ છે કે સસ્ટેનેબલ સિટી એન્ડ કોમ્યુનિટીઝની જયારે ગોલની વાત હોય તે ગોલ ઉપર કામ કરવા માટે આ રાજય સરકાર આ બિલ લઇને આવી છે એ માટે અભિનંદન આપું છું અને સમર્થન પણ મારું આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથી પક્ષો જયારે કોન્ટ્રાવર્સીની વાત કરતા હોય, સાથી પક્ષો જયારે કોઇ કરપ્શનની વાત કરતા હોય ત્યારે આ રાજય સરકાર, અમે કોઇ કોન્ટ્રાવર્સી નથી ઇચ્છતા પણ અમે નવી પોસિબિલિટી ક્રીએટ કરવા ઇચ્છીએ છીએ. રાજય સરકાર આજે જે બાળક જન્મે છે અને ૨૦ વર્ષ પછી જયારે મોટો થાય ત્યારે કોઇ સુવિધાથી વંચિત ન રહી જાય તેનો પણ વિચાર કરે છે અને તેના માટે પણ આ બિલને હું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ફોર્થ ઇન્ડસ્ટ્રીયલ

રિવોલ્યુએશન આવવાનું છે. દેશ અને દુનિયા કયાંય પહોંચવાની છે. એમાં આપણું ગુજરાત પણ પાછળ ન રહે એ માટે પણ આ રાજય સરકાર જે વિચારી રહી છે તે માટે પણ હું આ બિલને સમર્થન આપું છું. આવનારા સમયની અંદર જયારે આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્ટનો જમાનો હોય, જયારે વર્ચ્યુઅલ રિયાલિટીનો જમાનો હોય, જયારે ઓગમેન્ટ રિયાલિટીનો જમાનો હોય, જયારે રોબોટિક ટેકનોલોજીનો જમાનો આવવાનો છે, ત્યારે ક્રિટીસીઝમથી દૂર રહી નવી પોસિબિલિટી શું ક્રીએટ કરી શકાય એ માટે મારે સાથી પક્ષોને પણ વિનંતી કરવી છે અને બીજી વિનંતી એ કરવી છે કે આ વિધેયકની અંદર જયારે આપના વિસ્તારની અંદર જે સૌ કોઇ લોકો છે તે લાભ લે એ માટે પણ વિનંતી કરું છું. અને આ વિધેયકને હું સમર્થન કરું છું. અને આપના વિસ્તારના લોકો પણ આ વિધેયકનો લાભ લે તેવી પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની ઉપર લોકોનો ભરોસો છે. સુવિધાઓનો વિશ્વાસ, પ્રગતિનો પ્રકાશ, શિક્ષણમાં પ્રગતિ, જનજનની ઉન્નતી, કૃષિમાં આગવી સિદ્ધિ, વેપારમાં સમૃદ્ધિ, પરિવહનમાં સુગમતા, સ્વચ્છતા અને સુંદરતાની અંદર જયારે રાજય સરકાર અગ્રેસર હોય ત્યારે આ બિલ રાજય સરકાર લઇને આવી હોય ત્યારે હું આ બિલને સંપૂર્ણપણે સમર્થન આપું છું. અને ફરી એકવાર ડબલ એન્જિનની સરકારને આ ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બદલ દિલથી આભાર વ્યકત કરું છું. જય જય ગરવી ગુજરાત.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમીત કરવા બાબત વિધેયક ૨૦૨૨, ક્રમાંક ૧૬, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી લઇને આવ્યા છે તેના પર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઉદ્ધેશો અને કારણો આપવામાં આવ્યા છે. ત્યારે એમ થાય કે આ બિલ લાવવું કેમ પડ્યું? અહીં ચાવડા સાહેબે કહ્યું એમ વર્ષ ૧૯૪૯ના કાયદા છે, વર્ષ ૧૯૬૩ના કાયદા છે, વર્ષ ૧૯૭૬ના કાયદા છે, એનાથી આગળ વધીએ તો વર્ષ ૨૦૦૧માં પણ બિલ લાવવામાં આવ્યું, કાયદો બનાવવામાં આવ્યો, સન ૨૦૧૧માં પણ કાયદો બનાવવામાં આવ્યો, માનનીય શૈલેષભાઇએ કહ્યું એમ સન ૨૦૧૩માં એમાં સુધારો પણ કરવામાં આવ્યો, હમણા ઓકટોબર ૨૦૨૨માં વટહુકમ પણ બહાર પાડવામાં આવ્યો અને હવે પાછું નવું બિલ લાવવામાં આવ્યું છે. આટલા બધા સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૦૧ થી ગણીએ તો સતત એક જ પક્ષની, આપના પક્ષની સંપૂર્ણ બહુમતીવાળી સરકાર છે. મોટા ભાગના કોર્પોરેશન અને નગરપાલિકામાં આપના જ પક્ષનું શાસન રહ્યું છે. એમ છતાં હજુ પણ આપણે લખવું પડે કે આટલાં વર્ષોમાં યોગ્ય રીતે તેનો લાભ અમે આપી ન શકયા, જે અનઅધિકૃત બાંધકામો હતા એને તોડાવવાના હોય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની હોય અને એના માટે આ બિલ લાવવામાં આવે છે. આજે જયારે આપણે ફી ભરીને નિયમિત કરવાની વાત કરીએ છીએ ત્યારે આ બિલ લાવવું કેમ પડે છે એ બાબતમાં પણ આપણે જવું પડશે. હું ચોક્કસ માનું છું કે ગુજરાતમાં જે વહીવટીતંત્ર દ્વારા શહેરી વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં *(xxx) ચાલે છે એ (xxx)ના (xxx) કારણે આ પરિસ્થિતિ થઇ છે એને માટે આ બિલ લાવવું પડ્યું છે. માનનીય શૈલેષભાઇએ સાચી વાત કરી કે આ બાંધકામ એક દિવસ કે એક અઠવાડિયામાં કે એક મહિનામાં નથી થઇ જતું એના પાયા ખોદવાથી લઇને માડીને ખૂબ લાંબો સમય થતો હોય છે. તો શું આપના તંત્રની નજરમાં નથી આવતું? આપણું તંત્ર પહેલા તબક્કે એને રોકી ન શક્યું હોત?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી તમે એક શબ્દ કહ્યો કે (xxx)ચાલે છે એ શબ્દ નહિ વાપરી શકો તમે સરકાર માટે ભ્રષ્ટાચાર કરે છે એવો શબ્દ વાપરી શકો પરંતુ (xxx)શબ્દ મને લાગે છે કે એ નહિ વાપરી શકો.

શ્રી અમિત ચાવડા: મારો કહેવાનો અર્થ એ છે કે...

અધ્યક્ષશ્રી : આપણે એ શબ્દને દૂર કરીએ છીએ હવે આગળ ચલાવો.

શ્રી અમિત ચાવડા: જે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ હોય શહેરી વિસ્તારમાં નગરપાલિકા કે મહાનગરપાલિકાના શાસનમાં ભ્રષ્ટાચાર ચાલે છે, મિલીભગતને કારણે અધિકારીઓ દ્વારા તંત્ર દ્વારા અનઅધિકૃત બાંધકમને થતું અટકવવામાં નથી આવતું. નિયમોની અનદેખી કરવામાં આવે છે. એણે જે મોનિટરિંગ કરવાનું હોય છે, સુપરવિઝન કરવાનું હોય છે, એ વખતો વખત નથી થતું, એટલા માટે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે એટલે ચોક્કસ માનું છું કે (xxx) કારણે આપણે આ બિલ લાવવું પડ્યું છે. એકબાજુ આપણે સમતોલ વિકાસની વાત કરીએ છીએ. ગામડાંનો વિકાસ કર્યો છે. ગામડાનો વિકાસ કર્યો હોત તો અત્યારે ગામડાં ખાલી થઇ રહ્યાં છે અને શહેરો તરફ દોટ શું કામ મૂકી છે? શા માટે લોકો સ્થાળાંતરિત થઇને શહેરો તરફ આવી રહ્યા છે? આપણે એક તરફ ગામડાંમાં રૂર્બનની વાત કરીએ કે ગામડાંમાં શહેરો જેવી સુવિધા આપવાના પ્રોજેકટો લાવીશું એની જાહેરાત થાય, ચૂંટણીઓ લડાય, પરંતુ આજે રૂર્બન જેવા પ્રોજેકટોને સાઇડમા મૂકી દેવામાં આવેલ છે. ગામડાં પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવેલ છે એટલે શહેરો તરફ દોટ મૂકી છે. અહીંયા વાત કરવામાં આવી કે સન ૨૦૦૧માં કાયદો લાવ્યા, ૨૦૧૧માં લાવ્યા, સન ૨૦૧૩માં સુધારો લાવ્યા. માનનીય શૈલેષભાઇ ચિંતા કરતા હતા. વટહુકમ ગરીબોની ચિંતા કે મધ્યમવર્ગની ચિંતા કરીને લાવ્યા, કોઇ નાના મોટા વેપાર ધંધાને ધ્યાનમાં રાખીને લાવ્યા, પણ ના. પણ વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં મતની ચિંતા થઇ એટલે જાહેરનામાના થોડા દિવસો પહેલા ૧૭ ઓકટોબર,૨૦૨૨ના રોજ વટહુકમ લાવ્યા અને સાથે

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સાથે કદાચ ફંડની પણ ચિંતા થઇ હોય કે કેટલાક લોકો જે વરસોથી સિસ્ટમમાં છે જેમને પરંપરાગત રીતે વ્યવસ્થાઓ છે કે ગેરકાયદેસર સોસાયટીઓ બનાવવાની અને બાંધકામ કરવાની.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જે કંઇ પ્રવચન થઇ રહ્યું છે એ બિલના મુસદ્દા ઉપર ચોક્કસ ખૂટતી કડી હોય કયાંક લેકિંગ હોય તો ધ્યાન દોરી શકે છે કે વહીવટમાં આ રીતના સુધારા કરવા જોઇએ. આના કારણે આવું થાય છે પરંતુ કેવળ આક્ષેપ અને વન સાઇડ જ વાત છે. આ બિલ સરસ છે, એગ્રી એ પણ કરે છે પણ એની અંદર એ ખામીઓ નિર્દિષ્ટ કરવાની જગ્યાએ આક્ષેપના સ્વરૂપમાં કહેવાય છે. વિનંતી એટલી છે કે જે કંઇ કહેવું હોય એ સ્પષ્ટ કહો? માનનીય શૈલેષભાઇ મારી વાત સાંભળો હું બહું પોઝિટિવ કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, માનનીય અમિતભાઇ તમે બેઠા બેઠા ચર્ચા નહિ કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકાઓ, કોરપોરેશનો, કોર્પોરેટરો ભ્રષ્ટાચારી તંત્ર ચાલે છે. જયાં નગરપાલિકાઓ છે કે જયાં કોર્પોરેશન છે ત્યાં સત્તાધારી સામે વિપક્ષના લોકો પણ બેઠા હોય છે. એટલે બધા જ અધિકારીઓ ખોટા છે, કોર્પોરેટરો ખોટા, આખું તંત્ર ખોટું કયાંક લેકિંગ હોય શકે. હું એવું નથી માનતો કે ભૂલ નહિ થતી હોય, ભૂલ નહિ કરવામાં આવી હોય, પરંતુ આખું ગુજરાતનું શાસન નગરપાલિકાથી લઇને ગુજરાતના શાસન સુધી તમામ તંત્ર ખોરવાઇ ગયું છે. જો એવું જ હોત તો આ ૧૫૬ બેઠા ન હોત એ પહેલી વાત. હું અગ્રી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય ધારાસભ્યશ્રીઓને પોતાની વાત રજૂ કરવાનો અને ટીકા કરવાનો પૂરો અધિકાર છે એ એક વાત. પરંતુ જયારે આક્ષેપ કરતા હોઇએ તો એનો પૂરાવો પણ આપણી પાસે હોવો જોઇએ. વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે કોઇ પણ ધારાસભ્યશ્રી જ્યારે કોઇ પણ સ્પેસિફિક વ્યક્તિ, કોઇ તંત્ર કે સ્પેસિફિક કોઇ ડિપાર્ટમેન્ટ ઉપર જ્યારે આક્ષેપ કરે છે તો પોતાની પાસે પુરાવા હોય એ પ્રમાણે, નહીં તો લમ્પસમ વાત કરીને સીધેસીધો આક્ષેપ કરવાની પદ્ધતિ ઠીક નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ જ એટલા માટે લાવવામાં આવ્યું છે કે અનધિકૃત બાંધકામ છે તેને ફી લઇને આપણે અધિકૃત કરી આપવાનું છે. તો અનધિકૃત બાંધકામ થયું કેવી રીતે? જો મિલીભગત ન હોત, ભ્રષ્ટાચાર ન થયો હોત તો શ્રી શૈલેષભાઇએ ખૂબ સાચી વાત કરી કે તેનો પાયો ખોદાયો ત્યારથી તેની પ્લિન્થ આવી, સ્લેબ ભરાયો, પહેલો માળ, બીજો માળ એટલું બધું બાંધકામ થયું. વર્ષો થઇ ગયાં. તમને ખબર છે કે આ અનધિકૃત બાંધકામ છે. તેમ છતાં તે દૂર થતું નથી. તમે અહીં ઉદ્દેશોમાં લખો છો કે એને તોડવા માટે વારંવાર પ્રયત્નો થયા, પોલીસ ફોર્સ, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ થઇ તેમ છતાં તોડી શકાયું નથી. તો તેનો સ્પષ્ટ મતલબ છે કે ક્યાંકને ક્યાંક તંત્રની મીઠી નજર છે કે ક્યાંકને ક્યાંક લોકોની મિલીભગત છે. (આ તબક્કે મંત્રીશ્રી ઋષિકેશભાઇ બેઠા બેઠા બોલતા)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પછી તમે જવાબ આપો. અત્યારે તમે વાત નહીં કરી શકો. છેલ્લે તમારે જવાબ આપવાનો હોય ત્યારે તમે વાત કરી શકશો.

શ્રી અમિત ચાવડા : અને એટલા માટે કહ્યું કે આટલાં વર્ષોથી ૨૦૦૧, ૨૦૧૧, ૨૦૧૩ અને ફરી આપણે વર્ષ ૨૦૨૨માં વટહુકમ લાવવો પડ્યો તો એવું તો શું થઇ ગયું કે વટહુકમ લાવવો પડ્યો? એ મતની ચિંતા થઈ? અહીં આંતરમાળખાકીય ફંડની વાત છે. મેં કંઇ ચૂંટણી ફંડ માટેની વાત નથી કરી. ફંડની પણ ચિંતા થઇ કે કદાચ આમાંથી ફંડ ઊભું થાય અને તેનાથી કંઇ વિકાસ થઇ જાય. તો તેની ચિંતા કરીને પણ કદાચ વટહુકમ લાવ્યા હશે પણ હવે જ્યારે બિલ લઇને આવ્યા છે તો મારી તો એક જ ચિંતા છે કે આપણે અનધિકૃત બાંધકામને રેગ્યુલરાઇઝ કરીએ પણ શહેરી વિસ્તારની આજની અને ભવિષ્યની મોટી ચેલેન્જ છે. અત્યારે સૌથી મોટો પ્રશ્ન ટ્રાફિકનો છે, પોલ્યુશનનો પ્રશ્ન છે. અત્યારે જે રીતે ચાવડા સાહેબે વાત કરી. તક્ષશીલાના બનાવની વાત હોય, કોરોનાકાળમાં અનેક હોસ્પિટલોમાં આગના બનાવની વાત હોય કે શહેરી વિસ્તારમાં જે ઇન્ડસ્ટ્રીયલ વિસ્તાર છે ત્યાં અકસ્માતના બનાવો હોય. આ બધી જગ્યાએ જે બનાવો બની રહ્યા છે તેની પણ આપણે ચિંતા કરવી પડશે. સાથે સાથે ગ્લોબલ વોર્મિંગના અને પર્યાવરણના પ્રશ્નો છે તેની પણ ચિંતા કરવી પડશે. અહીં ચોક્કસ તમે કલમોમાં લખ્યું છે કે તળાવ માટે, નદી માટે, નાળાં માટેની જગ્યાઓ છે ત્યાં આગળ અમે રેગ્યુલરાઇઝ નહીં કરીએ. બાગ કે બીજા કોઇ હેતુ માટેની જગ્યા રેગ્યુલરાઇઝ નહીં કરીએ, પણ એવી જગ્યાઓ પર પણ આજે મોટા પ્રમાણમાં બાંધકામો થયા છે. અહીં શ્રી કેયૂરભાઇ બરોડાની વાત કરતા હતા. તો ચોક્કસ કહું કે વિશ્વામિત્રી નદી પર બાલાજી બિલ્ડર કે બીજા બિલ્ડરોએ આખી નદીની જગ્યામાં મોટા કોમ્પ્લેક્ષ બનાવી દીધા અને લોકો વર્ષોથી તેની સામે આંદોલનો કરે છે. તેમ છતાં પણ તેની એક ઇંટ પણ ખસી શકતી નથી એટલે હું માનું છું કે કાલ ઉઠીને તેના માટે પણ સરકાર બિલ લઇ આવશે કે વર્ષો થઇ ગયા અને આટલા બધા દુકાનદારો છે. તેની પરસેવાની મૂડી રોકીને દુકાન રાખી દીધી તેમાં દુકાનદારનો બિચારાનો શું વાંક? પણ જે નફો લઇને બિલ્ડરો જતા રહ્યા એવી જગ્યાએ હું માનું છું કે આપણે ચોક્કસ દુકાનદારની કે મકાન ખરીદનારની ચિંતા કરીએ પણ જે બિલ્ડરો કે જે બાંધકામ કરવાવાળા લોકોને આવી કાયમી ટેવ પડી ગઇ છે કે ઈલીગલ કન્સ્ટ્રકશન કરવાનું, ખરીદનાર વ્યક્તિને તેના નિયમો ખ્યાલ નથી હોતા એટલે એકવાર ખરીદી લે અને એ પછી આપણી પાસે આવે છે અને આપણે તેની ચિંતા કરીને રીલેક્સેશન માટેના કાયદા બનાવીએ, પણ ભવિષ્યમાં એ ટ્રાફિકને અંતરાયરૂપ ન બને, કોઇ મોટા અકસ્માત ન થાય, વરસાદી પાણીના નિકાલના પ્રશ્નો થાય છે કે જ્યાં પરંપરાગત રીતે પાણીનો નિકાલ થતો હોય એવી જગ્યાએ ઈલીગલ કન્સ્ટ્રક્શન થાય અને તેને આપણે રેગ્યુલરાઇઝ કરી આપીએ તો તેનાથી ભવિષ્યમાં મોટી જાનહાનિ અને દુર્ઘટનાઓ પણ થતી હોય છે. ત્યારે એટલું ચોક્કસ કહીશ કે અહીં એક એવો પણ ક્લોઝ આપવામાં આવ્યો કે તેનો પૂરતા પ્રમાણમાં રિસ્પોન્સ ન

મળ્યો. તો આપણી પાસે આટલું મોટું તંત્ર નગરપાલિકા-મહાનગરપાલિકા લેવલે છે. ઝુંબેશના સ્વરૂપમાં આપણું તંત્ર-સરકાર કેમ સરવે ન કરાવી શકે? એક નગરપાલિકા વિસ્તારમાં કે એક મહાનગરપાલિકા વિસ્તારમાં કેટલા ઈલીગલ કન્સ્ટ્રક્શન છે? કેટલા લોકોએ બાંધકામના નિયમોનો ભંગ કર્યો છે? કેટલા લોકોએ પરમિશનથી વધારે બાંધકામ કર્યુ છે કે ખોટું બાંધકામ થયું છે, એ જો સરવે કરીને આપણી પાસે ડેટા હશે તો હું માનું છું કે એ લોકો અરજી કરે તેના બદલે આપણે તેને નોટિસો આપીને ચોક્કસ સમયમર્યાદામાં તેને રેગ્યુલરાઇઝ કરાવી દે. અન્યથા તોડી પાડવામાં આવશે એવી રીતે પ્રોસિજર કરીશું તો આપણે ચોક્કસ સમયમર્યાદામાં એનો અમલ કરાવી શકીશું. માનનીય શૈલેષભાઇએ ચિંતા કરી કે આપણે સન ૨૦૧૩માં સુધારો લાવ્યા, આજે નવ વર્ષ થયા, આપણી જ સરકાર હતી, આપણે જ હતા તેમ છતાં નવ વર્ષ થવા છતાં એ કાયદામાં સુધારો લાવ્યા પછી પણ અમલ કરાવી શકયા નથી તો આજે સન ૨૦૨૨માં લાવીશું તો એનો અમલ થઇ જશે કે એનું નિવારણ થઇ જશે એવું આપણે માની શકીએ એટલે મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ઝુંબેશના સ્વરૂપમાં તમામ શહેરી વિસ્તારોમાં આવી જે પણ મિલકતો છે કે બાંધકામ છે એનો સરવે કરવામાં આવે, એના માટેની કોઇ પોલિસી નક્કી કરવામાં આવે અને સમયમાર્યાદા નક્કી કરવામાં આવે. સાથેસાથે તંત્રની પણ જવાબદારી નક્કી થાય. આપણે આજે ઈલીગલ કંસ્ટ્રકશન થયું, વર્ષો સુધી એને નિયમિત કરવાના બિલો લાવીએ, એન.એ. કરવા માટેના, તોડવા માટેના કે રોકવાના કાયદા લાવીએ, પણ એ રોકવાની જેની જવાબદારી છે, જેની પરમિશન આપવાની જવાબદારી છે એ લોકોની જવાબદારી પણ ફિક્સ કરવામાં આવે. માનનીય અર્જુનભાઇએ ટી.પી. કમિટીની વાત કરી તો જયારે ટી.પી. કમિટીઓમાં કોઇ પ્લાન મંજૂર થતા હોય કે ટી.પી. મંજૂર થતી હોય એ વખતે ખૂબ મોટા પ્રમાણમાં આગામી ૫૦-૧૦૦ વર્ષની ચિંતા કરીને ત્યાં આગળ મંજૂરીઓ આપવાની હોય છે તો એવું તો શું થાય છે કે મંજૂરીઓ અપાય છે અને ત્યાર પછી એની મોનિટરિંગની કોઇ સિસ્ટમ જ નથી. આજે પણ આપણા તંત્રમાં કોઇ જગ્યાએ બીન ખેતીની મંજૂરી આપીએ છીએ કે બાંધકામની મંજૂરી આપી દઇએ છીએ, મંજૂરી આપી દઇએ છીએ પણ ત્યાર પછી એ મંજૂરી મુજબ ત્યાં બાંધકામ થયું કે ના થયું? મંજૂરીની વિરુદ્ધનું કે વધારાનું બાંધકામ થયું એ જોવાની ચિંતા કોઇ તંત્ર કરતું નથી અને એટલા જ માટે આવા કાયદા લાવવાની જરૂરિયાત પડે છે, ત્યારે મારી ખાસ મંત્રીશ્રીને વિનંતી છે કે એના માટેની પણ એક વ્યવસ્થા ઊભી થાય અને ખાસ કરીને મંત્રીશ્રીએ અહીંયા કલમ નંબર-૧૩માં આંતર માળખાકીય વિકાસ ફંડની વાત કરી છે, કે આ ફી જે આવશે એ ફીમાંથી અગ્નિ સલામતી માટે કે પાર્કિંગની જોગવાઇ માટે કે પર્યાવરણ સુધારવા માટે એની સાથે સાથે બીજાં કામો માટે એ ફીનો ઉપયોગ કરવામાં આવશે. હું જે સમજયો છું એ મુજબ એના માટે તો એક અલગ ફંડ ઊભું કરવામાં આવશે. ટ્રસ્ટ બનાવવામાં આવશે તો મંત્રીશ્રી એમના પ્રવચનમાં ખુલાસો પણ કરે કે ટ્રસ્ટ બનવાનું છે કે નગરપાલિકા કે મહાનગરપાલિકાના અંદરમાં એ ફંડનો ઉપયોગ થવાનો છે અને આ એટલા માટે કે નગરપાલિકા, મહાનગરપાલિકા, સ્થાનિક સ્વરાજની સ્વાયત્ત સંસ્થાઓ છે એના અંદરમાં સીધું ફંડ હોય તો એ ચૂંટાયેલી બોડી પણ એમાં પોતાનો અભિપ્રાય આપી શકે અને સાથેસાથે એનો કંટ્રોલ રહે. (અંતરાય) એમણે ફંડની ચિંતા કરી.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, એ તમારો વિષય છે પણ હું વચ્ચે કહું છું કે આપ અધ્યક્ષને સંબોધીને જ વાત કરશો. તમે સીધું માનનીય મંત્રીશ્રીને વાત નહીં કરી શકો. તમે તો સિનિયર સભ્ય છો એટલે તમે કોઇપણ વાત હશે તો અધ્યક્ષને સંબોધીને પછી એમના થ્રુ તમે કરી શકશો.

શ્રી અમિત ચાવડા : શ્રી શૈલેષભાઇની ચિંતા છે કે આ ફંડ આંતર માળખાકીય...

અધ્યક્ષશ્રી : ના, ના, હું તમને સૂચના આપું છું. હું તમને એની કોમેન્ટની વાત નથી કરતો. હું સૂચના આપું છું કે તમે કોઇપણ બાબતને .....

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તમારી સામે જ જોઇને બોલીશ, વાંધો નહીં.

અધ્યક્ષશ્રી : મારી સામે જોઇને બોલો એમ નહીં, એ તો તમારે બોલવાનું જ હોય, મારી એટલી વાત છે કે તમે તમારા સંબોધનમાં તમારી બધી બાબતોમાં અધ્યક્ષ થ્રુ તમે મંત્રીશ્રીને વાત કરી શકશો. તમે ડાયરેકટ મંત્રીશ્રીને વાત નહીં કરી શકો. નવા સભ્યો માટે તો ઠીક છે તમે તો બહુ સિનિયર છો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રીને વિનંતી કરું કે આંતર માળખાકીય ફંડની રકમ કેવી રીતે જમા થશે એ પણ આ ગૃહને જણાવવા માટે કૃપા કરે અને સાથે સાથે અમારા શ્રી શૈલેષભાઇ ચિંતા કરતા હતા કે કદાચ આ ચૂંટણીમાં મતની સાથે સાથે કોઇ બીજા ફંડની ચિંતા કરીને વટહુકમ લાવ્યા હોય તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પણ કહું કે આવા કોઇ બીજા ફંડની જોગવાઇ કે એની ચિંતા હતી કે કેમ? એવું કંઇ હોય તો પણ એના ઉપર પ્રકાશ પાડે એવી વાત સાથે વિરમુ છું. આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે જયારે જવાબ આપો ત્યારે આવું કંઇ હતું કે કેમ એનો જવાબ આપજો.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કંડારેલ ગુજરાતના વિકાસ પથ ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબના નેતૃત્વમાં અને અમારા પાર્ટીના અધ્યક્ષશ્રી સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ૧૫મી ગુજરાત વિધાનસભામાં વિક્રમજનક ૧૫૬ બેઠકો મેળવી આજ સુધીનો રેકોર્ડ બનાવી ભારતીય જનતા પાર્ટીની સરકાર રચી છે, ત્યારે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સાહેબ સહિત દરેક નેતાઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને નવા તથા જૂના ચૂંટાયેલા દરેક ધારાસભ્યોને પણ અભિનંદન આપું છું.

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી યુવા નેતાની સાથે અનુભવી નેતા તરીકે આજે સભાગૃહનું સંચાલન કરવા માટે વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિયુક્ત થઇ સંચાલન કરી રહ્યા છો એ બદલ આપશ્રીને પ્રથમ દિવસે યોગ્ય નિર્ણય લીધો તે બદલ આપને અભિનંદન આપું છું અને આપને શુભેચ્છા પાઠવું છું. સાથોસાથ શ્રી જેઠાભાઇને પણ અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : અધ્યક્ષશ્રીના નિર્ણય ઉપર કોમેન્ટ ન થઇ શકે. નેગેટીવ ન થઇ શકે એમ પોઝિટિવ પણ ન થઇ શકે.

શ્રી ભરતભાઈ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું અનધિકૃત બાંધકામ બાબતે રજૂ થયેલ વિધેયક ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભારતીય જનતા પર્ટીની સરકાર નાના અને સામાન્ય જનતા અને ખાસ કરીને શહેરમાં વસતા કોઇ વેપારીને હાલાકી ન પડે અને સામાન્ય પરિવાર પોતાના કુટુંબ સાથે સુખ-ચેનથી રહે તે માટે સતત પ્રયત્ન કરી રહી છે. સામાન્ય પરિવારમાં નાના વેપારી હોય, નાનો ધંધો કરતો હોય કે કોઇપણ જ્ઞાતિનો હોય તો એ લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે એ જોવાની સરકારની ફરજ છે. સારા વિચારો અને સારા કાર્યો સાથે ચાલતી સરકારે ભૂતકાળમાં અનેક સારા કાર્યો કર્યા છે અને તેના થકી જ ગુજરાતની જનતાનો જનાદેશ ભારતીય જનતા પાર્ટીને રેકોર્ડબ્રેક રીતે આપ્યો છે. કેટલાક લોકોએ ગરીબ અને આદિવાસી ગરીબ ભાઇ-બહેનોને લોભામણી વાતો કરી, ખોટી વાતો કરી, અફવાઓ ફેલાવી ભરમાવવાની કોશિશ કરી પણ તમામ લોકો નાકામિયાબ રહ્યા એ જનતાની જાગૃતિ બતાવે છે. એ જાગૃતિ લાવવાનું કામ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. કોઇપણ બાંધકામ વર્ષો પહેલાં થયેલ હોય, જે તે સમયે કોઇપણ વ્યૂહ ન મળેલ હોય તેવા બાંધકામને રેગ્યુલરાઇઝ કરવા માટે આ વિધેયક લાવવાનો સરકારનો હેતુ છે. શહેરમાં કોઇપણ બહુમાળી બિલ્ડિંગ હોય જેમાં ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર ઉપર કોઇ વાણિજ્યિક ધંધો કરતાં હોય અને તેમણે કોઇ અડચણરૂપ દીવાલ કે કોઇ દબાણ કરેલ હોય તેને રેગ્યુલરાઇઝ કરવાની આ વિધેયકમાં કોઇ જોગવાઇ નથી. પરંતુ બહુમાળી બિલ્ડિંગમાં સામાન્ય પરિવાર, ફ્લેટ ધારકો પણ વસતા હોય છે. આ ફ્લેટમાં એમના કુટુંબને જરૂરી હોય એવા બાંધકામમાં ફેરફાર કરતા હોય તો એની જરૂરિયાતને અનુલક્ષીને, એની મુશ્કેલીને ધ્યાનમાં લઇને નિયમિત કરવાની જોગવાઇ આ વિધેયકમાં છે જે ખરેખર આવકારદાયક છે. સરકાર દરેક નિયમોનું ચૂસ્તપણે પાલન કરવા કટિબદ્ધ છે. રાજ્યમાં થયેલ બાંધકામમાં ફેરફાર જે તે કાયદાની પરિભાષામાં અનધિકૃત બાંધકામ ગણવામાં આવે અને તેને નિયમિત ન કરી શકાય તેની તકેદારી સરકાર સતત રાખી રહી છે. માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇએ ગૃહ સમક્ષ રજૂ કરેલા આ વિધેયકની જોગવાઇઓ બાબતે જે તે સરકાર દ્વારા નિયમિત કરવા બાબતે તમામ બાબતો જેવી કે દબાણ, ડી.પી., ડેવલપમેન્ટ પ્લાન, એફ.એસ.આઇ., શૈક્ષણિક, આરોગ્ય, પાણી પુરવઠા કે ગટર લાઇનને અવરોધરૂપ લાઇનો હોય, ફાયર સેફ્ટીને અવરોધરૂપ હોય એવા નિયમોની જાણકારી આપેલ છે એટલે આ બાબતમાં મારે વધારે જવું નથી. પરંતુ ખાસ કરીને વિદ્યાર્થીઓ માટેના રમત-ગમતના મેદાનમાં કોઇ દબાણ કરેલ હોય તો આ જોગવાઇ થકી નિયમિત કરી શકાય નહીં એવી બાબત છે એને હું આવકારું છું. આમ જોવા જઇએ તો સરકાર સામાન્ય લોકોને વિધેયકનો મહત્તમ લાભ મળે તેવી જોગવાઇ લઇને આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના વધતા શહેરીકરણના કારણે કેટલીક સમસ્યાઓના નિવારણ માટે સરકાર હંમેશા તત્પર રહે છે અને સામાન્ય જનતાને હાલાકી ન પડે તે માટે સરકાર જાગૃત છે. રાજય સરકારના હૈયામાં વસેલા નાના માણસોના હિતની ચિંતા કરતા પ્રસ્તુત કરવામાં આવેલ આ વિધેયકને હું સમર્થન આપું છું અને મારા વિધાનસભાના સર્વે સન્માનનીય સભ્યોને આ વિધેયકને સર્વસંમિતથી પસાર કરવા માટે નિવેદન કરું છું. સાથેસાથે મારા સર્વે મિત્રોને કહેવા માગું છું વિરોધ પક્ષના સભ્યોને કે ભૂતકાળમાં કોંગ્રેસનું શાસન અમે પણ જોયું છે ત્યાં કેવી કેવી રીતે સંચાલન થતું એના અમે પણ સાક્ષી છીએ એટલે તમે જરા ભૂતકાળમાં તમારો આઇનો જુઓ કે ભૂતકાળમાં કેવી રીતે શાસન ચાલતું હતું એનો ખ્યાલ આવશે (અંતરાય)

અધ્યક્ષશ્રી : બિલ ઉપર જ બોલો. કોંગ્રેસ ભાજપ કયાં બોલો છો?

શ્રી ભરતભાઈ કી. પટેલ :એટલે આ વિધેયક યોગ્ય હોઈ, પ્રજાના હિતમાં હોઇ એને સમર્થન આપવા માટે આપ સૌને વિનંતી કરું છું. આભાર.

અધ્યક્ષશ્રી : આજના દિવસનું કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે, એટલે હવે તમારે દરખાસ્ત મૂકવાની જરૂર નથી.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાંથી પ્રતિનિધિત્વ કરતા કરતા આ સન્માનનીય સ્થાન ઉપર પહોંચ્યા છો એ બદલ આપને પણ અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી, તમામ મંત્રીશ્રીઓ અને પંદરમી વિધાનસભાની અંદર ચૂંટાયેલા તમામ સભ્યોને પણ અભિનંદન પાઠવું છું. માનનીય મંત્રીશ્રી શહેરી અને વિકાસના મંત્રીશ્રી જે Gujarat Regularisation of Unauthorised Development Bill, 2022 એટલે કે ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા માટેનું વિધેયક ૨૦૨૨ લઇને આવ્યા છે એ માટે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આજે વિધેયકના ઉદ્ધેશો અને કારણોની અંદર જણાવ્યું છે કે વર્ષોથી મોટી સંખ્યામાં પરવાનગી સિવાયના મકાનો બાંધવામાં આવ્યા છે અથવા પરવાનગી આપવામાં આવી હોય એવા વિકાસ અને નિયંત્રણ વિનિમયનનું ઉલ્લંઘન કરીને બાંધકામ કરવામાં આવ્યા છે અથવા આ નિયમિત કરવામાં જે અનઅધિકૃત બાંધકામો છે એ નિયમિત કરવાની અંદર ધાર્યું પરિણામ મળ્યું નથી. તમે સન ૨૦૦૧ની અંદર આ વિધેયક લાવ્યા, ફરીથી સન ૨૦૧૨ની અંદર લાવ્યા, સન ૨૦૧૩ની અંદર એમાં સુધારો થયો અને ફરીથી સન ૨૦૨૨ની અંદર આ વિધેયક લઇને આવ્યા છો. ખરેખર

કોઇપણ કાયદાનો હેતુ એ મોટી સંખ્યામાં લોકોને ફાયદારૂપ થવાનો હોય. જો આ વિધેયકનો હેતુ ગુજરાતના ગરીબ લોકો જેણે પરસેવાની કમાણીથી પોતાના મકાનો ખરીદ્યા છે. પ્રોપર્ટી ખરીદી છે અને એનો લાભ એ માત્રને માત્ર બિલ્ડરો લઇ ગયા છે તો બિલ્ડરોને લાભ કરાવવાને બદલે જે લોકોએ પરસેવાની કમાણીથી પોતાના મકાનો કે મિલકત લીધી છે, એમને લાભ આપવા માટે હોય તો એનો વાંધો નથી, પરંતુ સન ૨૦૦૧ની અંદર બિલ લાવ્યા, સન ૨૦૧૨માં લાવ્યા અને આટલાં ૧૦ વર્ષ પછી જો સરકારને એવી ખબર પડી હોય કે આ બિલનું ધાર્યું પરિણામ મળ્યું નથી. કોઇપણ કાયદો, એકટ કરતા એકશન... action is more necessary than act. કોઇપણ કાયદો બનાવીએ એનું ઇમ્પ્લીમેન્ટેશન એ બહુ જરૂરી છે. જયારે આ બાબતે નામદાર હાઇકોર્ટની અંદર પિટિશન થઇ એ પિટિશન નંબર- એસસીએ/૨૮૬૨/૨૦૧૨ એના પાના નં. ૩૭ ની અંદર નામદાર હાઇકોર્ટે એક ઓબ્ઝર્વેશન કર્યું હતું અને એ ઓબ્ઝર્વેશનની અંદર લખ્યું છે કે "... the legislature has no right to repeatedly condone unauthorized constructions for the purpose of favoring a class of persons who consistently defy the law. No doubt, such Act may benefit to the law-makers." વારંવાર આવા લોકો કે જે કાયદાનું ઉલ્લંઘન કરતા હોય છે તેવા લોકોને વારંવાર બેનિફિટ આપવો તે બાબત યોગ્ય નથી. માનનીય મંત્રીશ્રીએ હમણાં જ કહ્યું કે, આ બધુ થાય છે તો તેના માટે સી.આર.પી.સી. અને આઇ.પી.સી.ની અંદર તેના પ્રોવિઝન કરેલા છે. જયારે કોઇપણ કન્સ્ટ્રક્શન થતું હોય ત્યારે નગરપાલિકાની અંદરથી તેની રજાચિઠ્ઠી લેવામાં આવે છે. તે રજાચિઠ્ઠી લીધા પછી જે વોર્ડ ઓફિસર હોય કે ચીફ ઓફિસર હોય તેને વિઝિટ કરવાની હોય છે. વિઝિટ કર્યા પછી છેલ્લે તેને બી.યુ. પરમિશન આપવાની હોય છે. અમારા સભ્યોએ કહ્યું કે, બિલ્ડિંગ રાતોરાત ઊભું થઇ જતું નથી. તેના માટેની એક સમય મર્યાદા હોય છે. રજાચિઠ્ઠીની અંદર પણ તેની સમય મર્યાદા આપેલી હોય છે. એન.એ. કરવામાં આવે તેની અંદર પણ તેની સમય મર્યાદા આપેલી હોય છે. આમાં અધિકારીઓએ પોતાની ફરજ સારી રીતે નિભાવી હોત અને સરકારે આવા જે અધિકારીઓ પોતાની ફરજ સારી રીતે નિભાવતા નથી તેના ઉપર એકશન લીધા હોત તો આજે ઘણાબધા ગરીબ લોકોના પરસેવાની કમાણીથી મકાનો બનાવવામાં આવ્યા અને તે તોડી પાડવામાં આવ્યા તે બન્યું ન હોત. કાયદાની અંદર પણ તમે સુધારો લઇને આવ્યા છો અને નવો કાયદો લઇને આવ્યા છો તેમાં એવી જોગવાઇ કરવામાં આવે કે કોઇપણ અધિકારી આવા અનધિકૃત બાંધકામ કરવા દેવામાં બેકાળજી દાખવે તો તેના વિરુદ્ધમાં કડક ફોજદારી કાર્યવાહી થવી જોઇએ. તેના ઉદ્દેશો અને કારણોમાં લખ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા જે મકાનો ગેરકાયદેસર બન્યા હતા તેને નિયમિત કરવા માટે ધાર્યું પરિણામ મળ્યું નથી અને તેના ઉલ્લંઘનના પરિણામ જાણવા માટે એક નમૂનારૂપ સરવે કરવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફત જણાવવા માગું છું કે, શું સરવે કરવામાં આવ્યો, તે સરવે કોના દ્વારા કરવામાં આવ્યો? કોઇ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યો કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યો? તેનો જે રિપોર્ટ આવ્યો છે તે આ સભાગૃહમાં રજૂ કરવામાં આવે. બીજી બાબતમાં કહ્યું છે કે, આમાં જે ઇમ્પેકટ ફી લેવામાં આવશે તે વિકાસનાં કામ માટે ઉપયોગમાં લેવામાં આવશે. અગાઉ જયારે સન ૨૦૦૧ની અંદર, સન ૨૦૧૧ની અંદર આ કાયદો લાવવામાં આવ્યો ત્યારે અગાઉ એવી જોગવાઇ હતી કે પાર્કિંગની ૧૦૦ ટકા મંજૂરી આપતા હતા અને તેની ફી પણ લેવામાં આવતી હતી. અગાઉ સન ૨૦૧૧ના કાયદાની અંદર એવી જોગવાઇ હતી કે ૫૦૦ મીટરની આજુબાજુ તમારે પાર્કિંગ આપવાનું રહેશે. માનનીય મંત્રીશ્રીને આપની મારફત વિનંતી કરું છું કે, ગુજરાતની અંદર નગરપાલિકા અને મ્યુનિસિપાલિટી કોર્પોરેશનની અંદર આવા કેટલા અનધિકૃત કન્સ્ટ્રકશનને રેગ્યુલરાઇઝ કરવામાં આવ્યા. તેમાંથી પાર્કિંગની કેટલી વ્યવસ્થા કરવામાં આવી? તેનો કોઇ પુરાવો હોય કે કોઇ રિપોર્ટ હોય તો તે પણ ગૃહની સમક્ષ રજૂ કરવામાં આવે. કલમ-૨ ની અંદર વ્યાખ્યા આપવામાં આવી છે તેમાં કબજો ધરાવનારની ઘણીબધી વ્યાખ્યા આપવામાં આવી છે. પરંતુ તેની અંદર ગેરકાયદેસર કબજો ધરાવનારની કોઇ વ્યાખ્યા કરવામાં આવી નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તેની જોગવાઇ કરવામાં આવે તો સરળતા રહેશે. કલમ-૫ ની પેટા કલમ-૨ માં તમે એવી જોગવાઇ કરી છે કે, વધુમાં મુકરર સત્તાધિકારીને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી ખાતરી થાય તો તેઓ ઓછી સંખ્યામાં માલિકો અથવા કબજો ધરાવનારને અરજી કરવાની પરવાનગી આપી શકશે. પરંતુ જયાં સુધી અરજી જ નહીં કરવામાં આવી હોય ત્યાં સુધી તમને કઇ રીતે ખબર પડશે કે તેના કબજેદાર એક છે કે વધુ છે. આ બાબત કાયદાથી વિપરીત હોય તેવું લાગે છે. તે બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. કલમ-૧૧ ની કલમ-૨ તે કાયદાની વિપરીત હોય તેવું લાગે છે. એકબાજુ આપણે એવી જોગવાઇ કરીએ છીએ કે, જે ગેરકાયદેસર બાંધકામો હોય તેને રેગ્યુલરાઇઝ કરવા. અને બીજી બાજું આપણે કલમ ૧૧(૨)માં એવી જોગવાઇ કરીએ છીએ કે આ અધિનિયમ હેઠળના કોઇ નિર્ણયથી અનઅધિકૃત વિકાસની માલિકી નક્કી થયેલ ગણાશે નહીં. આપણે એની પાસેથી ઇમ્પેક્ટ ફી લઇએ છીએ, પૈસા લઇએ છીએ તો પછી આપણે એને માલિકી શા માટે આપતા નથી? એ પણ માનનીય મંત્રીશ્રીએ વિચારવું જોઇએ. એટલે કાયદાથી વિપરીત છે એવું લાગે છે માટે માનનીય મંત્રીશ્રી યોગ્ય સુધારો કરવા માટે આપશ્રીને વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રી કાયદાની કલમ ૧૨ અને એની પેટા કલમ ૪ એની અંદર પેટા કલમ ૨ હેઠળનો અપીલ અધિકારીનો નિર્ણય આખરી રહેશે અને કાયદાની કોઇ કોર્ટમાં એની સામે વાંધો ઉઠાવી શકાશે નહીં. માનનીય મંત્રીશ્રી, આ જે જોગવાઇ કરવામાં આવી છે એ ગેરકાયદેસર છે અને ભારતના બંધારણમાં પણ રાઇટ ટુ જસ્ટીસ એટલે કે ન્યાય મેળવવાનો અધિકાર આપ્યો છે અને બંધારણમાં પણ જોગવાઇ કરવામાં આવી છે કે, "Access to justice is fundamental right that is guaranteed to all the citizens of India by Article 14 and Article 21 of the Constitution of India.

તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, એટલે કોઇને અન્યાય થાય તો તમે એને અપીલ કરવાની સત્તા આપતા નથી એ પણ ગેરકાયદેસર છે. અગાઉ જ્યારે આપણે લેન્ડ ગ્રેબિંગ માટેનું બિલ લાવ્યા એની અંદર પણ આપણે આવી જોગવાઇ કરી હતી એ વખતે પણ મેં સૂચન કર્યું હતું કે કોઇ પણ કાયદામાં અપીલ કરવાની જોગવાઇ હોવી જોઇએ. એ કોન્સ્ટીટ્યૂશનલ એનો ફન્ડામેન્ટલ અધિકાર છે અને કરી ન હતી એટલે નામદાર હાઇકોર્ટમાં પિટિશન થઇ અને નામદાર હાઇકોર્ટે સુધારો કર્યો જેથી ફરીથી આપણે સુધારો લાવ્યા હતા એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કદાચ એપેલેટ ઓથોરિટી એ યોગ્ય નિર્ણય ન લે અને અરજદારે કોર્ટમાં જવું હોય તો એના માટેની જોગવાઇ કરવામાં આવે. બીજું કે હમણાં જ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે તમે ટ્રસ્ટ બનાવવાના છો આની અંદર જોગવાઇ કરી છે કે મુકરર સત્તાઅધિકારી દ્વારા ટ્રસ્ટમાં જે નાણાં આવશે એ ટ્રસ્ટમાં લેવામાં આવશે તો એ ટ્રસ્ટ કોનું હશે? સરકારી અધિકારીઓ એમાં હશે કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ હશે? કોંગ્રેસના સભ્યો હશે કે ભાજપના સભ્યો હશે? કોણ હશે? તો એની પણ ચોક્કસ સ્પષ્ટતા કરવામાં આવે અને ટ્રસ્ટનું બંધારણ હોય એ મુજબ એની જોગવાઇ કરવામાં આવે. માનનીય મંત્રીશ્રી કલમ ૧૪ એમાં જે જોગવાઇ કરવામાં આવી છે કે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા ધારેલા કોઇ પણ કૃત્ય માટે કોઇ અધિકારી અથવા સત્તાધિકારી સામે કોઇ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઇ શકશે નહીં. આપણા સેન્ટ્રલ લો છે, આઇ.પી.સી., સી.આર.પી.સી. એમાં આઇ.પી.સી.ની કલમ ૧૮૨ની અંદર પણ જોગવાઇ કરવામાં આવી છે કે, કોઇ પણ સરકારી કર્મચારી હોય એ ઇરાદાપૂર્વક ફરજમાં બેદરકારી દાખવે અથવા ઇરાદાપૂર્વક કોઇ અરજદારને નુકસાન કરે તો એની સામે આઇ.પી.સી.ની કલમ ૧૮૨ પ્રમાણે કાર્યવાહી કરવાની જોગવાઇ છે. સી.આર.પી.સી.ની કલમ ૧૯૫ પ્રમાણે કોઇ પણ સરકારી કર્મચારી વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરવી હોય તો સરકારની મંજૂરીથી એની સામે કાર્યવાહી કરી શકાય છે. એટલે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું કે, જે કાયદાની સેન્ટ્રલ એકટમાં જોગવાઇઓ છે એ જોગવાઇઓ આ કાયદામાં કરવામાં આવે તો અધિકારીઓ પોતાને મનફાવે એ રીતે વર્તન કરશે નહીં અને કાયદાની મર્યાદામાં રહીને નિર્ણય કરશે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૧૬(૨)માં કોઇ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી, તો એ સમય મર્યાદા ચોક્કસ નક્કી કરવામાં આવે તો કાયદાનું સારું પાલન થશે અને એનું અમલીકરણ સારી રીતે થશે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે માત્ર શહેરોમાં જ ગેરકાયદેસર બાંધકામો થાય છે એવું નથી, ગામડામાં પણ ગેરકાયદેસર બાંધકામો થાય છે અને ઘણી વખત લોકો અજાણતાને લીધે ખેતરોમાં અથવા સરકારી જમીનો પર મકાનો બનાવી દેતા હોય છે અને ગેરકાયદેસર મકાન અથવા ગેરકાયદેસર દબાણ દૂર ન થાય તો એની સામે ઘણી વાર સરપંચને સસ્પેન્ડ કરવામાં આવે છે.

એટલે જયારે તમે શહેરની ચિંતા કરો છો તો ગામડાંના લોકોની પણ કે જેને ગામડાંની અંદર આવા મકાનો બનાવ્યા છે તેને રેગ્યુલરાઇઝ કરીને તેમને અધિકાર આપવા માટેનો કાયદો લાવો એવી વિનંતી કરું છું અને જો આ સુધારા સાથે, મેં સજેશનો કર્યા તે સાથે તમે બિલ રજૂ કરશો તો અમે ચોક્કસ તેને સમર્થન કરીશું. જય હિન્દ, જય ભારત.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી):માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી વિધાનસભામાં આપને જયારે અધ્યક્ષ તરીકે જોઉં છું ત્યારે ચોક્કસ ગર્વ લઇ શકીએ છીએ અને આજના દિવસે અમે તમામ સભ્યો દ્વારા આપને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનધિકૃત બાંધકામ નિયમિત કરવા માટે જે આ વિધેયક આવ્યુ છે અને અમારા પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ જે લાવ્યા છે તેમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે મારા નવા સભ્યો પહેલી વખત ત્રણ જેટલા સભ્યો નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ખૂબ સારો અનુભવ ધરાવતા સભ્યો જયારે આ બિલ ઉપર બોલતા હતા ત્યારે ચોક્કસ રીતે અમને એવુ લાગે છે કે ભવિષ્યની અમારી કોઇ ભાજપની બોડી હોય એ પ્રકારે વિચારો રજૂ કર્યા એટલે આ ત્રણેય સભ્યોને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આમ જોવા જઇએ તો મારી પાછળ કશું જ બોલવા માટે રાખ્યું નથી, પણ સન ૨૦૦૧ અને સન ૨૦૧૧ની જયારે વાત કરતા હતા, ત્યારે સન ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં આપની સાથે મને પણ કામ કરવાની તક મળેલી હતી. સન ૨૦૦૧માં જયારે આ વિધેયક લાવવુ પડયુ હોય ત્યારે હું ચોક્કસ રીતે મારા મિત્રને પૂછવા માગું છું કે, જો સન ૨૦૦૧માં આપણે આ સુધારા વિધેયક લાવ્યા હોય ત્યારે તે પહેલાંનું બાંધકામ કોનું હતું? જો ઉંડાણમાં જઇએ તો મોટાભાગનું બાંધકામ તે લોકોના શાસન વખતનું પણ હતું, પરંતુ લોકોની હાલાકીને આપણે જોઇ શકયા નથી ગરીબ હોય કે મધ્યમ વર્ગ હોય પણ પરસેવાનો પૈસો પાડીને તે તેની કમાણીમાંથી જયારે ઘર લેતો હોય કે દુકાનની જગ્યા લેતો હોય આવી જગ્યા જયારે જિંદગીમાં તે માંડ માંડ લઇ શકતો હોય અને એ કાયદાની આંટીઘૂંટીમાં આવી જતો હોય અને તેને સરળ કરવું અને તેને મદદ કરવી તે મિત્રો ભારતીય જનતા પાર્ટીની સરકાર હર હંમેશા કરતી આવી છે એટલે હું વિશેષ વાત કરવાનો નથી, પરંતુ આ વિધેયક જે ખરેખર પસીનો પાડીને જયારે તે નાની મોટી મિલકત વસાવે છે, ત્યારે તે કાયદાની ચૂંગાલમાંથી તેને બહાર કાઢીને તે શાંતિથી અને નોટિસથી તેને ધ્રુજારી ના આવી જાય, તે શાંતિથી જીવતો થઇ જાય તે પ્રકારની વ્યવસ્થા આ બિલની અંદર દેખાય આવે છે જેથી હું વિશેષ વાત નહીં કરું. અમારા પ્રભારી મંત્રીશ્રી જે આ વિધેયક લઇને આવ્યા છે તેને હું સમર્થન આપીને મારી વાત અહીંયા પૂરી કરું છું.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો નવી સરકારને મારા અભિનંદન. ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વિધેયકમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માર્ગશીર્ષ ૧૨, ૧૯૪૪ શાકે

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક, ૨૦૨૨

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરની અંદર અને ખાસ કરીને કોટ વિસ્તાર છે ત્યાંથી બીજી વખત ધારાસભ્ય થઇને આવ્યો છું. ખાસ કરીને મંત્રીશ્રી જે ઇમ્પેક્ટનો કાયદો, વિધેયક લઇને આવ્યા છે. હું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચાર ટર્મ કોર્પોરેટર પણ રહ્યો છું અને શ્રી અમિતભાઇ જે મેયર હતા તે પણ સારી રીતે જાણે છે કે અમદાવાદ શહેરની અંદર શું પરિસ્થિતિ છે. ખાસ કરીને જે પરિસ્થિતિ અમદાવાદ શહેરની છે અને અમદાવાદ શહેરમાં ખાસ કરીને કોટ વિસ્તારની અંદર જે અમારા વિસ્તારો છે ત્યાં પોળો, ચાલીઓ અને ગલીઓ ખૂબ મોટાં પ્રમાણમાં છે. આ ઇમ્પેક્ટનો કાયદો આપ લાવ્યા છો તેનાથી ચોક્કસ ઘણા લોકોને ફાયદો થશે. પરંતુ આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, જે મધ્ય ઝોન છે એમાં એફ.એસ.આઇ. વધારવા માટે તમે કોઇ કાયદો બનાવ્યો હોત કે જેથી કરીને લોકો કાયદેસર મકાન બનાવી શકે. આજે અમારા વિસ્તારમાં કોટ વિસ્તારની વાત કરું કે મધ્ય ઝોનની વાત કરું તો ત્યાં આજે પણ કોઇ પણ પ્લાન મંજૂર કરવો હોય તો ખૂબ મુશ્કેલી પડે છે. અમારા વિસ્તારમાં ખાસ કરીને જે હેરિટેજ બિલ્ડિંગ છે, મોન્યુમેન્ટ આવેલા છે એના કારણે કોઇ પણ પ્લાન મંજૂર નથી થતા. તેથી જ લોકો ગેરકાયદેસર મકાન બનાવી નાંખે છે. જ્યારે કોઇ અકસ્માત થાય, લોકોના મૃત્યુ થાય ત્યારે ખૂબ દુ:ખ થાય છે. માન. મંત્રીશ્રીને મારી વિનંતી છે કે તમે ઇમ્પેક્ટનો કાયદો લાવ્યા છો એનાથી જે બિનઅધિકૃત છે એ અધિકૃત થઇ જશે. પરંતુ આમાં કાયદો સુધારવાની જરૂર છે. અમારા ગામતળના વિસ્તારો છે ત્યાં પ્લાન મંજૂર જ નથી થતા. શ્રી અમિતભાઇ જ્યારે મેયર હતા ત્યારે એ કહેતા હતા કે, ''હું સરકારમાં વાત કરીશ.'' અત્યારે એ પોતે પણ ધારાસભ્ય બનીને અહીં આવી ગયા છે. હું વિનંતી કરું છું કે કાયદા સુધારવાની જરૂર છે. ખાસ કરીને જી.ડી.સી.આર. સુધારશો તો હું સમજું છું કે અમદાવાદ શહેરમાં જ્યાં જ્યાં ગેરકાયદેસર બાંધકામો થઇ રહ્યા છે એ નહિ થાય અને અત્યારે જે કાયદા બનાવવાની જરૂર પડે છે એ ના પડે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે ગેરકાયદેસર બાંધકામો કેમ થાય છે એની પણ હું ચર્ચા કરું છું. નવા-નવા વિસ્તારોમાં અશાંત ધારો લાગુ થાય છે. એના કારણે લોકો બીજી જગ્યા એ જઇ શકતા નથી. જે એક વિસ્તારમાં રહેતા હોય એના પરિવાર મોટા થતા હોય તો પણ એને ત્યાં જ મકાન બનાવવું પડે છે. સરકાર નવા-નવા વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરે છે તો સાથે-સાથે સરકાર કાયદો કેમ નથી સુધારતી? કાયદો સુધારે તો લોકો કાયદેસર પોતાના મકાન બનાવી શકે. એસ.જી. હાઇવે પર કે સિંધુ ભવન રોડ પર ૭૦ માળ કે ૫૦ માળની પરવાનગી મળતી હોય છે. જ્યારે કોટ વિસ્તારમાં આજે પણ ૫ માળનું બાંધકામ કરવું હોય તો ખૂબ મુશ્કેલી પડે છે. પ્લાન જ મંજૂર નથી થતા. એટલે મારી વિનંતી છે કે કાયદા બનાવો. જ્યાં સુધી કાયદામાં સુધારો નહિ કરીએ ત્યાં સુધી ખરેખર ગરીબ લોકોને લાભ નહિ મળે. અમારા વિસ્તારોમાં ૫૦ માળનું બાંધકામ હોય છે. એના ઉપર લોકો ચાર-પાંચ માળ બનાવી નાંખે છે. પછી બુલડોઝર આવી જાય છે. એટલા માટે હું કહું છું કે કાયદો એટલા માટે બનાવવો જોઇએ કે લોકો કાયદેસર પોતાના મકાન બનાવી શકે. જ્યારે સમગ્ર ગુજરાતમાં આ કાયદાનો અમલ થવાનો છે ત્યારે મારા અમદાવાદ શહેર અને ખાસ કરીને મધ્ય ઝોન માટે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આના માટે આપ વિચારો. એફ.એસ.આઇ. વધે, જી.ડી.સી.આર. સુધરે તો લોકો પોતાના મકાનો કાયદેસર બનાવી શકે. માનનીય અધ્યક્ષશ્રી હું આપના મારફત મંત્રીશ્રીને કહેવા માગું છું કે ક્લબોમાં ગેરકાયદેસર બાંધકામો થાય તો એને કોઇ નોટિસ પણ ના આપે પરંતુ ૫૦ માળનું બાંધકામ થતું હોય ત્યાં નોટિસ આપે અને બીજા જ દિવસે બુલડોઝર આવી જાય અને એનું મકાન તોડી નાંખવામાં આવે છે. આવી અનેક ફરિયાદો અમદાવાદ શહેરમાં અમને મળતી હોય છે. એના ઉપર પણ વિશેષ ધ્યાન આપવામાં આવે. મારાં સૂચનોનો આપ અમલ કરાવો. એફ.એસ.આઇ. વધે એના માટે ખાસ કરીને મધ્ય ઝોનમાં પાંચ માળની કાયદેસર પરવાનગી સાથેની બિલ્ડિંગ બની શકે એવી મંજૂરી માટે કાયદો બનાવો એવી અપેક્ષા રાખું છું. જયહિંદ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો બનાસકાંઠા જિલ્લાનું અને ઉત્તર ગુજરાતનું આપે ગૌરવ વધારી અને અધ્યક્ષ તરીકે આપની નિમણૂક થવા બદલ અભિનંદન પાઠવું છું. આજે પંદરમી ગુજરાત વિધાનસભામાં માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૬ ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી અગાઉના બંને પક્ષના ઘણા બધા સભ્યશ્રીઓએ આ બિલ બાબતમાં વિગતથી વાત કરી છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એટલી જ વિનંતી કરવાની છે કે અનધિકૃત બાંધકામમાં સૌથી મોટી મુશ્કેલી ગ્રામ્ય વિસ્તારમાં છે. ગ્રામ્ય વિસ્તારમાં ગામ તળ નીમ ન થવાના કારણે અથવા જે તે વખતે વસતિ વધવાના કારણે ક્યાંક ગરીબ અને મધ્યમ વર્ગના લોકો સરકારી જમીનમાં રહેણાંક બનાવીને રહે છે. જ્યારે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ આવે ત્યારે વારંવાર આ લોકો ભયભીત થતા હોય છે. એક સરપંચ હારે અને બીજા જીતે તો જે સરપંચ હારે તે હાઈકોર્ટમાં જઈ અને દબાણ દૂર કરાવવાનો પ્રશ્ન સૌથી આગળ મૂકતા હોય છે. તેમને દબાણ દૂર કરાવવામાં રસ હોતો નથી પણ માત્રને માત્ર તેની સામે જીતેલો સરપંચ કઈ રીતે ગેરકાયદેસર ઠરે અને પોતે રાજકીય રીતે કઈ રીતે તેને સરપંચ પદથી હટાવી શકે તેટલો જ તેનો પોતાનો વિચાર હોય છે. આ બાબતમાં રાજ્ય સરકારને ઘણી વખત ઘણા સભ્યોએ ભૂતકાળમાં પણ રજૂઆત કરેલી છે. રાજ્ય સરકાર જે કંઈ નિયમો નક્કી કરે તે પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને તેનું બાંધકામ વહેલામાં વહેલી તકે રેગ્યુલર થાય તેવી માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરું છું. હું માનું છું ત્યાં સુધી સમગ્ર ગુજરાતમાં આ કાયમી પ્રશ્ન હોય છે અને હાઈકોર્ટમાં તેના માટેના ઘણા કેસ ચાલતા હોય છે એટલે લોકો પણ છૂટે અને આવી મોંઘી ફીમાંથી

બહાર આવે તેનું રાજ્ય સરકારને પૂણ્ય મળશે અને આ લોકો કાયમી ભયભીત થતા અટકે તેવી અપેક્ષા સાથે આ બિલમાં તે પ્રકારની જોગવાઈ કરવામાં આવે તેવી અપેક્ષા સાથે આપનો આભાર માનું છું.

ડૉ. દર્શીતા શાહ(રાજકોટ - (પશ્ચિમ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સાહેબ ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક લઈને ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું અને આ વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

હું પ્રથમવાર ચૂંટાઈને પ્રથમવાર ચર્ચામાં ભાગ લેવાની મને તક મળી છે તે બદલ હું આપશ્રીનો અને સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબનો હું અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. આજે પ્રથમવાર આ સભામાં હાજર થઈ છું ત્યારે અહીંયા ઉપસ્થિત માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રીઓ અને તમામ ધારાસભ્યશ્રીઓને પણ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી લોકોના જાહેર હિત, ગરીબોની સમસ્યા, શોષિતોની સમસ્યા અને લોકોને જે તકલીફ પડી છે તેના હિત માટે થઈને આમ જનતાને કોઈ તકલીફ ન પડે, આમ જનતાને લાભ મળી રહે તે મુખ્ય ઉદ્દેશથી આ વિધેયક લાવવામાં આવ્યું છે. જરૂરિયાત મુજબ વધારાનું બાંધકામ અને જરૂરિયાત પ્રમાણે સરકારમાં ઓછી ફી ભરીને આ બાંધકામને નિયમિત કરવાની તક દરેક જરૂરિયાતમંદોને મળી રહેશે તે આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે.આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ હંમેશા જ્યાં માનવી ત્યાં સુવિધા અને દરેક લોકોને ઘર મળે એ એમનો મુખ્ય અભિગમ રહ્યો છે ત્યારે દરકે લોકોની એક ઇચ્છા હોય છે કે એમને પોતાના ઘરનું ઘર મળે છે અને જ્યારે એને ઘરનું ઘર મળે ત્યારે થોડા સમય પછી પરિવારનો વિસ્તાર થતો હોય છે ત્યારે નાના-મોટા બાંધકામો એ લોકો દ્વારા થતા હોય છે. ઘણી વખત આવા નાના-ગરીબ મધ્યમવર્ગોને આ બાંધકામને લગત કાયદાકીય જાણકારી પણ હોતી નથી, પરંતુ ૫,૧૦ કે ૧૫ વર્ષ પછી એ લોકો ભાડાના મકાનમાં રહેતા હોય કે બીજી કોઇ જગ્યાએ રહેતા હોય ત્યારે એમને ઓચિંતી જ્યારે સ્થાનિક સ્વરાજ્યમાંથી, નગરપાલિકામાંથી કે મહાનગરપાલિકામાંથી નોટિસ આવે ત્યારે આવા નાના ગરીબ મધ્યમવર્ગના લોકો ખૂબ ગભરાઇ જાય છે અને એની ઉપર જાણે આભ તૂટી પડ્યું હોય એવા સંજોગો ઊભા થાય છે ત્યારે આ વિધેયક આવા તમામ લોકો માટે ખૂબ આશીર્વાદરૂપ છે અને એમના માટે આ ખૂબ જ લાભકારક છે. પરંતુ સરકારે પણ કાયદાની વ્યવસ્થા જાળવવાની હોય છે. કાયદાનું પાલન કરવાનું હોય છે. એટલે રાજ્ય સરકાર દ્વારા પણ કોઇપણ નિર્દોષોને તકલીફ ન પડે અને એનાથી જે કાંઇપણ નુકસાન થાય એ નુકસાનથી પણ એ બચી શકે એ માટેનું આ બિલ છે. એક અભ્યાસ પ્રમાણે હમણાં આ ગૃહમાં જે પ્રમાણે ચર્ચા થઇ એ પ્રમાણે અંદાજિત માત્ર અમદાવાદ જેવા એક શહેરમાં ૫ લાખ કરતાં પણ વધારે મિલકતો એવી છે કે જેમાં નાના-મોટા અનિયમિત પ્રકારના ઘણા બધા બાંધકામો આવી રીતે ભોગ બની રહયા છે, ત્યારે આવી લાખો મિલકતોને આવરી લેવા માટેનું આ બિલ છે. આવા એક કરોડથી પણ વધારે નાગરિકોને પડતી મુશ્કેલી અને નુકસાની ન થાય એના માટેનું આ બિલ છે. ગુજરાત છેલ્લા ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના માધ્યમથી અવિરતપણે વિકાસ કરી રહ્યું છે ત્યારે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ ભરોસાની સરકાર, વિશ્વાસની સરકાર અને વિકાસની સરકારનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે ત્યારે આવનારા દિવસોમાં પણ ગુજરાત જ્યારે આટલો બધો વિકાસ અને પ્રગતિ કરી રહ્યું છે ત્યારે આ સ્વર્ણિમ ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું છે કે નાગરિકોને એક તક આપણે પણ આપવી જોઇએ અને એમની મિલકતો એ રહેઠાણ હોય કે ધંધાકીય હોય એને નિયમિત કરવા માટેની તક આ બિલમાં આપવામાં આવી છે. આ બિલથી ગુજરાતના એક કરોડથી પણ વધુ ગરીબ અને મધ્યમવર્ગને આ બિલથી લાભ મળવાનો છે. તેથી અહીં ઉપસ્થિત સર્વે સન્માનનીય ગૃહને હું આ બિલને સમર્થન આપે તેવી વિનંતી પણ કરું છું. આપ સૌ જાણો છો તે રીતે ગુજરાત એ સમગ્ર ભારતમાં વિકાસનું રોલ મોડલ રહ્યું છે અને એમાં પણ ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એ એક મેડિકલ હબ તરીકે અત્યારે સમગ્ર વિશ્વમાં ખ્યાતિ મેળવી રહ્યું છે. માત્ર રાજ્યના જ નહીં, દેશના જ નહીં પણ આંતરરાષ્ટ્રીય જગ્યાએથી પણ લોકો અહીં ગુજરાતમાં મેડિકલ સહાય માટે આવી રહ્યા છે ત્યારે દરેક લોકોને આ તબીબી સહાયનો લાભ મળે એ મુખ્ય ઉદ્દેશ છે. આપણે સૌ જાણીએ છીએ કે અમદાવાદમાં ખૂબ મોટી આંતરરાષ્ટ્રીય સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને રાજકોટમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની હૉસ્પિટલ એઇમ્સનું નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે સમગ્ર ગુજરાતને આવી મેડિકલ સુવિધાનો લાભ વધુમાં વધુ મળી રહે તે જરૂરી છે. કોરોનાની મહામારીમાં સમગ્ર ગુજરાતમાં જે હૉસ્પિટલો છે એ હૉસ્પિટલોને આ મહામારીને લીધે ખૂબ તકલીફો પડી હતી અને એના માટે થઇને આ વિધેયક જે છે એ ખૂબ અગત્યનું છે. રાજકોટ અને અમદાવાદની બે ખાનગી હૉસ્પિટલમાં જે-તે સમયે અગ્નિ હોનારત સંદર્ભે નામદાર હાઇકોર્ટમાં દાખલ કરાયેલી પી.આઇ.એલ.માં નામદાર કોર્ટ દ્વારા સીજીડીસીઆર મુજબ અગ્નિ સલામતી માટેનાં પગલાં લેવાં, બીયુ સિવાયના બિલ્ડિંગનો વપરાશ ન થાય તેની તકેદારી રાખવી, ફાયર એન.ઓ.સી. આ બધી જ બાબતોને લીધે થઈને ઘણી બધી હોસ્પિટલોમાં આ બાબતે નામદાર કોર્ટ દ્વારા સૂચનો આપવામાં આવેલાં હતાં. સરકાર દ્વારા નામદાર કોર્ટના હુકમ તેમજ તેમાં થયેલી હોનારતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવી છે અને ભવિષ્યમાં આવા કોઇપણ બનાવ ન બને તે માટે વિવિધ પાસાઓની પણ ચર્ચા-વિચારણા કરીને, ત્યાર બાદ આ વિધેયક બિલ મુકવામાં આવ્યું છે. અત્યારે જે પણ હોસ્પિટલો કાર્યરત છે તેમાં દર્દીની સલામતીને ધ્યાને રાખીને અને અન્ય કોઇપણ જાનમાલને નુકસાન ન થાય તે રીતે ફાયર સેફ્ટી, સ્ટ્રકચરલ સ્ટેબેલિટીની પૂરેપૂરી જોગવાઇનું પાલન કરીને જે તે હોસ્પિટલના મકાનને નિયમિત કરી શકાશે. દર્દી નારાયણની સેવા એ જ હોસ્પિટલનો મુખ્ય ઉદ્દેશ હોય છે ત્યારે આવી તમામ હોસ્પિટલ માટે આ બિલ એક ખૂબ આશીર્વાદ

સમાન છે. હું ગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓનું એ બાબતે પણ ધ્યાન દોરવા માગું છું કે સરકાર કોઇપણ કાયદો ઘડતી વખતે અન્ય કાયદાઓનું પણ તેટલી જ ચોકસાઇથી ધ્યાન રાખતી હોય છે કે જેથી કરીને, તેની પૂરેપૂરી તકેદારી રાખી શકાય અને એથી જ તબીબી ક્ષેત્રે લાગુ પડતા ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અંતર્ગત કોઇપણ વિસંગતતા ન થાય તે બાબતનું પણ આ બાંધકામોના વિધેયક હેઠળ નિયમન થઇ શકશે નહીં. આમ સરકાર લોકોના આરોગ્યની ચિંતા કરીને તેની સાથે મકાનો નિયમિત થાય, સ્થાનિક સંસ્થા હોસ્પિટલો ચલાવવાની કાયદેસર પરવાગની આપી શકે એ આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે. આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને કોઇપણ જાતની તકલીફ ન પડે, એમને નુકસાની ન થાય એ માટે થઇને ખૂબ સંવેદનશીલ, પારદર્શિત નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે હું અહીં આ તમામ બાબતોને ધ્યાને રાખીને ગુજરાત અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા બાબતનું વિધેયક-૨૦૨૨ લાવવામાં આવેલ છે તેને હું સમર્થન આપું છું અને સન્માનનીય સભાગૃહ દ્વારા સર્વસંમતિથી પસાર કરવા માટે હું સૌને નમ્ર વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદ્યુમનસિંહજી, આમ તો જયારે કોઇ સભ્યશ્રીએ બોલવાનું હોય ત્યારે આપણી પરંપરાઓ એવી છે કે જે તે પક્ષના દંડકશ્રી એ નામ આપતા હોય છે અને એ પ્રમાણે આપણે કરીએ છીએ. પરંતુ આજે પ્રથમ દિવસ છે એટલા માટે કેટલીક વિશેષ છૂટ આપીને પણ આપણે શ્રી પ્રદ્યુમનસિંહજીને એકવાર સાંભળી લઇએ. પરંતુ તમામ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે બિલના સ્કોપ ઉપર જ બોલવું જોઇએ, પરંતુ બીજા કોઇ સભ્યશ્રી બોલી ગયા છે, અને જે ફરી રિપીટ થતું હોય તો એનો કોઇ મતલબ રહેતો હોતો નથી. તો નવા વિષય સાથે જ આપણે જો અંદર આવીએ તો વધારે સારું અથવા તો જે વિષયની હોય એની ચર્ચા આપણે સેકન્ડ ટાઇમ રિપીટ ન થાય એનું પણ ધ્યાન રાખીએ. એક સુધારો જરા કરવાનો છે કે વિધેયકની જગ્યાએ કયાંક કેટલાક સભ્યશ્રીઓ વિધાયક આવું બોલ્યા છે તો એ બધી જગ્યાએ વિધેયક એ શબ્દનો સુધારો કરી લઇએ.

શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે. મારું ખાસ એક સૂચન છે કે જે જે ગામડાં આજે સો, બસ્સો બસ્સો વર્ષ થયાં એ અત્યાર સુધી રેવન્યુમાં નથી અને આપણે સરકાર દ્વારા એને લાઇટ, પાણી, ગટરની તમામ સુવિધા આપીએ છીએ, પણ આપણી પંચાયતની એક પણ પૈસાની આવક નથી. તો હું મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે જે ગામડામાં ઘણા ખરાવાડ કે ગાયોના વાડા, જે લોકોના પ્લોટ વેચાતા લેવાતા નથી તો એને રેગ્યુલર કરી જે નીતિ નિયમ પ્રમાણે ફી ભરવાની થાય તે રીતે એને પણ આવરી લેવામાં આવે એવી મારી વિનંતી છે. આપણી નિશાળ, આંગણવાડીમાં તમામ સુવિધાઓ સરકારશ્રી તરફથી આપવામાં આવે છે તો આ પણ ભવિષ્યમાં રેગ્યુલર કરવા માટે વિચારવામાં આવે એવું મારું સૂચન છે. ખૂબ ખૂબ આભાર સાહેબ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૦૨૨ ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬, ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબતના વિધેયકની ચર્ચામાં આપણા સિનિયર સભ્ય માનનીય શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી તુષારભાઇ, શ્રી ચાવડાજી, શ્રી શૈલેષભાઇ, શ્રી કેયુરભાઇ, શ્રી પ્રવિણભાઇ, શ્રી અમિતભાઇ, શ્રી ભરતભાઇ, શ્રી કિરીટભાઇ, શ્રી નરેશભાઇ, શ્રી ઇમરાન ખેડાવાલા, સુશ્રી ગેનીબેન, શ્રીમતી દર્શિતાબેન, શ્રી પ્રદ્યુમનસિંહજી આ બધા ધારાસભ્યશ્રીઓએ ભાગ લીધો છે. વર્ષ ૨૦૦૧માં પણ આની પ્રેક્ટિસ મેચ રમાઇ ગઇ. વર્ષ ૨૦૧૧માં પણ રમાઇ ગઇ. એટલે બંને વખતે આ બિલો આ ગૃહમાં કંઇક ને કંઇક નવા વિષયો સાથે ઇન્ટ્રોડ્યુસ થયા છે અને વર્ષ ૨૦૧૩માં ફી ના ઘટાડા સાથે પણ આપણે ઇન્ટ્રોડ્યુસ કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આ બિલ ફરીથી લાવવાનું કારણ ઘણા સભ્યોએ પૂછ્યું કે આ બિલ કેમ લાવ્યા? માનનીય હાઇકોર્ટ, માનનીય સુપ્રીમ કોર્ટ. જે બનાવો રાજકોટ અને અમદાવાદ ખાતે બન્યા, એના અનુસંધાનમાં સરકાર પાસે સ્પષ્ટતા પણ માગી કે આવા જે બનાવો બન્યા છે તો એની અંદર તમે આ વિષયની સાથે સાથે બાકીના બિલ્ડિંગોમાં પણ બી.યુ. માટેની પરમિશનવાળો વિષય અને આખી નીતિ તમે સ્પષ્ટ કરીને કોર્ટ સમક્ષ મૂકો. આ વિષય એક આવ્યો હતો અને બીજા નંબરમાં જેમ કહ્યું કે ખૂબ બધા લોકોએ આની અરજીઓ કરી અને ખૂબ લોકોનો ગેરફાયદો લેવાય છે. એ આપણું વર્ષોથી એસ્ટાબ્લિશ થયું છે અને વળી આ જે કાયદો છે એ સન ૨૦૧૧થી ૨૦૨૨ વચ્ચેનો નથી. સન ૨૦૧૩થી ૨૦૨૨ વચ્ચેનો પણ નથી. આ તો સન ૨૦૦૧ પહેલા અને સન ૨૦૦૧ પછી પણ જે બાંધકામો રેગ્યુલરાઇઝ નથી અથવા તો એને મળવાપાત્ર હતું, પણ એણે લીધું નથી. તો એવા બી. યુ. એણે મકાન બાંધી દીધું, પરવાનગી લીધી. માળ વધારાનો બનાવ્યો. કયાંક પ્રોઝેકશન હતા એ કવર કર્યા. અથવા તો નહોતા તો એ બનાવ્યા. કયાંક નીચેના ભાગે દુકાનો કરી. આવા બધા વિષયોને લઇને રેસિડેન્શિયલ અને સાથે સાથે આપણું કોમર્શિયલ. આ બન્ને બાંધકામ અને કંયાક ઇન્ડસ્ટ્રીયલ હોય તો તે પણ. જી.આઇ.ડી.સી. સિવાય. આમાં જી.આઇ.ડી.સી. ને આપણે ઇન્કલુડ કરતા નથી. તો એવા બાંધકામોમાં લોકો હેરાન ન થાય. જેની અંદર ખૂબ નાના મકાનો. પચાસ, સો મીટરના પ્લોટની અંદર પણ લોકોએ બાંધકામ કર્યા હોય. કુટુંબનો વિસ્તાર થયો હોય અને કયાંક ઉપર રૂમ બનાવ્યો હોય, દીકરાના લગ્ન થયા હોય કયાંક છોકરાને ઉપર વાંચવા જવાનું હોય. એના કારણે જે બધા બાંધકામો, જે નાનાથી લઇને મોટા સુધી. મોટા આપણે એટલા માટે આવરી લઇએ છીએ. બાંધકામ તો થઇ ગયું. કોઇક એપાર્ટમેન્ટ બની ગયું. રેરા તો હવે ઇન્ટ્રોડ્યૂસ થયું. રેરા ૨૦૧૭ પછી ઇન્ટ્રોડ્યૂસ થયું. એ પહેલા આપણી પાસે આવી કોઇ જોગવાઇ નહોતી કે આપણને ખબર પડે કે આ બાંધકામ છે તે ખરેખર લેવા પાત્ર છે કે નહીં. હવે તો રેરા આવ્યા પછી બિલ્ડરે પણ ડિકલેર કરવું પડે છે કે હવે આ બાંધકામને બી.યુ. મળવાપાત્ર, કેટલા ફ્લેટની મંજૂરી માગી છે, કેટલા બાંધકામની મંજૂરી

માગી છે. એના પાસિંગ નકશા એ બધું આપણે માગી શકીએ છીએ. એ આપવું પડતું હોય છે, પરંતુ એ પહેલાની જે પરિસ્થિતિ હતી. નગરપાલિકા વિસ્તાર હોય કે કોર્પોરેશન વિસ્તાર હોય કે ઔડા વિસ્તાર હોય. ખૂબ ગંભીર પ્રકારની પરિસ્થિતિઓ પેદા થઇ ચૂકેલી હતી. ઘણા લોકો અજ્ઞાનતાના કારણે પણ આ પ્રકારની એકિટિવિટીમાં કાયદાનો લાભ લઇ શકયા નહોતા. આજે આપણી પાસે આને ઓનલાઇન કરવાનું. કારણ કે વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૨૨ શું ફરક છે. એવો પ્રશ્ન બે ત્રણ વખત જુદા જુદા સ્વરૂપે પૂછાયો. તો આ બિલકુલ ઓનલાઇન કરવાનું રહેશે. ઇ-નગર ઉપર આને ઓનલાઇન પદ્ધતિથી જ બાકીની પ્રક્રિયા થશે. કોઇ ફિઝિકલ મળવાની જરૂર નથી.

